મસ્લકે આ'લા હઝરત ઝિંદાબાદ !

مَنْ يُّرِدِ اللّٰهُ بِهٖ خَيْرًا يُّفَقِّهْهُ فِى الدِّيْنِ

بہارِ شریعت

# બહારે શરીઅત

## (ભાગ-પ)


:: ઉર્દૂમાં મૂળ લેખક ::

હઝરત અલ્લામા હકીમુલ ઉમ્મત, ફકીહે આ'ઝમ, ફખ્રે સુન્નિયત **હઝરત મૌલાના શાહ અબુલ્ ઉલા અમજદઅલી** આ'ઝમી, કાદરી રઝવી رحمۃ اللہ علیہ

:: અનુવાદકો ::

હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ પીર કમરુદીન એ. પીરઝાદા સાહબ (કારંટવી)

મર્હૂમ હાજી ડોસુભાઈ કે. પહોંચીયા, નક્શબંદી, મુજદિદી (મોડાસ્વી)



**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ ﷺ

وَعَلٰى آلِكَ وَاَصْحَابِكَ يَا حَبِيْبَ اللّٰهِ ﷺ

**સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન**


| | | |
|---|---|---|
| કિતાબનું નામ | : | **બહારે શરીઅત** (ભાગ પાંચમો) |
| ઉર્દૂમાં મૂળ લેખક | : | *હઝરત અલ્લામા હકીમુલ ઉમ્મત, ફકીહે આ'ઝમ, ફખ્રે સુન્નિયત* **મૌલાના શાહ અબુલ્ ઉલા અમજદઅલી આ'ઝમી, કાદરી રઝવી** رحمۃ اللہ علیہ |
| અનુવાદકો | : | (૧) હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ પીર કમરુદ્દીન એ. પીરઝાદા સાહબ (કારંટવી)<br>(૨) મર્હૂમ હાજી ડોસુભાઈ કે. પહોંચીયા નકશબંદી, મુજદ્દિદી (મોડાસ્વી) |
| પેજીસ | : | ૯૨ ★ કિંમત : ★ નકલ : ૨૦૦૦ |
| પ્રકાશન વર્ષ | : | ૬ રજબુલ મુરજ્જબ, હિ.સ.૧૪૩૦<br>અંગ્રેજી તા. ૨૯–જુન–૨૦૦૯, વાર : સોમવાર |
| પ્રાપ્તિસ્થાન | : | સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)<br>મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,<br>ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, (ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨<br>મો. ૯૪૨૭૪૬૪૪૧૧, Email : anjuman2006@hotmail.com |

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧,
(ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# બહારેશરીઅત ભાગ - ૫
## ગુજરાતી

### અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નંબર |
|---|---|---|
| ૧ | ઝકાતનું બયાન | ૧ |
| ૨ | મસાઈલે ફિક્હીય્યહ | ૬ |
| ૩ | સાઈમહની ઝકાતનું બયાન | ૧૬ |
| ૪ | ઉંટની ઝકાતનું બયાન | ૧૭ |
| ૫ | ગાયની ઝકાતનું બયાન | ૧૮ |
| ૬ | બકરીઓની ઝકાતનું બયાન | ૧૮ |
| ૭ | સોના-ચાંદી અને વેપારના માલની ઝકાતનું બયાન | ૨૧ |
| ૮ | આશિરનું બયાન | ૨૬ |
| ૯ | ખાણ અને દફીનાનુ બયાન | ૨૮ |
| ૧૦ | ઝેરાઅત અને ફળોની ઝકાત | ૨૯ |
| ૧૧ | ફિકીહી મસાઈલ | ૨૯ |
| ૧૨ | ઝકાતનો માલ કયા લોકો પર ખર્ચ કરવામાં આવે | ૩૩ |
| ૧૩ | સદકએફિત્રનું બયાન | ૪૦ |
| ૧૪ | માંગવાની શરતો | ૪૩ |
| ૧૫ | સદકએનિફ્લનુ બયાન | ૪૭ |
| ૧૬ | રોઝાનું બયાન | ૫૪ |
| ૧૭ | રોઝાના ફિકહી મસાઈલ | ૫૮ |
| ૧૮ | ચાંદ જોવાનું બયાન | ૬૨ |
| ૧૯ | જેનાથી રોઝો તુટતો નથી | ૬૬ |
| ૨૦ | જેનાથી રોઝો તુટે છે | ૬૮ |
| ૨૧ | જેમાં કેવળ કઝાલાઝિમ છે | ૭૦ |
| ૨૨ | જેમાં કફફારો પણ લાઝિમ છે | ૭૨ |
| ૨૩ | રોઝાના મકરૂહોનું બયાન | ૭૪ |
| ૨૪ | સહરી તથા ઈફતારનું બયાન | ૭૬ |
| ૨૫ | રોઝા ન રાખવાની ઈજાઝત | ૭૮ |
| ૨૬ | નિફલ રોઝાના ફઝાઈલ | ૮૧ |
| ૨૭ | મન્નતના રોઝાનું બયાન | ૮૫ |
| ૨૮ | એ'તેકાફનું બયાન | ૮૮ |



**વિનંતી**

બઝમેરૂકનુદ્દીન નકશબંદી મુજદ્દેદી તથા અખ્લાકી બુક ડીપો (મોડાસા)ની કિતાબો માટે અમારો સંપર્ક સાધો.

# બહારે શરીઅત

(ભાગ પાંચમો)

બિસ્મિલ્લાહિર્રમાનિર્રહિમ

નહમદોહુ વ નુસલ્લી અલા રસૂલેહિલ-કરીમ

## ઝકાત નું બયાન

અલ્લાહ અઝઝ વજલ્લ ફરમાવે છે. - " **વ મિમ્મા રઝકનાહુમ યુન્ફેકૂન** " અને મુત્તકી (નેક મુસલમાનો) તેઓ છે કે અમોએ જે તેમને આપ્યું છે તેમાંથી અમારા રસ્તામાં ખર્ચ કરે છે. અને ફરમાવે છે :- " **ખુઝ મિન અમ્વાલેહિમ સદકતંન તોતહહિરહુમ વતોઝક્કીહિમ બેહા** "

(અર્થ :- તેમના માલોમાંથી સદકો લો, તેના કારણે તેમને પાક અને સાફ બનાવી દો) અને ફરમાવે છે :- વલ્લઝીના હુમ લિઝઝકાતે ફાએલુન " (અર્થ :- અને ફલાહ તેઓ પામે છે જે ઝકાત અદા કરે છે.) અને ફરમાવે છે:- " **વમા અન્ફકતુમ મિન શૈઈન ફહોવા યુખ્લેફોહુ વહોવ ખૈરૂર્રાઝેકીન.** " (અર્થ :- અને જે કાંઈ તમે ખર્ચ કરશો અલ્લાહ તઆલા તેના સ્થાને બીજું આપશે અને તે ઉત્તમ રોજી આપનાર છે.) અને ફરમાવે છે :- " **મસલુલ્લઝીના યુન્ફેકૂના અમ્વાલહુમ ફી સબીલિલ્લાહે કમસલે હબ્બતિન અમ્બતત્ સબ્અ સનાબેલા ફી કુલ્લે સુમ્બોલતિન મેઅતો હબ્બતિન વલ્લાહો યોદાએફો લેમંયયશાઓ વલ્લાહો વાસેઉન અલીમ... અલ્લઝીના યુન્ફેકુન અમ્વાલહુમ ફી સબીલિલ્લાહે સુમ્મા લા યુત્બેઉન માઅન્ફકુન મન્નવલા અઝને લહુમ અજરોહુમ ઈન્દ રબ્બેહિમ વલા ખૌફુન અલૈહિમ વલાહુમ યહઝનૂન કૌલુમ મઅરૂફું વ મગ્ફેરતુન ખૈરૂમ્ સદકતિન - યત્બ ઓહા અઝન વલ્લાહો ગનીયુન હલીમ.** (કુર્આન શરીફ)

(અર્થ :- જે લોકો અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે તેમની કહેવત તે દાણાની છે જેનાથી સાત ડુંડા નીકળે. દરેક ડુંડામાં (૧૦૦) સો દાણા અને અલ્લાહ જેને ચાહે છે અધિક આપે છે. અને અલ્લાહ વિશાળતાવાળો, મોટા ઈલ્મવાળો છે. જે લોકો અલ્લાહના માર્ગમાં પોતાનો માલ (ધન) ખર્ચ કરે છે, પછી ખર્ચ કર્યા પછી ન અહેસાન બતાવે છે નતકલીફ આપે છે. તેમના માટે તેમના સવાબ તેમના રબ્બ સમક્ષ છે. અને ન તેમના ઉપર કોઈ ખૌફ (ડર) છે અને ન તેઓ ગમગીન (ઉદાસ) થશે. સારી વાત અને મગફેરત (મોક્ષ) તે સદકાથી બહેતર છે જેના પછી કષ્ટ આપવું હોય અને અલ્લાહ હિલ્મ (ઉદારતા) વાળો છે. અને ફરમાવે છે.-

" **લન તનાલુલ બિર્ર હત્તા તુન્ફેકુ મિમ્મા તોહિબ્બૂન વ મા અન્ફકતુમ મિન શૈઈન ફઈન્નલ્લાહ બેહિ અલીમ.**

(અર્થ:- હરગિઝ નેકી પ્રાપ્ત કરશો નહીં જ્યાં સુધી તેમાંથી ખર્ચ કરો નહી જેને પ્રિય રાખો છો અને જે કાંઈ ખર્ચ કરશો અલ્લાહ તેને જાણે છે.) અને ફરમાવે છે.-

**લયસલ્બીર્ર અન તોવલ્લૂ વોજૂહકુમ કેબલલ્મશરીકે વલ્મગરીબેવલાકિન્નલ્બીર્ર મન આમન બિલ્લ્યૌમીલ્આખેરે વલ્મલાઈકતે વલ્કિતાબે વન્નબીયીન. વ આતલ્માલા અલા હુબ્બેહિ ઝવિલ્કુર્બા વલ્યતામા વલ્મ સાકીન વબ્નરસબીલ**

**વસ્સાએલીન વ ફીર્રેકાબે વ અકામસ્સલાતા વ આતઝઝકાત વલ્મુફૂન બે અહદેહિમ ઈઝા આહદૂ વસ્સાબેરીન ફીલ્બાસાઅ વ્દર્રાએ વ હીનલ્બા' સે. ઉલાએકલ્લઝીના સદકૂ. વ ઉલાએકા હુમુલ્મુત્તકુન.**

(અર્થ :- નેકી તેનું નામ નથી કે મશરિક (પૂર્વ) તથા મગરિબ (પશ્ચિમ) ની તરફ મુખ કરી દો. નેકી તો તેની છે જે અલ્લાહ અને પાછલા દિવસ અને ફરિશ્તાઓ તથા કિતાબ તથા અંબિયા પર ઈમાન લાવ્યા અને માલને તેની મહોબ્બત પર સગાઓ અને અનાથો અને નિર્ધનો અને મુસાફરો અને યાચકોને અને ગર્દન છોડવવા (ગુલામીમાંથી મુક્તિ અપાવવા ) માં આપ્યો અને નમાઝ કાયમ કરી અને ઝકાત આપી અને નેક તે લોકો છે કે, જ્યારે કોઈ કરાર કરે તો પોતાના વચનને પૂર્ણ કરે અને તકલીફ તથા મુસીબત અને લડાઈના સમયે સબ્ર કરનાર, તે લોકો સાચા છે, અને તે લોકો જ મુત્તકી છે) અને ફરમાવે છે.-

**" લા યહસબન્નલ્લઝીના યબ્ખલૂના બેમા આતાહોમુલ્લાહો મિન ફદલેહિ હુવા ખૈરૂલલહુમ બલહોવા સર્રૂલહુમ સયોતવ્વકુના મા બખેલુ બેહિ યૌમલ કિયામતે."**

(અર્થ :- જે લોકો કંજુસાઈ કરે છે તેની સાથે જે અલ્લાહે પોતાના ફઝલથી તેમને આપ્યું તેઓ એવું ગુમાન (ધારણા) ન કરે કે આ તેમના માટે ઉત્તમ છે. બલ્કે આ તેમના માટે ખરાબ છે. તે વસ્તુનું કિયામતના દિવસે તેમના ગળામાં તોક (ફંદો) નાખવામાં આવશે જેની સાથે કંજુસાઈ કરી.) અને ફરમાવે છે.-

**"વલ્લઝીના યકનેઝુનઝઝહબ વલ્ફીદ્દતા વલા યુન્ફેકુના ફીસબીલિલ્લાહે ફબશ્શીરહુમ બે અઝાબિન અલીમ. યૌમ યુહમા અલૈહા ફીનારે જહન્નમ ફતુકવા બેહા જેબાહોહુમ વજુનુબોહમ વઝોહુરોહુમ હાઝા માકનઝતુમ લેઅન્ફોસેકુમ ફ ઝુકુ મા કુન્તુમ તકનેઝુન."**

(અર્થ :- જે લોકો સોનું અને ચાંદી ભેગુ કરે છે અને તેને અલ્લાહની રાહમાં ખર્ચ કરતા નથી તેમને દર્દનાક અઝાબની ખુશ ખબરી સંભળાવી દો, જે દિવસે જહન્નમની આગમાં તેઓ તપાવવામાં આવશે અને તેનાથી તેમના લલાટ અને પાસાઓ અને પીઠો ડામવામાં આવશે (અને તેમને કહેવામાં આવશે) આ એજ છે જે તેમાંએ પોતાના નફસ માટે એકત્ર કર્યું હતું તો હવે (તેનો સ્વાદ) ચાખો, જે એકત્ર કરતા હતા )

નોટ : - હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદ રદીયલ્લાહો અનહોએ ફરમાવ્યું : કોઈ રૂપીયો બીજા રૂપીયા પર મુકવામાં આવશે નહી. ન કોઈ અશરફી બીજી અશરફી પર . બલ્કે ઝકાત ન આપનારનું શરીર એટલું મોટું કરી દેવામાં આવશે. કે લાખો કરોડો રૂપિયા ભેગા કર્યા હોય તો દરેક રૂપિયાનો અલગ અલગ ડામ દેવામાં આવશે. (તિબ્રાની ફીલ કબીર)

આ ઉપરાંત ઝકાતના બયાનમાં અધિકતાથી આયતો ઉતરી છે જેનાથી તેનું મહત્વશાળી હોવું સ્પષ્ટ થાય છે. તેના બયાનમાં કેટલીએ હદીસો છે. તે પૈકી કેટલીક નીચે મુજબ છે,

હદીસ :- (૧-૨) : સહીહ બુખારીમાં અબુહુરયરહ રદીયલ્લાહો તઆલા અનહોથી રિવાયત છે કે રસુલુલ્લાહ **સલ્લલ્લાહો અલયહે** વસલ્લમ ફરમાવે છે જેને અલ્લાહ માલ આપે અને તે તેની ઝકાત અદા કરે નહી તો કિયામતના દિવસે તે માલ ગંજા (ટાલિયા) સર્પના સ્વરૂપમાં કરી દેવામાં આવશે. જેના માથા ઉપર બે ડાઘ હશે. તે સર્પ તેના ગળામાં હાર બનાવી નાખી દેવામાં આવશે. પછી તેના ગલફોળા પકડશે અને કહેશે "હું તારો માલ છું, તારો ખઝાનો છું." તેના પછી હુઝુરે આ આયતની તિલાવત કરી -

**" વલા યહસબન્નલ્લઝીના બખેલુ...."**

તેનાજ અનરૂપ તિરમિઝી, નિસાઈ તથા ઈબ્ને માજાએ અબ્દુલ્લાહ બિન મસઉદ રદીયલ્લાહો અનહોથી રિવાયત કર્યું .

નોટ :- સર્પ જ્યારે હજાર વર્ષના થાય છે તો તેના માથા ઉપર વાળ ઉગે છે. અને જ્યારે બે હજાર વર્ષના થાય છે તો તે વાળ ખરી પડે છે. ગંજા સર્પનો એ ભાવાર્થ છે કે તે એટલો જુનો અને ભયાનક સર્પ હશે.

**હદીસઃ-** (૩) : ઈમામ અહમદની રિવાયત અબુહુરયરહ રદીયલ્લાહો અનહોથી એવી રીતે છે કે, જે માલની ઝકાત આપવામાં આવી નથી કયામતના દિવસે ગંજો સર્પ થશે અને માલિકને દોડવશે તે દોડશે ત્યાં સુધી કે પોતાની આગળીઓ તેના મુખમાં નાખી દેશે.

**હદીસઃ-** (૪-૫) : સહીહ મુસ્લિમ શરીફમાં અબુ હુરયરહ રદીયલ્લાહો અનહોથી રિવાયત છે કે હુઝુર

સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે જે વ્યક્તિ સોના - ચાંદીનો માલિક હોય અને તેનો હક્ક અદા ન કરે તો જ્યારે કેયામતનો દિવસ હશે તેના માટે આગના પત્થર બનાવવામાં આવશે અને તેમના ઉપર જહન્નમની આગ ભડકાવવામાં આવશે અને તેમનાથી પાસા અને લલાટ અને પીઠ ડામવામાં આવશે. જ્યારે તે ઠંડા થવા આવશે તો ફરી પાછા એવાજ ગરમ કરી દેવામાં આવશે. આ મામલો તે દિવસનો છે જેની માત્રા પચાસ હજાર વર્ષ છે. ત્યાં સુધી કે બંદાઓ દરમિયાન ફેંસલો થઈ જાય. હવે તે પોતાનો માર્ગ દેખશે ભલે જન્નત તરફ જાય અથવા જહન્નમ તરફ અને ઉંટ વિષે ફરમાવ્યું : જે તેનો હક અદા કરતો નથી કેયામતના દિવસે સમતલ મેદાનમાં સુવડાવી દેવામાં આવશે અને તે ઉંટ સઘળાજ રૂષ્ટ પુસ્ટ થઈને આવશે.તેઓ તેને પગો નીચે કચડશે અને મુખ વડે કરડશે. જ્યારે તેમનું પાછલું ટોળું પસાર થઈ જશે તો પ્રથમવાળુ ટોળું પાછું આવશે. અને ગાયબકરીઓ વિષે ફરમાવ્યું કે તે માણસને સમતલ મેદાનમાં સુવડાશે અને તે સઘળી (ગાય-બકરીઓ) જ આવશે, તેઓમાં કોઈ વળેલા શીંગડાવાળી કે વગર શીંગડાની કે તુટેલા શીંગડાવાળી ન હશે. અને તેઓ શીંગડાઓથી મારશે અને ખરીઓથી કચડશે અને તેનાજ અનુરૂપ બુખારી - મુસ્લિમમાં ઉંટ અને ગાય અને બકરીઓની ઝકાત ન આપવાની બાબતમાં અબુઝર રદીયલ્લાહો અનહોથી રિવાયત છે.

હદીસઃ- (૬) સહીહ બુખારી તથા મુસ્લિમમાં અબુહુરૈરહ રદીયલ્લાહો અનહોથી રિવાયત છે કે રસુલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમની પછી જ્યારે હઝરત સિદ્દીકે અકબર રદીયલ્લાહો અન્હો ખલીફા થયા તે સમયે આસપાસમાં કેટલાક લોકો (ફરી) કાફિર થઈ ગયા (કે ઝકાતની ફરઝીયતનો ઈન્કાર કરી દીધો ). સિદ્દીકે અકબર રદીયલ્લાહો અન્હો એ તેમના ઉપર જેહાદનો હુકમ આપ્યો.અમીરૂલ મોમેનીન ફારૂકે આઝમ રદીયલ્લાહો અન્હોએ કહ્યું આપ તેમનાથી કેવી રીતે કત્લેઆમ કરી શકો છો કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમે તો ફરમાવ્યું છે કે, મને હુકેમ છે કે લોકોથી લડાઈ કરૂં ત્યાં સુધી કે લા ઈલાહા ઈલ્લલ્લાહ કહે. અને. જેણે લા ઇલાહા ઈલ્લલ્લાહ કહી લીધું તેણે પોતાનો જીવ અને માલ બચાવી લીધો. પરંતુ હક્ક ઈસ્લામમાં અને તેનો હિસાબ અલ્લાહ ના માથે છે. (અર્થાત- આ લોકો તો લા ઈલાહા ઈલ્લલ્લાહ કહેવાવાળા છે. તેમના ઉપર કેવી રીતે જેહાદ કરવામાં આવશે) સિદ્દીકે અકબર રદીયલ્લાહો અન્હોહે ફરમાવ્યું ખુદાના સોગંદ હું તેનાથી જેહાદ કરીશ જે નમાઝ તથા ઝકાતમાં ભેદ ભાવ કરે. (કે નમાઝને ફર્ઝ માને અને ઝકાતની ફર્ઝીયતથી ઈન્કાર કરે ) ઝકાત માલનો હક છે ખુદાના સોગંદ જે લોકો બરીનું એક બચ્ચું પણ રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પાસે હાજર કરતા હતા જો મને આપવાથી ઈન્કાર કરશે તો તે વાત ઉપર તેમનાથી જેહાદ કરીશ. ફારૂકે આઝમ - ફરમાવે છે. વલ્લાહ મેં દેખ્યું કે, અલ્લાહ તઆલાએ સિદ્દીકનો સીનો ખોલી દીધો છે, તે સમયે મેં પણ ઓળખી લીધું કે એ જ હક્ક છે.

નોટઃ- હદીસથી સમજાયું કે એકલું કલેમહ પઢવું ઈસ્લામ માટે કાફી નથી. જ્યાં સુધી સઘળી જરૂરીઆતે દીનનો ઈકરાર ન કરે અને અમીરૂલ મોમેનીન ફારૂકે આઝમનું બહેશ (વાદવિવાદ) કરવું એટલા કારણે હતું કે તેમના ઈલ્મમાં પહેલાં એ વાત ન હતી કે તેઓ (ઝકાતન આપનારાઓ) ફરઝીયતના મુનકિર છે, એ ખ્યાલ હતો કે ઝકાત આપતા નથી તેના કારણે ગુનેહગાર થયા, કાફિર તો થયા નહી કે તેમના ઉપર જેહાદ કરવામાં આવે. પરંતુ જ્યારે સમજાઈ ગયું તો ફરમાવે છે કે, 'મેં ઓળખી લીધું કે એજ હક્ક છે જે સિદ્દીકે સમજ્યું અને કર્યું !

હદીસ-(૭) અબુદાઉદે અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે જ્યારે આયતે કરીમા - **" વલ્લઝીના યકનેઝુન- ઝઝહબ વલ્ફીદના ...નાઝિલ** થઈ તો મુસલમાનો ને વિકટ લાગી. **(સમજ્યા કે ચાંદી-સોનું ભેગું કરવું હરામ છે તો બહુ મુશ્કેલી પડશે)** ફારૂકે આઝમ રદીયલ્લાહો અન્હોએ કહ્યું હું **તમારી મુસીબત દૂર** કરી દઈશ તે એ હુઝુરની ખિદમતે અકદસમાં **હાજર થયા** અને અર્ઝ કરી **યા રસુલલ્લાહ આ આયત હુઝુરના અસહાબને ભારે લાગી. આપે ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાએ ઝકાત તો એટલા માટે ફર્ઝ કરી કે તમારા બાકીના માલને પાક કરી દે અને વારસો એટલા માટે ફર્ઝ કર્યો કે તમારા પાછળવાળાઓ માટે હોય. (અર્થાત- સર્વથા ભેગો**

કરવુ હરામ હોત તો ઝકાતથી માલની શુદ્ધિ ન થાત બલ્કે ઝકાત કયી વસ્તુ ઉપર વાજિબ થાત અને મીરાસ સેમાં જારી થાત, બલ્કે ભેગું કરવું હરામ એ છે કે ઝકાત આપે નહી) આ વાત ઉપર ફારૂકે આઝમ અલ્લાહો અકબર પોકારી ઉઠયા.

**હદીસ-(૮)** બુખારી પોતાની તવારીખમાં અને ઈમામ શાફેઈ,બઝઝાર તથા બયહકી ઉમ્મુલ મોમેનીન આઈશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરે છે કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, ઝકાત કોઈ માલમાં મળશે નહી પરંતુ તેને હલાક કરી નાંખશે. કેટલાક ઈમામો એ આ હદીસનો એ અર્થ બયાન કર્યો છે કે ઝકાત વાજિબ થઈ અને તેને અદા કરી નહી અને પોતાના માલમાં મેળવતો રહ્યો તો આ હરામ (માલ) તે હલાલ (માલ) ને હલાક (નષ્ટ) કરી દેશે. અને ઈમામ અહમદેએ ફરમાવ્યું કે તેનો અર્થ એ છે કે માલદાર માણસ ઝકાતનો માલ લે તો આ માલે ઝકાત તેના માલને નષ્ટ કરી નાંખશે કે ઝકાત તો ફકીરો (ગરીબો) માટે છે અને બંને અર્થો સાચા છે.

**હદીસ-(૯)** તિબ્રાનીએ ઓસતમાં બુરયદહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે, હુઝુર ફરમાવે છે કે જે કોમ ઝકાત આપશે નહી, અલ્લાહ તઆલા તેને દુષ્કાળમાં સપડાવશે.

**હદીસ-(૧૦)** તિબ્રાનીએ ઓસતમા ફારૂકે આઝમ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે, હુઝુર ફરમાવે છે કે,**ખુશ્કી**(ઝમીન) તથા **તરી**(પાણી)**માં જે માલ નષ્ટ થાય છે, તે ઝકાત ન આપવાથી નષ્ટ થાય છે.**

**હદીસ-(૧૧)** સહીહૈનમાં અહનફબિન કેસથી રિવાયત છે કે સૈયેદના અબુઝર રદીયલ્લાહો અન્હો એ ફરમાવ્યું કે, તેમની છાતીના ભાગ ઉપર જહન્નમનો ગરમ પત્થર મુકશે કે છાતીને તોડીને ખભાથી નીકળી જશે અને ખભાનું હાડકું ઉપર મુકશે કે હાડકાં તોડીને છાતીમાંથી નીકળી જશે અને સહીહ મુસ્લિમ શરીફમાં એમ પણ છે કે મેં નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ફરમાવતા સાંભળ્યા કે પીઠ તોડીને પાસામાંથી નીકળશે અનેં ગુદ્દી (બોચી) તોડીને લલાટમાંથી નીકળશે.

**હદીસ-(૧૨)**તિબ્રાની અમીરૂલ મોમેનીન અલી રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરેછે કે, હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવેછે કે માલદારોના હાથો સિવાય ફકીર હરગિઝ નાગા-ભૂખ્યા હોવાની તકલીફ ઉઠાવશે નહી. સાંભળીલો કે એવા તવંગરોથી અલ્લાહ તઆલા સખત હિસાબ લેશે અને તેમને દર્દનાક અઝાબ આપશે.

**હદીસ-(૧૩)** તિબ્રાની અનસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમફરમાવે છે કે, કેયામતના દિવસે તવંગરો માટે મોહતાજો ના હાથોએ ખરાબી છે. મોહતાજ અર્ઝ કરશે, અમારા જે હક્કો તેં તેમના ઉપર ફર્ઝ કર્યા હતા તેમણે ઝુલ્મન આપ્યા નહીં અલ્લાહ અઝઝ વજલ્લ ફરમાવશે મને કસમ છે પોતાની ઈજ્જત તથા જલાલની કે તમને મારી નેકટતા અતા કરીશ અને તેમને દુર રાખીશ.

**હદીસ-(૧૪)**ઈબ્ને ખુઝીમહ તથા ઈબ્ને હબ્બાન પોતાની સહીહમાં અબુહરૈરહ રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે દોઝખમાં સોથી પહેલા ત્રણ (પ્રકારના) માનવી જશે તેઓમાં એક (પ્રકાર) તો તવંગરનો છે કે પોતાના માલમાં અલ્લાહ અઝઝ વજલ્લનો હક અદા કરતો નથી.

**હદીસ-(૧૫)**ઈમામ અહમદ મુસનદમાં અમ્મારહ બિન હઝમ રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે અલ્લાહ તઆલાએ ઈસ્લામમાં ચાર વસ્તુઓ ફર્ઝ કરી છે. જે માણસ તેઓ પૈકી ત્રણ અદા કરે તો તેને કાંઈ કામ આવશે નહી જ્યાં સુધી ચારે પુરી રીતે બજાવી ન લાવે. નમાઝ, ઝકાત રમઝાનના રોઝા અને હજ્જે બયતુલ્લાહ.

**હદીસ-(૧૬)** તિબ્રાની કબીરમાં સહીહ સનદથી રાવી અબ્દુલ્લાહ બિન મસઉદ રદીયલ્લાહો અન્હો ફરમાવે છે. અમોને હુકમ આપવામાં આવ્યો કે નમાઝ પઢીએ અને ઝકાત આપીએ અને જે માણસ ઝકાત ન આપે તેની નમાઝ કબૂલ નથી.

**હદીસ-(૧૭)**: સહીહૈન તથા મુસનદે અહમદ તથા સુનન તિરમિઝીમાં અબુ હુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે સદકો આપવાથી માલ ઓછો થતો નથી અને બંદો કોઈના કસુર માફ કરે તો અલ્લાહ તઆલા તેની ઈજ્જત

વધારશે અને જે માણસ અલ્લાહ માટે તવાઝોઅ (વિનમ્રતા) કરશે અલ્લાહ તેને બુલંદ કરશે.

હદીસ - (૧૮): બુખારી તથા મુસ્લિમ તેમનાથી જ રાવી કે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, જે માણસ અલ્લાહની રાહમાં જોડ (બેનંગ) ખર્ચ કરે તે જન્નતના સઘળા દરવાજાઓથી બોલાવવામાં આવશે અને જન્નતના કેટલાએ દરવાજા છે. જે નમાઝી છે તેને નમાઝના દરવાજાથી બોલાવવામાં આવશે. જે જેહાદવાળો છે તેને જેહાદના દરવાજાથી બોલાવવામાં આવશે. જે સદકાવાળો છે તેને સદકાના દરવાજાથી બોલાવવામાં આવશે. જે રોઝાદાર છે તેનેબાબે રય્યાનથી બોલાવવામાં આવશે. સિદ્દીકે અકબરે અર્ઝ કરી તેની તો કાંઈ જરૂરત નથી કે દરેક દરવાઝાથી બોલાવવામાં આવે. (અર્થાત મકસદ જન્નતમાં દાખલ થવું છે તે એક દરવાજાથી પ્રાપ્ત છે) પરંતુ કોઈ એવો છે જે સઘળા દરવાજાઓથીબોલાવવામાં આવે. આપે ફરમાવ્યું : હા ! અને હું આશા રાખું છું કે તમો તેમના પૈકી છો.

હદીસ-(૧૯): બુખારી, મુસ્લિમ, તિરમિઝી, નિસાઈ, ઈબ્ને માજા તથા ઈબ્ને ખુઝીમહ અબુ હુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે જે શખ્સ ખજુર બરાબર હલાલ કમાઈથી સદકો કરે અને અલ્લાહ હલાલ સિવાય કાંઈ કબુલ કરતો નથી તો તેને અલ્લાહ તઆલા જમણા હાથથી કબુલ કરે છે. પછી તેને તેના માલિક માટે પોષણ કરે છે. જેવી રીતે તમારામાંથી કોઈ પોતાના વછેરા (ઘોડા અથવા બળદનું બચ્ચું)થી તરબીયત કરે છે, ત્યાં સુધી કે તે સદકો પહાડની બરાબર થઈ જાય છે.

હદીસ-(૨૦-૨૧): નિસાઈ તથા ઈબ્ને માજા પોતાની સુનનમાં તથા ઈબ્ને ખુઝીમહ તથા ઈબ્ને હબ્બાન પોતાની સહીહમાં અને હાકિમ બઈફાદહે તસહીહ, અબુ હુરૈહરહ તથા અબુ સઈદ રદીયલ્લાહો અન્હોમાંથી રિવાયત કરી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ખુત્બો પઢયો અને એમ ફરમાવ્યું કે કસમછે તેની જેના હાથમાં મારો પ્રાણ છે. આને ત્રણ વખત ફરમાવ્યું પછી માથું ઝુકાવી લીધું તો અમો સૌએ માથા નમાવી લીધા અને રડવા લાગ્યા. એ ખબર નથી કે કઈ બાત પર કસમ ખાધી. પછી હુઝુરે મસ્તક મુબારક ઉંચું કર્યું અને પવિત્ર ચહેરામાં ખુશી દેખાતી હતી તો અમોને એ વાત લાલ ઉંટો કરતા વધારે પ્યારી હતી અને ફરમાવ્યું જે બંદો પાંચ નમાઝો પઢે છે અને રમઝાનના રોઝા રાખે છે અને ઝકાત આપે છે અને સાથે કબીરા ગુનાહોથી બચે છે તેના માટે જન્નતના દરવાજા ખોલી દેવામાં આવશે અને તેને કહેવામાં આવશે કે સલામતી સાથે દાખલ થા.

હદીસ-(૨૨): ઈમામ અહમદે સેકાત (માનનીય તથા આધારભૂત) રિવાયત આધારે અનસ બિન માલિક રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરીકે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે પોતાના માલની ઝકાત કાઢ કેમ કે તે પાક કરનાર છે, તેને પાક કરી દેશે અને સગાંવહાલાંઓથી સુલુક (સદવર્તન) કર અને ગરીબ અને પાડોશી અને ભિક્ષુકનો હક્ક ઓળખ.

હદીસ-(૨૩):તિબ્રાની એ ઓસત કબીરમાં અબુ દરદા રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે હુઝુરે ફરમાવ્યું ઝકાત ઈસ્લામનો પુલ છે.

હદીસ-(૨૪) : તિબ્રાનીએ ઓસતમાં અબુ હુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે હુઝુર ફરમાવે છે, માણસ મારા માટે છ વસ્તુઓનું તારણ કરે હું તેના માટે જન્નતનો જામીન છું. અર્ઝ કરી કે યા રસુલલ્લાહ તે શું છે ? આપે ફરમાવ્યું : (૧) નમાઝ (૨) ઝકાત (૩) અમાનત (૪) શર્મગાહ (૫) શિકમ (પેટ) તથા (૬) જીભ.

હદીસ-(૨૫): બઝઝારે અન્કમાથી રિવાયત કરી કે હુઝુરે ફરમાવ્યું : તમારા ઈસ્લામનું સંપુર્ણ હોવું એ છે કે પોતાના માલની ઝકાત અદા કરો.

હદીસ-(૨૬) : તિબ્રાનીએ કબીરમાં ઈબ્ને ઉમર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે હુઝુરે ફરમાવ્યું જે માણસ અલ્લાહ તથા રસૂલ પર ઈમાન લાવેલ છે તે પોતાના માલની ઝકાત અદા કરેઅને જે માણસ અલ્લાહ તથા રસૂલ પર ઈમાન લાવે છે તે હક્ક બોલે અથવા મૌન સેવે અર્થાત બુરી (ખરાબ) વાત જીભેથી કાઢે નહી અને જે માણસ અલ્લાહ તથા રસૂલ પર ઈમાન લાવે છે તે પોતાના મહેમાનનો આદર કરે.

હદીસ-(૨૭) : અબુ દાઉદે હસન બસરીથી મુરસલન અને તિબ્રાની તથા બયહકીએ સહાબાએ કિરામ રદીયલ્લાહો અન્હુમની એક જમાઅતથી રિવાયત કરી કે

હુઝુર ફરમાવેછે કે, ઝકાત આપીને પોતાના માલોને મજબુત કિલ્લાઓમાં કરી લો અને પોતાના બીમારોનો ઈલાજ સદકાથી કરો અને બલા નાઝિલ થવા પર દુઆ તથા તદરોઅ (ગિર્યા-ઝારી) થી સહાયતા કરો.

હદીસ-(૨૮) : ઈબ્ને ખુઝીમહ પોતાની સહીહ અને તિબ્રાની ઓસત અને હાકિમ મુસ્તદરમાં જાબિર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે જેણે પોતાના માલની ઝકાત અદા કરી બેશક અલ્લાહ તઆલાએ તેનાથી દુષ્ટતા દુર કરી.

## મસાઈલે ફિકહીય્યહ

ઝકાત શરીઅતમાં અલ્લાહ માટે માલનો અમુક ભાગ જે શરઅ એ નિયુક્ત કર્યો છે તેને મુસલમાન ફકીર (ગરીબ) ને માલિક બનાવી દેવું છે. અને તે ફકીર ન હાશિમી હોય કે ન હાશિમીનો આઝાદ કરેલ ગુલામ. અને પોતાનો નફો તેનાથી સાવ જુદો કરી લે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા - (૧)** : ઝકાત ફર્ઝ છે. તેનો ઈન્કાર કરનાર કાફીર અને ઝકાત ન આપનાર ફાસિક અને કત્લના પાત્ર છે. અને ઝકાત અદા કરવામાં વિલંબ કરનાર ગુનેહગાર તથા તેની શહાદત (શાક્ષી) મરદૂદ (ધૃણાપાત્ર) છે. (આલમગીરી)

**મસ્અલા -(૨)**: મુબાહ (ગ્રાહય) કરી દેવાથી ઝકાત અદા થશે નહીં. દા.ત. ફકીર (નિર્ધન)ને ઝકાતની નિય્યતથી ખાણું ખવડાવી દીધું તો ઝકાત અદા થઈ નહીં કેમ કે માલિક બનાવી દેવું દેખવામાં આવ્યું નહીં હા ! જો ખાણું આપી દીધું. કે ભલે તે ખાય કે લઈ જાય તો ઝકાત અદા થઈ ગઈ. એવી જ રીતે ઝકાતની નિય્યતથી ફકીરને કપડું આપી દીધું અથવા પહેરાવી દીધું તો ઝકાત અદા થઈ ગઈ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા - (૩)** : ફકીરને ઝકાતની નિય્યતથી રહેવા માટે મકાન આપ્યું તો ઝકાત અદા થઈ નહીં કે માલનો કોઈ ભાગ તેને આપ્યો નહીં બલ્કે મનફઅત (લાભ) નો માલિક બનાવ્યો. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪)** : માલિક બનાવવામાં એ પણ જરૂરી છે કે એવા માણસને આપે જે કબ્જો કરવું જાણતો હોય અર્થાત એવું ન થાય કે ફેંકી દે અથવા ધોકો ખાય નહીં તો ઝકાત અદા થશે નહી. દા.ત. બહુ જ નાના બાળક અથવા પાગલને આપવું. અને જો બાળકમાં એટલી બુધ્ધિ ન હોય તો તેના તરફથી તેનો બાપ કે જે નિર્ધન હોય કે વસી (વસીયત કરેલ) અથવા જેની નિગરાની (દેખરેખ) માં છે કબ્જો કરે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૫)** : ઝકાત વાજિબ થવા માટે કેટલીક શરતો છે. (૧) મુસલમાન હોવું કાફીર પર ઝકાત વાજિબ નથી અર્થાત જો કોઈ કાફીર મુસલમાન થયો તો તેને એ હુકમ આપવામાં આવશે નહી કે કુફ્રના સમયની ઝકાત અદા કરે. (આમ્મએ કુતુબ) મઆઝલ્લાહ જો કોઈ મુરતદ થઈ ગયો તો ઈસ્લામના સમયમાં જે ઝકાત આપી ન હતી તે નષ્ટ થઈ ગઈ. (આલમગીરી)

**ઝકાતના વાજિબપણાની શરતો**

**મસ્અલા-(૬)** : કાફીર દારૂલહર્બમાં મુસલમાન થયો અને ત્યાં જ કેટલાક વર્ષો સુધી નિવાસ કર્યો પછી દારૂલ ઈસ્લામમાં આવ્યો. જો તેને ખબર હતી કે માલદાર મુસલમાન પર ઝકાત વાજિબ છે તો તે સમયની ઝકાત તેના ઉપર વાજિબ છે. નહી તો વાજિબ નથી. અને જો દારૂલ ઈસ્લામમાં મુસલમાન થયો અને કેટલાક વર્ષોની ઝકાત આપી નથી તો તેમની ઝકાત વાજિબછે. જો કે કહેતો હોય કે મને ઝકાતની ફરઝિયતની ખબર નથી. કે દારૂલ ઈસ્લામમાં જહેલ (અજ્ઞાનતા) ઉઝર (કારણરૂપ) નથી. (આલમગીરી વગેરે)

(૨) બુલૂગ (પુખ્ત વયના હોવું)

(૩) બુધ્ધિ. ના બાલિગ પર ઝકાત વાજિબ નથી અને જુનુન (બેભાનપણું) જો આખુ વર્ષ રહેતો ઝકાત વાજિબ નથી. અને જો વર્ષના આરંભ-અંતમાં સ્વાસ્થ્ય થાય અને બાકીનો સમય પાગલ પણામાં પસાર થાય તો ઝકાત વાજિબ છે. અને જો પાગલપણું અસલી હોય અર્થાત પાગલપણાનીજ હાલતમાં બાલિગ થયો તો તેનું વર્ષ હોશ આવ્યાથી શરૂ થશે. એવી જ રીતે જો આરઝી છે પરંતુ આખું વર્ષ રહ્યું તો જ્યારે સારૂં થશે તે સમયથી વર્ષનો આરંભ થશે. (જવહરહ, આલમગીરી, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૭) : બોહરે (બેભાન) પર ઝકાત વાજિબ નથી જ્યારે કે એ જ હાલતમાં આખું વર્ષ પસાર થઈ જાય અને જો કયારેક કયારેક તેને સારૂં પણ થઈ જાય છે તો ઝકાત વાજિબ છે. જેના ઉપર મૂર્છા તારી થઈ તેના ઉપર ઝકાત વાજિબ છે. ભલે મૂર્છા સંપૂર્ણત વર્ષભર સુધી હોય. (આલમગીરી રદ્દુલ મુહતાર)

(૪) આઝાદ હોવું. ગુલામ પર ઝકાત વાજિબ નથી ભલે માઝુન હોય (અર્થાત તેના માલિકે વેપાર કરવાની પરવાનગી આપી હોય) અથવા મકાતિબ (ગુલામીમાંથી મુક્તિ મેળવવા માટેનો જ કરાર કરેલો હોય તે) અથવા ઉમ્મે વલ્દ (સંતાનનો જન્મ આપનારી) લોંડી (દાસી) અથવા મુસ્તસ્આ (અર્થાત સંયુક્ત ગુલામ જેને એક ભાગીદારે આઝાદ કરી દીધો અને કેમકે તે માલદાર નથી તે કારણે બાકીના ભાગીદારોના હિસ્સા કમાઈને પૂર્ણ કરવાનો તેમને હુકમ આપવામાં આવ્યો) (આલમગીરી વિગેરે)

મસ્અલા-(૮) : માઝુન ગુલામ જે કાંઈ કમાયો છે તેની ઝકાત ન તેના ઉપર છે ન તેના માલિક ઉપર હા, જ્યારે માલિકને આપી દીધી તો હવે તે વર્ષોની પણ ઝકાત માલિક અદા કરે જ્યારે કે માઝુન ગુલામ દેન (દેવા)માં ડુબેલો ન હોય. નહી તો તેની કમાઈ પર સર્વથા ઝકાત વાજિબ નથી. ન માલિકના કબ્જા કર્યા પહેલા ન બાદમાં. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૯) : મકાતિબ જે કંઈ કમાયો તેની ઝકાત વાજિબ નથી.ન તેના ઉપર ન તેના માલિક ઉપર જ્યારે માલિકને આપી દે અને વર્ષ પસાર થઈ જાય. હવે ઝકાતની શરતો અનુસાર માલિક ઉપર ઝકાત વાજિબ થશે.અને પહેલા વર્ષોની ઝકાત તેના ઉપર વાજિબ નથી. (રદ્દુલ મુહતાર)

(૫) નિસાબ જેટલો માલ તેના કબ્જામાં હોવું. જો નિસાબ (માત્રા)થી ઓછા છે તો ઝકાત વાજિબ ન થઈ. (તનવીર, આલમગીરી)

(૬) સંપૂર્ણત તેનો માલિક હોય અર્થાત તેના ઉપર કબ્જો પણ ધરાવતો હોય.

મસ્અલા-(૧૦) : જે માલ ગુમ થઈ ગયો અથવા દરીયામાં પડી ગયો અથવા કોઈએ ચોરી લીધો અને તેની પાસે ચોરીના સાક્ષી ન હોય અથવા જંગલમાં દાટી દીધો હતો અને તે યાદ રહ્યું નહી કે, ક્યાં દાટયો હતો, અથવા અપરિચિત માણસ પાસે અમાનત મૂકી હતી અને એ યાદ રહ્યું નહી કે, તે કોણ છે. અથવા દેવેદારે (મદયુન) દેણથી ઈન્કાર કરી દીધો અને તેની પાસે સાક્ષી નથી પછી તે માલો મળી ગયા તો જ્યાં સુધી મળ્યા ન હતા તે સમયની ઝકાત વાજિબ નથી. (દુર્રે મુખ્તાર-રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૧૧) : જો દેણ (કરજ) એવા ઉપર છે જે તેનો ઈકરાર કરે છે પરંતુ અદામાં વિલંબ કરે છે, અથવા નાદાર છે અથવા કાઝી (ન્યાયાધીશ) ને ત્યાં તેના મુફલિસ હોવાનો હુકમ થઈ ગયો છે અથવા તે મુનકિર (ઈન્કાર કરનાર) છે, પરંતુ તેના પાસે સાક્ષી હાજર છે, તો જ્યારે માલ મળશે પાછલા વરસોની પણ ઝકાત વાજિબ છે (તનવીર)

મસ્અલા-(૧૨) : ચરાઈનું જાનવર જો કોઈ એ ઝુંટવી લીધું જો કે તે સ્વીકાર કરતો હોય તો મળવા પછી પણ તે સમયની ઝકાત વાજિબ નથી. (ખાનિયહ)

મસ્અલા-(૧૩) : ચોરી કરેલાની ઝકાત ચોરી કરનાર ઉપર વાજિબ નથી, કેઆ તેનો માલ જ નથી, બલ્કે ચોરી કરનાર પર વાજિબ છે કે જેનો માલ છે તેને પાછો આપે. અને જો ચોરી કરનારે તે માલને પોતાના માલમાં ભેળવી દીધો કે, ઓળખવું મુશ્કેલ હોય અને તેનો પોતાનો માલ નિસાબ જેટલો હોય તો સઘળા માલ પર ઝકાત વાજિબ છે. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૧૪) : એક માણસે બીજા માણસના દા.ત. એક હજાર રૂપિયા ગસબ કરી (ઝુંટવી) લીધા પછી એજ રૂપિયા તેની પાસેથી કોઈ બીજા એ ઝુંટવી લઈને ખર્ચ કરી નાખ્યા, અને તે બંને ગાસિબો (ઝુંટવી લેનારાઓ) પાસે હજાર હજાર પોતાની માલિકીના છે તો પ્રથમ ઝુંટવી લેનાર પર ઝકાત વાજિબ છે અને બીજા પર નથી. (આલમગીરી)

મસ્અલા-(૧૫) : ગીરો મુકેલી વસ્તુની ઝકાત ન ગીરો રાખનાર પર છે ન ગીરો મુકનાર પર કેમકે ગીરો રાખનાર તો માલિક જ નથી, અને ગીરો મુકનારની માલિકી સંપૂર્ણ નથી કે તેના કબ્જામાં નથી અને ગીરો છોડવ્યા પછી પણ તે વર્ષોની ઝકાત વાજિબ નથી. (દુર્રેમુખ્તાર વિગેરે)

મસ્અલા-(૧૬) : જે માલ વેપાર માટે ખરીદયો અને વર્ષ ભર સુધી તેના ઉપર કબ્જો કર્યો નહી, તો કબ્જાની પહેલા

ખરીદનાર પર ઝકાત વાજિબ નથી. અને કબ્જા પછી તે વર્ષની પણ ઝકાત વાજિબ છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**(૭) નિસાબનું દેણથી ફારેગ થવું :**

**મસ્અલા-(૧૭)** કોઈ માસણ નિસાબનો માલિક છે પરંતુ તેના ઉપર દેણ છે કે, અદા કર્યા પછી નિસાબ રહેતો નથી તો આવી હાલતમાં ઝકાત વાજિબ નથી. ભલે તે દેણ બંદાનું હોય જેવું કે કરજ, ઝરેસમન કોઈ ચીઝનું તાવાંન (બદલો) અથવા અલ્લાહ તઆલાનું દેણ હોય જેવું કે ઝકાત, ખિરાજ (સરકારી વેરો) દા. ત. કોઈ શખ્સ કેવળ એક નિસાબનો માલિક છે અને બેવર્ષ પસાર થઈ ગયા કે ઝકાત આપી નથી તો કેવળ પહેલા વર્ષની ઝકાત તેના ઉપર દેણ છે, તેના કાઢયા પછી નિસાબ બાકી રહેતો નથી, માટે બીજા વર્ષની ઝકાત વાજિબ નથી. એવી રીતે જો ત્રાણ વર્ષ પસાર થઈ ગયા પરંતુ ત્રીજામાં એક દિવસ બાકી હતો કે પાંચ દિરમહ બીજા પ્રાપ્ત થયા તો પણ પહેલા જ વર્ષની ઝકાત વાજિબ છે, કે બીજા અને ત્રીજા વર્ષમાં ઝકાત કાઢયા પછી નિસાબ બાકી નથી. હા, જે દિવસે કે તે પાંચ દિરહમ પ્રાપ્ત થયા તે દિવસથી એક વર્ષ સુધી જો નિસાબ બાકી રહી જાય તો હવે તે વર્ષના પૂરા થવાથી ઝકાત વાજિબ થશે.

**એવી જ રીતે** જો નિસાબનો માલિક હતો અને વર્ષ પુરૂં થવા છતાં ઝકાત આપી નહી પછી સઘળા માલને નષ્ટ કરી નાખ્યો પછી બીજો માલ પ્રાપ્ત કર્યો કે આ નિસાબ જેટલો છે પરતુ પ્રથમ સાલની ઝકાત કે જે તેના માથે દેણ છે, તેમાંથી કાઢે તો નિસાબ બાકી રહેતો નથી તો આ વર્ષની ઝકાત વાજિબ નથી તો આ પ્રથમ માલને તેણે ઈરાદાપૂર્વક નષ્ટ ન કર્યો બલ્કે ઈરાદા વગર નષ્ટ થઈ ગયો તો તેની ઝકાત જતી રહી. માટે તેની ઝકાત દેણ નથી. તો આ હાલતમાં આ નવા વર્ષની ઝકાત વાજિબ નથી. (આલમગીરી, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૮) :** જો પોતે મદયુન (રૂણી) નથી, પરંતુ કરજદાર (રૂણી)નો જામીન છે અને જામીનગીરીના રૂપિયા કાઢયા પછી નિસાબ બાકી રહેતો નથી, તો ઝકાત વાજિબ નથી. દા.ત. ઝયદ પાસે હજાર રૂપીયા છે અને અમ્રે કોઈનીપાસેથી હજાર રૂપીયા કરજ લીધા અને ઝયદે તેની જામીનગીરી કરી તો ઝયદ ઉપર આ હાલતમાં ઝકાત નથી કે ઝયદની પાસે જો કે રૂપીયા છે પરંતુ અમ્રના કરજમાં ડુબેલો છે કે લેણદારોને અધિકાર છે કે ઝયદથી માંગણી કરે અને રૂપીયા ન મળવાથી અધિકાર છે કે તે ઝયદને કયદ કરાવી દે, તો એ રૂપિયા દેણમાં ડુબેલા છે માટે ઝકાત વાજિબ નથી. અને જો અમ્રની દસ માણસોએ જામીનગીરી આપી અને સોની પાસે હજાર હજાર રૂપીયા છે તો પણ તેઓ પૈકી કોઈ ઉપર ઝકાત વાજિબ નથી કે લેણદાર દરેકની પાસે ઉઘરાણી કરી શકે અને પૈસા ન મળવાની હાલતમાં કોઈને પણ કેદ કરાવી શકે છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૯) :** જે દેણ બાંધી મુદતનું હોય તે મઝહબ સહીહમાં ઝકાતની અનિવાર્યતા ના અવરોધક નથી. (રદ્દુલ મુહતાર) કેમકે આદત અનુસાર **" મહેર "** ના દેણની ઉઘરાણી થતી નથી માટે જો કે પતિના માથે કેટલું એ મહેરનું દેણ હોય જ્યારે તે નિસાબનો માલિક છે તો ઝકાત વાજિબ છે. (આલમગીરી) ખાસ કરીને વિલંબિત મહેર જે સામાન્ય અહીંયા પ્રચલિત છે જેના અદા કરવાની કોઈ મુદત નિશ્ચિત હોતી નથી તેની માંગણીનો તો સ્ત્રીને અધિકાર જ નથી જ્યાં સુધી કે મૃત્યુ અથવા તલ્લાક ઘટિત થાય નહી.

**મસ્અલા-(૨૦) :** પત્નીનું ભરણ પોષણ પતિ ઉપર દેણ ઠેરવવામાં આવશે નહી જ્યાં સુધી કાઝીએ (મુસ્લિમ ન્યાયાધીશે) હુકમ આપ્યો ન હોય અથવા બંનેએ પરસ્પર કોઈ માત્રા પર ફેંસલો કરી લીધો હોય. અને જો આ બંને વસ્તુઓ ન હોય તો નષ્ટ જશે, પતિ ઉપર તેનું આપવું વાજિબ થશે માટે તે ઝકાતના અવરોધક નથી. પત્ની સિવાય કોઈ સંબંધીનું ભરણ પોષણ તે સમયે દેણ છે જ્યારે એક મહિનાથી ઓછો સમય પસાર થયો હોય અથવા તે સંબંધીએ કાઝી (ન્યાયાધીશ)ના હુકમથી કરજ લીધું અને જો આ બંને વાતો નથી તો નષ્ટ છે અને ઝકાત બાધક નથી. (આલમગીરી, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૨૧) :** દેણ એ સમયે ઝકાતના અવરોધક છે જ્યારે ઝકાત વાજિબ થવાના પહેલાનું હોય અને જો નિસાબ પર વર્ષ પસાર થઈ ગયા પછી થયું તો ઝકાત પર તે દેણની કાંઈ અસર નથી. (રદ્દુલ મુહતાર વિગેરે)

**મસ્અલા-(૨૨) :** જે દેણની ઉઘરાણી બંદાઓ તરફથી

ન થાય તેનો આ સ્થળે એતેબાર (માન્ય) નથી અર્થાત તે ઝકાતના અવરોધક નથી. દા.ત. નઝર તથા કફ્ફારો તથા સદકએ ફિત્ર તથા હજ્જ તથા કુરબાની કે જો તેના ખર્ચા નિસાબમાથી કાઢે તો જો કે નિસાબ બાકી રહે નહી તો પણઝકાત વાજિબછે. ઉશર (ખેતીનો ૧/૧૦) તથા ખિરાજ વાજિબ થવા માટે દેણ બાધક નથી, અર્થાત જો કે રૂણી હોય આ વસ્તુઓ તેના ઉપર વાજિબ થઈ જશે (દુર્રે મુખ્તાર રદદુલ મુહતાર વિગેરે )

મસ્અલા-(૨૩) : જે દેણ (કરજ)વર્ષની અધવચ્ચ થયું અર્થાત વર્ષના આરંભમાં દેવાદાર ન હતો, પછી દેવાદાર થઈ ગયો, પછી વર્ષ પૂરૂં થયા પછી દેવા ઉપરાંત નિસાબનો માલિક થઈ ગયો તો ઝકાત વાજિબ થઈ ગઈ, તેની હાલત એ છે કે માની લો કે લેણદારોએ કરજ માફ કરી દીધું તો હવે કેમકે તેના માથે દેવું રહ્યું નહી અને વર્ષ પણ પુરૂં થઈ ગયું છે માટે વાજિબ છે કે અત્યારે ઝકાત આપે. એવું નથી કે, અત્યારથી એક વર્ષ પસાર થવા પર ઝકાત વાજિબ થશે અને જો વર્ષના આરંભથી દેવાદાર હતો અને વર્ષ પુરૂં થયા પર માફ કર્યું તો અત્યારે ઝકાત વાજિબ થશે નહી બલ્કે અત્યારથી વર્ષ પસાર થવા પર ઝકાત વાજિબ થશે. (રદદુલ મુહતાર વિગેરે )

મસ્અલા-(૨૪) : એક વ્યક્તિ દેવાદાર છે અને તે કેટલાક નિસાબનો માલિક છે કે, દરેકથી દેવું અદા થઈ જાય છે. દા.ત. તેની પાસે રૂપીયા અશરફીઓ પણ છે, વેપારના અસબાબ પણ છે. ચરાઈના જાનવર પણ છે. તો રૂપીયા અશરફીઓ દેવાના મુકાબલામાં સમજે અને બીજી વસ્તુઓની ઝકાત આપે. અને જો રૂપીયા-અશરફીઓન હોય અને ચરાઈના જાનવરોના કેટલાક નિસાબો હોય દા.ત. ચાલીસ બકરીઓ, ત્રીસ ગાયો અને પાંચ ઉંટ છે તો જેની ઝકાતમાં તેને આસાની થાય તેની ઝકાત આપે અને બીજાને દેવામાં સમજે. તો આ મજકુર સ્વરૂપમાં જો બકરીઓ અથવા ઉંટોની ઝકાત આપશે તો એક બકરી આપવી પડશે ગાયની ઝકાતમાં એક વર્ષનો વાછરડો આપવો પડશે. અને સ્પષ્ટ છે કે એક બકરી આપવું વાછરડો આપવા કરતાં આસાન છે. માટે બકરી આપી શકે છે. દા.ત. પાંચ ઉંટ છે અને ચાલીસ બકરીઓ, બંનેની ઝકાત એક એક બકરી છે તો તેને અખ્તીયાર છે કે જેને દેવા ઈચ્છે સમજે. અને જેની ચાહે ઝકાત આપે અને આ સઘળી તફસીલ તે સમયે છે કે બાદશાહ તરફથી કોઈ ઝકાત વસૂલ કરનાર આવે. નહી તો જો પોતાની રીતે આપવા ચાહે છે તો દરેક સ્વરૂપમાં અધિકાર છે. (દુર્રે મુખ્તાર રદદુલ મુહતાર)

મસ્અલા-(૨૫) : તેના ઉપર એક હજાર રૂપીયાનું કરજ છે અને તેની પાસે એક હજાર રૂપીયા છે અને એક મકાનં અને સેવા માટે એક ગુલામ છે. તો આવી હાલતમાં ઝકાત વાજિબ નથી. જો કે મકાન તથા ગુલામ દસ હજારની કીંમતના હોય કે આ વસ્તુઓ હાજતે અસલીયા પૈકી છે. અને જ્યારે રૂપિયા મોજુદ છે તો કરજ માટે રૂપિયા ઠેરવવામાં આવશે મકાન તથા ગુલામ ઠેરવવામાં આવશે નહી. (આલમગીરી)

(૮) નિસાબ હાજતે અસલીયા (મૂળભૂત જરૂરીતો)થી ફારેગ હોય.

મસ્અલા-(૨૬) : હાજતે અસલીયા અર્થાત જેની તરફ જિંદગી વ્યતિત કરવામાં આદમીને જરૂરત છે, તેમાં ઝકાત વાજિબ નથી. જેવું કે રહેવાનું મકાન, શર્દી-ગરમીમાં પહેરવાનાં કાપડાં, ગૃહવ્યવસ્થાનો સામાન, સવારીના જાનવર, સેવા માટે ગુલામ-લોંડી (દાસ-દાસી), યુધ્ધના હથિયાર, ધંધાદારીઓના ઓજાર, ઈલ્મશાળીઓ માટે જરૂરત ની કિતાબો, ખાવા માટે અનાજ,(હિદાયા, આલમગીરી, રદદુલ મુહતાર)

મસ્અલા-(૨૭) : એવી વસ્તુ ખરીદી જેનાથી કોઈ કામ કરશે અને કામમાં તેની અસર બાકી રહેશે, જેવું કે ચામડું પકાવવા માટે માજુ (ચામડું પકાવવાની વસ્તુ) અને તેલ વિગેરે. જો તેના ઉપર વર્ષ પસાર થઈ ગયું તો ઝકાત વાજિબ છે, એવી જ રીતે રંગરેજે મહેનતાણા ઉપર કપડું રંગવા માટે કુસમ, જાફરાન (કેસર) ખરીદયું તો જો નિસાબ જેટલું છે અને વર્ષ પસાર થઈ ગયું તો ઝકાત વાજિબ છે. બીજા રંગો વિગેરેનો પણ એ જ હુકમ છે અને જો તે એવી વસ્તુ છે જેની અસર બાકી રહેશેનહી, જેવું કે સાબુ તો જો કે નિસાબ જેટલો હોય અન વર્ષ પસાર થઈ જાય તો ઝકાત વાજિબ નથી. (આલમગીરી)

મસ્અલા-(૨૮) : અત્તર વેચનારાએ અત્તર વેચવા માટે શીશીઓ ખરીદી તેના ઉપર ઝકાત વાજિબ છે. (રદદુલ મુહતાર)

મસ્અલા-(૨૯) : ખરચ માટે રૂપીયાના છુટા પૈસા લીધા

તો તે પણ હાજતે અસલીયામાં છે. હાજતે અસલીયામાં ખરચ કરવા માટે ના રૂપીયા રાખ્યા છે તો વર્ષમાં જે કાંઈ ખરચ કરવામાં આવ્યું અને જે બાકી રહે જો નિસાબ જેટલા હોય તો તેમની ઝકાત વાજિબ છે, જો કે એજ નિય્યતથી રાખ્યા છે કે ભવિષ્યમાં હાજતે અસલીયામાં જ ખરચ થશે અને જો વર્ષના અંતના સમયે હાજતે અસલીયામાં ખરચ કરવાની જરૂરત છે તો ઝકાત વાજિબ નથી.(રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૩૦)** : ઈલ્મવાળાઓ માટે કિતાબો હાજતે અસલીયા પૈકી છે અને અજ્ઞાની પાસે હોય તો પણ કિતાબોની ઝકાત વાજિબ નથી. જ્યારે કે વેપાર માટે ન હોય. તફાવત એટલો છે કે જ્ઞાનશાળી પાસે આ પુસ્તકો ઉપરાંત જો નિસાબ જેટલો માલ ન હોય તો ઝકાત લેવું જાઈઝ છે અને અજ્ઞાની માટે નાજાઈઝ છે જ્યારે કે ૨૦૦ **દિરહમ** (પરા તોલા ચાંદી)ની કીમત ના હોય. પાત્ર-યોગ્ય તે છે જેને પઢવા-પઢાવવા અથવા શુધ્ધીકરણ માટે આ પુસ્તકોની આવશ્યકતા હોય. કિતાબથી ભાવાર્થ મઝહબી કિતાબ, ફિકહ તથા તફસીર તથા હદીસ છે. જો એક કિતાબની કેટલીક પ્રતો હોય એક કરતાં વધારે જેટલી પ્રતો હોય જો બસો (૨૦૦) દિરહમનીકીંમતની હોય તો આ પાત્રને પણ ઝકાત લેવું જાઈઝ છે. ભલે એકજ કિતાબની વધારાની પ્રતો આ કીમતની હોય અથવા વિવિધ કિતાબની વધારાની પ્રતો મળીને તે કીમતની હોય. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૩૧)** : હાફિઝ માટે કુર્આન મજીદ હાજતે અસલી પૈકી નથી અને ગેર હાફિઝ માટે એક કરતા વધારે કુર્આન મજીદ હાજતે અસલી ઉપરાંત છે. અર્થાત જો કુર્આન શરીફ ૨૦૦ દિરહમની કીંમતનો હોય તો ઝકાત લેવું જાઈઝ નથી. (જવહરહ-રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૩૨)** : તબીબ (હકીમ) માટે તિબ્બ (ડોકટરી)ની કિતાબો હાજતે અસલીયા પૈકી છે. જ્યારે કે અવલોકન (અભ્યાસ) માં રાખતો હોય અથવા તેને દેખવાની જરૂરત પડે. વ્યાકરણ, નજુમ, દીવાન (ગઝલ સંગ્રહ)અને વાર્તા નોવેલોની કિતાબો હાજતે અસલી પૈકી નથી. ઉસુલ ફિકહ, ઈલ્મે કલામ તથા કીમિયાએ સઆદત વિગેરે હાજતે અસલીયા પૈકી છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૩૩)** : કુફ્ફાર અને બદમઝહબોના રદ અને અહલે સુન્નતના સમર્થનમાં જે કિતાબો છે તે હાજતે અસલીયા પૈકી છે, એવીજ રીતે (સુન્ની) આલિમ, જો બદમઝહબ વિગેરેની કિતાબો એટલા માટે રાખે કે તેમનો રદ કરશે તો તે પણ હાજતે અસલીયા પૈકી છે. અને ગૈર આલિમે તો તેમનું (બદમઝહબોનું) વાંચવું જ જાઈઝ નથી.

**(૯) માલ 'નામી'** હોવું અર્થાત વધનાર ભલે વાસ્તવમાં વધે કે હુકમન વધે, અર્થાત જો વધારવા ઈચ્છે તો વધારે અર્થાત તેના અથવા તેના નાયબના કબ્જામાં હોય, દરેકના બે સ્વરૂપો છે તે એટલા માટે પૈદા જ કરવામાં આવ્યો હોય. તેને ખલ્કી (લૌકિક) કહેવામાં આવે છે. જેવું કે સોનું-ચાંદી કે આ એટલા માટે જ પૈદા થયા છે કે તેનાથી વસ્તુઓ ખરીદવામાં આવે અથવા એટલા માટે મખલુક તો નથી, પરંતુ તેનાથીએ પણ પ્રાપ્ત થાય છે તેને ફેઅલી કહે છે સોના ચાંદી સિવાય સૌ વસ્તુ ફૈલી કે વેપારથી સૌમાં નમ્વ (વધારો) થશે. સોના-ચાંદીમાં સર્વથા ઝકાત વાજિબ છે. જ્યારે કે નિસાબ એટલું હોય જો કે દાટીને રાખ્યું હોય, વેપાર કરે કે ના કરે અને તે સિવાય બાકી ચીઝો પર ઝકાત તે સમયે વાજિબછે કે વેપારની નિય્યત હોયઅથવા ચરાઈ પર છોડેલા જાનવર, ખુલાસો એ કે ઝકાત ત્રણ પ્રકારના માલ પર છે. **સમન** એટલે કે સોના-ચાંદી, વેપારનો માલ, **'સાઈમા'**અર્થાત ચરાઈ પરછુટા જાનવર (આમ્મતુલ કુતુબ)

**મસ્અલા-(૩૪)** : વેપારની નિય્યત કયારેક સરાહતન (સ્પષ્ટતાથી) થાય છે કયારેક દલાલતન (નિર્દેશતાથી) થાય છે. સરાહતનએકે અકદ (બાંધણી) ના સમયેજ વેપારની નિય્યત કરી લીધી ભલે તે અકદે ખરીદારી હોય યા અકદે ઈજરહ. સોના-ચાંદી રૂપીયા અશરફી હોય કે અસબાબોમાંથી કોઈ વસ્તુ. દલાલતનનું સ્વરૂપ એ છે કે વેપારના માલના બદલામાં કોઈ વસ્તુ ખરીદી અથવા મકાન કે જે વેપાર માટે છે તેને કોઈ અસબાબ (સામાન) ના બદલામાં ભાડે આપી દીધું તો આ અસબાબ, અને તે ખરીદી થયું વસ્તુ વેપાર માટે છે. જો કે સરાહતન વેપારની નિય્યત કરી નહી. એવી જ રીતે જો કોઈ પાસેથી કોઈ વસ્તુ વેપાર માટે કરજ લીધી તો તે પણ વેપાર માટે છે દા.ત. ૨૦૦ બસો દિરહમ (પરા તોલા ચાંદી આવે તેટલા નાણાં)નો માલિક છે અને એક મણ ઘઉં કરજ લીધા તો જો વેપાર માટે

નથી તો ઝકાત વાજિબ નથી ઘઉંની કીંમત બસોમાંથી મજરે આપવામાં આવશે તો નિસાબ બાકી રહ્યો નહીં અને જો વેપાર માટે લીધા તો ઝકાત વાજિબ થશે, કે ઘઉંની કીંમત બસો દિરહમ ઉપર વધારો કરે અને એકંદરમાંથી કરજ મજરે આપે તો બસો સંપૂર્ણ રહ્યા. માટે ઝકાત વાજિબ થઈ. (દુર્રે મુખ્તાર રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૩૫)** : જે અકદ (બંધન)માં બદલી જ ન હોય જેવું હેબા (બખ્શીશ) વસિયત, સદકા અથવા તબાદલો થાય પરંતુ માલથી તબાદલો ન થાય. જેવું મહેર, બદલ ખુલ્અ (તલાક મેળવવાના બદલામાં) બદલ ઈત્ક (ગુલામને આઝાદ કરવાના બદલા) આ બંને પ્રકારના અકદ દ્વારા જો કોઈ વસ્તુના માલિક થયા તો તેમાં વેપારીની નિય્યત સહીહ નથી. અર્થાત જો કે વેપારની નિય્યત કરે તે છતાં ઝકાત વાજિબ નથી, એવી જ રીતે જો એવી વસ્તુ મીરાસ (વારસાઈ)માં મળી'તો તેમાં પણ વેપારની નિય્યત સહીહ નથી. (આલમગીરી)

**મસ્અલા-(૩૬)** : મુરિસ (પૂર્વજ)ની પાસે વેપારનો માલ હતો તેના મૃત્યુ પછી વારસદારોએ વેપારની નિય્યત કરી તો ઝકાત વાજિબ છે. એવી જ રીતે ચરાઈના જાનવર વારસાઈમાં મળ્યા તો ઝકાત વાજિબછે. ચરાઈ પર રાખવા ચાહતા હોય કે નહી (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૭)** : વેપાર માટે નિય્યતની એ શર્ત છે કે અકદ (વેપારનો માલ લેવાનું બંધન) સમયે નિય્યત હોય જો કે દલાલતન (સાંકેતિત) હોય, તો જો અકદ પછી નિય્યત કરી ઝકાત વાજિબ થઈ નહી. એવીજ રીતે જો રાખવા માટે કોઈ વસ્તુ લીધી અને એ નિય્યત કરી કે નફો મળશે તો વેચી નાખીશ તો ઝકાત વાજિબ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૮)** : વેપાર માટે ગુલામ ખરીદયો હતો પછી ખિદમત લેવાની નિય્યત કરી લીધી, પછી વેપારની નિય્યત કરી, તો વેપારનો થશે નહી જ્યાં સુધી એવી વસ્તુના બદલામાં વેચે નહી જેમાં ઝકાત વાજિબ થાય છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૯)** : મોતી અને ઝવેરાત પર ઝકાત વાજિબ નથી ભલે હજારો-લાખોની કીંમતના હોય. હા, જો વેપારની નિય્યતથી લીધા તો ઝકાત વાજિબ થઈ ગઈ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪૦)** : જમીનથી જે ઉત્પાદન થયું તેમાં વેપારની નિય્યતથી ઝકાત વાજિબ નથી. ઝમીન ઉશરી (૧/૧૦) હોય ખિરાજી (રાજ્ય કરવાળી) તેની માલિકીની હોય કે ગણોતની કે ભાડે રાખી હોય, હા, જો જમીન લગાનની હોય અને વેપાર માટેના બીજ નાખે તો ઉત્પાદનમાં વેપારની નિય્યત સહીહ છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૪૧)** : મદારીબ, માલે મદારીબથી જે કાંઈ ખરીદે જો કે વેપારની નિય્યત ન હોય, ભલે પોતાના ખર્ચ કરવા માટે ખરીદે, તેના ઉપર ઝકાત વાજિબ છે, ત્યાં સુધી કે જો માલ મદારેબતથી ગુલામ ખરીદે, પછી તેના પહેરવા અને ખાવા માટે અનાજ વિગેરે ખરીદયું તો આ સઘળું વેપાર માટે જ છે અને સઘળાંની ઝકાત વજિબ છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૦)** : **વર્ષ પુરૂ થવું** : વર્ષથી ભાવાર્થ કમરી (ચંદ્રમાસ ઈસ્લામી) વર્ષ છે અર્થાત ચંદ્રના મહીનાઓથી બાર મહીના. વર્ષના આરંભ અને અંતમાં નિસાબ સંપૂર્ણ છે પરંતુ વચ્ચે નિસાબની કમી થઈ ગઈ તો આ કમી કાંઈ અસર રાખતી નથી. અર્થાત ઝકાત વાજિબ છે. (આલમગીરી)

**મસ્અલા-(૪૨)** : વેપારના માલ અથવા સોના-ચાંદીને વર્ષના અધવચ્ચ પોતાની જિન્સ (પ્રકાર-જાતી) અથવા ગેર જિન્સથી બદલી લીધા તો તેના કારણે વર્ષ પુરૂ થવામાં નુકસાન આવ્યું નહી અને જો ચરાઈના જાનવર બદલી લીધા વર્ષ કપાઈ ગયું. અર્થાત હવે વર્ષ તે દિવસથી ગણાશે જે દિવસે બદલ્યા છે. (આલમગીરી)

**નોટ** : સોના-ચાંદી તો સર્વથા અહીંયા એક જ જિન્સ છે. એવી જ રીતે તેમના ઘરેણા વાસણો વિગેરે અસબાબ બલ્કે વેપારનો માલ પણ તેમની જ જિન્સથી ગણના થશે. ભલે કોઈ પણ પ્રકારનો હોય કે તેની ઝકાત પણ ચાંદી-સોનાથી કીંમત લગાવી આપવામાં આવે છે.

**મસ્અલા-(૪૩)** : જે માણસ માલિકે નિસાબ છે જો વર્ષની અધવચ્ચ કેટલોક બીજો માલ એ જ પ્રકારનો પ્રાપ્ત કર્યો તો તે નવા માલનું જુદુ વર્ષ નથી બલ્કે પ્રથમ માલના વર્ષનો અંત તેના માટે પણ વર્ષનો અંત છે. જો કે વર્ષ પુરૂ થવાના એક મિનિટ પહેલા જ પ્રાપ્ત કર્યો હોય. ભલે તે

માલ તેમના પ્રથમના માલથી પ્રાપ્ત થયો કે મીરાસ, ભેટ અથવા બીજા કોઈ જાઈઝ માધ્યમથી મળ્યો અને જો બીજા પ્રકારનો છે દા. ત. પહેલા તેની પાસે ઉંટ હતા અને હવે બકરીઓ મળી તો તેના માટે નવું વર્ષ ગણના થશે. (જવહરહ)

**મસ્અલા-(૪૪)** : માલિકે નિસાબને વર્ષની વચ્ચે કાંઈ માલ પ્રાપ્ત થયો અને તેની પાસે બે નિસાબો છે અને બંનેનું જુદું જુદું વર્ષ છે તો જે માલ વર્ષ દરમિયાન પ્રાપ્ત થયો તેને તેની સાથે મેળવવામાં આવે જેની ઝકાત પ્રથમ વાજિબ હોય. દા.ત. તેની પાસે એક હજાર રૂપીયા છે અને **સાએમા**ની કીંમત જેની ઝકાત આપી દીધી હતી કે બંને મેળવવામાં આવશે નહી. હવે વર્ષ દરમિયાન એક હજાર રૂપીયા બીજા પ્રાપ્ત કર્યા તો તેના વર્ષનો અંત તે સમયે છે જ્યારે આ બંનેમાં પહેલાંનું હોય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪૫)** : તેની પાસે ચરાઈના જાનવર હતા વર્ષના અંત પર તેમની ઝકાત આપી પછી વેચી નાખ્યા અને તેની પાસે પ્રથમથી જ નિસાબ જેટલા રૂપીયા છે. જેના ઉપર અર્ધુ વર્ષ પસાર થયું છે તો આ રૂપીયા તે રૂપીયાઓ સાથે મેળવવામાં આવશે નહી, બલ્કે તેમના માટે તે સમયથી નવું વર્ષ શરૂ થશે. આતે સમયે છે કે આ **સમન** ના રૂપીયા નિસાબ જેટલા હોય, નહીં તો સર્વાનુમતે તેમની જ સાથે મેળવે. અર્થાત તેમની ઝકાત એ જ રૂપીયાઓ સાથે આપી દેવામાં આવે. (જોહરહ)

**મસ્અલા-(૪૬)** : વર્ષ પુરૂ થવા અગાઉ જો **સાએમા** ને રૂપીયાના બદલે વેચ્યું તો હવે આ રૂપીયાઓને તે રૂપીયાઓ સાથે મેળવી લઈશું જે અગાઉથી તેની પાસે નિસાબ જેટલા મોજુદ છે અર્થાત તેમનાવર્ષના પુરૂં થવા પર તેમની પણ ઝકાત આપી દેવામાં આવે. તેમના માટે નવું વર્ષ શરૂ થશે નહી. એવી જ રીતે જો જાનવરના બદલે વેચ્યા, તો આ જાનવરને તે જાનવર સાથે મેળવી લે જે અગાઉથી તેની પાસે છે. જો **સાએમા**ની ઝકાત આપી દીધી પછી તેને **સાએમા** ન રાખ્યું, પછી વેચી નાખ્યું તો **સમન**ને આગલા માલ સાથે મેળવી દઈશું. (આલમગીરી)

**મસ્અલા-(૪૭)** : ઉંટ, ગાય, બકરીમાં એક બીજાના બદલામાં વર્ષ પુરૂ થવાથી પહેલા વેચ્યા, તો હવેથી તેમના માટે વેપારની નિય્યતથી વેચ્યું તો અત્યારથી એક સાલ પસાર થવા પર ઝકાત વાજિબ થશે. અને જો પોતાની જિન્સ (જાતિ) ના બદલે વેચ્યું અર્થાત ઉંટને ઉંટના બદલામાં અને ગાયને ગાયના બદલામાં તો પણ એજ હુકમ છે. અને જો વર્ષ પુરૂં થયા પછી વેચ્યું તો ઝકાત વાજિબ થઈ ગઈ. તે તેના માથે છે. (જવહરહ)

**મસ્અલા-(૪૮)** : વર્ષ દરમિયાન **સાએમા**ને વેચ્યું હતું, અને વર્ષ પુરૂં થતા પહેલા ખોડ-ખાપણ ના કારણે ખરીદનારે પાછુ આપી દીધું તો જો કાઝી (ન્યાયાધીશ)ના હુકમથી પાછું દેવાનું થયું તો નવું વર્ષ શરૂ થશે નહી. નહીં તો અત્યારથી નવું વર્ષ શરૂ કરવામાં આવે. અને જો બખ્શીશ આપી દીધું હતું પછી વર્ષ પુરૂ થતા પહેલા પાછું લઈ દીધું તો નવું વર્ષ લેવામાં આવશે. કાઝી (ન્યાયાધીશ) ના ફેંસલાથી પાછું લેવાનું થયું હોય કે સ્વયં. (જવહરહ)

**મસ્અલા-(૪૯)** : તેની પાસે ખિરાજી જમીન હતી. ખિરાજ અદા કર્યા પછી વેચી નાખી તો સમનને મુળ નિસાબ સાથે મેળવી દઈશું. (આલમગીરી)

**મસ્અલા-(૫૦)** : તેની પાસે રૂપીયા છે ઝકાત આપી દેધી છે પછી તેનાથી ચરાઈના જાનવર ખરીદયા અને તેના ત્યાં તે જિન્સ(જાતી) ના જાનવર પહેલાથી મોજુદ હતા, તો આને તેમની સાથે મેળવીશું નહી. (આલમગીરી)

**મસ્અલા-(૫૧)** : કોઈએ તેને હજાર રૂપીયા બખ્શીશની રીતે આપ્યાઅને વર્ષ પુરૂં થતા પહેલા હજાર રૂપીયા બીજા પ્રાપ્ત કર્યા પછી ભેટ આપનારે પોતાના આપેલા રૂપીયા કાઝીના હુકમથી પાછા લઈ લીધા તો આ નવા રૂપીયાઓની પણ તેના ઉપર ઝકાત વાજિબ નથી, જ્યાં સુધી વર્ષ પુરૂ ન થઈ જાય. (આલમગીરી)

**મસ્અલા-(૫૨)** : કોઈની પાસે વેપારની બકરીઓ છે જેની કીંમત બસો (૨૦૦) દીરહમ (૫૨ા તોલા ચાંદી જેટલી) છે અને વર્ષ પુરૂ થતાં પહેલા એક બકરી મરી ગઈ અને વર્ષ પુરૂ થતા પહેલા તેણે તેનું ચામડું ઉતારીને પકવી લીધું તો ઝકાત વાજિબછે. (આલમગીરી) અર્થાત જ્યારે કે તે ખાલ-ચામડું નિસાબને પુરૂં કરે.

**મસ્અલા-(૫૩)** : ઝકાત આપતી વખતે અથવા ઝકાત માટે માલ જુદો કરતી સમયે, ઝકાતની નિય્યત શર્ત છે. નિય્યતનો એ અર્થ છે કે, જો પુછવામાં આવે તો નિસંકોચ બતાવી શકે કે, ઝકાત છે. (આલમગીરી)

**મસ્અલા-(૫૪)** : આખું વર્ષ ખેરાત કરતો રહ્યો હવે નિય્યત કરી કે, જે કાંઈ આપ્યું છે, તે ઝકાત છે, તો ઝકાત અદા થઈ નહી. (આલમગીરી)

**મસ્અલા-(૫૫)** : એક માણસને વકીલ બનાવ્યો અને તેને પૈસા આપતી વખતે, તો ઝકાતની નિય્યત કરી નહી, પરંતુ જ્યારે વકીલે ફકીરને પૈસા આપ્યા તે સમયે મવાકિલે (નિયોજકે) નિય્યત કરી લીધી, તો ઝકાત અદા થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા-(૫૬)** : ઝકાત આપતી વખતે નિય્યત કરી ન હતી, પાછળથી કરી, તો જો તે માલ ફકીરની પાસે હાજર છે અર્થાત તેની માલિકીમાં (કબ્જામાં) છે, તો આ નિય્યત કાફી છે. નહી તો આ નિય્યત કાફી નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૫૭)** : કોઈએ ઝકાત આપવા માટે વકીલ બનાવ્યો અને વકીલને તેણે ઝકાતની નિય્યતથી માલ આપ્યો, પરંતુ વકીલે ફકીરને આપતા સમયે નિય્યત કરી નહી, તો ઝકાત અદા થઈ ગઈ. એવીજ રીતે ઝકાતનો માલ ઝિમ્મીને આપતી વખતે નિય્યત કરી લીધી હતી, તો તે નિય્યત કાફી છે. (દુર્રે મુખતાર)

**મસ્અલા-(૫૮)** : વકીલને માલ આપતી વખતે કહ્યું કે, નિફલ, સદકો અથવા કફફારોછે, પરંતુ વકીલ ફકીરોને આપી દે તે પહેલા તેણે ઝકાતની નિય્યત કરી લીધી, તો ઝકાત છે ભલે વકીલે નિફલ અથવા કફફારાની નિય્યતથી ફકીરને આપ્યા હોય. (દુર્રે મુખતાર)

**મસ્અલા-(૫૯)** : એક માણસ કેટલાક ઝકાત આપનારાઓનો વકીલ છે અને સૌની ઝકાત ભેગી કરી નાંખી, તો તેણે તાવાન આપવો પડશે અને જે કાંઈ ફકીરોને આપી દીધું છે તે તબર્રોઅ છે. અર્થાત માલિકો પાસેથી ન તેઓનું મહેનતાણું પામશે ન ફકીરોથી. અલબત્ત જો ફકીરોને આપવાથી પહેલા માલિકોએ મળવી દેવાની ઈજાઝત આપી દીધી તો તેના માથે તાવાન નથી એવી જ રીતે ફકીરોએ પણ તેને ઝકાત લેવાનો વકીલ કર્યો અને તેણે મેળવી દાધી તો તેના ઉપર તાવાન નથી, પરંતુ તે સમયે એ જરૂરી છે કે જો એક ફકીરનો વકીલ છે અને કેટલીક જગ્યાઓથી તેને એટલી ઝકાત મળી કે તેનું ટોટલ (જથ્થો) નિસાબ જેટલો છે તો હવે જે આ જાણીને પણ ઝકાત આપે, તો તેની ઝકાત અદા થશે નહી. અથવા કેટલાક ફકીરોનો વકીલ છે અને ઝકાત એટલી મળી કે દરેકના ભાગમાં નિસાબ જેટલું છે તો હવે આ વકીલને ઝકાત આપવી જાઈઝ નથી. દા.ત. ત્રાણ ફકીરોનો વકીલ છે અને (૬૦૦) છસો દિરહમ (૧૫૭॥ તોલા ચાંદી) મળ્યા, દરેકના ભાગમાં બસો દિરહમ (૫૨॥ તોલા ચાંદી) થયા જે નિસાબ છે અને છસો કરતા ઓછા મળ્યા તો કોઈને નિસાબ જેટલું ન મળ્યું અને જો દરેક ફકીરે તેને જુદો જદો વકીલ બનાવ્યો તો ટોટલ (જથ્થો) દેખવામાં આવશે નહી, બલ્કે દરેકને જે મળ્યું છે તે જોવામાં આવશે અને આ હાલતમાં ફકીરોની ઈજાઝત વગર મેળવવું જાઈઝ નથી. અને જો મેળવી દેશે તો પણ ઝકાત અદા થઈ જશે, અને ફકીરોને તાવાન આપવું પડશે અને ફકીરોનો વકીલ ન હોય તો તેને આપી શકો છો. જો કે કેટલાએ નિસાબો તેની પાસે ભેગા થઈ ગયા હોય. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૬૦)** : કેટલાક વકફોના મુતવલ્લી (ટ્રસ્ટી) એ એકની આવક બીજામાં ભેળવવું જાઈઝ નથી એવી જ રીતે દલાલે ઝરેસમન અથવા મુબીઅ (વેચનાર) નું મિશ્રણ જાઈઝ નથી એવી જ રીતે જો કેટલાક ફકીરો માટે સવાલ કર્યો તો જે મળ્યું તેને તેમની ઈજાઝત વગર મિશ્રણ (ભેળસેળ) કરવું જાઈઝ નથી. એવી જ રીતે લોટ દળવાવાળા (ઘંટીવાળા) ને માટે એ જાઈઝ નથી કે, લોકોના ઘઉં ભેળસેળ કરી દે, પરંતુ જ્યાં મેળવી દેવાનો રિવાજ ચાલતો, હોય ત્યાં મળવી દેવું જાઈઝ છે. અને આ સઘળી હાલતોમાં તાવાન આપશે. (ખાનિયહ)

**મસ્અલા-(૬૧)** : જો મુઅકકલોએ (ગ્રાહકોએ) સ્પષ્ટતાથી મેળવવાની ઈજાઝત આપી નહિ, પરંતુ રિવાજ એવો પડી ગયો છે કે, દલાલો મેળવી દે છે, તો એ પણ ઈજાઝત સમજવામાં આવશે. જ્યારે કે ગ્રાહક તે રિવાજથી જાણકાર હોય, પરંતુ દલાલને મિશ્રણની ઈજાઝત નથી; કે તેમાં રિવાજ નથી. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૬૨)** : વકીલન અધિકાર છે કે ઝકાતનો માલ પોતાના પુત્ર અથવા પત્ની ને આપી દે, જ્યારે કે તે ફકીર (નીર્ધન) હોય અને જો પુત્ર નાબાલિગ છે, તો તેને આપવા માટે ખુદ તે વકીલનુ ગરીબ હોવું પણ જરૂરી છે. પરંતુ પોતાની ઔલાદ અથવા પત્નીને તે વખતે આપી શકે છે

જ્યારે (વકીલ બનાવનાર) આપનારે તેમના સિવાય કોઈ ખાસ વ્યકતિને આપવા માટે કહી દીધું ન હોય. નહી તો તેમને આપી શકતો નથી. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૬૩)** : વકીલને એ અધિકાર નથી કે, ખુદ લઈ લે. હા, જો ઝકાત આપનારે એમ કહી દીધું હોય કે, તમારી ઈચ્છા હોય ત્યાં આપી દો,તો લઈ શકે છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૬૫)** : ઝકાત આપનારે વકીલને ઝકાતના રૂપીયા આપી દીધા અને વકીલે તેને રાખી લીધા, અને પોતાના રૂપીયા ઝકાતમાં આપી દીધા તો એ જાઈઝ છે. જો એ નિય્યત હોય કે તેમા બદલામાં ઝકાત આપનારના રૂપીયા લઈ લેશે અને જો વકીલે પ્રથમ તે રૂપીયાને પોતે ખરચ કરી નાંખ્યા; પાછળથી પોતાના રૂપીયા ઝકાતમાં આપ્યા તો ઝકાતઅદા થઈ નહી, બલ્કે આ તબર્રોઅ છે અને આપનારને તાવાન આપશે. (દુર્રે મુખ્તાર રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૬૬)** : ઝકાતના વકીલને અધિકાર છે કે માલિકની ઈજાઝત વગર બીજાને વકીલ બનાવી દે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૬૭)** : કોઈએ એમ કહ્યું કે, જો હું આ ઘરમાં જાઉં તો મારા ઉપર અલ્લાહ વાસતે આ સો (૧૦૦) રૂપીયાનું ખયરાત કરી દેવું છે. પછી તે તેમાં ગયો અને જતી વખતે એ નિય્યત કરી કે, ઝકાત આપી દઈશ તો ઝકાતમાં આપી શકતો નથી. (આલમગીરી)

**મસ્અલા-(૬૮)** : ઝકાતનો માલ હાથમાં મુક્યો હતો, ફકીરો તેને લુટી લઈ ગયા, તો ઝકાત અદા થઈ ગઈ અને જો હાથમાંથી પડી ગયો અને ફકીરે ઉપાડી લીધો, જો તે તેને ઓળખે છે અને તે વાત ઉપર રાજી થઈ ગયો અને એ માલ નષ્ટ થયો નહી, તો ઝકાત અદા થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા-(૬૯)** : અમાનતદાર પાસેથી અમાનતનષ્ટ થઈ ગઈ. તેણે માલિકને દુશ્મની દફે કરવા માટે કેટલાક રૂપીયા આપી દીધા, અને આપતી સમયે ઝકાતની નિય્યત કરી લીધી અને માલિક ફકીર પણ છે, તો પણ ઝકાત અદા થશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૭૦)** : માલિકને ઝકાતની નિય્યતથી અલગ કરી દેવાથી જવાબદારીમાંથી મુક્ત થશે નહી, જ્યાં સુધી કે ફકીરોને આપી દે નહી. ત્યાં સુધી કે જો તે જતો રહ્યો તો ઝકાતની જવાબદારી શિરેથી ઉતરશે નહી. અને જો મૃત્યુ પામ્યો તો તેમાં વારસો જારી થશે. (દુર્રે મુખતાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૭૧)** : વર્ષ પુરૂં થએથી સઘળો નિસાબ ખૈરાત કરી દીધો જો કે ઝકાતની નિય્યત કરી નહી બલ્કે નિફલની નિય્યત કરી અથવા કાંઈ નિય્યત કરી નહી તો ઝકાત અદા થઈ ગઈ. અને જો સઘળું ફકીરોને આપી દીધું અને મન્નત અથવા કોઈ બીજા વાજિબની નિય્યત કરી તો આપવું સહીહ છે, પરંતુ ઝકાત તેના માથે બાકી છે, નષ્ટ થઈ નહી. અને જો માલનો કોઈ હિસ્સો ખયરાત કર્યો તો તે હિસ્સાની પણ ઝકાત નષ્ટ થશે. નહી. બલ્કે તેના માથે છે. અને જો સઘળો માલ નષ્ટ થઈ ગયો, તો સઘળાની ઝકાત નષ્ટ થઈ ગઈ, અને થોડોક માલ હલાક (નષ્ટ) થયો તો જેટલો નષ્ટ થયો તેની ઝકાત નષ્ટ થઈ ગઈ અને જે બાકી વધ્યો છે, તેની ઝકાત આપવી વાજિબ છે. ભલે તે નિસાબ જેટલો ન હોય. 'હલાક'નોએ અર્થ છે કે તેના ફેલ (કર્મ) વગર નષ્ટ થઈ ગયો. દા. ત. ચોરી થઈ ગઈ કોઈને કરજ કે ઉછીના આપ્યો તેણે ઈન્કાર કરી દીધો અને સાક્ષી પણ નથી. અથવા તે મરી ગયો અને કાંઈ તરકા (વારસા)માં વધ્યું નહી અને જો પોતાના ફેલ (કર્મ)થી હલાક કર્યું દા.ત. ખરચી નાખ્યું અથવા ફેંકી દીધું અથવા માલદાર માણસને બખ્શીશ આપી દીધો તો ઝકાત બ દસ્તુર વાજિબુલ અદા છે એક પૈસો પણ નષ્ટ થશે નહી ભલે બિલકુલ નાદાર હોય. (આલમગીરી, દુર્રે મુખતાર)

**મસ્અલા-(૭૨)** : ફકીર ઉપર તેનું કરજ હતું અને સઘળું માફ કરી દીધું, તો ઝકાત સાકિત થઈ ગઈ, અને થોડોક માફ કર્યો તો તે થોડાકની સાકિત (નષ્ટ) થઈ ગઈ, અને જો તે સ્વરૂપમાં એવી નિય્યત કરી કે, ઝકાતમાં કરજ પુરૂં થઈ જાય તો ઝકાત અદા થશે નહી. અને જો માલદાર પર કરજ હતો અને સઘળો માફ કરી દીધો તો ઝકાત સાકિત થઈ નહી, બલ્કે તેના માથે છે. ફકીર પર કરજ હતો અને સઘળો માફ કરી દીધો અને એ નિય્યત કરી કે ફલાણાં પાસે જે દેવું છે આ તેની ઝકાત છે, તો ઝકાત અદા થશે નહી. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૭૩)** : કોઈની પાસે તેના પૈસા લેણામાં નીકળે છે, ફકીર ને કહી દીધું કે, તેની પાસેથી વસુલ કરી લે અને નિય્યત ઝકાતની કરી તો વસુલ થએથી (કબ્જો મળેથી) ઝકાત અદા થઈ ગઈ, ફકીર ઉપર કરજ છે તે કરજને પોતાના માલની ઝકાતમાં આપવા ઈચ્છે છે અર્થાત એવું ઈચ્છે છે કે માફ કરી દે અને તે મારા માલની ઝકાત થઈ જાય તો એવું થઈ શકતું નથી. અલબત્ત એવું થઈ શકે છે કે તેને ઝકાતનો માલ આપે પોતાના લેણામાં વસુલ લઈ લે જો તે આપવાનો ઈન્કાર કરે તો હાથ પકડી ઝુંટવી શકે છે, એવી રીતે પણ ન મળે તો કાઝી (ન્યાયાધીશ) પાસે મુકદમો (કેસ) રજુ કરે કે તેની પાસે પૈસા છે અને મારૂં લ્હેણું (કરજ) આપતો નથી. (દુર્રે મુખ્તાર વીગેરે.)

**મસ્અલા-(૭૪)** : ઝકાતના રૂપીયા મૈયિત (મુરદા)ના **કફન-દફન અથવા મસ્જિદની તઅમીરમાં ખર્ચી શકતા નથી** , કે તેમાં ફકીરનું માલિકી પણું દેખાવામાં આવતું નથી. અને આ કાર્યમાં ખરચવા ચાહે તો તેની રીત એ છે કે, **ફકીરને માલીક બનાવી દે અને તે ખરચ કરે** અને સવાબ બંને ને મળશે. બલ્કે હદીસમાં આવ્યું કે, જો સો (૧૦૦) હાથોમાં સદકા પસાર થયાં તો સૌને એવોજ સવાબ મળશે જેવો સદકો આપનાર માટે, અને તેના અજરમાં કાંઈ કમી થશ નહી. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૭૫)** : ઝકાત એલાનિયા અને જાહેર રીતે આપવું અફઝલ છે, અને નિફલ સદકો છુપાવીને—(છાની રીતે) આપવું અફઝલ છે. **(આલમગીરી)** ઝકાતમાં એલાન (ખુલ્લી રીતે) એ કારણોસર છે કે છાની રીતે આપવામાં લોકોને તોહમત અને બદગુમાનીનો પ્રસંગ મળશે. તદ ઉપરાંત એલાન બીજાઓ માટે પણ પ્રેરણારૂપ છે. કે તેને જોઈને બીજા લોકો પણ ઝકાત આપશે. પરંતુ એ જરૂરી છે કે રિયા (દેખાવ) આવવા પામે નહી, કેમકે તેનાથી સવાબ જતો રહેશે, બલ્કે તે ગુનાહ તથા આઝબના કારણ રૂપ છે.

**મસ્અલા-(૭૬)** : ઝકાત આપવામાં તેની જરૂરત નથી કે ફકીરને '' ઝકાત'' કહીને આપે બલ્કે કેવળ નિય્યત કાફી છે. ત્યાં સુધી કે જો બખ્શીશ અથવા કરજ કહીને આપે અને ઝકાતની નિય્યત હોય તો ઝકાત અદા થઈ ગઈ. (આલમગીરી) એવીજ રીતે નઝર-હદીયા (સોગાદ) અથવા નજરાણા અથવા ચા-પાણી અથવા બાળકો ને મીઠાઈ ખવડાવવા અથવા ઈદીના નામે આપી (ઝકાતની નિય્યતથી) તો જકાત અદા થઈ ગઈ. કેટલાક મોહતાજ. જરૂરતમંદ ઝકાતના પૈસા લેવા ઈચ્છતા નથી તેમને ઝકાત કહીને આપવામાં આવશે તો લેશે નહી, માટે (આવા સંજોગામાં) ઝકાતનો શબ્દ કહે નહી.

**મસ્અલા-(૭૭)** : ઝકાત અદા કરી ન હતી અને હવે બિમાર છે તો વારસદારોથી છાની રીતે આપી દે અને જો આપી ન હતી અને હવે આપવા ચાહે છે, પરંતુ માલ (પૈસા) નથી જેનાથી અદા કરે અને તે ઈચ્છે છે કે, કરજ લઈને ઝકાત અદા કરે, તો જો કરજ અદા થઈ જવાનું વધુ ગુમાન (ધારણા) છે તો બેહતર એ છે કે, કરજ લઈને અદા કરી દે નહી તો અદા કરે નહી, કારણ કે હકુકુલ અબ્દ, હકુકુલલ્લાહથી વધારે સખત છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૭૮)** : નિસાબનો માલિક વર્ષ પુરૂં થવા આવે તેના અગાઉ ઝકાત અદા કરી શકે છે. એ શરતે કે વર્ષ પુરૂં થયે પણ તે નિસાબનો માલિક રહે અને જો વર્ષ પુરૂ થવા પર નિસાબનો માલિક રહ્યો નહિ, અથવા વર્ષ દરમિયાન તે નિસાબનો માલ સાવ નષ્ટ થઈ ગયો તો જે કાંઈ આપ્યું તે નિફલ છે. અને જે શખ્સ નિસાબનો માલિક ન હોય તે ઝકાત આપી શકતો નથી અર્થાત ભવિષ્યમાં જો નિસાબનો માલિક થઈ ગયો, તો જે કાંઈ પહેલાં આપ્યું છે તે તેની ઝકાતમાં ગણના થશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૭૯)** : માલિકે નિસાબ જો અગાઉથી કેટલાક નિસાબોની ઝકાત આપવા ચાહે તો આપી શકે છે, અર્થાત વર્ષના આરંભમાં એક નિસાબનો માલિક છે અને બે અથવા ત્રણ નિસાબોની ઝકાત આપી દીધી અને વર્ષના અંતે જેટલા નિસાબોની ઝકાત આપી છે તેટલા નિસાબોનો માલિક થઈ ગયો તો સઘળા નિસાબોની ઝકાત અદા થઈ ગઈ અને વર્ષના અંત સુધી એક જ નિસાબનો માલિક રહ્યો. વર્ષ પછી વધુ પ્રાપ્ત કર્યું તો તે ઝકાત તેનામાં ગણાશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૮૦)** : માલિકે નિસાબ અગાઉથી (એડવાન્સ) કેટલાક વર્ષોની ઝકાત આપી શકે છે (આલમગીરી) માટે યોગ્ય એ છે કે, થોડું થોડું ઝકાતમાં આપતા રહે. વર્ષ પુરૂં થવાથી હિસાબ કરે જો ઝકાત પુરી થઈ ગઈ તો સારૂં, અને જો કાંઈ કમી હોય તો હવે તુરતજ

આપી દે. વિલંબ જાઈઝ નથી. ન તેની ઈજાઝત કે. હવે થોડું થોડું કરીને અદા કરે બલ્કે જે કાંઈ બાકી છે તે તમામ તત્કાળ અદા કરી દે, અને વધારે આપી દીધું છે તો બીજા વર્ષમાં મજરે લઈ લે.

મસ્અલા-(૮૧) : એક હજાર રૂપીયાનો માલિકછે અને બે હજારની ઝકાત આપી અને નિય્યત એ છે કે, વર્ષના અંત સુધીમાં જો એક હજાર બીજા થઈ ગયા તો આ ઝકાત તેની છે નહી તો આવતા વર્ષમાં ગણના થશે, તો આ જાઈઝ છે. (આલમગીરી)

**નોટ :** મુળ ઉર્દુ '**બહારે શરીઅત**' જ્યારે લખવામાં આવી હતી ત્યારે ચાંદીનો રૂપીયો હતો, અને તે પણ ૧ તોલા બરાબર વજનનો હતો, પરંતુ હાલમાં આવું નથી. એટલે હવે પરા તોલા ચાંદી ખરીદી શકાય અને તેના પર વર્ષ પુરૂં થાય તેટલા નાણાં હોય, તો ઝકાત વાજિબ થશે. અહિં જ્યાં જ્યાં રૂપીયા-દિરહમનું બયાન થયું છે. તેમાં ચાદીનો હિસાબ-સમજવો. અનુવાદકો)

મસ્અલા-(૮૨) : એ ગુમાન કરીને કે પાંચસો રૂપીયા છે, પાંચસોની ઝકાત આપી, પછી ખબર પડી કે ચારસો જ હતા તો જે વધારે આવ્યું છે, આવતા વર્ષમાં ગણના કરી શકે છે. (ખાનિયહ)

મસ્અલા-(૮૩) : કોઈની પાસે સોનું-ચાંદી બંને છે. અને વર્ષ પુરૂં થતાં પહેલાં એકની ઝકાત આપી તો તે બંનેની ઝકાત છે. અર્થાત વર્ષ દરમિયાન તે પૈકી એક નષ્ટ થઈ ગયું , ભલે એજ જેની નિય્યથી ઝકાત આપી છે તો જે રહી ગયું છે તેની ઝકાત તે થઈ ગઈ અને જો તેની પાસે ગાય બકરી, ઉંટ સઘળાં, બં કદરે નિસાબ (નિસાબ જેટલા) છે અને અગાઉથી તે પૈકી એક ઝકાત આપી તો જેની ઝકાત આપી તેની જ છે. બીજાની નહી. અર્થાત જેની ઝકાત આપી છે જો વર્ષ દરમિયાન તેનો નિસાબ જતો રહ્યો તો તે બાકી રહેલા માલની ઝકાત ઠેરવવામાં આવશે નહી. (આલમગીરી)

મસ્અલા-(૮૪) : વર્ષ દરમિયાન જે ફકીરને ઝકાત આપી હતી, વર્ષના અંતે તે માલદાર થઈ ગયો, અથવા મૃત્યુ પામ્યો અથવા મઆઝલ્લાહ મુરતદ થઈ ગયો, તો ઝકાત પર તેની કંઈ અસર નથી. તે અદા થઈ ગઈ. જે શખ્સ પર ઝકાત વાજિબ છે જો તે મૃત્યુ પામ્યો તો ઝકાત સાકિત થઈ ગઈ. અર્થાત તેના માલમાંથી ઝકાત સાકિત થઈ ગઈ. અર્થાત તેના માલમાંથી ઝકાત આપવું જરૂરી નથી. હા. જો વસિયત કરી ગયો તો તૃતિયાંશ માલ સુધી વસિયત લાગુ પડશે અને જો આકિલ બાલિગ વારસદારો ઈજાઝત આપી દે તો તમામ માલમાંથી ઝકાત અદા કરવામાં આવે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૮૫) : જો શંકા છે કે ઝકાત આપી કે નહી ? તો હવે આપે. (રદ્દુલ મુહતાર)

## સાઈમહની ઝકાતનું બયાન

**'સાઈમહ'** તે જાનવર છે જે વર્ષના અકસર ભાગમાં (જંગલોમાં) ચરીને ગુજારો કરતું હોય અને તેનાથી કેવળ દુધ અને બચ્ચા લેવું અથવા રૂષ્ટ પુષ્ટ કરવું ધ્યેય છે. (તનવીર) **જો ઘરમાં ઘાસ લાવી ખવડાવતા હોય અથવા વજન લાદવું અથવા હળ ચલાવવું વિગેરે કોઈ કામમાં લેવું અથવા સવારીમાં વાપરવું ધ્યેય છે તો ભલે ચરીને ગુજારો કરતું હોય તે 'સાઈમહ' નથી અને તેની ઝકાત વાજિબ નથી.** એવી જ રીતે માંસ ખાવા માટે છે તો સાઈમહ નથી, ભલે જંગલમાં ચરતું હોય અને જો વેપારનું જાનવર, ચરાઈ પર છે તો તે પણ સાઈમહ નથી, બલ્કે તેની ઝકાત કીમત ગણીને અદા કરવામાં આવશે. (દુર્રે મુખ્તાર રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૮૬) : જે જાનવર છ મહિના ચરાઈ પર રહે છે અને છ મહિના ચારો ખવડાવવામાં આવે છે, તો તે **સાઈમહ નથી.** અને જો એ ઈરાદો હતો કે, તેને ચારો આપીશું અથવા તેનાથી કામ લઈશું પરંતુ તેવું કર્યું નહી, ત્યાં સુધી કે વર્ષ પુરૂ થઈ ગયું તો ઝકાત વાજિબ છે. અને જો વેપાર માટે હતું અને છ મહીના અથવા તેનાથી વધારે સમય સુધી ચરાઈ પર રાખ્યું તો જ્યાં સુધી એ નિય્યત કરે નહી કે આ સાઈમહ છે. ફકત ચરાવવાથી સાઈમહ થશે. નહી. (આલમગીરી)

મસ્અલા-(૮૭) : કોઈ જાનવર વેપાર માટે ખરીદયું હતું પછી સાઈમહ કરી દીધું તો ઝકાત માટે વર્ષનો આંરભ તે (સાઈમહના) સમયથી છે, ખરીદવાના સમયથી નહી. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૮૮) : વર્ષ પુરૂ થતાં પહેલાં સાઈમહને કોઈ વસ્તુના બદલામાં વેચી નાખ્યું, જો આ વસ્તુ તેનાજ પ્રકારની છે જેના પર ઝકાત વાજિબછે, અને અગાઉથી તેનો નિસાબ તેની પાસે હાજર નથી તો હવે તેના માટે તે સમયથી વર્ષ ગણવાંમાં આવશે. (દુર્રે મુખતાર)

મસ્અલા-(૮૯) : વકફના જાનવર અને જેહાદ (ધર્મ યુધ્ધ) ના ઘોડાની ઝકાત નથી. એવી જ રીતે આંધળા અથવા હાથ-પગ કપાએલા જાનવરની ઝકાત નથી. અલબત્ત આંધળું (જાનવર) ચરાઈ પર રહે છે તો ઝકાત વાજિબ છે. એવીજ રીતે જો નિસાબમાં કમી છે અને તેની પાસે આંધળું જાનવર છે કે તેને મેળવવાથી નિસાબ પુરો થઈ જાય છે તો ઝકાત વાજિબ છે,(આલમગીરી). ત્રણ પ્રકારના જાનવરોની ઝકાત વાજિબ છે જ્યારે કે તે સાઈમહ હોય (૧) ઉંટ (૨) ગાય (૩) બકરી માટે તેમના નિસાબની વિગત બયાન કર્યા પછી અહકામો બયાન કરવામાં આવશે.

## ઉંટની ઝકાતનું બયાન

બુખારી-મુસ્લીમ શરીફમાં અબુ સઈદ ખુદરી રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે **રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ** ફરમાવે છે. પાંચ ઉંટથી ઓછામાં ઝકાત નથી. અને તેની ઝકાતમાં વિગતવાર ખુલાસો સહીહ બુખારી શરીફની તે હદીસમાં છે જે અનસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે.

મસ્અલા-(૯૦) : પાંચ ઉંટથી ઓછામાં ઝકાત વાજિબ નથી, અને જ્યારે પાંચ અથવા પાંચ કરતાં વધારે હોય, પરંતુ પચ્ચીસથી ઓછા હોય તો દરેક પાંચમાં બકરી ઝકાત તરીકે આપવું વાજિબ છે. અર્થાત પાંચ હોય તો એક બકરી, દસ હોય તો બે બકરી એવીજ રીતે ગણત્રી મુજબ (આમ્મતુલ કુતુબ)

મસ્અલા-(૯૧) : ઝકાતમાં જે બકરી આપવામાં આવે તે એક વર્ષથી ઓછા વયની ન હોય. બકરી આપો કે બકરો, તેનો તમને અધિકાર છે. (રદદુલ મુહતાર વિગેરે)

મસ્અલા-(૯૨) : બે નિસાબોની વચ્ચે જે હોય છે તે માફ છે. અર્થાત તેમની કોઈ ઝકાત નથી. દા.ત. સાત-આઠ ઉંટ હોય તો પણ એજ એક બકરી ઝકાત છે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૯૩) : પચ્ચીસ (૨૫) ઉંટ હોય તો એક બિન્તેમખાઝ અર્થાત ઉંટનું એક બચ્ચું. માદહ (નારી), જે એક વર્ષનું થઈને બીજા વર્ષમાં હોય પાંત્રીસ સુધી એજ હુકમ છે. છત્રીસ (૩૬)થી પીસ્તાલીસ (૪૫) સુધીમાં એક બિન્તે લબુન અર્થાત ઉંટનું તે માદહ (નારી) બચ્ચું જે બે વર્ષનું થઈને ત્રીજા વર્ષમાં છે.(૪૬) છેંતાલીસથી (૬૦) સાઈઠ સુધીમાં એક હિક્કા અર્થાત ઉંટડી જે ત્રણ વર્ષની થઈને ચોથા વર્ષમાં હોય. (૬૧) એકસેઠથી (૭૫) પંચોતર સુધીમાં જિઝઆ અર્થાત ચાર વર્ષની ઉંટણી જે પાંચમાં વર્ષમાં હોય. (૭૬) છોંત્તેરથી (૯૦) નેવું સુધીમાં બે બિન્તે લબુન, (૯૧) એકાણુંથી (૧૨૦)એકસો વીસ સુધીમાં બે હિક્કહ. તેના પછી એકસો પિસ્તાલીસ (૧૪૫) સુધી બે હિક્ક અને દરેક પાંચમાં એક બકરી , દા.ત. (૧૨૫) એકસો પચ્ચીસમાં બે હિક્કહ એક બકરી ,અને એકસો ત્રીસ (૧૩૦) માં બેહિક્કહ બે બકરીયો, આવીજ રીતે હિસાબ ગણી લેવો. પછી એકસો પચાસ (૧૫૦) માં ત્રણ હિક્કહ જો તેનાથી વધારે હોય તો તેમાં એવું જ કરો જેવું શરૂમાં કર્યું હતું અર્થાત દરેક પાંચમાં એક બકરી અને પચ્ચીસમાં બિન્તે મખાઝ છત્રીસમાં બિન્તે લબુન આ એકસો છયાસી (૧૮૬) બલ્કે એકસા પાંચણું (૧૯૫) સુધીના હુકમ થઈ ગયા. અર્થાત એટલામાં ત્રણ હિક્કહ અને બિન્તે લબુન પછી (૧૯૬)એકસો છન્નુંથી (૨૦૦) બસો સુધી ચાર હિક્કહ અને એ પણ અખત્યાર છે કે પાંચ બિન્તે લબુન આપી દે. પછી બસો પછી એજ રીતે વર્તો જે એકસો પચીસ પછી અર્થાત દરેક પાંચમાં એક બકરી. પચ્ચાસમાં બિન્તે મખાઝ, છત્રીસમાં બિન્તે લબુન પછી થી બસો છેતાલીસ (૨૪૬) બસો પચાસ (૨૫૦) સુધી પાંચ હિક્કહ એવી જ રીતે આગળ ગણી લી. (આમ્મતુલકુતુબ)

મસ્અલા-(૯૪) : ઉંટની ઝકાતમાં જે પ્રસંગે એક અથવા બે અથવા ત્રણ અથવા ચાર વર્ષનું ઉંટનું બચ્ચું આપવામાં આવે છે, તો જરૂરી છે કે તે માદહ (નારી જાતી) હોય, નર આપો તો તે માદહની કીંમતનું હાય. નહી તો લેવામાં આવશે નહી (દુર્રે મુખ્તાર)

## ગાયની ઝકાતનું બયાન

અબુદાઉદ, તિરમિઝી, નિસાઈ તથા દારોમી મઆઝ બિન જબલ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે જ્યારે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે તેમને યમનના હાકીમ બનાવી મોકલ્યા તો એમ ફરમાવ્યું કે દરેક ત્રીસ (૩૦) ગાયથી એક તબીઅ અથવા તબીઅહ (એક વર્ષનું વાછરડું કે વાછરડી) લે અને ચાલીસ (૪૦) માં એક મસન્ન અથવા મસન્નહ (બે વર્ષનું વાછરડું કે વાછરડી) અને એનાજ અનુરૂપ અબુ દાઉદની બીજી રિવાયત અમીરૂલ મોમેનીન મૌલા અલી કર્રમલ્લાહો વજહહુ થી છે. અને તેમાં એમ પણ છે કે કામ કરનાર જાનવરની ઝકાત નથી. (દા. ત. હળ, રેંટ. ગાડું, પોઠિયા વિગેરેમાં વપરાતા જાનવરો)

**મસ્અલા-(૯૫) :** ત્રીસ (૩૦) કરતાં ઓછી ગાય હોય તો ઝકાત વાજિબ નથી જ્યારે ત્રીસ પુરી હોય તો તેમની ઝકાત એક તબીઅ અર્થાત એક વર્ષનું વાછરડું અથવા તબીઆ અર્થાત એક વર્ષની વાછરડી છે. અને ચાલીસ (૪૦) ગાય હોય તો એક મસન્ન અર્થાત બે વર્ષનું વાછરડું અથવા મસન્ન અર્થાત વાછરડી. ઓગણસાઈઠ (૫૯) સુધી આજ હુકમ છે. પછી દરેક સાઈઠ (૬૦) માં બે તબીઅ અથવા તબીઅહ પછી દરેક ત્રીસમાં એક તબીઅહ અને ચાલીસમાં એક મસન્ન અથવા એક મસન્ના દા.ત, સિત્તેર (૭૦) ગાય માં એક તબીઅ યા એક તબીઅહ અને એક મસન્ન. અને (૮૦) એંસીમાં બે મસન્ન અને એજ પ્રમાણે આગળની સંખ્યામાં સમજી લો. અને જે જગ્યાએ ત્રીસ અને ચાલીસ બન્ને થઈ શકતા હોય ત્યાં અખત્યાર છે કે તબીઅ ઝકાતમાં આપે અથવા મસન્ન. દા. ત. એકસો વીસ (૧૨૦) માં અખત્યાર છે કે ચાર તબીઅ આપે કે ત્રાણ મસન્ન. (આમ્મુતુલકુતુબ)

**મસ્અલા-(૯૬) :** ભેંસ, ગાયના હુકમમાં છે અને જો ગાય-ભેંસ બંને હોય તો ઝકાતમાં મેળવી દેવામાં આવશે. દા. ત. (૨૦) વીસ ગાયો છે અને (૧૦) દસ ભેંસો છે તો ઝકાત વાજિબ થઈ ગઈ, અને ઝકાતમાં તેનું બચ્ચું લેવામાં આવે જે અધિક પ્રમાણમાં હોય અર્થાત ગાય વધારે હોય તો ગાયનું બચ્ચું અને ભેંસ વધારે હોય ભેંસનું બચ્ચું અને જો કોઈ વધારે ન હોય એટલે બન્ને બરાબર હોય તો ઝકાતમાં તે લેજે આ'લાથી ઓછું હોય અને અદનાથી સારૂં (એટલે મધ્યમ હોય તે લે) (આલમગીરી)

**મસ્અલા-(૯૭) :** ગાય-ભેંસની ઝકાતમાં અખત્યાર છે કે, નર લેવામાં આવે અથવા માદા પરંતુ અફઝલ એ છે કે ગાયો વધારે હોય તો વાછરડી અને નર (બળદ, સાંઢ-પાડો) વધારે હોય તો વાછરડો. લેવામાં આવે. (આલમગીરી)

## બકરીયોની ઝકાતનું બયાન

સહીહ બુખારી શરીફમાં અનસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે સિદ્દીકે અકબર હઝરત અબુબક્ર રદીયલ્લાહો અન્હોએ જ્યારે તેમને બહરીન મોકલ્યા તો હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે સદકાના જે ફરાઈઝ ઠેરવ્યા હતા તે લખીને આપ્યા. તેમાં બકરીના નિસાબનું પણ બયાન છે અને તે એ પ્રમાણે કે, ઝકાતમાં ન ઘરડી બકરી આપવામાં આવે ન ખોડવાળી, ન બકરો. હા, જો સદકો વસુલ કરનાર અધિકારી લેવા ઈચ્છે તો લઈ શકે છે. અને ઝકાતના ભયથી ન વિભિન્ન ને એકત્રે કરે ન એકત્રિતને વિભિન્ન કરે.

**મસ્અલા-(૯૮) :** ચાલીસ કરતાં ઓછી બકરીઓ હોય તો ઝકાત વાજિબ નથી અને ચાલીસ હોય તો એક બકરી અને એજ હુકમ એકસો વીસ (૧૨૦) સુધી છે. અર્થાત તેઓમાં પણ એજ એક બકરી છે અને એકસો એકવીસ (૧૨૦)માં બે અને (૨૦૧)માં ત્રાણ અને ચારસો (૪૦૦)માં ચાર, પછી દરેક સો પર એક અને જે બે નિસાબોની વચ્ચે છે તે માફ છે. (આમ્મુતલકુતુબ)

**મસ્અલા-(૯૯) :** ઝકાતમાં અખત્યાર છે કે બકરી આપે અથવા બકરો જે કાંઈ હોય, એ જરૂરી છે કે એક વર્ષથી ઓછાનું ન હોય જો ઓછાનું હોય તો કીંમતના હિસાબથી આપી શકાય છે. (દુર્રે મુખતાર)

**મસ્અલા-(૧૦૦) :** ભેળ (ઘેટું) દુમ્બા, બકરીમાં દાખલ છે એકથી નિસાબ પુરો થતો ન હોય તો બીજાને મેળવી પુરો કરે. અને ઝકાતમાં પણ તેને આપી શકાય છે પરંતુ

એક વર્ષથી ઓછો ન હોય. (પુરા વર્ષનો હોવો જોઈએ) (દુર્રે મુખતાર)

મસ્અલા-(૧૦૧) : જાનવરોમાં નસબ (વંશ)માં (માદા)થી થાય છે. તો જો હરણ અને બકરી ના (સમાગમ)થી બચ્ચું પેદાં થયું તો બકરીઓમાં ગણના થશે. અને નિસાબમાં જો એકની કમી છે તો તેને મેળવી પુરૂં કરીશું. બકરા અને હરણીથી બચ્ચું થયું છે તો નહી. એવીજ રીતે નીલ ગાય (રોજ) અને બળદથી બચ્ચું છે તો ગાય નથી અને નીલ ગાય નર અને ગાયથી છે તો ગાય છે. (આલમગીરી વિગેરે)

મસ્અલા-(૧૦૨) : જે જાનવરોની ઝકાત વાજિબ છે તે ઓછામાં ઓછા એક વર્ષના હોય, સઘળા એક વર્ષથી ઓછાના બચ્ચાં હોય તો ઝકાત વાજિબ નથી, અને જો તેઓમાં એક પણ એક વર્ષનું હોય તો સઘળા તેનાજ તાબે છે. ઝકાત વાજિબ થઈ જશે અર્થાત દા.ત. બકરીના ચાલીસ બચ્ચાં એક એક વર્ષથી ઓછી વયના ખરીદયા તો ખરીદીના સમયથી એક વર્ષ પર ઝકાત વાજિબ નથી, કે તે સમયે નિસાબ યોગ્ય ન હતા, બલ્કે તે સમયથી વર્ષ લેવામાં આવશે કે, તેઓ પૈકી કોઈ એક વર્ષનું થઈ ગયું એવી જ રીતે જો તેની પાસે નિસાબ જેટલી બકરીઓ હતી અને છ મહિના પસાર થયા પછી તેમના ચાલીસ બચ્ચાં બાકી રહી ગયાં તો હવે વર્ષ પુરૂં થએથી આ બચ્ચાં નિસાબના યોગ્ય નથી માટે ઝકાત વાજિબ નથી. (જવાહરહ)

**મસ્અલા-(૧૦૩) :** જો તેની પાસે ઉંટ, ગાય બકરીયો સઘળુંછે, પરંતુ નિસાબથી તેઓ ઓછાછે અથવા કેટલાક. તો નિસાબ પુરો કરવા માટે ભેળસેળ કરીશું નહી. અને ઝકાત વાજિબ થશે નહી. (દુર્રે મુખતાર વિગેરે)

મસ્અલા-(૧૦૪) : ઝકાતમાં મધ્યમ દરજ્જાનું જાનવર લેવામાં આવશે. વીણીને સારૂં ન લો. હા, જો તેની પાસે સઘળાં સારાં હોય તો એજ લે. અને ગાભણ અને તે જાનવર ન લે જેને ખાવા માટે રૂષ્ટ પુષ્ટ કર્યું હોય. ન તે માદા લે જે પોતાના બચ્ચાને દુધ પીવડાવતી હોય, ન બકરો લેવામાં આવે. (કે વંશ વૃદ્ધિ માટે તેની જરૂરત હોય છે-અનુ.) (આલમગીરી -રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૦૫) :** જે વયનું જાનવર આપવું વાજિબ આવ્યું તે તેની પાસે નથી અને તેનાથી વધીને હાજર છે તો તે આપી દે અને જો અત્યાચાર થાય તો પાછું લે પરતુ સદકો વસૂલ કરનાર પર લઈ લેવું વાજિબ નથી, જો નલે અને તે જાનવરને તલબ કરે (માંગે) જે વાજિબ આવ્યું અથવા તેની કીમત તો તેને તેનો અખત્યારછે. જે વયનું જાનવર વાજિબ થયું તે નથી અને તેનાથી ઓછી વયનું છે તો એજ આપી દે અને જે ઉણપ પડે તેની કીમત આપી દે અથવા વાજિબની કીમત આપી દે, બંને રીતે કરી શકે છે. (આલમગીરી)

**મસ્અલા-(૧૦૬) :** ઘોડા, ગધેડા, ખચ્ચર જો કે ચરાઈ પર હોયછતાં તેમની ઝકાત નથી. હા, જો વેપાર માટે હોય તો તેમની કીમત ગણીને તેનો ચાલીસમો ભાગ ઝકાતમાં આપે. (દુર્રે મુખતાર)

**મસ્અલા-(૧૦૭) :** બે નિસાબોની વચ્ચે જે માફી છે તેની ઝકાત થતી નથી. અર્થાત વર્ષ પુરૂં થએથી જો તે અફવ (માફ કરેલ) હલાક થઈ જાય, તો ઝકાતમાં કોઈ નિસાબ નષ્ટ થઈ ગયો તો તેની ઝકાત પણ સાકિત (રદ) થઈ ગઈ. અને હલાક (નષ્ટ) પહેલા અફવ (માફી)ની તરફ ફેરવીશું, તેનાથી વધે તો તેના સમીપ જે નિસાબ છે તેની તરફ ફેરવીશું. તે છતાં પણ વધે તો તેના પછી ક્યાસ પ્રમાણે દા.ત. ઍંસી (૮૦) બકરીઓ હતી. તેમાંથી ચાલીસ મરી ગઈ, તો હજુ પણ એક બકરી વાજિબ રહી. કે ચાલીસ પછી બીજું ચાલીસ માફ છે. અને ચાલીસ ઉંટમાં પંદર ઉંટ મરી ગયા તો બિન્તે મખાઝ (ઉંટનું માદા બચ્ચું જે એક વર્ષનું હોય) વાજિબ છે કે ચાલીસમાં ચાર માફ છે તે કાઢે તેના પછી છત્રીસ (૩૬) નો નિસાબ છે તે નો નિસાબ છે તે પણ કાફી નથી માટે અગીયાર બીજા કાઢે હવે પચ્ચીસ (૨૫) રહયા તેમાં બિન્તે મખાઝનો હુકમ છે. બસ એજ પ્રમાણે આપીશું (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર વિગેરે)

**મસ્અલા-(૧૦૮) :** બે બકરીઓ ઝકાતમાં વાજિબ થઈ અને એક તાજી (રૂષ્ટ પુષ્ટ) બકરી આપી જે કીમતમાં બેની બરાબર છે તો ઝકાત અદા થઈ ગઈ. (જહરહ)

**મસ્અલા-(૧૦૯) :** વર્ષ પુરૂં થયા પછી માલિકે નિસાબે, નિસાબ પોતે નષ્ટ કરી નાખ્યો, તો ઝકાત રદ થશે. નહી. દા.ત. જાનવરને ચારો પાણી આપવામાં આવ્યું નહી, જે કારણે મરી ગયું, તો ઝકાત આપવી પડશે. એવીજ

રીતે જો તેનું કોઈના ઉપર કરજ હતું અને તે કરજદાર માલદાર છે, તેણે વર્ષ પુરૂં થવાથી તે કરજ માફ કરી દીધું તોઆ નષ્ટ કરવું છે, માટે ઝકાત આપે. અને જો તે નાદાર હતો અને તેણે માફ કરી દીધું તો ઝકાત માથેથી ઉતરી (રદ ગઈ) ગઈ. (દુર્રે મુખતાર)

**મસ્અલા-(૧૧૦)** : માલિકે નિસાબે વર્ષ પુરૂં થએથી કરજ આપી દીધું, અથવા રીઆયત એટલે ઢીલ આપી, અથવા વેપારના માલને વેપારના માલના બદલામાં વેચી દીધો અને જેને આપ્યો હતો તેણે ઈન્કાર કરી દીધો અને તેની પાસે સાબીતી નથી અથવા તે મરી ગયો અને તરકો (મૃતક સંપત્તી) મુકી ગયો નહી, તો આ માલને નષ્ટ કરવું નથી. માટે ઝકાત સાકિત (રદ) થઈ ગઈ. અને જો વર્ષ પુરૂં થવા પછી વેપારના માલને બિન વેપારી માલના બદલામાં (સાટે) વેચી નાખ્યો અર્થાત તેના બદલામાં જે વસ્તુ લીધી તેનાથી વેપાર કરવું ધ્યેય નથી દા.ત. સેવા માટે ગુલામ અથવા પહેરવા માટે કપડા ખરીદયા અથવા સાઈમા (ચરાઈના જાનવર) ને સાઈમાના બદલે વેચ્યું અને જેને વેચ્યું તેણે ઈન્કાર કરી દીધો અને તેની પાસે સાંક્ષી નથી અથવા તે મરી ગયો અને તરકો (વારસો) છોડયો નહી, તો આ નષ્ટ નથી બલ્કે નષ્ટ કરવું છે માટે ઝકાત વાજિબ છે, વર્ષ પુરૂં થયા પછી વેપારના માલને પત્નીની મહેરમાં આપી દીધો અથવા પત્નીએ પોતાના નિસાબના બદલે પતિથી ખુલ્આ લીધો તો ઝકાત આપવી પડશે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૧૧)** : તેની પાસે રૂપીયા અશરફીઓ (નાણા) હતી એના ઉપર વર્ષ પસાર ગઈ ગયું, પરંતુ હજુ ઝકાત આપી નથી તેના બદલે વેપાર માટે કોઈ વસ્તુ ખરીદી અને તે વસ્તુ નષ્ટ થઈ ગઈ તો ઝકાત રદ થઈ ગઈ પરંતુ જ્યારે કે એટલી મોંઘી ખરીદી કે એટલા નુકસાનની સાથે લોકો ખરીદતા ના હોય તો તેની અસલી કીંમત પર જે કાંઈ વધારે આપ્યું છે તેની ઝકાત રદ થશે નહી, કે તે તે માલ હલાક-નષ્ટ કરવું છે. અને જો વેપાર માટે. ન હોય, દા.ત. સેવાં માટે ગુલામ ખરીદયો અને તે મરી ગયો તો, તો તે રૂપીયાની ઝકાત સાકિત (રદ) થશે નહી (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૧૨)** : બાદશાહે ઈસ્લામે ભલે ઝાલિમ અથવા બાગી હોય સાઈમહ (ચરાઈના જાનવરો)ની ઝકાત લઈ લીધી અથવા ઉશ્રવસૂલ કર લીધું અને તેને મહલ. (ઝકાતના હકદારો) પર ખર્ચ કર્યું તો પુનરાવર્તનની હાજત નથી અને મહલ પર ખરચ્યું નહી, તો પુનરાવર્ત ન કરવામાં આવે. અને ખિરાજ લઈ લીધો તો સર્વથા પુનરાવર્તનની હાજત નથી. (દુર્રે મુખ્તાર)..

**મસ્અલા-(૧૧૩)** : મુંસદિક (ઝકાત વસૂલ કરનાર)ની સામે સાઈમહ વેચી નાખ્યું તો મુસદિકને અખત્યાર છે કે ઝકાત જેટલું તેમાંથી કીમત લઈલે અને આ હાલતમાં બયઅ (વેચાણ) પુરી થઈ ગઈ અને અથવા જે જાનવર વાજિબ થયું તે લઈલે અને આ સમયે જે લીધું તેના હક્કમાં બયઅ બાતિલ થઈ ગઈ અને જો મુસદ્દિક ત્યાં હાજર ન હતો બલ્કે તે સમયે આવ્યો કે મજલિસે અકદથી તે બંને જુદા થઈ ગયા, તો હવે જાનવર લઈ શકતો નથી. જે જાનવર વાજિબ થયું તેની કીમત લઈલે (આલમગીરી)

**મસ્અલા-(૧૧૪)** : જે અનાજ પર ઉશ્ર વાજિબ થયું તેને વેચી નાખ્યું તો મુસદિકને અખત્યાર છે કે ભલે વેચનારથી તેની કિંમત લે અથવા ખરીદનાર પાસેથી એટલું અનાજ પાછું લઈલે. વેચાણ તેના સામે થયું અથવા બંનેના જુદા પડવા પછી મુસદિક આવ્યો. (આલમગીરી)

**મસ્અલા-(૧૧૫)** : એંસી (૮૦) બકરીઓ છે, તો એક બકરી ઝકાતની છે. એવું કરી શકાતું નથી કે ચાલીસ-ચાલીસના બે ટોળા કરીને બે બકરીઓ ઝકાતમાં લે. અને બે શખ્સોની ચાલીસ ચાલીસ બકરીઓ છે તો એમ કરી શકતા નથી કે તેમને એકત્ર કરીને એક ટોળું કરી દો કે એકજ બકરી ઝકાતમાં આપવી પડે, બલ્કે દરેકથી એક એક બકરી લેવામાં આવશે. એવી જ રીતે જો એક શખ્સની ઓગણ ચાલીસ (૩૯) બકરીઓ છે અને એકની ચાલીસ તો ઓગણ ચાલીસ વાળાથી કાંઈ ન લઈશું સારાંશ કે ન એકત્ર ને વિભિન્ન કરીશું ન વિભિન્નને એકત્ર કરીશું (આલમગીરી વિગેરે)

**મસ્અલા-(૧૧૬)** : જાનવરોમાં ભાગીદારીથી ઝકાત પર કાંઈ અસર પડતી નથી. ભલે તે કોઈ પણ પ્રકારની હોય, જો દરેકનો ભાગ નિસાબ જેટલો છે તો બંને ઉપર પુરેપુરી ઝકાત વાજિબછે અને એકનો ભાગ નિસાબ જેટલો છે અને બીજાનો નથી તો તેના ઉપર વાજિબ છે અને આના

ઉપર નહીં. દા.ત. એકની ચાલીસ બકરીઓ છે બીજાની ત્રીસ તો ચાલીસવાળા પર એક બકરી અને ત્રીસવાળા પર કાંઈ નથી. અને જો કોઈની નિસાબ જેટલી ન હોય પરંતુ સમુહનિસાબ જેટલો છે તો કોઈના ઉપર કાંઈ નથી. (આલમગીરી વિગેરે)

**મસ્અલા-(૧૧૭)** : એંસી (૮૦) બકરીઓમાં એકયાસી (૮૧) માણસો શરીક છે. એવી રીતે કે એક શખ્સ દરેક બકરીમાં અર્ધાનો માલિક છે. અને દરેક બકરીના બીજા અર્ધાનો તેઓમાંથી એક એક શખ્સ માલિક છે, તો તેના સઘળા ભાગોનો સરવાળો ચાલીસના બરાબર થયો અને આ સઘળા કેવળ અર્ધી અર્ધી બકરીના ભાગીદાર થયા પરંતુ ઝકાત કોઈના ઉપર નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-(૧૧૮)** : ભાગીદારોના જાનવરોમાં ઝકાત આપવમાં આવી તો દરેક ઉપર તેના ભાગના પ્રમાણે છે. જે કાંઈ ભાગથી વધારે ગયું તે ભાગીદારથી પાછું લે, દા.ત. એકની એકતાલીસ (૪૧) બકરીઓ છે, બીજાની બયાસી (૮૨) બકરીઓ છે, કુલ એકસો ત્રેવીસ (૧૨૩) થઈ અને બે ઝકાતમાં લેવામા આવી અર્થાત દરેકથી એક પરંતુ કેમકે એક. એક તૃતિયાંશ (૧/૩)નો ભગીદાર છે અને બીજો બે તૃતિયાંશ (૨/૩) નો માટે દરેક બકરીમાં બે તૃતિયાંશવાળાની બે તૃતિયાંશ ગઈ જેનો સરવાળો એક તૃતિયાંશ અને એક બકરી છે. અને એક તૃતિયાંશવાળાની દરેક બકરીમાં એક જ તૃતિયાંશ ગયો કે સરવાળો બે તૃતિયાંશ થયો અને તેના ઉપર વાજિબ એક બકરી છે માટે બે તૃતિયાંશવાળો એક તૃતિયાંશવાળાથી ત્રીજો ભાગ લેવાનો હકદાર છે. અને જો કુલ (૮૦) બકરીઓ છે. એક માણસ બે તૃતિયાંશનો ભાગીદાર છે અને બીજો માણસ એક તૃતિયાંશનો ભાગીદાર છે. અને ઝકાતમાં એક બકરી લેવામાં આવી તો ત્રીજા ભાગનો ભાગીદાર પોતાના ભાગીદારથી ત્રીજા ભાગની બકરીની કિંમત લે, કે તેના ઉપર ઝકાત વાજિબ નથી. (રદદુલ મુહતાર)

## સોના-ચાંદી અને વેપારના માલની ઝકાતનું બયાન

સુનન અબી દાઉદ તથા તિરમિઝીમાં અમીરૂલ મોઅમેનીન મૌલા અલી કર્રમલ્લાહો વજહહુથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે, ઘોડા અને લોંડી (દાસી) ગુલામની ઝકાત મેં માફ કરી, તો હવે ચાંદીની ઝકાત દરેક ચાલીસ દિરહમમાંથી એક દિરહમ અદા કરો, પરંતુ એકસો નેવું (૧૯૦) દિરહમમાં કાંઈ નથી, જ્યારે બસો હોય તો પાંચ દિરહમ આપો. અબુ દાઉદની બીજી રિવાયત તેમનાથી જ એવી રીતે છે કે ચાલીસ દિરહમમાંથી એક દિરહમ છે. પરંતુ જ્યાં સુધી બસો દિરહમ પુરા ન થાય કાંઈ નથી. જ્યારે બસો દિરહમ પુરા થઈ જાય તો પાંચ દિરહમ અને તેના કરતા વધારે હોય તો એ જ હિસાબથી આપે.

તિરમિઝી શરીફમાં અમ્ર બિને શુએબ અને અબીહે અને જદ્દેહિથી રિવાયત છે કે બે સ્ત્રીઓ હુઝુરે અકદસની સેવામાં હાજર થઈ તેમના હાથમાં સોનાના કંગન હતા. આપે ફરમાવ્યું : શું તમો એને પસંદ કરો છો કે અલ્લાહ તઆલા તમને આગના કંગન પહેરાવે. તેમણે અર્ઝ કરી : ના. (અમો એવું પસંદ કરતા નથી) આપે ફરમાવ્યું તો તેની ઝકાત અદા કરો.

ઈમામ માલિક તથા અબુ દાઉદ ઉમ્મુલ મોઅમેનીન ઉમ્મે સલમા રદીયલ્લાહો અન્હીથી રિવાયત કરે છે. તેઓ ફરમાવે છે કે, હું સોનાના ઘરેણાં પહેર્યા કરતી હતી. મેં અર્ઝ કરી યા રસુલલ્લાહ ! શું આ 'કન્ઝ' (ભંડાર) છે (જેના વિષે કુર્આનમાં ચેતવણી આવી.)

આપે ફરમાવ્યું : જે તે હદે પહોંચે કે તેની ઝકાત અદા કરવામાં આવે, અને ઝકાત અદા કરી દેવામાં આવી તો તે 'કન્ઝ' નથી. "

ઈમામ અહમદ હસ્ન સનદોથી, અસ્માઅ બિન્તે યઝીદથી રિવાયત કરે છે કે તેઓ કહે છે કે હું અને મારી માસી હઝરતની ખિદમતે અકદસમાં હાજર થયાં અને અમો એ સોનાના કંગન પહેરેલા હતા. હુઝુરે ફરમાવ્યું : શું (એ વાતથી) ડરતા નથી કે, અલ્લાહ તઆલા તમને આગના કંગન પહેરાવે ? તેની ઝકાત અદા કરો.

અબુ દાઉદ સમોરહ બિન જન્દુબ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે અમોને રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હુકમ આપ્યા કરતા હતા કે, જેને અમો વેચાણ (વેપાર) માટે પ્રાપ્ત કરીએ તેની ઝકાત કાઢીએ.

**મસ્અલા-(૧૧૯)** : સોનાનો નિસાબ વીસ મિસ્કાલ

છે. અર્થાત સાડા સાત તોલા. અને ચાંદીનો નિસાબ બસો દિરહમ અર્થાત સાડા બાવન તોલા અર્થાત તે તોલો જેનાથી આ પ્રચલિત રૂપીઓ સવા અગીયાર માશા છે. સોના ચાંદની ઝકાતમાં વજનનો એતેબાર (ગણના) છે કીમતની ગણના નથી. દા.ત. સાત તોલા સોના અથવા તેથી ઓછાનું ઘરેણું અથવા વાસણ બનાવ્યું હોય કે તેની કારીગીરીના લીધે બસો દિરહમ કરતાં વધારે કીમત થઈ જાય, અથવા સોનું મોંઘુ હોય કે સાડા સાત તોલાથી ઓછાની કીમત બસો દિરહમથી વધી જાય. જેવું કે આજ કાલના સાડા સાત તોલાથી સોનાની કીંમત ચાંદીના કેટલાય નિસાબો બનશે. સારાંશ એ કે વજનમાં નિસાબ જેટલું ન હોય તો ઝકાત વાજિબ નથી, કીમત ગમે તેટલી હોય. એવી જ રીતે સોનાની ઝકાતમાં સોનાની અને ચાંદીના ઝકાતમાં ચાંદીના કોઈ વસ્તુ આપી તો તેની કીમતનો એતેબાર થશે નહી, બલ્કે વજનનો એતબાર થશે. જો કે તેમાં કેટલીએ કારીગીરી કરેલી હોય જેના કારણે કીમત વધી ગઈ અથવા માની લો કે દસ આની ભાર ચાંદી વેચાઈ રહી છે અને ઝકાતમાં એક રૂપીયો (ચાંદીનો રૂપીયો) આપ્યો જે સોળ આના ઠેરવવામાં આવે છે તો ઝકાત અદા કરવામાં તે એવું જ સમજવામાં આવશે કે સવા અગિયાર માશા ચાંદી આપી, આ છ આના બલ્કે અથવા થોડુંક ઉપર જે તેની કીમતમાં વધારે છે, નિરર્થક છે. (દુર્રે મુખ્તાર રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૨૦)** આ જે કહેવામાં આવ્યું કે. ઝકાતની અદાયગીમાં કીંમતનો એતેબાર નથી. આ તે હાલતમાં છે કે તે જાતિ (પ્રકાર) ની ઝકાત એ જ જાતિથી અદા કરવામા આવે, અને જો સોનાની ઝકાત ચાંદીથી અથવા ચાદીની ઝકાત સોનાથી અદા કરી તો કીમતનો એતેબાર થશે. દા.ત. સોનાની ઝકાતમાં ચાદીની કોઈ વસ્તુ આપી જેની કીંમત એક અશરફી છે, તો એક અશરફી આપવુ ઠરશે, જો કે વજનમાં તેની ચાંદી પંદર રૂપિયા ભાર પણ ન હોય. (રદ્દુલ મુહતાર)

**(૧૨૧)** : સોનું ચાંદી જ્યારે કે નિસાબના જેટલાં હોય તો તેમની ઝકાત ચાલીસમો (૧/ ૪૦) ભાગ છે. ભલે તે એવા જ હોય કે તેમના સિક્કા, રૂપીયા, અશરફીઓ અથવા તેમની કોઈ વસ્તુ (ઘાટ) બનેલ હોય, ભલે તેનો ઉપયોગ જાઈઝ હોય જેવું કે સ્ત્રી માટે ઘરેણાં, પુરૂષો માટે ચાંદીની એક નંગની એક વિંટી સાડાચાર માશાથી ઓછાની અથવા સોના-ચાંદીના સાંકળ વગરના બટન અથવા ઉપયોગ નાજાઈઝ હોય, જેવું કે ચાંદી-સોનાના વાસણ, ઘડીયાળ, સુર-માદાની અને તેની સળી કે તેમનો ઉપયોગ પુરૂષ-સ્ત્રી સૌના માટે હરામ છે. અથવા પુરૂષ માટે સોના-ચાંદીનો છિલ્લો અથવા ઘરેણા અથવા સોનાની અંગુઠી અથવા સાડા ચાર માશા કરતાં વધુની વિંટી અથવા કેટલીક વિંટીઓ અથવા કેટલાએ નંગની એક વિંટી સારાંશ જે કાંઈ હોય સઘળાની ઝકાત વાજિબ છે. દા.ત. સાડા સાત તોલા સોનું હોય તો બે (૨) માશા ઝકાત વાજિબ છે. અથવા બાવન તોલા છ માશા ચાંદી છે તો તેની એક તોલા ત્રાણ માશા છ રતી ઝકાત આપવી વાજિબ છે. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૧૨૨)** : સોના-ચાંદી ઉપરાંત વેપારની કોઈ વસ્તુ હોય જેની કીંમત સોના-ચાંદીના નિસાબે પહોંચે તો તેના ઉપર પણ ઝકાત વાજિબ છે. અર્થાત કિંમતનો ચાલીસમો ભાગ અને જો સામગ્રીની કિંમત તે નિસાબે પહોંચતી નથી, પરંતુ તેની પાસે સોનું-ચાંદી પણ છે તો તેમની કિમત સોના-ચાંદી સાથે મેળવી ટોટલ બનાવે. જો એકંદર એ ટોટલ નિસાબે પહોંચ્યો તો ઝકાત વાજિબ છે. અને જો વેપારની સામગ્રીની કિંમત તે સિક્કાથી લગાવે જેનો રિવાજ ત્યાં અધીક હોય દા.ત. હિન્દુસ્તાનમાં રૂપીયાનું વધારે ચલણ છે, તેનાથી જ કિમતની ગણત્રી કરવામાં આવે અને જો કયાંક સોના-ચાંદી બંનેના સિક્કાઓનું ચલણ હોય તો અખત્યાર છે કે, બંનેનામાંથી કોઈની પણ કીમતથી ગણત્રી કરે. પરંતુ જ્યારે કે રૂપીયાથી કીમત ગણે તો નિસાબ થતો નથી અને અશરફીથી થઈ જાય છે, અથવા તેથી ઉલ્ટું, તો તેનાથી જ કીમત લગાવવામાં આવે જેનાથી નિસાબ પુરો થાય અને જો બંનેથી નિસાબ પુરો થાય છે પરંતુ એકથી નિસાબ ઉપરાંત નિસાબનો પાંચમો ભાગ વધારે થાય છે, બીજાથી થતો નથી તો તેનાથી કીમત લગાવો જેનાથી એક નિસાબ અને નિસાબનો પાંચમો ભાગ થાય. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૧૨૩)** : નિસાબ કરતાં વધારે માલ છે તો જો આ વધારો નિસાબનો પાંચમો ભાગ છે તો તેની ઝકાત

વાજિબ છે. દા.ત. બસો ચાલીસ (૨૪૦) દિરમ અર્થાત ત્રેસઠ (૬૩) તોલા ચાંદી હોય તો ઝકાતમાં છ (૬) દિરમ વાજિબ છે, એટલે કે એક તોલા છ માશા (૭ ૧/૫) રતી, અર્થાત બાવન તોલા છ માશા પછી દરેક દસ તોલા છ માશા પર ત્રણ માશા ૧૧/૫ રતી વધારો કરો. અને સોનું નવ તોલા હોય તો બે માશા (૫ ૩/૫) રતી એટલે કે સાત તોલા છ માશા પછી દરેક એક તોલા અને છ માશા રતી ૫ ૩/૩ વધારો કરો અને પાંચમો ભાગ ન હોય તો માફ છે. અર્થાત દા.ત. જો સોનું નવ તોલાથી એક રતીથી ઓછું છે, તો ઝકાત એજ સાત તોલા છ માશાની વાજિબ છે. અર્થાત બે માશા ઝકાત આપે. એવી જ રીતે ચાંદી જો ત્રેસઠ તોલાની એક રતી પણ ઓછી છે તો ઝકાત એ જ બાવન તોલા છ માશાની, એક તોલા ત્રણ માશા છ રતી ઝકાત વાજિબ છે. એવી જ રીતે પાંચમા ભાગ પછી જે વધારો છે જો તે પણ પાંચમો ભાગ છે તો તેનો ચાલીસમો ભાગ વાજિબ છે નહી તો માફ છે. અને એ જ ગણત્રી પ્રમાણે વેપારના માલનો પણ એજ હુકમ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૨૪) :** જો સોના ચાંદીમાં ખુટ થાય અને ગાલિબ સોનું ચાંદી છે, તો સોનું ચાંદી ઠેરવો અને તમામ પર ઝકાત વાજિબ છે. એવી જ રીતે જો ખુટ સોના ચાંદીના બરાબર હોય તો ઝકાત વાજિબ છે અને જો ખુટ ગાલિબ હોય તો સોનું-ચાંદી નથી, પછી તેની કેટલીક સુરતો છે. જો તેમાં સોનું-ચાંદી એટલી માત્રામાં હોય કે જુદુ કરીએ તો નિસાબે પહોંચતું નથી પરંતુ તેની પાસે બીજો માલ છે કે તેનાથી મળીને નિસાબ થઈ જશે અથવા તે **સમન** માં ચાલે છે અને તેની કીમત નિસાબે પહોંચે છે તો આ સઘળી હાલતમાં ઝકાત વાજિબ છે. અને જો આ સ્વરૂપોમાંથી કોઈ ન હોય તો તેમાં જો વેપારની નિય્યત હોય તો વેપારનો માલ ઠેરવે અને તેની કીંમત નિસાબ જેટલી હોય, પોતે અથવા બીજાઓ સાથે મળીને, તો ઝકાત વાજિબ છે. નહી તો વાજિબ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૨૫) :** સોના-ચાંદીને પરસ્પર ભેળવી દીધું તો જો સોનું ગાલિબ (વધારો) હોય તો અને સોનું નિસાબ જેટલું છે, એકલુ ચાંદીની સાથેમળીને, તો પણ સોનું સમજવામાં આવે અને ચાંદી ગાલિબ (વધારે) હોય તો ચાદી છે. નિસાબે પહોંચે તો ચાંદીની ઝકાત આપવામાં આવે, પરંતુ જ્યારે કે તેમાં જેટલું સોનું છે તે ચાંદીની કીમત કરતાં અધિક છે તો હવે પણ તમામ સોનું જ ઠેરવો. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૨૬) :** કોઈની પાસે સોનું પણ છે અને ચાંદી પણ છે. અને બનેંના સપૂર્ણત નિસાબો છે, તો એ માટે જરૂરી નથી કે સોનાને ચાંદી અથવા ચાંદીને સોનું ઠેરવીને ઝકાત અદા કરે, બલ્કે દરેકની ઝકાત અલગ અલગ વાજિબ છે. હાં, ઝકાત આપનાર જો કેવળ એક વસ્તુથી બંને નિસાબોની ઝકાત અદા કરે તો તેને અખત્યાર છે. પરંતુ આ સ્વરૂપમાં એ વાજિબ થશે કે કીંમત તે લગાવે જેમાં ફકીરો (મોહતાજો) ને વધુ લાભ થાય. દા.ત. હિન્દુસ્તાનમાં (ચાંદીના) રૂપીયાનું ચલણ છે અશરફીઓની સરખામણીમાં વધારે છે તો સોનાની કીમત ચાદીથી લગાવી, ચાંદી ઝકાતમાં આપે. અને જો બંનેમાંથી કોઈ નિસાબ જેટલું નથી, તો સોનાની કીંમતની ચાંદી અથવા ચાંદીની કીંમતનું સોનું સમજી લઈ મેળવે, પછી જો મેળવવાથી પણ નીસાબ થતો નથી, તો કાંઈ ઝકાત નથી અને જો સોનાની કીંમતની ચાંદી, ચાંદીમાં મેળવીએ તો નિસાબ થતો થઈ જાય છે અને ચાંદીની કીંમતનું સોનું, સોનામાં મેળવીએ તો નિસાબ થતો નથી, અથવા તેનાથી ઉલટું, તો વાજિબ છે કે જેમાં નિસાબ પુરો થતો હોય, તેમ કરે. અને જો બંને સ્વરૂપમાં નિસાબ થઈ જાય છે, તો અખત્યાર છે કે, જેવું ઈચ્છે તેમ કરે. પરંતુ જ્યારે કે એક સ્વરૂપમાં નિસાબ પર પાંચમો ભાગ વધી જાય છે, તે જેમાં પાંચમો ભાગ વધી જાય એજ કરવું વાજિબછે. દા.ત. **સવા છવ્વીસ** (૨૬।) તોલા ચાંદી છે, અને **પોણા ચાર** (૩।।।) તોલા સોનું, જો પોણા ચાર તોલા સોનાની ચાંદી સવા છવ્વીસ તોલા આવે છે, અને સવા છવ્વીસ તોલા ચાંદીનું પોણા ચાર તોલા સોનું આવે છે તો સોનાને ચાંદી અથવા ચાંદીને સોનું જે ઈચ્છો કલ્પના કરો અને જો પોણાચાર તોલા સોનાના બદલે સડત્રીસ (૩૭) તોલા ચાંદી આવે છે અને સવા છવ્વીસ તોલા ચાંદીનું પોણા ચાર તોલા સોનું થતું નથી તો વાજિબ છે કે, સોનાને ચાંદી ઠેરવે કેમ કે આ હાલતમાં નિસાબ થઈ જાય છે, બલ્કે પાંચમો ભાગ વધારે થાય છે, અને તે હાલતમાં નિસાબ પણ પુરો થતો નથી.

એવી જ રીતે જો દરેક નિસાબ કરતાં કાંઈ વધારે છે તો

વધારો નિસાબનો પાંચમો ભાગ છે, તો તેની પણ ઝકાત આપો, અને જો દરેકમાં વધારો, નિસાબના પાંચમા ભાગ કરતાં ઓછો છે, તો બંનેને મેળવે. જો બંને મળીને પણ કોઈ એકમાં નિસાબ અથવા પાંચમો ભાગ થાય છે અને બીજામાં થતો નથી, તો એજ કરવું વાજિબ છેં, જેનાથી નીસાબ થાય, અથવા નિસાબનો પાંચમો ભાગ થાય. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર વિગેરે)

મસ્અલા-(૧૨૭) : નાણું જ્યારે પ્રચલિત હોય, અને બસો દિરહમ ચાંદી અથવા વીસ મિશ્કાલ સોનાની કીમતના હોય તો તેની ઝકાત વાજિબ છે, ભલેને તે વેપાર માટે ન હોય. અને જો ચલણ ઉઠી ગયું (બંધ થઈ ગયું ) હોય તો જ્યાં સુધી વેપાર માટે ન હોય ઝકાત વાજિબ નથી. (ફતાવા કારી-અલ હિદાયા) નોટની ઝકાત પણ વાજિબ છે જ્યાં સુધી તેનો રિવાજ અને ચલણ હોય કે આ પણ સમન (ચલણ) પરિભાષિક છે અને પૈસાના હુકમમાં છે.

મસ્અલા-(૧૨૮) : જે માલ કોઈના ઉપર દેણ હોય તેની ઝકાત ક્યારે વાજિબ થાય છે ? અને અદા ક્યારે ? તેમાં ત્રણ સ્વરૂપો છે. જો દેણ કવી હોય, જેવું કે કરજ, જેને લોકપરિભાષામાં દસ્તગરદાં કહે છે અને માલ વેપારીનો સમન (નાણાં) દા.ત. કોઈ માલ તેણે વેપારની નિય્યતથી ખરીદયો તેને કોઈને ઉધાર વેચી નાંખ્યો અથવા જમીન વેપારની નિય્યતથી ખરીદી તેને કોઈના રહેઠાણ અથવા ખેતી માટે ભાડેથી આપી દીધી. આ ભાડુ જો તેના ઉપર દેણ છે તો દેણ કવી થશે, અને દેણ કવીની ઝકાત, દેણની હાલતમાં છે. વર્ષો વર્ષ વાજિબ થતી રહેશે, પરંતુ વાજિબુલ અદા, તે સમયે છે, જ્યારે નિસાબનો પાંચમો ભાગ વસુલ થઈ જાય પરંતુ જેટલો વસુલ થયો ચાલીસ દિરમ વસુલ થવાથી એક દિરમ આપવું વાજિબ થશે, એંસી વસુલ થયા તો બે દિરમ એજ પ્રમાણે ગણના થતી રહેશે.

બીજું : " દેણ મુતવસ્સિત" કે કોઈ બિન વેપારી માલનું બદલ હોય, દા.ત. ઘરનું અનાજ અથવા સવારીનો ઘોડો અથવા ખિદમત માટેનો ગુલામ અથવા હાજત્તે અસલીયાની બીજી કોઈ વસ્તુ વેચી નાંખી અને તેની રકમ લેવાની બાકી છે. આ હાલતમાં ઝકાત આપવું તે સમયે લાઝિમ આવશે કે બસો દિરમ પર કબ્જો થઈ જાય. એવી જ રીતે જો મુરસ (મરનાર)નું દેણ (દેવું) તેના તરકા (વારસાઈ)માં મળ્યું, ભલે વેપારના માલના બદલામાં હાય, પરંતુ વારસને બસો દિરમ વસુલ થવા અને મુરસ (મૃતક)ના મૃત્યુને એક વર્ષ પસાર થવા પર ઝકાત આપવું લાઝિમ આવશે.

ત્રીજું : " દેણે ઝઈફ " જે ગેરમાલનો બદલ હોય, જેવું કે મહરે બદલ, ખુલ્આ, દિય્યત, બદલે કિતાબત અથવા મકાન, અથવા દુકાન કે વેપારની નિય્યતથી ખરીદી ન હતી, તેનું ભાડુ, ભાડુઆત પર ચઢયું તેમાં ઝકાત આપવું તે સમયે વાજિબ છે કે નિસાબ પર કબ્જો કર્યા પછી વર્ષ પસાર થઈ જાય, અથવા તેની પાસે કોઈ નિસાબ તે જાતિનો છે અને તેનું વર્ષ પુરૂં થઈ જાય તો ઝકાત વાજિબ છે. પછી જો દેણ કવી અથવા મુતવસ્સિત કેટલાઓ વર્ષ પછી વસુલ થાય તો આગળના વર્ષની ઝકાત જે તેના માથે દેવું થતી રહી તે પાછલા વર્ષના હિસાબમાં એ જ રકમ ઉપર નાખવામાં આવશે. દા.ત. અમર ઉપર ઝેદના ત્રણસો દિરમ દેણે કવી બાકી હતા, પાંચ વર્ષ પછી ચાલિસ દિરમથી ઓછા વસૂલ થયા તો એક દિરમ આપવું વાજિબ થયું. હવે ઓગણ ચાલીસ બાકી રહ્યા કે નિસાબના પાંચમાં ભાગથી ઓછા છે માટે બાકીના વર્ષોની ઝકાત અત્યારે વાજિબ નથી. અને જો ત્રણસો દિરમ દેણે મુતવસ્સિત હતા તો જ્યાં સુધી બસો દિરમ વસૂલ ન થાય કાંઈ નથી. અને પાંચ વર્ષ પછી બસો વસૂલ થાય તો એકવીસ વાજિબ થશે. પહેલા વર્ષના પાંચ હવે બીજા વર્ષમાં એકસો પંચાણું (૧૯૫) રહ્યા, તેમાંથી પાંત્રીસના ખુમ્સ (૧/૫)થી ઓછા છે જેથી માફ થઈ ગયા. એકસો સાઈઠ (૧૬૦) રહ્યા તેના ચાર દિરમ વાજિબ, માટે ત્રીજા વર્ષમાં એકસો એકાણું (૧૯૧) રહ્યા, તેમાં પણ ચાર દિરમ વાજિબ, ચોથા વર્ષમાં એકસો સત્યાસી (૧૮૭) રહ્યા, પાંચમાં વર્ષમાં એકસો ત્યાસી (૧૮૩) રહ્યા તેમાં પણ ચાર-ચાર દિરમ વાજિબ. માટે કુલ એકવીસ દિરમ વાજિબુલ અદા થયા. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર વિગેરે)

મસ્અલા-(૧૨૯) : જો દેવાથી પહેલા નિસાબનું વર્ષ ચાલતું હતું, તો જે દેવું વર્ષ દરમિયાન કોઈ પર લાઝિમ આવ્યું તેનું વર્ષ પણ એજ ઠેરવવામાં આવશે જે પહેલાથી ચાલી રહ્યું છે. દેવાના સમયથી નહી. અને જો દેવાથી પહેલા તે જાતિના નિસાબનું વર્ષ ચાલતું ન હોય તો દેવાના સમયથી ગણના થશે. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૧૩૦) : કોઈના ઉપર દેણે કવી અથવા દેણે મુતવસ્સિત છે અને લેણદારનું અવસાન થઈ ગયું તો મૃત્યુ સમયે દેવાની ઝકાતની વસિયત જરૂરી નથી કેમકે તેની ઝકાત વાજિબુલ અદા હતી જ નહી. અને વારસદાર પર ઝકાત તે સમય વાજિબ થશે જ્યારે કે મરનારના મૃત્યુ ને એક વર્ષ થઈ જાય, અને ચાલીસ દિરમ દેણે કવીમાં અને બસો દેણે મુતવસ્સિતમાં વસૂલ થઈ જાય. (રદદુલ મુહતાર)

મસ્અલા-(૧૩૧) : વર્ષ પુરૂં થયા પછી લેણદારે દેવું માફ કરી દીધું અથવા વર્ષ પુરૂં થતા પહેલા ઝકાતનો માલ દાન કરી દીધો, તો ઝકાત રદ થઈ ગઈ. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૧૩૨) : પત્નીએ મહેરના રૂપીયા વસૂલ કરી લીધા, વર્ષ પુરૂ થઈ જવા પછી પતિએ સંભોગ કર્યા પહેલા તલાક આપી દીધી, તો અર્ધી મહેર (પતિને) પાછી આપવી પડશે અને ઝકાત પુરી રકમની વાજિબ છે. અને પતિ પર પાછી લીધા પછીથી વર્ષનો એતેબાર છે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૧૩૩) : એક માનવીએ સ્વીકાર કરી લીધો કે ફલાણનું મારા ઉપર દેવું છે અને તેને આપી પણ દીધું પછી સાલ ભર પછી બંનેએ કહ્યું, '' દેવું ન હતું. '' તો કોઈ ઉપર ઝકાત વાજિબ થઈ નહી. (આલમગીરી) પરંતુ જાહેર એ છે કે, આ તે સ્વરૂપમાં છે જ્યારે કે તેના ખ્યાલમાં દેવું હોય. નહી તો જો કેવળ ઝકાત રદ કરવા માટે આ હીલો કર્યો તો ઈન્દલ્લાહ ધરપકડનો અધિકારી છે,

મસ્અલા-(૧૩૪) : વેપારના માલમાં વર્ષ પુરૂં થયાથી જે કીંમત થશે તેનો એતેબારછે, પરંતુ શરત એ છે કે, વર્ષના આરંભમાં તેની કીંમત બસો દિરમથી ઓછી ન હોય. અને જો વિવિધ પ્રકારની સામગ્રી હોય તો સઘળાંની કીમતોનો સરવાળો સાડાબાવન તોલા ચાંદી અથવા સાડા સાત તોલા સોના જેટલો હોય. (આલમગીરી) અર્થાત જ્યારે કે તેની પાસે એક માલ હોય. અને જો તેની પાસે સોનું ચાંદી તદઉપરાંત હોય તો તેને મેળવીલે.

મસ્અલા-(૧૩૫) : અનાજ અથવા વેપારનો કોઈ માલ વર્ષ પુરૂ થએથી બસો દિરમનો છે, પછી ભાવ વધી ગયા અથવા ઘટી ગયા તો જો તેમાંથી જ ઝકાત આપવા માગે તો જેટલું તે દિવસે હતું તેનો ચાલીસમો ભાગ આપી દે અને જો તે કીમતની કોઈ બીજી વસ્તુ આપવા માગે તો તે કીમત ગણવામાં આવે જે વર્ષ પુરૂ થયા ના દિવસે હતી અને જો તે વસ્તુ વર્ષ પુરૂ થયા ના દિવસે તર (લીલી) હતી હવે સુકાઈ ગઈ, તો પણ એજ કીંમત ગણો જે તે દિવસે સુકી હતી હવે પલળી ગઈ તો આજની કીમત લગાવે. (આલમગીરી)

મસ્અલા-(૧૩૬) : કીંમત તે સ્થળની હોવી જોઈએ જ્યાં માલ છે અને જો માલ જંગલમાં હોય તો તેની નિકટ જે આબાદી છે ત્યાં જે કીમત હોય તેનો એતેબાર છે. (આલમગીરી) જાહેરછે કે, આ તે માલમાં છે જેની જંગલમાં ખરીદ થતી ન હોય અને જો જંગલમાં ખરીદવામાં આવતો હોય, દા.ત. લાકડું અને તે વસ્તુઓ જે ત્યાં પૈદા થાય છે. તો જ્યાં સુધી માલ ત્યાં પડયોછે ત્યાંનીજ કીંમત લગાવવામાં આવે.

મસ્અલા-(૧૩૭) : ભાડે આપવા માટે દેગો હોય તેની ઝકાત નથી. એવીજ રીતે ભાડાના મકાનની ઝકાત નથી. (આલમગીરી)

મસ્અલા-(૧૩૮) : ઘોડાનો વેપાર કરે છે, ઝુલ અને લગામ તથા દોરડા (રસ્સીઓ) વગેરે એટલા માટે ખરીદયા કે, ઘોડાઓના રક્ષણમાં કામ આવશે, તો તેમની સાથે (સમેત) વેચવામાં આવશે, તો તેમની પણ ઝકાત આપે. નાનબાઈ (ભઠીયારો)એ રોટી પકાવવા માટે લાકડાં ખરીદયા અથવા રોટીમાં નાંખવા માટે મીઠું (નમક) ખરીદયું તો તેમની ઝકાત નથી. અને રોટી ઉપર ચોપડવા માટે તેલ ખરીદે, તો તેલોની ઝકાત વાજિબ છે. (આલમગીરી)

મસ્અલા-(૧૩૯) : એક માણસે પોતાનું મકાન ત્રણ વર્ષ માટે વાર્ષિક ત્રણસો (૩૦૦) દિરમના ભાડાથી આપ્યું, અને તેની પાસે બાજું કાંઈ નથી અને જે ભાડા પેટે આવે છે તેને સંઘરી રાખે છે, તો આઠ મહીના પસાર થઈ જવાથી નિસાબનો માલિક થઈ ગયો કે, આઠ મહીનામાં (૨૦૦) દિરમ ભાડાના થયા, માટે આજથી ઝકાતનું વર્ષ શરૂ થઈ ગયું અને વર્ષ પુરૂ થએથી પાંચસો (૫૦૦) દિરમની ઝકાત આપે, કે વીસ મહીનાનું ભાડું પાંચસો થયું . હવે તેના પછી એક વર્ષ બીજું પસાર થયું તો આઠસો (૮૦૦) ની ઝકાત આપે પરંતુ પ્રથમ વર્ષની ઝકાતના સાડા (૧૨-½) દિરમ ઓછા કરવામાં આવે. (આલમગીરી) બલ્કે આઠસોમાં ચાલીસ ઓછીની ઝકાત વાજિબ થશે કે, ચાલીસથી ઓછાની ઝકાત નથી બલ્કે તે માફ છે.

**મસ્અલા-(૧૪૦)**: એક માણસ પાસે કેવળ (૧૦૦૦) એક હજાર દિરમ છે અને બીજો કોઈ માલ નથી, તેણે વાર્ષિક (૧૦૦) સો દિરમના ભાડાથી દસ વર્ષ માટે મકાન લીધું, અને તે સઘળા રૂપીયા ભાડા પેટે મકાન માલિકને આપી દીધા, તો ,પહેલા વર્ષમાં (૯૦૦) નવસો દિરમની ઝકાત આપે કે, ૧૦૦ દિરમ ભાડામાં ગયા, બીજા વર્ષે આઠસોની બલ્કે પહેલા વર્ષની ઝકાતના સાડા બાવીસ દિરમ આઠસોમાંથી ઓછા કરીને, બાકીની ઝકાત આપે એવીજ રીતે દરેક વર્ષમાં સો રૂપીયા અને પાછલા વર્ષની ઝકાતના રૂપીયા ઓછા કરીને બાકીના રૂપીયાની ઝકાત તેના માથે છે. અને મકાન માલિક પાસે પણ જો આ ભાડાના એક હજાર દિરમ સિવાય કાંઈ ન હોય તો, બે વર્ષ સધી કાંઈ ઝકાત નથી બે વર્ષ પસાર થએથી હવે (૨૦૦) બસોનો માલિક થયો. ત્રાણ વર્ષ પર ત્રાણસોની ઝકાત આપે, એવીજ રીતે દરેક વર્ષે સો દિરમની ઝકાત વધતી જશે, પરંતુ આગળના વર્ષોની માત્રા ઝકાત ઓછી કર્યા પછી બાકીની જકાત વાજિબ થશે. મજકુર સુરતમાં જો તે કીમતની કનીઝ ભાડેથી આપી, તો ભાડેદાર પર કાંઈ વાજિબ નથી. અને મકાન માલિક ઉપર એવીજ રીતે વુજુબ છે જે દિરમની સુરતમાં છે. (આલમગીરી)

**મસ્અલા-(૧૪૧)**: વેપાર માટે, ૨૦૦ દિરમની કિંમતનો ગુલામ, ૨૦૦ દિરમમાં ખરીદયો. અને સમન વિક્રેતાને આપી દીધો, પરંતુ ગુલામ પર કબ્જો કર્યોનહીં ત્યાં સુધી કે એક વર્ષ પસાર થઈ ગયું, હવે તે વિક્રેતા ના ત્યાં મૃત્યુ પામ્યો, તો વિક્રેતા તથા ખરીદનાર બંને પર બસો-બસો દિરમની ઝકાત વાજિબ છે. અને જો ગુલામ બસો દિરમથી ઓછી કીંમતનો હતો અને ખરીદનારે બસો પર લીધો તો વિક્રેતા બસો દિરમની ઝકાત આપે અને ખરીદનાર પર કાંઈ નથી. (આલમગીરી)

**મસ્અલા-(૧૪૨)**: સેવા માટેનો ગુલામ હજાર રૂપીયામાં વેચ્યો અને કીંમત પર કબ્જો કરી લીધો. એક વર્ષ પછી તે ગુલામ એબદાર (ખોડ- ખાપણવાળો) નીકળ્યો, તે કારણોસર પાછો આવ્યો. કાઝીએ (ન્યાયાધિશે) પાછો લેવાનો હુકમ આપ્યો હોય અથવા તેણે પોતે પોતાની ખુશીથી પાછો લઇ લીધો હોય, તો (વેચનાર) હજાર રુપીયાની ઝકાત આપે. (આલમગીરી)

**મસ્અલા-(૧૪૩)**: રૂપીયાઓના બદલામાં ભોજન, અનાજ, કપડાં વિગેરે ફકીર (મોહતાજ) ને આપીને માલિક બનાવી દીધો તો ઝકાત અદા થઈ જશે, પરંતુ તે વસ્તુની કીમત જે બજાર ભાવથી થતી હશે તે ઝકાતમાં સમજવામાં આવે. ઉપરનો ખર્ચો દા.ત. બજારથી લાવવામાં જે મજુરી આપી છે. અથવા ગામડામાંથી મંગાવી, તો ભાડુ અને ચુંગી તેમાં ગણીશુ નહી, અથવા રાંધીને આપવમાં આવ્યું તો,રાંધવાનો ખર્ચ અથવા લાકડાઓની કીંમત મજરે ગણે નહીં, બલ્કે તે રાંધેલ વસ્તુની જે કીંમત બજારમાં હોય તેનો એતબાર (ગણના) છે. (દુર્રેમુખ્તાર, (આલમગીરી)

## આશિરનું બયાન

**મસ્અલા-(૧૪૪)**: ''આશિર '' તેને કહે છે જેને બાદશાહે ઈસ્લામે માર્ગ ઉપર નિયુક્ત કરી દીધો હોય કે, વેપારીઓ જે માલ લઈને પસાર થાય, તેમની પાસેથી સદકાઓ વસૂલ કરે. '' **આશિર** '' માટે શર્ત એ છે કે, મુસલમાન આઝાદ (ગેરગુલામ), ગેર હાશમી હોય, ચોર અને ડાકુઓથી માલના રક્ષણ પર શક્તિમાન હોય. (બહર)

**મસ્અલા-(૧૪૫)**: જો રાહદારી એમ કહે કે, મારા આ માલ ઉપર તેમજ ઘરમાં જે હાજર છે. તે પૈકી કોઈ ઉપર એક વર્ષ પુરૂ થયું નથી, અથવા કહે છે કે મેં આમાં વેપારની નિય્યત કરી નથી અથવા કહે કે આ મારો માલ નથી, બલ્કે મારી પાસે અમાનત બતોરે ભાગીદારી (મઝારેબત) છે એ શર્તે કે તેમાં એટલો નફો હોય નહી કે તેનો ભાગ નિસાબ સુધી પહોંચી જાય. અથવા '' મકાતિબ'' અથવા માઝુન (પરવાનેદાર) બતાવે અથવા એટલું જ કહે કે આ માલ ઉપર ઝકાત નથી જો કે કારણ બતાવે નહી, અથવા કહે કે મારા માથે દેવું છે, જે માલની બરાબર છે. અથવા એટલું છે કે તેને કાઢે તો નિસાબ બાકી રહે નહી, અથવા કહે બીજા '' **આશિર**''ને આપી દીધું છે, અને જેને આપવાનું કહે છે, વાસ્તવમાં તે આશિર છે, અને આ આશિરને પણ તેના

આશિર હોવાની ખબર છે અથવા કહે કે શહેરમાં ફકીરો (મોહતાજો)ને ઝકાત આપી દીધી, અને પોતાના બયાન ઉપર સોગંદ ખાય તો તેનું કથન માની લેવામાં આવશે. તેની કાંઈ આવશ્યકતા નથી કે, તેની પાસે તેની રસીદ માંગવામાં આવે કે, રસીદ ક્યારેક બનાવટી પણ હોય છે. અને ક્યારેક ભુલથી રસીદ લેવામાં આવતી નથી, અને ક્યારેક ગુમ થઈ જાય છે, અને જો રસીદ રજુ કરી અને તેમાં તે આશિરનું નામ નથી, જેનું તેણે નામ લીધું, તો પણ સોગંદ લઈને તેનું કથન માની લઈશું અને જો કેટલાક વર્ષો પસાર થઈ ગયા પછી ખબર પડી કે, તે જુઠું બોલ્યો હતો તો હવે તેની પાસેથી ઝકાત લેવામાં આવશે. (આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૪૬)** : જો તે માલ ઉપર વર્ષ પુરૂં થયું નથી, પરંતુ તેના ઘરમાં જે માલ છે તેના ઉપર વર્ષ પસાર થઈ ગયું છે અને આ માલને તે માલની સાથે મેળવી શકતા હોય તો તેનો કોલ (કથન) માનવામાં આવશે નહી. એવીજ રીતે જો એવા " **આશિર** " ને આપ્યાનું બતાવે જેની તેને ખબર નથી અથવા કહે કે કોઈ બદમઝહબને **ઝકાત આપી દીધી** અથવા કહે શહેરમાં ફકીરને આપી નથી, બલ્કે શહેરની બહાર જઈને આપી, તો આ સઘળી હાલતોમાં તેનું કથન માનવામાં આવે નહી. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૪૭)** : " સાંએમા" અને છુપા માલમાં તેની વાત માનવામાં આવશે નહી. અને જે કાર્યોમાં મુસલમાનનું કથન માનવામાં આવે છે, ઝિમ્મી કાફીરનું પણ માની લેવામાં આવશે, પરંતુ એ સ્વરૂપમાં કે શહેરમાં ફકીરને ઝકાત આપવાનું કહે તો તેનું કથન વિશ્વાસ પાત્ર નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૪૮)** : હર્બી કાફીરનું કથન બિલકુલ વિશ્વાસ પાત્ર (માન્ય) નથી. જો કે જે કાંઈ કહે છે તેના ઉપર સાક્ષી રજુ કરે. અને જો કનીઝ (દાસી)ને ઉમ્મુલવલ્દ (પોતાના છોકરાની માં બતાવે અથવા ગુલામને પોતાનો પુત્ર કહે અને તેનું વય તેના યોગ્ય હોય કે તે તેનો પુત્ર હોઈ શકે છે, અથવા કહે કે મેં બીજાને આપી દીધો છે અને જેને બતાવે છે તે ત્યાં હાજર છે, તો આ કાર્યોમાં હર્બીનું કથન પણ માની લેવામાં આવે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૪૯)** : જે માણસ બસો દિરમથી ઓછાનો માલ લઈને પસાર થયો, તો 'આશિર' તેની પાસેથી કાંઈ લેશે નહી, ભલે તે મુસલમાન હોય કે ઝિમ્મી અથવા હરબી ભલે તેના ઘરમાં બીજો માલ હોવું ખબર હોય કે ન હોય. (આલમગીરી)

**મસ્અલા-(૧૫૦)** : મુસલમાન પાસેથી ચાલીસમો ભાગ લેવામાં આવે અને ઝિમ્મી પાસેથી વીસમો અને હરબી પાસેથી દસમો ભાગ લેવામાં આવે. (તનવીર) હરબી પાસેથી દસમો ભાગ લેવું તે સમયે છે, જ્યારે ખબર ન હોય કે હરબીઓએ મુસલમાનો પાસેથી કેટલો લીધો હતો, અને જો ખબર હોય તો જેટલો ભાગ તેમણે લીધો મુસલમાન પણ હરબીઓ પાસેથી એટલો જ લે પરંતુ હરબીઓએ જો મુસલમાનોનો સઘળો માલ લઈ લીધો હોય, તો મુસલમાનો સઘળું ન લે, બલ્કે એટલું છોડી દે કે તેઓ પોતાને ઠેકાણે પહોંચી જાય, અને હરબીઓએ મુસલમાનો પાસેથી કાંઈ લીધું નહી તો મુસલમાન પણ કાંઈ લે નહી. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૫૧)** : હર્બી બાળક અને મકાતિબો પાસેથી કાંઈ લઈશું નહી. મકાતિબો પાસેથી હર્બીઓએ લીધું હોય તો મુસલમાન પણ તેમનાથી લે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૫૨)** : એક વખત જ્યારે હર્બી પાસેથી લઈ લીધું તો બીજીવાર તે વર્ષમાં ન લે, પરંતુ જ્યારે લીધા પછી દારૂલ હર્બમાં પાછો ગયો અને હવે ફરીથી દારૂલ હર્બથી આવ્યો તો બીજીવાર લઈશું. (તનવીરૂલ અબસાર)

**મસ્અલા-(૧૫૩)** : હરબી, દારૂલ ઈસ્લામમાં આવ્યો અને પાછો ગયો, પરંતુ આશિરને ખબર પડી નહી, પછી ફરીથી દારૂલ હર્બથી આવ્યો તો પ્રથમવારનું ના લે. અને જો મુસલમાન અથવા ઝિમ્મીના આવવા-જવાની ખબર ન થઈ અને હવે બીજીવાર આવ્યો તો પ્રથમવારનું લઈશું. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૫૪)** : માઝુન ની સાથે જો તેનો માલિક પણ છે, અને તેના ઉપર એટલું દેવું નથી, જે જાન તથા માલને મુસ્તગરક હોય તો આશિર તેનાથી લેશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૫૫)** : આશિરની પાસે એવી વસ્તુ લઈને

પસાર થયો, જે જલ્દી ખરાબ થનારી છે દા.ત. ફળ-ફળાદિ, તરકારી (શાકભાજી) ખરબુઝહ, તરબુઝ, દુધ વિગેરે જો કે તેની કીંમત નિસાબ જેટલી હોય પરંતુ ઉશર લેવામાં આવે નહી. હા જો ત્યાં ફકીરો (નિર્ધનો) હાજર હોય તો લઈને ફકીરોને વહેંચી દે (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૫૬)** : આશિરે, વધુ માલ ખ્યાલ કરીને ઝકાત લીધી પછી ખબર પડી કે એટલાનો માલ ન હતો, તો જેટલી વધારે ઝકાત લીધી છે આવતા વર્ષમાં ગણના થશે. અને જો ઈરાદાપૂર્વક વધારે લીધી તે ઝકાતમાં ગણાશે નહી કે આ ઝુલ્મ છે. (ખાનિયહ)

## ખાણ અને દફીનાનું બયાન

સહીહ બુખારી તથા મુસ્લિમમાં અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે, રકાઝ (ખાણા)માં ખુમ્સ (૧/૫) છે.

**મસ્અલા-(૧૫૭)** : ખાણમાંથી લોઢું સીસું, તાંબુ, પીતળ, સોનું, ચાંદી નીકળે તો તેમાં ખુમ્સ (પાંચમો-ભાગ) લેવામાં આવશે, અને બાકીનું ખાણમાંથી મેળવનારનું છે. ભલે તે આઝાદ હોય કે ગુલામ, મુસલમાન હોય કે ઝિમ્મી, પુરૂષ હોય કે સ્ત્રી, બાલિગ હોય કે નાબાલિગ, તે ઝમીન જેમાંથી આ વસ્તુઓ નીકળી, ઉશરી હોય કે ખિરાજી. (આલમગીરી) આ તે હાલતમાં છે કે ઝમીન કોઈ વ્યક્તિની માલિકીની ના હોય. દા.ત. જંગલ હોય અથવા પહાડ, અને જો માલિકીની છે તો સઘળું ઝમીન ના માલિકને આપી દેવામાં આવે ખુમ્સ (પાંચમો ભાગ) પણ લેવામાં આવે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૫૮)** : ફીરોઝા તથા યાકુત તથા ઝમર્રદ તથા બીજા જવાહિર (રત્નો) અને સુરમો. ફટકડી, ચુનો, મોતીઓ અને મીઠુ (નમક) વિગેરે વહેનાર વસ્તુઓમાં ખુમ્સ નથી (દુર્રે મુખતાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૫૯)** : મકાન અથવા દુકાનમાં ખાણ નીકળી, તો ખુમ્સ (૧/૫) ન લેવામાં આવે, બલ્કે સઘળું માલિકને આપવામાં આવે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૬૦)** : ફીરોઝો, યાકુત, ઝમર્રદ વિગેરે રત્નો ઈસલામી રાજ્ય અગાઉથી દાટેલા હતા અને હવે નીકળ્યા તો ખુમ્સ લેવામાં આવશે કે આ ગનીમતનો માલ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૬૧)** : મોતી અને તે સિવાય જે કાંઈ દરમિયામાથી નીકળે, ભલે ને સોનું કે જે પાણીના તળીયે હતું, સઘળું મેળવનાર (કાઢનાર)નું છે એ શર્તે કે તેમાં કોઈ ઈસ્લામી ચિન્હ ન હોય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૬૨)** : જે દફીના (ધરતીમાં દાટેલો ખજાનો)માં ઈસ્લામી નિશાની દેખવામાં આવે, ભલે તે રોકડ હોય કે હથિયાર અથવા ઘરગૃહસ્થીનો સામાન વિગેરે તે પડેલા માલના હુકમમાં છે. અર્થાત મસ્જિદો બજારોમાં તેનું એલાન એટલા દિવસો સુધી કરે કે ખાત્રી થઈ જાય કે, હવે તેનો શોધનાર મળશે નહીં ત્યાર પછી ગરીબોને આપી દે અને જો પોતે નિર્ધન હોય તો પોતાના કામમાં લે. અને જો તેમાં કુફ્રના ચિન્હ હોય દા.ત. મૂર્તિનું ચિત્ર હોય અથવા કાફિર બાદશાહનું નામ તેના ઉપર લખેલું હોય, તો તેમાંથી ખુમ્સ લેવામાં આવે. બાકીનું જેને મળ્યું હોય તેને આપી દેવામાં આવે. ભલે પોતાની જમીનમાંથી મળ્યું હોય કે બીજાની જમીનમાંથી અથવા મુબાહ જમીનમાંથી. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૬૩)** : હરબી કાફિરે દફીનો કાઢયો તો તેને કાંઈ આપવામાં આવે નહી, અને તેણે જે લીધું છે તે પાછું લેવામાં આવે. હાં, જો ઈસ્લામી બાદશાહના હુકમથી ખોદીને કાઢયું તો જે રકમ ઠેરવી છે તે આપીશું (આલમગીરી)

**મસ્અલા-(૧૬૪)** : દફીનો કાઢવામાં બે માણસોએ કામ કર્યું તો ખુમ્સ (૧/૫) પછી બાકીનું તેને આપીશું જેને જડયું જો કે બંનેએ ભાગીદારીથી કામ કર્યું છે કે, આ ભાગીદારી (શિરકત) ફાસિદ છે અને જો ભાગીદારીની હાલતમાં બંનેને મળ્યું અને ખબર નથી કે કોને કેટલું મળ્યુંછે તો અર્ધા-અર્ધાના ભાગીદાર છે. અને આ સ્વરૂપમાં જો એકને જડયું અને બીજાએ મદદ કરી, તો તે પામનારનું છે. અને મદદગારને કામની મજુરી આપવામાં આવશે. અને જો દફીનો કાઢવા માટે મજુર રાખયો તો જે નીકળશે મજુરને મળશે વેપારીને

કાંઈ નહી કેમકે આ ગલત ઈજારો છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૬૫) :** દફીનામાં ન ઈસ્લામી ચિન્હ છે નકુફ્રનું ચિન્હ છે તો કુફ્રી યુગનું ઠેરવવામાં આવે. (આલમગીરી)

**મસ્અલા-(૧૬૬) :** '' દારૂલ હર્બના રણપ્રદેશમાંથી જે કાંઈ નીકળ્યું ખનિજ હોય કે દફીનો, તેમાં ખુમ્સ નથી, બલ્કે તમામ પામનારને મળશે. અને જો કેટલાએ લોકો ગલબાની રીતે કાઢી લાવ્યા તો તેમાં ખુમ્સ લેવામાં આવશે, કે આ ગનીમત છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૬૭) :** મુસલમાન દારૂલ હર્બમાં અમન લઈને ગયો અને ત્યાં કોઈની માલિકીની જમીનમાંથી ખઝાનો અથવા ખાણ કાઢી તો જમીનના માલિકને પાછું આપે,અને જો પાછું ન આપ્યું બલ્કે દારૂલ ઈસ્લામમાં લઈ આવ્યો તો એજ પોતે માલિક છે, પરંતુ મિલ્કત ખબીસ (અશુધ્ધ)છે. માટે તસદદુક (સદકો) કરી દે. અને વેચી નાખ્યું તો વેચાણ સહીહ છે, પરંતુ ખરીદનાર માટે પણ ખબીશ છે, અને જો અમાન લઈને ગયો ન હતો, તો આ માલ તેના માટે હલાલ છે. ન પાછું આપે ન તેમાં ખુમ્સ લેવામાં આવે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૬૮) :** ખુમ્સ, ગરીબોનો હક્ક છે કે બાદશાહે ઈસ્લામ તેમના ઉપર ખર્ચ કરે, અને જો તેણે પોતે ગરીબોને આપી દીધું, તો પણ જાઈઝ છે. બાદશાહે ઈસલામને ખબર પહોંચે તો તેને યથાવતરાખે અને તેના અધિકારને લાગુ કરી દે, અને જો તે પોતે નિર્ધન છે તો હાજત જેટલું પોતાના ખરચમાં લઈ શકે છે અને જો ખુમ્સ કાઢ્યા પછી ૨૦૦ દિહમ જેટલું બાકી છે તો ખુમ્સ પોતાના ઉપયોગમાં લાવી શકતો નથી, કે હવે તે ફકીર નથી, હાં જો દેવાદાર હોય તે દેવું કાઢ્યા પછી બસો દિરહમ જેટલું બાકી રહેતું નથી તો ખુમ્સ પોતાના ઉપયોગમાં લઈ શકે છે અને જો માં-બાપ અથવા ઔલાદ જો ગરીબ છે, તો તેમને ખુમ્સ આપી દે, તો એ પણ જાઈઝ છે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

## ઝેરાઅત (કૃષિ) અને ફળોની ઝકાત :

અલ્લાહ અઝઝવજલ્લ ફરમાવે છે :- **'' વ આતુ હક્કહુ યૌમ હસાદેહિ** (અર્થ : ખેતી કાપવાના દિવસે તેનો હક્ક અદા કરો) સહીહ બુખારી શરીફમાં, ઈબ્ને ઉમર રદીયલ્લાહો અન્હોમાંથી રિવાયત છે કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, જે જમીન ને આકાશ અથવાં ઝરણાઓએ તૃપ્ત કરી અથવા ઉશરી અર્થાત નહેરના પાણીથી તેને તૃપ્ત કરતા હોય તો તેમાં ઉશ્રછે (૧/૧૦) અને જે જમીનના તૃપ્ત કરવા માટે જાનવર પરપાણી લાદીને લાવતા હોય તેમાં અર્ધુ ઉશર (૧/૨૦) અર્થાત વીસમો ભાગછે. ઈબ્ને નજ્જાર, હઝરત અનસ રદીયલ્લાહો અન્હોથી રાવી કે, હુઝુર ફરમાવે છે કે, દરેક તે વસ્તુમાં જેને જમીને કાઢ્યું, તેના પર ઉશર અથવા અર્ધુ ઉશ્ર છે.

## ફિકીહી મસાઈલ

જમીન ત્રણ પ્રકારની હોય છે. (૧) ઉશ્રી (૨) ખિરાજી અને (૩) ન ઉશરી ન ખિરાજી. એક નંબર તથા ત્રણ નંબર બંનેનો હુકમ એક જ છે. અર્થાત ઉશર (૧/૧૦) આપવું હિન્દુસ્તાનમાં મુસલમાનોની જમીનો ખિરાજી સમજવામાં આવશે નહી, જ્યાં સુધી કે કોઈ ખાસ જમીન સંબંધે ખિરાજી હોવું શરઈ દલીલથી સાબિત ન થઈ જાય. ઉશરી જમીન હોવાના કેટલાએ સ્વરૂપો છે. દા.ત, મુસલમાનોએ કોઈ દેશ પર વિજય પ્રાપ્ત કર્યો અને જમીન મુજાહિદોમાં વહેંચાઈ ગઈ, અથવા ત્યાંના લોકો સ્વયં મુસલમાન થઈ ગયા, અને યુધ્ધની નોબતના આવી. (લડવું પડયું નહીં) અથવા તે જમીન ઉશ્રી જમીનની નિકટ આવેલી હતી, તેને ખેતીલાયક બનાવી અથવા તે પડતર જમીનને ખેતર બનાવ્યું. જે ઉશ્રી ખિરાજી તથા બંનેથી નિકટતા તથા દુરીનો એક સરખો સંબંધ ધરાવેછે. અથવા તે ખેતરને ઉશ્રી પાણીથી તૃપ્ત કર્યુ અથવા મુસલમાને પોતાના મકાનને બાગ અથવા ખેતર બનાવી લીધું અને તેને ઉશ્રી તથા ખિરાજી તથા ઉશ્રી બંનેથી અથવા ઉશ્રી ઝમીન કાફિર ઝિમ્મીએ ખરીદી મુસલમાને પાડોશી હકમાં તેને લઈ લીધી અથવા સોદો કેનસલ થઈ ગયો અથવા ખેયારે શર્ત અથવા ખેયારે રૂઈયત ના કારણે પાછી આવી અથવા ખેયારે એબ ન કારણે કાઝીના હુકમથી પાછી આવી, અને બીજી કેટલીએ સૂરતોમાં ખિરાજી છે દા.ત. વિજય મેળવી ત્યાંના જ લોકોને અહેસાન (ભલાઈની રૂએ) તરીકે

પાછી આપી અથવા બીજા ફકીરોને આપી દીધી અથવા તે દેશ સુલેહની રીતે ફતેહ કરવામાં આવ્યા અથવા ઝિમ્મીએ મુસલમાન પાસેથી ઉશરી જમીન ખરીદી લીધી અથવા ખિરાજી જમીન મુસલમાને ખરીદી અથવા તેને મુસલમાને આબાદ કરી અને તે ખિરાજી જમીનના પાસે હતી અથવા તેની ખિરાજી પાણીથી સીંચાઈ કરી, ખિરાજી જમીન જો કે ઉશરી પાણીથી સીંચાઈ કરવામાં આવે ખિરાજી જ રહેશે. અને ખિરાજી તથા ઉશરી બંને ન હોય દા.ત. મુસલમાનોએ ફતેહ કરીને પોતાના માટે કયામત સુધી બાકી રાખી અથવા તે જમીનના માલિકો મરી ગયા અને જમીન બયતુલમાલની માલિકીની થઈ ગઈ.

**મસ્અલા-(૧૬૯)** : ખિરાજના બે પ્રકાર છે, (૧) ખિરાજે મુકાસિમા કે ઉત્પાદનનો કોઈ ભાગ અર્ધો અથવા ત્રીજો અથવા ચોથાઈ વિગેરે મુકર્રર હોય દા.ત. હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ખૈબરના યહુદીઓ પર મુકર્રર કર્યો હતો.

(૨) ખિરાજે મુઅઝઝફ કે એક માત્રા લાઝિમ કરી દેવામાં આવે ભલે રૂપીયા જ હોય. દા.ત. વાર્ષિક બે રૂપીયા વીધા અથવા બીજું કાંઈ જેવું કે ફારૂકે આઝમ રદીયલ્લાહો અન્હો એ મુકર્રર કર્યો હતો.

**મસ્અલા-(૧૭૦)** : જો ખબર હોય કે ઈસ્લામી રાજ્યમાં આટલું ખિરાજ મુકર્રર હતું તો એજ આપે, એ શર્તે કે ખિરાજ મોઅઝફ (ઉપર મુજબ) માં જ્યાં જ્યાં ફારૂકે આઝમ રદીયલ્લાહો અન્હોથી માત્રા મન્કુલ છે, તેના કરતાં વધારે ન હોય અને એ પણ શર્ત છે કે જમીન તેટલું ઉત્પાદન કરવાની શક્તિ પણ ધરાવતી હોય. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૭૧)** : જો ખબર ન હોય કે ઈસ્લામી રાજ્યમાં શું મુકર્રર હતું તો જ્યાં જ્યાં ફારૂકે આઝમ રદીયલ્લાહો અન્હોએ મુકર્રર કરી દીધું છે તે આપે અને જ્યાં મુકર્રર કર્યું ન હોય ત્યાં અર્ધું આપે. (ફતાવા રિઝવીયા)

**મસ્અલા-(૧૭૨)** : ફારૂકે આઝમ રદીયલ્લાહો અન્હોએ એ મુકર્રર કર્યું હતું કે, દરેક પ્રકારના અનાજમાં દર જરીબે એક દિરમ અને તે અનાજ નો એક સાઅ અને ખરબૂઝા, તરબુઝાના પાલીઝ અને ખીરા (ચીભડા) કાકડી રેંગણાં વિગેરે શાકભાજીઓમાં દર જરીબે પાંચ દિરમ, અંગુર (દ્રાક્ષ) તથા ખારેકના બગીચાંઓમાં જેની અંદર ખેતી થઈ શકે નહી. દસ દિરમ, પછી જમીનની હેસિયત અને તે માણસની શક્તિનો એતબાર છે. તેનો એતબાર નથી કે, તેણે શું વાવ્યું અર્થાત જે જમીન જે વસ્તુના વાવવાને લાયક છે અને તે માણસ તે વાવવા પર શક્તિમાન છે, તો તેના એતબારથી ખિરાજ (વેરો) અદા કરે. દા.ત. દ્રાક્ષ વાવી શકે છે, તો દ્રાક્ષના ખિરાજ આપે ભલેને તે ઘઉં વાવે. અને ઘઉંના યોગ્ય છે, તો તેનો ખિરાજ અદા કરે ચાહે તે જવ વાવે. " **જરીબની માત્રા, અંગ્રેજીવારથી ૩૫ વાર લાંબી ૩૫ વારે પહોળી છે.** અને સાઅ બસો અઠયાસી (૨૮૮) રૂપીયા ભાર અને દસ દિરમ ના ૧૨, ૯ - ૩/૫ પાઈ ૬, ૪, ૬/૫ પાઈ, અને એક દિરમ ૪, ૫, ૧૯/૨૫ પાઈ છે. (બહારે શરીઅત)

**મસ્અલા-(૧૭૩)** : જ્યા ઈસ્લામી રાજ્ય ન હોય ત્યાંના લોકો સ્વંય રીતે ફકીરો વિગેરે જે ખિરાજના લાયક છે તેમના ઉપર ખરચ કરે.

**મસ્અલા-(૧૭૪)** : ઉશરી જમીનથી એવી વસ્તુ પૈદા થઈ જેની ખેતીથી ધ્યેય જમીનથી નફો પ્રાપ્ત કરવું છે, તો તે ઉત્પાદનની ઝકાત ફર્ઝ છે. અને તે ઝકાતનું નામ ઉશર છે અર્થાત દસમો ભાગ કે અકસર હાલતોમાં દસમો (૧/૧૦) ભાગ ફર્ઝ છે, જો કે કેટલીક હાલતોમાં અર્ધ ઉશર (૧/૨૦) અર્થાત વીસમો ભાગ લેવામાં આવશે. (આલમગીરી, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૭૫)** : ઉશર વાજિબ થવા માટે આકિલ બાલિગ હોવું શર્ત નથી, ગાંડા અને નાબાલિગની જમીનમાં જે કાંઈ પેદા થયું તેમાં પણ ઉશર વાજિબ છે. (આલમગીરી વિગેરે)

**મસ્અલા-(૧૭૬)** : જો સ્વચ્છાએ ઉશરના આપે તો બાદશાહે ઈસ્લામ બળજબરીએ ઉશર લઈ શકે છે. અને તે હાલતમાં પણ ઉશર અદા થઈ જશે. પરંતુ સવાબના હકદાર નથી. અને સ્વછાએ અદા કરે તો સવાબના પણ હકદાર છે. (આલમગીરી વિગેરે)

**મસ્અલા-(૧૭૭)** : જેના ઉપર ઉશર વાજિબ થયું તેનું અવસાન થઈ ગયું, અને ઉત્પાદન હાજર છે તો તેમાંથી ઉશર લેવામાં આવશે. (આલમગીરી)

**મસ્અલા-(૧૭૮)** : ઉશરમાં વર્ષ પુરૂં થવું પણ શર્ત

નથી, બલ્કે વર્ષમાં કેટલીકવાર એક ખેતરમાં ખેતી થઈ તો દરેક વખતે ઉશર વાજિબછે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૧૭૯) : આમાં નિસાબ પણ શર્ત નથી એક સાઅ પણ ઉત્પાદન થાય, તો તેના પર ઉશર વાજિબ છે. અને તે શર્ત પણ નથી કે, તે વસ્તુ બાકી રહેનાર હોય. અને એ શર્ત પણ નથી કે ખેડુત જમીનનો માલિક હોય. ત્યાં સુધી કે મકાતિબ (ગુલામ) તથા માઝુને (ગુલામ) ખેતી કરી તો તે પૈદાવાર ઉપર પણ ઉશર વાજિબછે, બલ્કે વકફની જમીનમાં ખેતી થઈ, તો તેના ઉપર પણ ઉશર વાજિબ છે. ભલે ખેતી કરનાર વકફવાળા હોય અથવા મજુરી પર ખેતી કરી. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૧૮૦) : જે વસ્તુઓ એવી હોય કે તેના ઉત્પાદનથી જમીનના નફાઓ પ્રાપ્ત કરવું ધ્યય ન હોય તેમાં ઉશર નથી. જેવું કે એધણ, ઘાસ નરકુલ, સંઠા ઝાઉ, ખજુરના પાંદડા, ખતમી, કપાસ, રેગણના છોડ, ખરબુઝ તરબુઝ, ખારા, કાકડીના બીજ, એવી જ રીતે દરેક પ્રકારના શાકભાજીઓના બીજ કે તેમની ખેતીથી શાકભાજીઓ ધ્યય હોય છે, બીજ મકસુદ હોતો નથી. એવી જ રીતે જે બીજ દવા માટે દા.ત. કન્દર મેથી, કલોંજી, નરકુલ, ઘાસ, બદ, ઝાવ વિગેરેથી જમીનના નફા પ્રાપ્ત કરવું ધ્યય હોય અને જમીન તેમના માટે ખાલી રહવા દીધી, તો તમનામાં પણ ઉશર વાજિબછે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર વિગેરે)

મસ્અલા-(૧૮૧) : જે ખેતર વરસાદ અથવા નહેરનાળાના પાણીથી સીંચાઈ કરવામાં આવે તેમાં ઉશર અર્થાત દસમો ભાગ વાજિબ છે. અને જેનું સીંચન કોસથી અથવા ડોલથી થાય તેમાં અર્ધુ ઉશર અર્થાત વીસમો ભાગ ૧/૨૦ વાજિબ અને પાણી વેચાતું લઈને સીંચન થાય અર્થાત તે પાણી કોઈની માલિકીનુંછે તેનાથી ખરીદીને સીંચન કર્યું તો પણ અર્ધુ ઉશર વાજિબ છે. અને જો તે ખેતર કેટલાક દિવસ વરસાદના પાણીથી તૃપ્ત કરવામાં આવે છે. અને કેટલાક દિવસો ડોલ, કોસથી, તો જે અકસર વરસાદના પાણીથી કામ લેવામાં આવે છે અને કયારેક કયારેક ડોલ, કોશથી તો ઉશર વાજિબ છે. નહી તો અર્ધુ ઉશર વાજિબ થશે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૧૮૨) : ઉશરી જમીન અથવા પહાડ અથવા જંગલમાં મધ થયું, તેના ઉપર ઉશર વાજિબ છે. એવી જ રીતે પહાડ અને જંગલના ફળોમાં પણ ઉશર વાજિબ છે, એ શર્તે કે બાદશાહે ઈસ્લામે હરબીઓ અને ડાકુઓ અને. બળવાખોરોથી તેમનું રક્ષાણ કર્યું હોય. નહી તો કાંઈ નહી. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૧૮૩) : ઘઉં, જવ, જવાર, બાજરો, ધાન (ચાવલ) અને દરેક પ્રકારના અનાજ અને અળસી, કુસુમ, અખરોટ, બદામ, અને દરેક પ્રકારના મેવા, કપાસ, કુલ, શેરડી, ખરબુઝ, તરબુઝ, ખીરા, કાકડી, રેગણાં, અને દરેક પ્રકારની શાકભાજી આ સઘળામાં ઉશર વાજિબ છે. થોડું પૈદા થાય કે વધારે. (આલમગીરી)

મસ્અલા-(૧૮૪) : જે વસ્તુમાં ઉશર અથવા અર્ધુ ઉશર વાજિબ થયું તેમાં કુલ ઉત્પાદનનું ઉશર અથવા અર્ધુ ઉશર લેવામાં આવશે. એમ થઈ શકતું નથી કે, ખેતીનો ખર્ચ હળ, બળદ, રક્ષાણ કરનાર અને કામ કરનારઓનો ખર્ચ અથવા બીજ વિગેરે કાઢીને, બાકી રહેલાનું ઉશર અથવા અડધું ઉશર આપવામાં આવે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૧૮૫) : ઉશર કેવળ મુસલમાનો પાસેથી લેવામાં આવશે, ત્યાં સુધી કે ઉશરી જમીન મુસલમાન પાસેથી ઝિમ્મીએ ખરીદી લીધી અને કબ્જો પણ કરી લીધો તો હવે ઝિમ્મી પાસેથી ઉશર લેવામાં આવશે નહી. બલ્કે ખિરાજ લેવામાં આવે, (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૧૮૬) : ઝિમ્મીએ મુસલમાન પાસેથી ઉશરી જમીન ખરીદી, પછી કોઈ મુસલમાને શુફ્આ (શફીલ હકમાં) માં તે જમીન લઈ લીધી અથવા કોઈ કારણોસર વેચાણ રદ થઈ ગયું હતું અને વિક્રેતાની પાસે પાછી ફરી અથવા વિક્રેતાને ખિયાર શર્ત હતો અથવા કોઈને ખિયારે રદીયત હતું તે કારણે પાછી ફરી અથવા મુશ્તરી (ખરીદનાર) ને ખિયારે એબ હતું અને કાઝી (ન્યાયાધીશ)ના હુકમથી પાછી આવી. આ સઘળી હાલતોમાં તે ફરી ઉશરી જ છે. અને જો ખેયારે એબમાં કાઝીના હુકમ વગર પાછી ફરી, તો હવે ખિરાજી જ રહેશે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૧૮૭) : મુસલમાને પોતાના ઘરને બગીચો બનાવી લીધો જો તેમાં ઉશરી પાણી આપે છે, તો ઉશરી છે, અને ખિરાજી પાણી આપેછે, તો ખિરાજી અને બંને પ્રકારના પાણી આપેછે તો પણ ઉશરી. અને ઝિમ્મીએ પોતાના ઘરને બગીચો બનાવ્યો તો સર્વથા ખિરાજ લઈશું. આકાશ અને

કુવા અને ઝરણાં અને નદીનું પાણી ઉશરી છે અને જે નહેર અજમીઓએ ખોદી તેનું પાણી ખિરાજી છે. કાફિરોએ કુવો ખોદયો હતો અને હવે મુસલમાનોના કબ્જામાં આવી ગયો અથવા ખિરાજી જમીનમાં ખોદવામાં આવ્યો તે પણ ખિરાજી છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૮૮)** : મકાન અથવા મકબરામાં જે ઉત્પાદન થાય તેમાં ન ઉશર છે ન ખિરાજ. (દુર્રે મુખ્તાર,)

**મસ્અલા-(૧૮૯)** : ઝફત (ડામર) અને નફત (એક પ્રકારનું તેલ) ના ઝરણા ઉશરી જમીનમાં હોય અથવા ખિરાજીમાં. તેઓમાં કાંઈ લેવામાં આવશે નહીં. અલબત જો ખિરાજી જમીનમાં હોય અને આસપાસની જમીન ખેતી લાયક હોય તો તે જમીનનું ખિરાજ લેવામાં આવશે. ઝરણાનું નહીં. અને ઉશરી જમીનમાં હોય તો જ્યાં સુધી આસપાસની જમીનમાં ખેતી થાય નહીં, કાંઈ લેવામાં આવશે નહીં. કેવળ ખેતીલાયક હોવું કાફી નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૯૦)** : જે વસ્તુ જમીનના તાબે, હોય દા. ત. વૃક્ષ અને જે વસ્તુ વૃક્ષમાંથી નીકળે દા. ત. ગુંદર તેમાં ઉશર નથી. (આલમગીરી)

**મસ્અલા-(૧૯૧)** : ઉશર તે સમયે લેવામાં આવશે જ્યારે ફળ ઉગી નીકળે અને કામને લાયક થઈ જાય અને ફસાદ (બગાડ)ની આશંકા જતી રહે. જો કે હજુ તોડવા લાયક થયા હોય નહીં. (જવહરહ વિગેરે)

**મસ્અલા-(૧૯૨)** : ખિરાજ અદા કરવાથી પહેલા તેની આવક ખાવું હલાલ નથી. એવી જ રીતે ઉશર અદા કરવાથી પહેલા માલિકે તેમાંથી ખાવું હલાલ નથી, ખાશે તો ઝમાનત આપશે. એવી જ રીતે જો બીજાને ખવડાવ્યું તો એટલાના ઉશરનું તાવાન (દંડ) આપે. અને જો એવો ઈરાદો છે કે તમામનું ઉશર અદા કરી દેશે તો ખાવું હલાલ છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૯૩)** : બાદશાહે ઈસ્લામને અધિકાર છે કે ખિરાજ લેવા માટે અનાજને રોકી લે. માલિકને વાપરવા (કબ્જો કરવા) દે નહી અને જો તેણે કેટલાએ વર્ષોનો ખિરાજ આપ્યો ન હોય તો આગલા વર્ષોનો માફ છે, વિવશ ન હોય તો લેવાશે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૯૪)** : ખેતી કરવા પર શકિતમાન છે અને વાવણી કરી નહીં તો ખિરાજ વાજિબ છે અને જ્યાં સુધી ખેતી કરે નહીં ઉત્પાદન થાય નહી ઉશર વાજિબ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૯૫)** : ખેતરની વાવણી કરી પરંતુ ખેતી નષ્ટ થઈ ગઈ. દા. ત. ખેતી ડુબી ગઈ અથવા બળી ગઈ અથવા તીડો ખાઈ ગયા અથવા પાલા અને લુ થી નષ્ટ થઈ ગઈ તો ઉશર તથા ખિરાજ બંને સાકિત (રદ) છે, જ્યારે કે તમામ નષ્ટ થઈ ગઈ. અને જો થોડીક બાકી રહી છે તો તે બાકી રહેલાનું ઉશર લેવાશે અને જો ચોપગાં જાનવરો ખાઈ ગયાં તો સાકિત નથી, અને સાકિત થવા માટે એ પણ શરત છે કે, તેના પછી તે વર્ષમાં તેમાં બીજી ખેતી તૈયાર થઈ શકે નહી. અને એ પણ શરત છે કે, તોડવા અથવા કાપવાથી પહેલા નષ્ટ થાય, નહી તો સાકિત નથી. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૯૬)** : ખિરાજી જમીન કોઈએ ગસબ કરી (દબાવી પાડી) અને ગસબનો ઈન્કાર કરે છે, અને માલિક પાસે સાક્ષી પણ નથી તો જોતે ખેતી કરે તો તેનો ખિરાજ ગસબ કરનાર ઉપર હશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૯૭)** : બયએ વફા અર્થાત જે વેચાણમાં એ શરત હોય કે વિક્રેતા જ્યારે સમન ખરીદનારને પાછો આપશે તો ખરીદનાર વેચાણ પાછું ફેરવશે, તો જ્યારે ખિરાજી જમીન આવી રીતે કોઈને હાથે વેચે અને વિક્રેતાના કબ્જામાં જમીન છે, તો ખિરાજ વિક્રેતા પર છે અને જો ખરીદનારના કબ્જામાં હોય અને ખરીદનારે વાવેતર પણ કર્યું તો ખિરાજ ખરીદનાર પર છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૯૮)** : તૈયાર થતા પહેલા ખેતી વેચી નાખી, તો ઉશર ખરીદનાર પર છે. જો કે ખરીદનારે શરત કરી કે, પાકવા સુધી ખેતી કાપવામાં આવે નહીં, બલ્કે ખેતરમાં જ રહે અને વેચતા સમયે ખેતી તૈયાર હતી તો ઉશર વિક્રેતા પર વાજિબ છે, અને જો જમીન તથા ખેતી બંને અથવા કેવળ જમીન વેચી અને તે હાલતમાં વર્ષ પુરુ થવામાં એટલો સમય બાકી છે કે, ખેતી થઈ શકે તો ખિરાજ ખરીદનાર ઉપર છે. નહીં તો વિક્રેતા પર. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૯૯)** : ઉશરી જમીન આરીયતન (થોડાક સમય માટે) આપી, તો ઉશર ખેડુત (જમીન ખેડનાર) ઉપર

છે, જમીન માલિક ઉપર નહીં. અને કાફિરને આરીયત (થોડાક સમય માટે) આપી, તો ઉશર માલિક ઉપર છે. (આલમગીરી વિગેરે)

**મસ્અલા-(૨૦૦) :** ઉશરી જમીન બટાઈ પર (ભાગે) આપી તો ઉશર બંને ઉપર છે અને ખિરાજી જમીન બટાઈ પર (ભાગે) આપી તો ખિરાજ માલિકના માથે છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૨૦૧) :** જે જમીન ખેતી માટે રોકડ ઉપર આપવામાં આવે છે, ઈમામ (ઈમામે આઝમ)ની નજીક તેનું ઉશર જમીનદાર પર છે, અને અને સાહેબૈન (ઈમામ અબુયુસુફ અનુ ઈમામ મુહમ્મદ)ની નજદીક ખેડુત ઉપર છે, અને અલ્લામા 'શાર્મ' એ એ રિસર્ચ કર્યું કે, જમાનાની હાલતની ગણનાએ હવે સાહેબૈનના કથન પર અમલ છે.

**મસ્અલા-(૨૦૨) :** ગર્વમેન્ટને જે ભૂમિકર (વિઘોટી) આપવામાં આવે છે. તેનાથી શરઈ ખિરાજ અદા થતો નથી, બલ્કે તે માલિકના માથે છે. તેનું અદા કરવું જરૂરી છે. અને ખિરાજનો મશરફ (ખર્ચ કરવાનું સ્થાન) કેવળ ઈસ્લામી લશ્કર નહી, બલ્કે તમામ ઉદ્દેશ્ય સર્વ મુસલમાન છે. જેમાં મસ્જિદની તઅમીર તથા મસ્જિદનો ખર્ચ, ઈમામ તથા મોઅઝઝિનના પગાર, મુદર્રિસોનો પગાર, ઈલ્મેદીન તથા તુલ્બાઓની દેખભાળ અહલે સુન્નતના ઉલ્મા તથા દીનના રક્ષકો જેઓ વાઅઝ કરે છે, તેમની ખિદમત અને ઈલ્મેદાનની તાલીમ આપનાર અને ફત્વાના કામમાં (લિલ્લાહ) મશગુલ રહેવાની પાછળ અને પુલ તથાં મુસાફિરખાના બનાવવામાં પણ ખર્ચ કરી શકાય છે. (ફતાવા રિઝવિયા)

**મસ્અલા-(૨૦૩) :** ઉશર લેવાથી પહેલા અનાજ વેચી નાખ્યું, તો મુસાદ્દિક (સદકો વસુલ કરનાર)ને અધિકાર છે કે, ઉશર ખરીદનાર પાસેથી લે, અથવા વિક્રેતા પાસેથી. અને જો જેટલી કીંમત હોવી જોઈએ તેનાથી અધિક પર વેચ્યું તો મુસદ્દિકને અખત્યાર છે કે, અનાજનું ઉશર લે અથવા સમનનું ઉશર લે. અને જો ઓછી કીમતે વેચ્યું છે, અને એટલી કમી છે કે, લોકો એટલા નુકસાનથી વેચતા નથી, તો અનાજનું જ ઉશર લેશે. અને તે અનાજ રહ્યું નહી, તો તેનું ઉશર ઠેરવી વિક્રેતાથી લે અથવા તેની વાજિબ કીંમત. (આલમગીરી)

**મસ્અલા-(૨૦૪) :** અંગુર (દ્રાક્ષ) વેચી નાખ્યા તદ સમનનું ઉશર લે અને શીરો કરીને વેચ્યા તો તેની કીમતનું ઉશર લે. (આલમગીરી)

## ઝકાતનો માલ ક્યા લોકો પર ખર્ચ કરવામાં આવે ?

અલ્લાહ અઝઝવજલ ફરમાવે છે —

**" ઈન્નમર સદકાતો લિલ્ફોકરાએ વલ્મ સાકીને વલ્આમેલ નાઅલયહા વલ્મુઅલ્લફતે કોલુબોહુમ વ ફીર્રેકાબે વલ્ગરિર્મન વફી સબીલિલ્લાહે વબ્નીરસબીલે ફર્રદતમ મિનલ્લાહે. વલ્લાહો અલેમુન હકીમ. "**

તરજુમો :- સદકા, ફકીરો તથા મિસ્કીનો (ગરીબો) માટે છે. અને તેમના માટે કે જે આ કામ પર નિયુક્ત છે, અને તેઓ જેમના હ્રદયોનું આકર્ષવું ધ્યેય છે, અને (ગુલામીમાંથી) મુક્તિ આપવવામાં અને તાવાનવાળા માટે, અને અલ્લાહના માર્ગમાં અને મુસાફિર માટે, આ અલ્લાહ તરફથી નિયુક્ત કરવું છે અને અલ્લાહ ઈલ્મ તથા હિકમતવાળો છે.)

**હદીસ - (૧) :** સુનન અબુદાઉદમાં ઝિયાદબિન હારિસ સોદાઈ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, અલ્લાહ તઆલાએ સદકાઓને નબી અથવા કોઈ બીજાના હુકમ પર રાખ્યા નથી બલ્કે તેણે ખુદ તુનો હુકમ બયાન ફરમાવ્યો અને તેના આઠ ભાગ કર્યા.

**હદીસ - (૨) :** ઈમામ અહમદ, અબુદાઉદ તથા હાકિમ અબુસઈદ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, રસુલુલ્લાહ સલ્લલાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે ગની (ધનાઢય) માટે સદકો હલાલ નથી, **પરંતુ પાંચ શખ્સો માટે હલાલ છે.**

(૧) અલ્લાહની રાહમાં જેહાદ કરવાવાળો.

(૨) સદકા પર આમિલ (સદકો વસુલ કરનાર)

(૩) તાવાન (દંડ) વાળા માટે.

(૪) જેણે પોતાના માલથી ખરીદી લીધું હોય

(૫) મિસ્કીન (નિર્ધન) ને સદકો આપવામાં આવ્યો અને તે મિસ્કીને પોતાના માલદાર પાડોસીને ભેટ આપી દીધો.

વધુમાં અહમદ તથા બયહકીની બીજી રિવાયતમાં,

મુસાફિર માટે પણ જાઈઝ હોવું આવ્યું છે.

**હદિસ - (૩) :** બયહકીએ હઝરત મૌલા અલી રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરીકે, ફરમાવ્યું : સદકએ મફરૂઝા (ફર્ઝ કરેલ)માં ઔલાદ અને વાલિદનો હક્ક નથી.

**હદીસ - (૪) :** તિબ્રાની, કબીરમાં ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોથી રાવી કે, હુઝુરે ફરમાવ્યું -અય બની હાશિમ ! પોતાના નફસ પર સબ્ર કરો કારણ કે સદકાઓ આદમીઓનાં ધોવણ (મેલ) છે.

**હદીસ - (૫ થી ૭) :** ઈમામ અહમદ તથા મુસ્લિમ મુત્તલિબ બિન રબીઅહ રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝુરે ફરમાવ્યું - **આલે મોહમ્મદ !** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માટે સદકો જાયઝ નથી, કે એ તો આદમીઓનો મેલ છે. અને ઈબ્ને સઅદની રિવાયત ઈમામ હસન મુજતબા રદીયલ્લાહો અન્હોથી છે કે, હુઝુરે ફરમાવ્યું : અલ્લાહ તઆલાએ મારા ઉપર અને મારા '**અહલે બયઅત**' પર સદકો હરામ ફરમાવી દીધો. અને તિરમિઝી, નિસાઈ તથા હાકિમની રિવાયત, અબુ રાફેઅ રદીયલ્લાહો અન્હોથી છે કે, હુઝુરે ફરમાવ્યું : અમારા માટે સદકો હલાલ નથી અને જે કોમનો આઝાદ કરેલ ગુલામ હોય તે તેઓ પૈકી છે.

**હદીસ - (૮) :** બુખારી -મુસ્લિમમાં અબુહુરયરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે ઈમામ હસન રદીયલ્લાહો અન્હોએ સદકાની ખારેક (ખજુર) લઈને મોઢામાં મુકી દીધી, તેના ઉપર હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું છી-છી, કે તેને ફેંકી દો, પછી ફરમાવ્યું : શું તમને ખબર નથી કે, અમે સદકો ખાતા નથી. તહમાન તથા બહઝ બિન હકીમ તથા બરાઅ તથા ઝયદ બિન અકરમ તથા અમ્ર બિન આરેજહ તથા સુલેમાન તથા અબ્દુર્રહમાન બિન અબી લયલા તથા મયમુન તથા કયસંન તથા હરમુઝ તથા આરેજહ બિન અમ્ર તથા મુગીરહ તથા અનસ વગૈરહુમ રદીયલ્લાહો તઆલા અન્હુથી પણ રિવાયતો છે કે, **હુઝુરના અહલે બયઅત માટે સદકા નાઝાઈઝ છે.**

**મસ્અલા-(૨૦૫) :** ઝકાતના મસરફો (ખર્ચ કરવાના સ્થળો-માણસો) સાત છે. (૧) ફકીર (૨) મિસ્કીન (૩) આમિલ (૪) રકાબ (ગુલામીમાંથી આઝાદ કરવા માટે) (૫) ગારિમ (તે દેવાદાર જે પોતાનું દેવું અદા કરી શકે નહિ) (૬) ફીસબીલીલ્લાહ (૭) ઈબ્નુસ્સબીલ (મુસાફિર)

**મસ્અલા-(૨૦૬) :** ફકીર તે શખ્સ છે જેની પાસે કાંઈક હોય પરંતુ એટલું નહીં કે નિસાબ સુધી પહોંચી જાય અથવા નિસાબ જેટલું હોય, તો તેની હાજતે અસલીયહ (મૂળ જરૂરીયાત)માં ડુબેલ હોય. દા.ત. રહેવાનું મકાન, પહેરવાના કપડાં ખિદમત માટે લોંડી (દાસી), ગુલામ, ઈલ્મી પ્રવૃત્તિ ધરાવનાર માટે દીની કિતાબો, જે તેની જરૂરત કરતાં વધારે ન હોય. જેનું બયાન આગળ આવી ગયું છે. એવી જ રીતે જો દેવાદાર છે અને દેવું કાઢવા પછી નિસાબ બાકી રહે નહી તો તે માણસ ફકીર છે. જો કે તેની પાસે એક તો શું કેટલાએ નિસાબો હોય. (રદ્દુલ મુહતાર વિગેરે)

**મસ્અલા-(૨૦૭) :** ફકીર માણસ જો આલિમ હોય તો તેને (ઝકાત) આપવું જાહિલને આપવા કરતાં અફઝલ છે. (આલમગીરી) પરંતુ આલીમને આપે તો તેનો લેહાઝ રાખે કે તેનો આદર નજર સમક્ષ હોય; અદબ સાથે આપે. જેવું કે નાના માણસો મોટાઓને નઝર (નઝરાંણુ) આપે છે, અને **મઆઝ અલ્લાહ, આલિમેદીનની હકારત (તુચ્છકાર) જો હૃદયમાં આવી તો તે હલાકત છે અને બહુજ સખત હલાકત (વિનાશ) છે.**

**મસ્અલા-(૨૦૮) :** મિસ્કીન તે છે જેની પાસે કાંઈ હોય નહી, ત્યાં સુધી કે ખાવા તથા શરીર ઢાંકવા માટે તે બાબતનો મોહતાજ છે કે, લોકો પાસે સવાલ કરે. (ભીક્ષા માંગે) અને તેના માટે સવાલ કરવું (માંગવું) હલાલ છે. તે ફકીર મા[illegible] સવાલ કરવું ના જાઈઝ છે કે જેની પાસે ખાવા અને બદન ઢાંકવા કપડાં હોય, તેને જરૂરત તથા મજબુરી વગર સવાલ કરવું (માંગવું) હરામ છે. (આલમગીરી)

**મસ્અલા-(૨૦૯) :** આમિલ તે છે જેને બાદશાહે ઈસ્લામે ઝકાત અને ઉશર વસુલ કરવા માટે નિયુક્ત કર્યા હોય. તેને કામની ગણનાએ એટલું આપવામાં આવે કે, તેને અને તેના મદદગારોને મધ્યમ રીતે કાફી (પુરતુ) થાય, પરંતુ એટલું આવવામાં આવે નહી કે, જે વસૂલ કરી લીધું છે તેના અર્ધા કરતાં વધારે થઈ જાય. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૨૧૦) :** આમિલ અગરચે માલદાર હોય (તો પણ) પોતાના કામનું મહેનતાણું લઈ શકે છે, અને **હાશિમી** હોય તો તેને ઝકાતના માલમાંથી આપવું, પણ ના

જાઈઝ છે એને તેણે લેવું પણ ના જાઈઝ છે, હા, જો કોઈ બીજા મદ (ખાતા)માંથી આપે તો લેવામાં પણ વાંધો નથી. (આલમગીરી)

મસ્અલા-(૨૧૧) : ઝકાતનો માલ આમિલ પાસેથી જતો રહ્યો (નષ્ટ થઈ ગયો ) તો હવે તેને કાંઈ મળશે નહી. પરંતુ આપનારઓનીઝકાતો અદા થઈ ગઈ. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૨૧૨) : કોઈ શખ્સ પોતાના માલની ઝકાત ખુદ લઈ જઈને બયતુલ માલમાં આપી આવ્યો તો તેનું મહેનતાણું આમિલને મળશે નહી. (આલમગીરી)

મસ્અલા-(૨૧૩) : સમયથી પહેલા મહેનતાણું લઈ લીધું અથવા કાઝીએ આપી દીધું તો તે જાઈઝ છે, પરંતુ બહેતર એ છે કે, પહેલાં ન આપે. અને જો પહેલાં લઈ લીધું અને વસૂલ કરેલ માલ નષ્ટ થઈ ગયો તો સ્પષ્ટ એ છે કે પાછું લઈશું નહી. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૨૧૪) : રકાબથી ભાવાર્થ મકા તિબ ગુલામ (એટલે માલિકે ગુલામને અમુક રકમ આઝાદ થવા માટે નક્કી કરી હોય અને તેને ગુલામ કબુલ કરી લે તે ) ને આપવું કે તે પોતાની ગર્દન ગુલામીથી છોડાવે. (આમ્મતુલ કુતુબ)

મસ્અલા-(૨૧૫) : ગની (માલદાર)ના મકાતિબને પણ ઝકાતનો માલ આપી શકીએ છીએ. જો કે ખબર છે કે આ ગની (માલદાર) નો " **મકાતિબ**" છે. મકાતિબ, કિતાબતનો પૂરો બદલો અદા કરવાથી વિવશ થઈ ગયો અને ફરી નિયમાનુસાર ગુલામ ગઈ ગયો તો તેણે જે કાંઈ ઝકાતનો માલ લીધો છે, તેને તેનો માલિક ઉપયોગમાં લઈ શકે છે, ભલેને તે માલદાર હોય. (દુર્રે મુખ્તાર વિગેરે)

મસ્અલા-(૨૧૬) : મકાતિબને જે ઝકાત આપવામાં આપી તે ગુલામીમાંથી છુટકારા માટેછે, પરંતુ હવે અખત્યાર છે કે બીજા કામોમાં પણ ખરચ કરી શકે છે. જો મકાતિબની પાસે નિસાબ જેટલો માલ છે, અને કિતાબતના બદલા કરતાં પણ વધારે છે, તો પણ ઝકાત આપી શકીએ છીએ, પરંતુ હાશેમી ના મકાતિબને ઝકાત આપી શકતા નથી. (આલમગીરી, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૨૧૭) : '**ગારિમ**' થી મુરાદ '**મદયુન**' છે અર્થાત તેના ઉપર એટલું દેવુંછે કે, તેને કાઢવા પછી નિસાબ બાકી રહે નહી. ભલેને તેનું લેણું બીજાઓ પાસે બાકી હોય, પરંતુ લેવા શક્તિમાન ન હોય, પરંતુ શરત એ છે કે મદયુન (કરજદાર) હાશેમી ન હોય. (દુર્રે મુખ્તાર વીગેરે)

મસ્અલા-(૨૧૮) : " **ફી સબીલિલ્લાહ**" અર્થાત રાહે ખુદામાં ખરચ કરવું તેના કેટલાંક સ્વરૂપ છે. દા.ત. કોઈ શખ્સ મોહતાજ છે કે, જેહાદ (ધર્મ યુધ્ધ)માં જવા ઈચ્છે છે, પરંતુ સવારી અને વાટ ખર્ચી તેની પાસે નથી, તો તેને ઝકાતનો માલ આપી શકીએ છીએ. કેમકે તે ખુદાની રાહમાં આપવું છે. જો કે તે માણસ કમાવા માટે શક્તિમાન હોય. અથવા કોઈ હજ્જ માટે જવા ઈચ્છે છે, અને તેની પાસે માલ નથી તો તેને ઝકાત આપી શકીએ છીએ, પરંતુ તેણે હજ્જ માટે સવાલ કરવું (માંગવું) જાઈઝ નથી. અથવા તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી) કે દીનનો ઈલ્મ પઢવા ચાહે છે, તેને આપી શકીએ છીએ. કેમકે તે પણ રાહે ખુદામાં આપવું છે, બલ્કે તાલિબે ઈલ્મ સવાલ કરીને પણ ઝકાતનો માલ લઈ શકે છે, જ્યારે કે તેણે પોતાને એ જ કામ માટે ફારેગ (નક્કી) કરી રાખેલ હોય, જો કે કમાવવા પર (ધંધો કરવા માટે) શક્તિમાન હોય. એવી જ રીતે દરેક નેક વાતમાં ઝકાત ખરચ કરવી " ફી સબીલિલ્લાહ " છે, જ્યારે કે તમ્લીક (માલિક થઈ ગએલ)ની રીતે હોય કે તમ્લીક (માલિકી પણા) વગર ઝકાત અદા થઈ શકતી નથી. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા**-(૨૧૯) : કેટલાય લોકો ઝકાતનો માલ ઈસ્લામી મદ્રસાઓમાં મોકલી દે છે, તેમણે જોઈએ કે મદ્રસાના મુતવલ્લીન ખબર આપી દે કે " **આ ઝકાતનો માલ** " છે, કે જેથી મુતવલ્લી (વ્યવસ્થાપક) તે માલને જુદો રાખે, બીજા માલમાં ભેળવે નહી અને ગરીબ તુલ્બા પર ખરચ કરે, કોઈ કામના પગારમાં આપે નહી. નહી તો ઝકાત અદા થશે નહી.

**મસ્અલા-(૨૨૦) : " ઈબ્ને સબીલ " અર્થાત મુસાફિરકે જેની પાસે માલ રહ્યો નહી,** તે ઝકાત લઈ શકે છે. ભલે તેના ઘેર માલ મોજુદ હોય. પરંતુ એટલા પ્રમાણમાં લે કે તેનાથી હાજત પુરી થઈ જાય. વધારે લેવાની ઈજાઝત નથી. એવી જ રીતે જો માલિકે નિસાબ નો માલ કોઈ મુદ્દત સુધી માટે બીજા ઉપર લેણુ છે અને હજુ મુદ્દત પૂરી થઈ નથી અને હવે તેને જરૂર ! છે અથવા જેના ઉપર તેનું લેણું છે તે

અહી. હાજર નથી અથવા હાજર તો છે પરંતુ નાદાર છે અથવા દેવા (કરજ)નો ઈન્કાર કરે છે, જો કે લેણદાર સાબિતી ધરાવતો હોય, તો આ સઘળી હાલતોમાં જરૂરત પ્રમાણમાં ઝકાત લઈ શકે છે, પરંતુ બહેતર એ છે કે, જો કરજ મળે તો કરજ લઈને કામ ચલાવે. (આલમગીરી, દુર્રે મુખ્તાર) જો દેને મુઅજ્જલ (દેવું ટુંક સમયનું દા.ત. ઉછીનું ઉધાર) છે અથવા મુદ્દત પુરી થઈ ગઈ અને પૈસા પાત્ર કરજદાર માણસ હાજર છે. અને સ્વીકાર પણ કરે છે તો ઝકાત લઈ શકતો નથી કે તેના પાસેથી લઈને પોતાની જરૂરતમાં ખરચ કરી શકે છે, માટે હાજતમંદ થયો નહી. અને યાદ રાખવું જોઈએ કે કરજ કે જેને લોકભાષામાં લોકો "દસ્તે ગરદા" (હાથ ઉછીનું) કહે છે, શરઅન હંમેશા, મુઅજ્જલ હોય છે કે, જ્યારે માંગવું હોય માંગી શકાય છે, જો કે કેટલીએ શરતો તથા લખાણોથી તેમાં મુદ્દત ઠેરવી હોય કે આટલી મુદત પછી આપવામાં આવશે. ભલેને એ લખી દીધું હોય કે આ મુદ્દતથી પહેલા માંગણી કરવાનો અધિકાર હશે નહી, જો માંગણી કરે તો બાતિલ તથા અસ્વીકાર્ય થશે, કે આ સઘળી શરતોં બાતિલ છે. અને કરજ આપનારને કોઈ પણ સમયે માંગણી કરવાનો અધિકાર છે. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૨૨૧) :** મુસાફિર અથવા તે માલિકે નિસાબે જેનો પોતાનો માલ બીજાઓ પાસે લેણો છે, જરૂરતના સમયે ઝકાતનો માલ જરૂરત જેટલો લીધો, પછી પોતાનો માલ મળી ગયો. દા.ત. મુસાફર ઘેર પહોંચી ગયો અથવા માલિકે નિસાબનું લેણું વસૂલ થઈ ગયું તો જે કાંઈ ઝકાત પૈકીનું બાકી છે. હજુ પણ પોતાના ઉપયોગમાં લઈ શકે છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા -(૨૨૨):** ઝકાત આપનારને અખત્યાર છે કે આ સાતે પ્રકારવાળાને આપે, અથવા તેઓ પૈકી કોઈ એકને આપી દે. ભલે એક પ્રકારના કેટલાક શખ્સોને અથવા એકને અને ઝકાતનો માલ જો નિસાબ જેટલો ન હો.તો એકને આપવું અફઝલ છે. અને એક શખ્સને નિસાબ જેટલું આપી દેવું મકરૂહ એ સમયે છે કે તે ફકીર, મદયુર (દેવેદાર) ન હોય અને દેવેદાર હોય તો એટલું આપી દેવું, કે દેવું કાઢીને કાંઈ વધે નહી. અથવા નિસાબથી ઓછું વધે,તો મકરૂહ નથી.એવી જ રીતે જો તે ફકીર બાલ બચ્ચાંવાળો છે કે, જો કે નિસાબ અથવા તેનીથી વધારે જ પરતું બાલ-બચ્ચાંઓ પર વહેંચે તો સૌને નિસાબ કરતાં ઓછું મળે છે, તો આ હાલતમાં પણ વાંધો નથી. (આલમગીરી)

**મસ્અલા -(૨૨૩) :**-ઝકાત અદા કરવા માટે એ આવશ્યક છે કે **"જેને આપો માલિક બનાવી દો."** એબાહત કાફી નથી.માટે ઝકાતનો માલ મસ્જિદમાં જમા કરવો અથવા તેનાથી મેયિતને કફન આપવું અથવા મેયિતનું દેવું અદા કરવું,અથવા ગુલામ આઝાદ કરવું, પુલ, ધર્મશાળા, વારિગૃહ (વોટરવર્કસ), સડક બનાવી આપવું, નહેર કે કુવો ખોદાવી આપવું, તે કાર્યોમાં ખરચ કરવું અથવા કિતાબ વિગેરે કોઈ ચીઝ ખરીદીને વકફ કરી દેવું, ના કાફી (અપુરતું) છે. (જવહરહ તન્વીર, આલમગીરી)

**મસ્અલા -(૨૨૪) :** ફકીર પર દેવું છે, તેના કહેવાથી ઝકાતના માલમાંથી તે દેવું અદા કરવામાં આવ્યુ તો ઝકાત અદા થઈ ગઈ. અને જો તેના હુકમથી ના હોય, તો ઝકાત અદા થઈ નથી. અને જો ફકીરે ઈજાઝત આપી, પરતું અદા કરવા પહેલા મરી ગયો તો આ દેવું જો ઝકાતના માલથી અદા કરે તો ઝકાત અદા થશે નહી. (દુર્રે મુખ્તાર) આ ચીઝોમાં ઝકાતનો માલ ખર્ચ કરવાનો હીલો અમો બયાન કરી ગયા છીએ. જો હીલો કરવા ચાહો તો કરી શકાય છે.

**મસ્અલા -(૨૨૫) :** પોતાની અસલ (પૂર્વજો) અર્થાત માં-બાપ, દાદા-દાદી, નાના-નાની વિગેરે કે જેમની ઔલાદમાં તે છે, અને આપણી ઔલાદ :-પુત્ર-પુત્રી, પૌત્ર-પૌત્રી, નવાસા-નવાસી, (દોહિત્ર-દોહિત્ર) વિગેરેને ઝકાત આપી શકતા નથી. નિફલ સદકો આપી શકાય છે, બલ્કે તેમને આપવું ઉત્તમ છે. (આલમગીરી, રદદુલ મુહતાર વિગેરે)

**મસ્અલા-(૨૨૬) :** ઝિના( વ્યભિચાર)નું બાળક જે તેના વીર્યથી હોય અથવા તે બાળક કે જે તેની પરિણીતાથી નિકાહના સમયમાં પૈદા થયું, પરતું એમ કહી દીધું કે, મારૂ નથી, તેમને ઝકાત આપી શકતો નથી. (રદદુલ મુહતાર)

**મસ્અલા -(૨૨૭) :** વહુ (પુત્રવધુ) અને જમાઈ અને સાવકી માતા અથવા સાવકા બાપ અથવા પત્નીની (આગલા પતિની ઔલાદ અથવા પતિની (બીજી પત્નીની) ઔલાદ ને આપી શકાય છે. અને સગાઓમાં જેનું ભરણ-પોષણ તેના માથે વાજિબ છે, તેને ઝકાત આપી શકે છે.

જ્યારે કે (તે ઝકાતની રકમને) ભરણ- પોષણમાં ગણત્રી કરે નહી. (રદદુલ મુહતાર)

મસ્અલા-(૨૨૮) : માં-બાપ મોહતાજ હોય અને હીલો કરીને ઝકાત કરીને આપવા ઈચ્છે કે, તે ફકીરને આપી દે પછી ફકીર તેમને આપી દે (તો આવું કરવું) મકરૂહ છે. (રદદુલ મુહતાર) એવી જ રીતે હીલો કરીને પોતાની ઔલાદને આપવું પણ મકરૂહ છે.

મસ્અલા-(૨૨૯) : પોતાના અથવા પોતાની અસલ મૂળ અથવા ફરઅ (ઔલાદ વિગેરે) અથવા પોતાનો પતિ અથવા પોતાની પત્નિના ગુલામ અથવા મકાતિબ અથવા મુદબ્બિર અથવા ઉમ્મે વલ્દ અથવા તે ગુલામને જેના કોઈઅંશ નો તે માલિક હોય, જો કે કેટલોક ભાગ આઝાદ થઈ ગયો હોય તો ઝકાત આપી શકતો નથી. (આલમગીરી)

મસ્અલા-(૨૩૦) : પત્ની પોતાના પતિને અને પતિ પોતાની પત્નીને ઝકાત આપી શકતો નથી. ભલે તલાકે બાઈન બલ્કે ત્રણ તલાકો આપી ચુક્યો હોય, જ્યાં સુધી ઈદ્દતમાં છે. અને જો ઈદ્દત પૂરી થઈ ગઈ તો હવે આપી શકે છે. (દૂર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

મસ્અલા-(૨૩૧) : જે શખ્સ માલિકે નિસાબ હોય (જ્યારે કે તે ચીઝ હાજતે અસલીયા (મૂળ જરૂરીયાત) થી ફારેગ હોય અર્થાત મકાન, ઘર વખરીનો સામાન, પહેરવાના વસ્ત્રો, ખાદિમ, સવારીનું જાનવર, અહલે ઈલ્મવાળાં માટે કિતાબો જે તેના ઉપયાગમાં હોય કે આ સઘળું હાજતે અસલીયા પૈકી છે અને તે ચીઝ તે ઉપરાંત હોય જો કે તેના ઉપર વર્ષ પસાર થયું ન હોય, જો કે તે માલ નામી (વધારો થનાર ન હોય) એવાને ઝકાત આપવી જાઈઝ નથી., અને નિસાબથી મુરાદ અહીં એ છે કે તેની કિંમત (૨૦૦) બસો દિરમ હોય. જો કે તે ખુદ એટલી ન હોય કે તેના ઉપર વાજિબ થાય. દા. ત. છ તોલા સોનું જ્યારે બસો દિરમની કીમતનું હોય તો જેની પાસે છે, ભલે તેના ઉપર ઝકાત વાજિબ નથી કે, સોનાનો નિસાબ સાત તોલા છે, પરંતુ તે શખ્સને ઝકાત વાજિબ નથી કે , સોનાનો નિસાબ સાત તોલા છે, પરતું તે શખ્સ ઝકાત આપી શકતા નથી. અથવા તેની પાસે ત્રીસ બકરીઓ અથવા વીસ ગાયો હોય જેમની કિંમત બસો દિરમ છે, તેને ઝકાત આપી શકતો નથી. જો કે તેના ઉપર ઝકાત વાજિબ નથી, અથવા તેની પાસે આવશ્યકતા સિવાયનો સામાન છે, જે વેપાર માટે પણ નથી અને તે (૨૦૦) બસો દિરમ (૫૨ાા તોલા ચાંદી) નો છે તેને ઝકાત આપી શકતા નથી. (રદદુલ મુહતાર)

મસ્અલા-(૨૩૨) : સહીહ, તંદુરસ્તને ઝકાત આપી શકાય છે જો કે, કમાવાની શક્તિ ધરાવતો હોય, પરંતુ તેણે સવાલ કરવું (માંગવું) જાઈઝ નથી. (આલમગીરી વિગેરે)

મસ્અલા-(૨૩૩) : જે શખ્સ નિસાબનો માલિક છે, તેના ગુલામને પણ ઝકાત આપી શકતા નથી, જો કે ગુલામ લુલો-લંગડો હોય અને તેનો માલિક તેને ખાવાનું પણ આપતો નથી, અથવા તેનો માલિક ગાયબ હોય પરંતુ માલિકે નિસાબના મકાતિબને અને તે માઝુન (એટલે એવુ કહેવું કે આટલી રકમ આપી દેતો તુ આઝાદ છે) ને આપી શકીએ છીએ, જે પોતે અને તેનો માલ દેવામાં ડુબેલો હોય.

એવી જ રીતે ગની (માલદાર) પુરૂષના બાલિગ બાળકને પણ આપી શકતા નથી, અને ગનીની બાલિગ (પુખ્ત વયની) ઔલાદને આપી શકો છો. જ્યારે કે ફકીર હોય. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૨૩૪) : ગનીની પત્નીને આપી શકીએ છીએ જ્યારે કે તે માલિકે નિસાબ ન હોય. એવી જ રીતે ગનીના બાપને આપી શકીએ છીએ જ્યારે કે ફકીર (મોહતાજ) છે. (આલમગીરી, દૂર્રે મુખ્તાર)

મસ્અલા (૨૩૫) : જે સ્ત્રીની મહેરનું દેવું તેના પતિ ઉપર બાકી છે, જો કે તે નિસાબ જેટલું હોય, ભલે પતિ માલદાર હોય, મહર અદા કરવા પર શક્તિમાન હોય, તેણીને ઝકાત આપી શકીએ છીએ. (જવહરહ નેયરહ)

મસ્અલા-(૨૩૬) : જે બાળકની માતા માલિકે નિસાબ છે, અગરચ તેનો બાપ જીવંત ન હોય તો તેને ઝકાત આપી શકીએ છીએ. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૨૩૭) : જેની પાસે મકાન અથવા દુકાન છે અને ભાડે આપે છે, અને તેની કિંમત દા. ત. ત્રણ હજાર હોય પરંતુ ભાડુ એટલું નથી, જે તેનાં અને બાલ-બચ્ચાંઓના ખોરાક (ભરણ પોષણ) માટે પુરતુ થઈ શકે. તો તેને ઝકાત આપી શકીએ છીએ. એવી જ રીતે તેની માલિકીમાં ખેતર છે જેનું વાવેતર કરે છે પરંતુ ઉત્પાદન એટલું નથી જે વર્ષ

ભર માટેની ખોરાકી માટે કાફી હોય તેને ઝકાત આપી શકીએ છીએ જો કે ખેતરની કીંમત ૨૦૦ દિરમ અથવા તેના કરતાં વધારે હોય. (આલમગીરી, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૨૩૮) :** જેની પાસે ખાવા માટે અનાજ હોય જેની કીમત ૨૦૦ દીરમ હોય, અને તે અનાજ વર્ષભર માટે કાફી છે તો પણ તેને ઝકાત આપવું હલાલ છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૨૩૯) :** શર્દીના કપડાં જેની ગરમીઓમાં જરૂર પડતી નથી તે હાજત અસલીયામાં છે. કે કપડાં જો કે ભારે કિંમતી હોય તો પણ તે માણસ ઝકાત લઈ શકે છે. જે માણસની પાસે રહેવાનું મકાન હાજત કરતાં અધિક હોય અર્થાત સમગ્ર મકાનમાં તેનું રહેણાંક નથી, તે માણસ ઝકાત લઈ શકે છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૨૪૦) :** સ્ત્રીને મા -બાપના ત્યાંથી જે દહેજ મળે છે, તેની માલિક સ્ત્રી જ છે. તેમાં બે પ્રકારની ચીઝો હોય છે. એક હાજતની જેવું કે ખાનાદારી (ગૃહવ્યવસ્થા)નો સામાન, પહેરવાંના કપડાં, ઉપયોગનાં વાસણો, આ પ્રકારની વસ્તુઓ કેટલીએ કીમતની હોય, તેના કારણે સ્ત્રી ગની (માલદાર) નથી. બીજી વસ્તુઓ જે હાજતે અસલીઆ કરતાં વધારેછે, જે શોભા માટે આપવામાં આવે છે. જેવું કે ઝેવર (દાગીના) અને હાજત ઉપરાંતનો **સામાન અને વાસણ અને આવવા જવાના મુલ્યવાન ભારી વસ્ત્રો.** આ વસ્તુઓની કીંમત જો નિસાબ જેટલી છે તો સ્ત્રી ગની (માલદાર) છે તે સ્ત્રી ઝકાત લઈ શકતી નથી. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૨૪૧) :** મોતી વિગેરે ઝવેરાત જેની પાસે હોય અને તે વેપાર માટે ન હોય, તો તેમની ઝકાત વાજિબ નથી પરંતુ જ્યારે નિસાબની કીમતના હોય તો તેવો માણસ ઝકાત લઈ શકતો નથી. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૨૪૨) :** જેના મકાનમાં નિસાબની કીમતનો (ફળ-ફળાદીનો) બગીચો હોય અને બગીચાની અંદર મકાનની આવશ્યકતાઓ, રસોડું બાથરૂમ વિગેરે નથી તો તે માણસે ઝકાત લેવું જાઈઝ નથી. (આલમગીરી)

**મસ્અલા-(૨૪૩) :** "બની હાશિમ" ને ઝકાત આપી **શકતા નથી. ન ગૈર (બની હાશિમ સિવાય) તેમને ઝકાત આપી શકે ન એક હાશિમી બીજા હાશિમીને ઝકાત આપી** શકે. "બની હાશિમ"થી મુરાદ હઝરત જઅફર હઝરત અલી હઝરત હઝરત અકીલ, અને હઝરત અબ્બાસ તથા હારિસ બિન અબ્દુલ મુત્તલિબનીની ઔલાદો છે. તેમના સિવાય જેમણે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મદદ ન કરી દા. ત. અબુલહબ જો કે આ કાફીર પણ હઝરત અબ્દુલ મુત્તલિબનો પુત્ર હતો, પરંતુ તેની ઔલાદો બની હાશિમમાં ગણાશે નહી. (આલમગીરી વિગેરે)

**મસ્અલા-(૨૪૪) :** બની હાશિમના આઝાદ કરેલ ગુલામોને પણ ઝકાત આપી શકતા નથી, તો જે ગુલામ તેમની માલિકીમાં છે તેમને ઝકાત આપવી વધુ ના જાઈઝ છે. (દુર્રે મુખ્તાર વિગેરે આમ્મતુલ કુતુબ)

**મસ્અલા-(૨૪૫) :** "માં." હાશિમી બલ્કે સૈયદાણી હોય અને "બાપ," હાશિમી ન હોય તો તે હાશિમી નથી, કેમ કે શરીઅતમાં નસબ (વંશ) બાપથી છે. માટે એવા શખ્સને ઝકાત આપી શકાય છે. જો કોઈ બીજી વસ્તુ બાધક ન હોય.

**મસ્અલા-(૨૪૬) :** નિફલી સદકો અને વકફોની આવક "બની હાશિમ"ને આપી શકાય છે. ભલે વકફ કરનારે તેમનું નક્કી કર્યુ હોય કે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૪૭) :** ઝિમ્મી કાફિરને ન ઝકાત આપી શકાયછે ન કોઈ વાજિબ સદકો. દા. ત. નઝર તથા કફ્ફારો તથા સદકાએ ફિત્ર. અને હરબી કાફિર ને કોઈ પ્રકારનો સદકો આપવું જાઈઝ નથી. ન વાજિબ ન નિફલ સદકો. જો કે તે "દારૂલ ઈસ્લામ"માં બાદશાહે ઈસ્લામથી અમાન લઈને આવ્યો હોય. (દુર્રે મુખ્તાર) **હિન્દુસ્તાન જો કે દારૂલ ઈસ્લામ છે, પરંતુ અહીંના કુફ્ફાર ઝિમ્મી નથી, તેમને નિફલ સદકાઓ જેવા કે હદિયા વિગેરે આપવું પણ ના જાઈઝ છે.**

**ફાયદો :** જે લોકોને ઝકાત આપવી ના જાઈઝછે, તેમને બીજો કોઈપણ સદકએ વાજિબા, નઝર તથા કફ્ફારો તથા ફિત્રો આપવું જાઈઝ નથી. દફીના અને ખનીજમાંથી આપી શકે છે. કેમકે તેમનું ખુમ્સ (૧/૫) પોતાના માં-બાપ તથા ઔલાદને પણ આપી શકે છે. બલ્કે કેટલીક હાલતામાં પોતે પણ વાપરી શકે છે. જેનું બયાન આગળ આવી ગયું છે. (જવહરહ)

મસ્અલા(૨૪૮) : જે લોકો વિષે બયાન કરવામાં આવ્યું કે તેમને ઝકાત આપી શકાય છે, તે સઘળાઓનું ફકીર (ગરીબ) હોવું શરત છે સિવાય આમિલ (ઝકાતની રકમ વસુલ કરનાર) કે તેના માટે ફકીર હોવું શરત નથી. અને મુસાફિર જો કે માલદાર હોય, તે સમયે ફકીરના હુકમમાં જ છે. બાકી કોઈને કે જે ફકીર ન હોય ઝકાત આપી શકતા નથી. (દુર્રે મુખ્તાર વિગેરે)

મસ્અલા(૨૪૯) : જે શખ્સ મરણ પથારીમાં છે, તેણે ઝકાત પોતાના ભાઈને આપી, અને જો તે ભાઈ તેનો વારિસ (વારસો મેળવવાનો હક્કદાર) છે, તો ઝકાત ઈન્દલ્લાહ (ખુદાની નજદીક) અદા થઈ ગઈ પરંતુ બાકીના વારસદારોને અખત્યારછે કે તેની પાસેથી તે ઝકાતને પાછી લે, કેમકે તે વસિયતના હુકમમાં છે, અને વારસદાર માટે બીજા વારસદારોની ઈજાઝત વગર વસિયત સહીહ નથી. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૨૫૦) : જે માણસ તેની ખિદમત કરતો હોય. અને તેના ત્યાનું કામ કરે છે, તેને ઝકાત આપી અથવા તેને આપી જેણે ખુશખબરી સંભળાવી અથવા તેને આપી જેણે તેની પાસે હદિયો મોકલ્યો, આ સઘળું જાઈઝ છે. હાં, જો "કામનો બદલો" કહીને આપી, તો અદા થઈ નહી. ઈદ બકરાઈદમાં ખાદિમ (સેવક) ખાદિમાઓ (સેવિકાઓ)ને "ઈદી કહી"ને ઝકાત આપી તો ઝકાત અદા થઈ ગઈ. (જવહરહ વિગેરે)

મસ્અલા-(૨૫૧) : જેણે તહરીર્રી કરી અર્થાત વિચાર્યું અને દિલમાં એ વાત ઠરી કે, આને ઝકાત આપી દીધી. પછીથી જાહેર થયું કે, તે ઝકાતનો મસરફ (વ્યય) છે અથવા કાંઈ ખબર ન પડી, તો ઝકાત અદા થઈ ગઈ. અને જો પછીથી ખબર પડી કે તે ગની (માલદાર) હતો અથવા તે તેના "માં-બાપ" પૈકી હતો અથવા "પોતાની ઔલાદ" હતી અથવા 'પતિ' હતો અથવા 'પત્ની' હતી અથવા 'હાશિમી' કે "હાશિમીનો ગુલામ" હતો, અથવા હરબી હતો ઝકાત અદા થઈ નહી. હવે ફરીથી આપે. અને એ પણ તહર્રીના જ હુકમમાં છે કે તેણ સવાલ કર્યો, (ભીખ માંગી) તેણે તેને ગની (માલદાર) ન સમજી, આપી દીધુ અથવા તે ફકીરોની જમાતમાં તેમનાં જ દેખાવમાં હતો તેને આપી દીધી. (આલમગીરી, દુર્રેમુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૨૫૨) : જો વગર વિચાર્યે સમજ્યે ઝકાત આપી દીધી અર્થાત એ ખ્યાલ પણ આવ્યો નહી કે તેને આપી શકીએછીએ કે નહી, અને પાછળથી ખબર પડી કે, તેને આપી શકતા ન હતા તો ઝકાત અદા થઈ નહી. નહી તો, થઈ ગઈ. અને આપતી વખતે શંકા હતી અને તહર્રી કરી નહી અથવા કરી, પરંતુ કોઈ બાજુએ દિલ સ્થિર થયું નહી કે, તે ઝકાતનો મસરફ (યોગ્ય) નથી, અને તેને ઝકાત આપી દીધી તો આ સઘળી હાલતોમાં ઝકાત અદા થઈ નહી. પરંતુ જ્યારે કે આપ્યા પછી એ જાહેર થયું કે વાસ્તવમાં તે મસરફે ઝકાત (ઝકાતે દેવાને લાયક) હતો તો ઝકાત અદા થઈ ગઈ. (આલમગીરી વિગેરે)

મસ્અલા-(૨૫૩) : ઝકાત વિગેરે સદકાઓમાં અફઝલ (ઉત્તમ) એ છે કે પ્રથમ પોતાના ભાઈઓ-બહેનોને આપે, પછી તેમની ઔલાદને, પછી કાકા અને ફોઈઓને પછી તેમની ઔલાદને પછી મામા-માસીને પછી તેમની ઓલાદને, પછી સગાઓને પછી પોતાના ધંધાવાળાઓને પછી પોતાના શહેર અથવા ગામના રહેવાવાળાઓને. (જવહરહ, આલમગીરી) હદીસમાં છે કે નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું અય ઉમ્મતે મોહમ્મદ કસમ છે તેની જેણે મને હક્ક (સત્ય) સાથે મોકલ્યો. અલ્લાહ તઆલા તે શખ્સના સદકાને કબૂલ કરતો નથી જેના સગાઓ તેના સુલુક કરવાના મોહતાજ હોય, અને તે બીજાઓને આપે. કસમ છે તેની જેના દસ્તે કુદરતમાં મારો પ્રાણ છે. અલ્લાહતઆલા તેની તરફ ક્યામતના દિવસે નજર કરશે નહી, (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૨૫૪) : બીજા શહેરમાં ઝકાત મોકલવું મકરૂહછે, પરંતુ જયારે કે ત્યાં તેના સગાઓ હોય તો તેમના માટે મોકલી શકે છે. અથવા ત્યાંના લોકોને અધિક હાજત છે અથવા અધિક પરહેઝગાર છે. અથવા મુસલમાનોના હકમાં ત્યાં મોકલવું વધારે લાભદાયક છે. અથવા તાલિબે ઈલ્મ માટે મોકલે અથવા ઝાહિદો માટે અથવા દારૂલ હર્બમાં છે અને ઝકાત દારૂલ ઈસ્લામમાં મોકલે અથવા વર્ષ પુરૂં થતાં પહેલાં મોકલી દે આ સઘળી હાલતોમાં બીજા શહેરમાં મોકલવું કરાહત વગર, જાઈઝ છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર )

મસ્અલા-(૨૫૫) : શહેરથી ભાવાર્થ એ શહેર છે જ્યાં માલ હોય જો પોતે એક શહેરમાં છે અને માલ બીજા શહેરમાં તો જ્યા માલ હોય ત્યાંના ફકીરોને ઝકાત આપવામાં આવે અને સદકએ ફિત્રમાં તે શહેર મુરાદ છે જ્યાં પોતે છે. જો પોતે એક શહેરમાં છે અને તેના બાળકો અને ગુલામ બીજા શહેરમાં તો જ્યાં પોતે છે ત્યાના ફકીરોને સદકએ ફિત્ર વહેંચે. ( જવહરહ આલમગીરી )

મસ્અલા:(૨૫૬) : બદ મજઝહબને ઝકાત આપવું જાઈઝ નથી. (દુર્રેમુખ્તાર) જ્યારે બદ મઝહબનો આ હુકમ છે તો હાલના વહાબીઓ કે જે ખુદાની તૌહીન તથા તન્કીસે શાને રિસાલત (હુઝરની શાનમાં ઘટાડો) કરે છે અને તેને પ્રગટ કરે છે, જેમને **ઉલ્માએ હરમૈને** એકીમતે કાફિર તથા મુરતદ ઠેરવ્યા, જો કે તેઓ પોતાને મુસલમાન કહે છે તેમને ઝકાત આપવી હરામ તથા સખત હરામ છે. અને જો તેમને આપી તો હરગિઝ અદા થશે નહી.

મસ્અલા-(૨૫૭) : જેમની પાસે આજનું ખાવાનું છે અથવા તંદુરસ્ત છે કે, કમાઈ શકે છે, તેણે ખાવા માટે સવાલ કરવું (માંગવું) હલાલ નથી. અને વગર માંગ્યે કોઈ ખુદ આપી દે તો લેવું જાઈઝ, અને તેની પાસે ખાવાનું છે પરંતુ વસ્ત્ર નથી તો વસ્ત્ર માટે સવાલ કરી શકે છે. એવી જ રીતે જો જેહાદ અથવા તલબે ઈલ્મે દીનમાં મશગુલ છે તો જો કે સહીહ-તંદુરસ્ત કમાવા માટે શક્તિમાન હોય તેને સવાલની ઈજાઝત છે. જેને સવાલ કરવું જાઈઝ નથી તેને તેના સવાલ પર આપવું પણ ના જાઈઝ છે. આપનાર પણ ગુનેહગાર થશે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૨૫૮) : મુસ્તહબ એ છે કે એક શખ્સને એટલું આપો કે તે દિવસે તેને સવાલ કરવાની હાજત ન રહે અને આ તે ફકીરની હાલતની ગણનાંએ વિભિન્ન છે. તેના ખાવા, બાલ-બચ્ચાંઓની અધિકતા અને બીજા કાર્યોનો લેહાજ કરીને આપે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

## સદકએ ફિત્ર નું બયાન

હદીસ-(૧) : સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમમાં અબ્દુલ્લાહ બિન ઉમર રદીયલ્લાહો અન્હોમાથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઝકાતે ફિત્ર એક સાઅ (૩૫૧ તોલા ભાર) ખુરમા અથવા જવ, ગુલામ તથા આઝાદ પુરૂષ સ્ત્રી, નાંના-મોટા, મુસલમાનો પર મુકર્રર કરી અને એ હુકમ ફરમાવ્યો કે ઈદની નમાઝ પઢવા જતાં પહેલાં અદા કરી દે.

હદીસ-(૨) : અબૂ દાઉદ તથા નિસાઈની રિવાયતમાં છે કે, અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાએ આખિર રમઝાનમાં ફરમાવ્યું, **પોતાના રોઝાનો સદકો અદા કરો.** તે સદકાને રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મુકર્રર કર્યો એક સાઅ ખજુર અથવા જવ અથવા અર્ધો સાઅ ઘઉં.

હદીસ-(૩) : તિરમિઝી શરીફમાં અમ્ર બિન શુએબ અને અબીહે જદ્દહિથી રિવાયત છે કે, હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એક શખ્સને મોકલ્યો કે મક્કાની ગલીઓમાં એલાન કરી દે **સદકએ ફિત્ર વાજિબ છે.**

હદીસ-(૪) : અબુ દાઉદ તથા ઈબ્નેમાજા તથા હાકિમ ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફિત્રાની ઝકાત મુકર્રર (નક્કી) કરી કે વ્યર્થ અને બેહુદા વાતોથી રોઝાની તહારત થઈ જાય અને મિસ્કીનોની ખોરાક થઈ જાય.

હદીસ-(૫) : દયલમી, ખતીબ તથા ઈબ્ને અસાકિર, અનસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે હુઝુરે ફરમાવ્યું બંદાનો રોઝો આકાશ તથા ધરતીની વચ્ચે લટકેલો રહે છે જ્યાં સુધી કે સિદકએ ફિત્ર અદા ન કરે.

મસ્અલા-(૨૫૯) : સદકએ ફિત્ર વાજિબછે જિંદગીભર તેનો સમય છે અર્થાત જો અદા ન કર્યો હોય તો હવે અદા કરી દે, અદા ન કરવાથી રદ થશે નહી. ન હવે અદા કરવું કઝાં છે બલ્કે અત્યારે પણ અદા જ છે. જો કે ઈદની નમાઝ પહેલા અદા કરી દેવું મસ્નુન (સુન્નત) છે. (દુર્રે મુખ્તાર વિગેરે)

મસ્અલા-(૨૬૦) : સદકએ ફિત્ર વ્યક્તિ પર વાજિબ છે, માલ ઉપર નથી. માટે માણસ મરી ગયો તો તેના માલથી અદા કરવામાં આવશે નહી. હા, જો વારસદારો ભલાઈના તરીકે પોતાના તરફથી અદા કરે તો થઈ શકે છે. તેમના ઉપર કાંઈ જોર નથી. અને મરનાર જો વસિયત કરી ગયો છે તો ત્રીજા ભાગના માલમાંથી જરૂર અદા કરવામાં આવશે અગરચે વારસો ઈજાઝત ન આપે. (જવહરહ વિગેરે)

મસ્અલા-(૨૬૧) : ઈદના દિવસે સુબ્હ સાદિકનો ઉદય

થતાં જ સદકએ ફિત્ર વાજિબ થાય છે. માટે જે માણસ સુબ્હ સાદિક (સવાર) થતાં પહેલાં મૃત્યુ પામ્યો અથવા માલદાર હતો તે ફકીર થઈ ગયો અથવા સવારનો ઉદય થયા પછી, કાફિર માણસ મુસલમાન થયો અથવા બાળક પૈદા થયું અથવા ફકીર હતો તે માલદાર થઈ ગયો તો ફિત્રો વાજિબ થયો નહી. અને જો સુબ્હ તુલુઅ થયા પછી મૃત્યુ પામ્યો અથવા ફકીર હતો, માલદાર થઈ ગયો તો ફિત્રો વાજિબ છે.(આલમગીરી)

મસ્અલા-(૨૬૨) : સદકએ ફિત્ર દરેક આઝાદ તથા માલિકે નિસાબ મુસલમાન પર જેનો નિસાબ હાજતે અસલીયાથી ફારેગ હોય વાજિબ છે, તેમાં આકિલ(ગાંડો ના હોય તે)પુખ્તવયના અને માલનામી (વધારો થનાર) હોવાની શરત નથી. (દુર્રે મુખ્તાર) માલાનામી અને હાજતે અસલીયહનું વર્ણન આગળ આવી ગયું છે. તેની વિગત ત્યાં વાંચી લો.

મસ્અલા-(૨૬૩) : ના બાલિગ અથવા મજનુન (મુર્છાવશ) જો માલિકે નિસાબ છે તો તેમની ઉપર સદકએ ફિત્ર વાજિબ છે, તેમનો વલી તેમના માલથી અદા કરે, જો વલીએ અદા ન કર્યો તો બાલિગ થવા અથવા હોશમાં આવેથી અદા કરવું તેમના માથે નથી. (દુર્રે મુખ્તાર,રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૨૬૪) : સદકએ ફિત્ર અદા કરવા માટે માલનું બાકી રહેવું પણ શરત નથી, માલ નષ્ટ થયા પછી પણ સદકો વાજિબ રહેશે. રદ થશે નહી. (તેથી ઉલટું ઝકાત તથા ઉશરમાં માલ નષ્ટ થઈ જવાથી રદ થઈ જાય છે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૨૬૫) : માલિકે નિસાબ પુરૂષ પર પોતાની તરફથી અને પોતાના નાના બાળક તરફથી ફિત્રો આપવું વાજિબ છે, જ્યારે કે બાળક ખુદ માલિકે નિસાબ ન હોય. નહી તો તેનો સદકો તેના જ માલમાંથી જ અદા કરવામાં આવે. અને મજનુન ઔલાદ ભલે ને બાલિગ હોય તો તેનો સદકો તેના બાપ ઉપર વાજિબ છે. અને ગની (માલદાર) હોય તો ખુદ તેના માલથી આદા કરવામાં આવે. જુનુન ભલે અસલી હોય અર્થાત એજ હાલતમાં બાલિગ થયો હોય અથવા પછીથી લાગું થયો, બંનેના એક જ હુકમ છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૨૬૬) : સદકએ ફિત્ર વાજિબ થવા માટે રોઝો રાખવું શરત નથી. જો કોઈ ઉઝર, સફર, બીમારી, વૃધ્ધાવસ્થાના કારણે અથવા મઆઝઅલ્લાહ વગર કારણે રોઝો ન રાખ્યો તો પણ વાજિબ છે. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૨૬૭) : ના બાલિગ છોકરી કે જે એ લાયક છે કે પતિની ખિદમત કરી શકે, તેનો નિકાહ કરી દીધો અને પતિના ત્યાં તેને મોકલી પણ દીધી તો કોઈના ઉપર તેના તરફથી સદકો વાજિબ નથી. ન પતિ ઉપર ન બાપ ઉપર. અને જો ખિદમત કરવા લાયક નથી અથવા પતિના ત્યાં મોકલી નથી, તો નિયામાનુસાર સદકએ ફિત્ર અદા કરવું બાપના ઉપર વાજિબ છે. પરંતુ આ સઘળું તે સમયે છે કે છોકરી પોતે માલિકે નિસાબ ન હોય. નહીં તો હર હાલતમા સદકએ ફિત્ર તેના માલથી અદા કરવામાં આવે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૨૬૮) : બાપ ન હોય તો દાદા, બાપના સ્થાને છે, અર્થાત પોતાના ફકીર તથા યતીમ પૌત્ર-પૌત્રીની તરફથી તેના ઉપર સદકો આપવું વાજિબ છે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૨૬૯) : માં ઉપરનાંના બાળકો તરફથી સદકો આપવું વાજિબ નથી. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૨૭૦) : ખિદમત કરવાવાળા ગુલામ અને મુદબ્બિર તથા ઉમ્મે વલ્દ (તે લોંડી જેનોથી તેનું બાળક થયું હોય)તરફથી તેમના ઉપર સદકએ ફિત્ર વાજિબ છે. ભલેને ગુલામ કરજદાર હોય, ભલેને તે દેવામાં ડુબેલો હોય. અને જો ગુલામ ગિરવી મુકેલ હોય અને માલિકની પાસે હાજતે અસલીયા સિવાય એટલો માલ હોય કે દેવું અદા કરી દે અને પછી નિસાબનો માલિક રેહેતો માલિક પર તેના તરફથી પણ સદકો વાજિબ છે. (દુર્રે મુખ્તાર, આલમગીરી વિગેરે)

મસ્અલા-(૨૭૧) : વેપાર કરવા માટેના ગુલામનો ફિત્રો માલિક પર વાજિબ નથી, જો કે તેની કીમત નિસાબ જેટલી ન હોય. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૨૭૨) : ગુલામ ઉછીનો આપી દીધો અથવા કોઈની પાસે અનામત તરીકે મુક્યો તો માલિક ઉપર ફિત્રો વાજિબ છે. અને જો એવસીયત કરી ગયો કે, આ ગુલામ ફલાણાનું કામ કરે અને મારા પછી તેનો માલિક ફલાણો છે, તો ફિત્રો માલિક ઉપર છે, તેના ઉપર નહી કે જેના

કબ્જામાં છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૭૩)** : ભાગેડુ ગુલામ અને તે જેને હરબીઓએ કેદ કરી લિધો તેમની તરફથી સદકો આપવું માલિક ઉપર નથી. એવીજ રીતે જો કોઈએ ગસબ કરી (માલ છીનવી) લીધો અને ગસબ કરનાર ઈન્કાર કરે છે અને માલિક પાસે કોઈ સાક્ષી નથી તો તેનો ફિત્રો પણ વાજિબ નથી, પરંતુ જ્યારે કે પાછો મળી જાય તો હવે તેમની તરફથી પાછલા વર્ષનો ફિત્રો આપે, પરંતુ હરબી જો ગુલામનો માલિક થઈ ગયો, તો પરત મળ્યા પછી પણ તેનો ફિત્રો નથી. (આલમગીરી, દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મુસ્અલા-(૨૭૪)** : મકાતિબનો ફિત્રો ન મકાતિબ પર છે ન તેના માલિક ઉપર, એવી જ રીતે મકાતિબ અને માઝુનના ગુલામનો અને મકાતિબ જો કિતાબનો બદલો અદા કરવાથી વિવશ થયો તો માલિક ઉપર પાછલા વર્ષનો ફિત્રો નથી. (આલમગીરી)

**મસ્અલા-(૨૭૫)** : બે અથવા (તેથી વધુ) કેટલાક શખ્સો વચ્ચે ગુલામ સંયુક્ત છે, તો તેનો ફિત્રો કોઈ ઉપર નથી. (આલમગીરી)

**મસ્અલા-(૨૭૬)** : ગુલામ વેચી નાખ્યો અને વિક્રેતા અથવા વેચાણ રાખનાર અથવા બનેંએ પરત લેવાનો અખત્યાર રાખ્યો, ઈદુલ ફિત્ર આવી ગઈ અને અખત્યારની અવધિ પુરી થઈ નહી, તેનો ફિત્રો મોકુફ છે. જો વેચાણ કાયમ રહ્યું તો ખરીદનાર આપે. નહી તો વિક્રેતા આપે. (આલમગીરી)

**મસ્અલા-(૨૭૭)** : જો ખરીદનારે **ખયારે** એબ (એબનો અધિકાર) અથવા **ખયારે રૂઅયત** (જોઈને લેવા પરની પસંદગી) પાછો ફેરવ્યો તો જો કબ્જો કરી લીધો હતો તો ફિત્રો ખરીદનાર ઉપર છે. નહીં તો વિક્રેતા પર છે. (આલમગીરી)

**મસ્અલા-(૨૭૮)** : ગુલામને વેચ્યો પરંતુ તે સોદો કેન્સલ થયો અને ખરીદનારે કબ્જો લીધા પછી પાછો ફેરવ્યો, અથવા ઈદ પછી કબ્જો લઈને આઝાદ કરી દીધો તો ફિત્રો વિક્રેતા પર છે. અને જો ઈદથી પહેલા કબ્જો લીધો અને ઈદ પછી આઝાદ કર્યો તો ફિતરો ખરીદનાર ઉપર છે. (આલમગીરી)

**મસ્અલા-(૨૭૯)** : માલિકે ગુલામને કહ્યું જ્યારે ઈદનો દિવસ આવે તો તુ આઝાદ છે, તો ઈદના દિવસે ગુલામ આઝાદ થઈ જશે, અને માલિક ઉપર તેનો ફિત્રો વાજિબ છે, (આલમગીરી)

**મસ્અલા-(૨૮૦)** : પોતાની પત્ની અને આકિલ-બાલિગ ઔલાદનો ફિત્રો તેના માથે નથી, ભલેને અપંગ હોય. ભલેને તેનું ભરણ પોષણ તેના માથે હોય. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૨૮૧)** : પત્ની અથવા બાલિગ ઔલાદનો ફિત્રો તેમની ઈજાઝત વગર અદા કરી દીધો તો અદા થઈ ગયો. એ શરતે કે ઔલાદ તેના અયાલ (પરિવાર)માં હોય અર્થાત તેનું ભરણ-પોષણ વિગેરે તેના માથે હોય. નહી તો ઔલાદ તરફથી ઈજાઝત વગર અદા થશે નહી. અને પત્નીએ જો પતિનો ફિત્રો તેના હુકમ વગર અદા કરી દીધો તો અદા ન થયો. (આલમગીરી રદદુલ મુહતાર વિગેરે)

**મસ્અલા-(૨૮૨)** : માં-બાપ, દાદા-દાદી, ના બાલિગ ભાઈ અને બીજા સગાંઓનો ફિત્રો તેના માથે નથી. અને હુકમ વગર અદા કરી શકતો નથી. (આલમગીરી, જવહરેહ)

**મસ્અલા-(૨૮૩)** : સદકએ ફિત્રની માત્રા આ છેઃ- ઘઉં અથવા તેનો આટો અથવા સત્તુ અર્ધો સાઅ, ખજુર અથવા મુનક્કા (સુકી દ્રાક્ષ) અથવા જવ અથવા તેનો આટો અથવા સત્તુ એક સાઅ (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૨૮૪)** : ઘઉં, જવ, ખજુરો, મુનક્કા આપવામા આવે તો તેમની કીમતની ગણના નથી. દા. ત. અડધા સાઅ સારીમાંની જવ તેની કીંમત એક સાઅ જવની બરાબર છે અથવા ચોથાઈ સાઅ (૧/૪) સારા ઘઉં જે કીંમતમાં અડધા સાઅ ઘઉંની બરાબર છે અથવા અડધો સાઅ ખજુરો આપે જે એક સાઅ જવ અથવા અડધા સાઅ ઘઉંની કીંમતની હોય, આ સઘળું નાજાઈઝ છે. જેટલું આપ્યું એટલું જ અદા થયું. બાકી રહેલું તેના માથે બાકી છે તે અદા કરે. (આલમગીરી વિગેરે

**મસ્અલા-(૨૮૫)** : ફિતરામાં જો અડધો સાઅ જવ અને ચોથાઈ સાઅ ઘઉં આપ્યા અથવા અડધો સાઅ જવ અને અડધો સાઅ ખજુર આપ્યા તો પણ જાઈઝ છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-૨૮૬) :** ઘઉં તથા જવ ભેળસેળ થયેલ હોય અને ઘઉં અધિક છે, તો અર્ધો સાઅ આપે. નહી તો એક સાઅ આપે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૮૭) :** ઘઉં અને જવ આપવા કરતાં તેનો આટો (લોટ) આપવું ઉત્તમ છે. અને તેના કરતાં અફઝલ એ કે કીમત આપી દે. ભલે ઘઉંની કીમંત આપે કે જવની અથવા ખજુરની, પરંતુ મોંઘવારીના જમાનામાં ઘઉં-જવ આપવું, કીમત આપવા કરતાં અફઝલ છે. અને જો ખરાબ ઘઉં અથવા ખરાબ જવની કીંમત આપી તો સારાની કીંમત કરતાં જે કમી પડે તે પૂરી કરે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૮૮) :** આ ચાર વસ્તુઓ સિવાય જો કોઈ બીજી વસ્તુથી ફિત્રો અદા કરવા ચાહે દા. ત. ચોખા, જવાર, બાજરો અથવા બીજું કોઈ અનાજ અથવા કોઈ બીજી વસ્તુ આપવા ઈચ્છે તો કીંમતની ગણના કરવી પડશે. અર્થાત તે વસ્તુ અડધા સાઅ ઘઉં અથવા એક સાઅ જવની કીંમતની હોય, ત્યાં સુધી કે રોટી આપે તો તેમાં પણ કિંમતની ગણના કરવામાં આવશે. ભલે ઘઉંની અથવા જવની રોટી હોય. (દુર્રે મુખ્તાર, આલમગીરી વિગેરે).

**મસ્અલા-(૨૮૯) : ઉચ્ચ દરજ્જાનું સંશોધન અને સાવધાની એ છે કે સાઅનું વજન (૩૫૧) ત્રણસો એકાવન તોલા છે. અને અર્ધો સાઅ ૧૭૫/ ૧/૫૦ એકસો સાડા પંચોતેર તોલા છે, (ફતાવા રિઝવીયા)**

**મસ્અલા-(૨૯૦) :** ફિત્રાનું મુકદ્દમ (આગળથી આપી દેવું) કરવું સર્વથા જાઈઝ છે જ્યારે કે તે શખ્સ હાજર હોય કે જેના તરફથી અદા કરતો હોય. જો કે રમઝાનથી પહેલા અદા કરી દે. અને જો ફિત્રો અદા કરતી વખતે માલિકે નિસાબ ન હતો પછી થઈ ગયો તો ફિત્રો સહીહ છે. અને **બહતર એ છે કે ઈદની સુબહ સાદિક (પ્રભાત) થવા પછી અને ઈદગાહ જવાથી પહેલા અદા કરી દે.** (દુર્રે મુખ્તાર,. આલમગીરી)

**મસ્અલા-(૨૯૧) :** એક માણસનો ફિત્રો એક મિસ્કીન ને આપવું બહેતર (ઉત્તમ) છે, એવી જ રીતે એક મિસ્કીનને કેટલીક વ્યક્તિઓનો ફિત્રો આપવું પણ વિના વાંધે જાઈઝ છે. જો કે સઘળાં ફિત્રા ભેળસેળ કરી દીધેલા હોય. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૯૨) :** પતિએ પત્નીને પોતાનો ફિત્રો અદા કરવાનો હુકમ આપ્યો. તેણે પતિના ફિત્રાના ઘઉં પોતાના ફિત્રાના ઘઉંમાં મેળવી ફકીરને આપી દીધો, અને પતિએ મેળવવાનો હુકમ આપ્યો ન હતો, તો પત્નીનો ફિત્રો અદા થઈ ગયો, પતિનો અદા થયો નહી, પરંતુ જ્યારે મેળવી દેવાનો રિવાજ હોય તો પતિનો પણ ફિતરો અદા થઈ જશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૯૩) :** પત્નીએ પતિને પોતાનો ફિત્રો અદા કરવાની અનુમતી (પરવાનગી) આપી દીધી, તેણે પત્નીના ઘઉં પોતાના ઘઉંમાં મેળવી સઘળાંની નિય્યતથી ફકીરને આપી દીધા તો જાઈઝ છે. (આલમગીરી)

**મસ્અલા-(૨૯૪) :** સદકએ ફિત્રાના મસારિફ (હકદાર) એજ છે જે ઝકાતના છે. અર્થાત જેમને ઝકાત **આપી શકીએ છીએ તેમને ફિત્રો પણ આપી શકીએ છીએ અને જેમને ઝકાત આપી શકતા નથી તેમને ફિત્રો પણ આપી શકતા નથી.** સિવાય આમિલના કે તેના માટે ઝકાત છે ફિત્રો નથી. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૯૫) :** પોતાના ગુલામની સ્ત્રીને ફિત્રો પણ આપી શકીએ છીએ. ભલે તેનું ભરણ પોષણ તેના ઉપર જ હોય. (દુર્રે મુખ્તાર)

## માંગવું કોના માટે હલાલ છે અને કોના માટે નહી

આજકાલ એક આમ બલા પણ વ્યાપક અને ફેલાએલી છે કે સારા ભલા તંદુરસ્ત કે જેઓ ઈચ્છે તો કમાણી કરીને બીજાઓને ખવડાવે પરંતુ તેમણે પોતાના અસ્તિત્વને બેકાર ઠેરવી લીધું છે. કોણ મહેનત કરે ? મુસીબત કોણ વેઠે ? વગર મહેનતે જો મળી જાય તો તકલીફ શા માટે સહન કરે ? **ના જાઈઝ રીતે સવાલ કરી ભીક્ષા માંગીને પેટ ભરે** છે. અને કેટલાંક તો એવા છે કે મજુરી તો મજુરી નાના-મોટા વેપારને લજ્જા તથા હલકું કામ સમજે છે અને ભીખ માંગવું તે વાસ્તવમાં એવા લોકો માટે બેઈજ્જતી તથા બેગૈરતી (નિર્લજતા) છે તેને ઈજ્જત લાયક સમજે છે. **અને કેટલાકોએ તો ભીખ માંગવું પોતાનો ધંધો જ બનાવી લીધો છે. ઘરમાં હજારો રૂપીયા છે, વ્યાજની લેવડ-દેવડ કરે છે, ખેતી વિગેરે કરે છે પરંતુ ભીખ માંગવું છોડતા નથી. તેમને**

કહેવામાં આવે છે તો જવાબ આપે છે કે આ અમારો ધંધો છે. વાહ સાહેબ, વાહ! ! શું અમો અમારો ધંધો છોડી દઈએ ! ! ! ખરેખર તો એવા લોકોએ સવાલ કરવો (માંગવુ) હરામ છે. અને જેમને તેમની હાલતની ખબર હોય તેને જાઈઝ નથી કે તેમને (ભીક્ષા) આપે. હવે કેટલીક હદીસો સાંભળો જુઓ કે, આકાએ દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ, એવા ભીખારીઓ (ભીક્ષા માંગનારાઓ) વિષે શું ફરમાવે છે ?

હદીસ-(૧) : બુખારી તથા મુસ્લિમ અબ્દુલ્લાહ બિન ઉમર રદીયલ્લાહો અન્હોમાથી રાવી કે,રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે, આદમી સવાલ કરતો રહશે ત્યાં સુધી કે કેયામતના દિવસે તે હાલમાં આવશે કે તેના ચહેરા ઉપર માંસ (ગોશ્ત)નો ટુકડો ન હશે, અર્થાત બહુ જ બે આબરૂ થઈને આવશે.

હદીસ-(૨ થી ૪) : અબુ દાઉદ, તિરમિઝી, નિસાઈ તથા ઈબ્ને હબ્બાનસમોરહ બિન જુન્દુબ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. સવાલ (માંગવું) એક પ્રકારની ખુજલી છે કે આદમી સવાલ કરીને પોતાના મુખને ઉઝરડે છે. જે માણસ ઈચ્છે પોતાના મુખ પર આ ખુજલી ને બાકી રાખે અને ઈચ્છે તો ત્યજી દે, હા, જો આદમી શાસક પાસેથી પોતાનો હક માગે અથવા એવા કાર્યોમાં સવાલ કરે કે તેના વગર છુટકો ન હોય (તો જાઈઝછે.)અને તેના જેવું જ ઈમામ અહમદે, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર અને તિબ્રાનીએ જાબિર બિન અબ્દુલ્લાહ રદીયલ્લાહો અન્હોમથી રિવાયત કરી છે.

હદીસ-(૫) : બયહકીએ અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાથી રિવાયત કરી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જે શખ્સ લોકો પાસે સવાલ કરે જો કે ન તેને ફાકો થયો ન એટલા બાલ બચ્ચાં છે કે જેના ભરણ પોષણની શક્તિ ધરાવતો નથી તો કિયામતના દિવસે એવી રીતે આવશે કે તેના મુખ પર ગોસ્ત (માંસ)ન હશે અને હુઝુરે ફરમાવ્યું જેના ઉપર ન ફાકો (ભૂખં) ગુજર્યો, અને ન એટલા બાળકો છે જેની (ભરણ પોષણની)શક્તિ નથી અને સવાલનો દરવાજો ખોલે, અલ્લાહ તઆલા તેના ઉપર ફાકાનો દરવાજો ખોલી દેશે, એવી જગ્યાએથી જે તેના ખ્યાલમાં પણ નથી.

હદીસ-(૬-૭) : નિસાઈએ આઈઝ બિન અમ્રરદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે જો લોકોને ખબર હોત કે સવાલ કરવામાં શું છે, તો કોઈ, કોઈની પાસે સવાલ કરવા ન જતો એના જેવી જ તિબ્રાનીએ અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાથી રિવાયત કરી છે.

હદીસ-(૮-૯) : ઈમામ અહમદ, તથા તિબ્રાની તથા બઝઝાર ઈમરાન બિન હસીન રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે ગની (પૈસાપાત્ર) નું સવાલ કરવું, કેયામતના દિવસે તેના ચહેરામાં એબ (ખામી) હશે. અને બઝઝારની રિવાયતમાં એ પણ છે કે ગનીનો સવાલ આગ છે, જો થોડું આપવામાં આવ્યું તો થોડી અને અધિક આપવામાં આવ્યું તો અધિક અને તેના જેવી જ ઈમામ અહમદ તથા બઝઝાર તથા તિબ્રાનીએ સૌબાન રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી.

હદીસ-(૧૦) : તિબ્રાની કબીરમાં અને ઈબ્ને ખુઝયમહ પોતાની સહીહમાં અને તિરમિઝી તથા બયહકી હબશી બિન જુનાદહ રદીયલ્લાહો રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જે શખ્સ હાજત વગર સવાલ કરે છે (માંગે છે.)જાણે તે અંગારો ખાય છે.

હદીસ-(૧૧) : મુસ્લિમ તથા ઈબ્નેમાજા હઝરત અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે. હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું. જે માણસ માલ વધારવા માટે સવાલ કરે છે, તે અંગારાનો સવાલ કરે છે. ભલે વધારે માંગે અથવાં ઓછાનો સવાલ કરે.

હદીસ-(૧૨) : અબૂદ ઉદ, ઈબ્ને હબ્બાન તથા ઈબ્ને ખુઝયમહ સહલ બિન હનઝલહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જે શખ્સ સવાલ કરે અને તેની પાસે એટલું છે : જે તેને નિસ્પૃહ કરે, તો તે આગની અધિકતા ચાહે છે, લોકોએ અર્ઝ કરી, તે શું માત્રા છે જેની ઉપસ્થિતીમાં સવાલ જાઈઝ નથી. આપે ફરમાવ્યું. સવાર-સાંજનું ખાણું, (અર્થાત જેની પાસે બે ટંકનું ખાણું હોય તેણે સવાલ કરવો ના જાઈઝ છે. અનુ)

**હદીસ-(૧૩)** : ઈબ્ને હબ્બાન પોતાની સહીહમાં અમીરૂલ મોમીનીન હઝરત ઉમર ફારૂક રદીયલ્લાહોઅન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું. જે માણસ લોકો પાસે સવાલ કરે, એટલા માટે કે પોતાના માલને વધારે તો તે જહન્નમનો ગરમ પત્થર છે. હવે તેને અખત્યાર છે કે ભલે થોડું માંગે કે વધારે. (ઈબ્ને હબ્બાન)

**હદીસ-(૧૪-૧૫)** : ઈમામ અહમદ તથા અબુયઅલા તથા બઝઝારે હઝરત અબ્દુર્ રહમાન બિન ઔફ અને તિબ્રાનીએ સગીરમાં ઉમ્મુલ મોમીનીન બીબી ઉમ્મે સલમા રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરી કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું સદકાથી માલ ઓછો થતો નથી અને હક માફ કરવાથી કિયામતના દિવસે અલ્લાહ તઆલા બંદાની ઈઝઝત વધારશે અને બંદો સવાલનો દરવાંજો ખોલશે તો અલ્લાહ તઆલા તેના ઉપર મોહતાજીનો દરવાજો ખોલશે.

**હદીસ-(૧૬)** : મુસ્લિમ, અબુ દાઉદ તથા નિસાઈ હઝરત કબીસહ બિન મખારિક રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે, કહે છે મારા ઉપર એક સમયે તાવાન લાઝિમ થયું. મેં હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખિદમતમાં હાજર થઈને સવાલ કર્યો. આપે ફરમવ્યું : થોભો અમારી પાસે સદકાનો માલ આવશે તો તમારા માટે આજ્ઞા કરીશું. પછી ફરમાવ્યું. અય કબીસહ ? ત્રણ કારણો સિવાય સવાલ કરવું (ભીક્ષા માંગવી) હલાલ નથી, તે ત્રણ કારણો આ છે. (૧) કોઈએ જામીનગીરી કરી હોય(અર્થાત કોઈ કોમ તરફથી દિય્યતનો જામિન થયો અથવા પારસ્પરિક યુધ્ધમાં સુલેહ કરાવી અને તેના ઉપર કોઈ માલનો જામિન થયો) તો તેણે સવાલ કરવું હલાલ છે, ત્યાં સુધી કે તે રકમ પામી લે, પછી રોકાઈ જાય. (૨) કોઈ માણસ ઉપર આફત આવી કે તેના માલને નષ્ટ કરી નાખ્યો હોય તો તેના માટે સવાલ કરવું (ભીખ માંગવી) હલાલ છે. ત્યાં સુધી કે ભરણ પોષણ માટે પામી લે. (૩) અથવા કોઈને ફાકો (ભુખમરી)થયો અને તેની કોમના ત્રણ અકલમંદ માણસો સાક્ષી આપે કે, ફલાણો માણસ ફાકામાં સપડાયો છે, તો તેના માટે સવાલ હલાલ છે. ત્યાં સુધી કે જીવન નિર્વાહ માટે પ્રાપ્ત કરી લે. અને આ ત્રણ વાતો સિવાય અય કબીસહ! સવાલ કરવું હરામ છે. સવાલ કરનાર (ભીખ માગનાર) હરામ ખાય છે.

**હદીસ-(૧૭-૧૮)** : ઈમામ બુખારી તથા ઈબ્નેમાજા હઝરત ઝુબેર બીન અવામ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરેછે. રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : કોઈ માણસ રાસ (દોરડું) લઈને જાય અને પોતાની પીઠ ઉપર લાકડાંનો ભારો લાવીને વેચે અને સવાલની ઝિલ્લત (બેઈઝઝતી)થી અલ્લાહ તઆલા તેના ચહેરાને બચાવે, તે તેના કરતાં બહેતર છે કે, લોકો પાસે સવાલ કરે કે, લોકો તેને આપે અથવા ન આપે તેના જેવીજ ઈમામ બુખારી, મુસ્લિમ, ઈમામ માલિક, તિરમિઝી તથા નિસાઈએ હઝરત અબુ હુરેરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી છે.

**હદીસ-(૧૯)** : ઈમામ માલિક, બુખારી, મુસ્લિમ, અબુદાઉદ તથા નિસાઈ અબ્દુલ્લાહ બિન ઉમર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મિમ્બેર પર બિરાજેલા હતા , સદકાનું અને સવાલથી બચવાનું વર્ણન કરી રહ્યા હતા. આપે એવું ફરમાવ્યું કે, ઉપર વાળો હાથ નીચેવાળા હાથથી બહેતર છે. ઉપરવાળો (આપનાર) હાથ ખરચ કરનાર હાથ છે અને નીચેવાળો (લેનાર) હાથ માંગનારો હાથ છે.

**હદીસ-(૨૦)** : ઈમામ માલિક, બુખારી, મુસ્લિમ, અબુ દાઉદ, તિરમિઝી તથા નિસાઈ હઝરત અબૂ સઈદ ખુદરી રદીયલ્લાહો અન્હોથી રાવી કે, અન્સારમાંથી કેટલાક લોકોએ હુઝુર પાસે સવાલ કર્યો. હુઝુરે અતા કર્યું, તેમણે ફરી માંગ્યું, હુઝુરે અતા કર્યુ. ત્યાં સુધી કે તે માલ જે હુઝુરની પાસે હતો બધો ખલાસ થઈ ગયો. પછી આપે ફરમાવ્યું : જે કાંઈ મારી પાસે માલ હશે તેને હું તમારા માટે ગુપ્ત રાખીશ નહી. અને જે માણસ સવાલ (ભીખ માંગવા)થી બચવા ઈચ્છશે અલ્લાહ તઆલા તેને બચાવશે. અને જે માણસ ગની (માલદાર)બનવા ઈચ્છશે અલ્લાહ તેને ગની (બેપરવા) કરી દેશે. અને જે માણસ સબ્ર કરવા ઈચ્છશે અલ્લાહ તઆલા તેને સબ્ર આપશે. અને સબ્રથી વધીને, અને તેના કરતાં અધિક વિસ્તૃત **અતા** (અર્પણ) કોઈને મળી નહી.

**હદીસ-(૨૧)** : હઝરત અમીરૂલ મોમીનીન ફારૂકે આઝમ ઉમર રદીયલ્લાહો અન્હોએ ફરમાવ્યું કે લાલચ એ

મોહતાજી છે અને નિરાશાએ તવંગરી છે. આદમી જ્યારે કોઈ વસ્તુથી નિરાશ (બેપરવા) થઈ જાય છે તો તેની પરવાહ રહેતી નથી.

**હદીસ-(૨૨)** : ઈમામ બુખારી તથા મુસ્લિમ ફારુકે આઝમ રદીયલ્લાહો અન્હોથી રિવાયત ફરમાવે છે કે, હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મને કોઈ વસ્તુ અતા કરતા તો હું અર્ઝ કરતો કે કોઈ એવા માણસને આપો જે મારા કરતા અધિક હાજતમંદ હોય. આપે ઈરશાદ ફરમાવ્યો. તેને લઈ લો અને પોતાનુ કરી લો અને ખૈરાત કરી દો જે માલ તમારી પાસે વિના લાલચ અને વગર માગે આવી જાય તેને લઈલો અને જો ન આવે તો તેની પાછળ પોતાના નફસને ન દોડાવો.

**હદીસ-(૨૩)**: અબુ દાઉદ અનસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, એક અન્સારીએ હુઝુરની ખિદમતે અકદસમા હાજર થઈને સવાલ કર્યો . આપે ઇરશાદ ફરમાવ્યો : શુ તમારા ઘરમા કાંઈ નથી. તેમણે અર્ઝ કરી. છે, એક ટુકડો ટાટ (કંતાન) નો છે જેનો એક ભાગ અમો ઓઢીએ છીએ અને એક ભાગ પાથરીએ છીએ અને એક લાકડાનો પ્યાલો છે જેમા અમો પાણી પીએ છીએ. આપે ઈરશાદ ફરમાવ્યો . મારી સમક્ષ બન્ને ચીજોને હાજર કરો. તેઓ લઈ આવ્યા. હુઝુરે પોતાના મુબારક હાથમાં લઈને ઈરશાદ ફરમાવ્યો આને કોણ ખરીદે છે એક સહાબીએ અર્ઝ કરી. એક દિરહમમાં હું ખરીદુ છું, આપે ઈર્શાદ ફરમાવ્યો. એક દિરહમ કરતાં વધારે કોણ આપે છે. આવી રીતે બે અથવા ત્રણવાર ફરમાવ્યું. કોઈ બીજા સહાબીએ અર્ઝ કરી હું બે દિરહમમાં લઉ છું. આપે તેમને આ બંને વસ્તુઓ આપી દીધી અને બે દિરહમ લઈ લીધા પછી આપે અન્સારીને બંને દિરહમ આપીને ઈર્શાદ ફરમાવ્યો. એક દિરમનું અનાજ ખરીદીને ઘેર નાંખી આવો . અને એક દિરહમની કુહાડી ખરીદીને મારી પાસે લાવો, તેઓ લઈ આવ્યા. હુઝુરે પોતાના મુબારક હાથથી તેમાં હાથો નાખ્યો, પછી ફરમાવ્યું. જાવ લાકડાં કાપો અને વેચો. હવે પંદર દિવસ સુધી મારી પાસે આવશો નહી. તેઓ ગયા. લાકડા કાપીને વેચતા રહયા . હવે હાજર થયા તો તેમની પાસે દસ દિરહમ હતા. તેમાંથી કેટલાક દિરહમનું કપડું ખરીદયું અને કેટલાકનું અનાજ ખરીદયું અને કેટલાકનું અનાજ ખરીદયું . રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો. આ તેના કરતાં વધારે બહેતર છે કે કિયામતના દિવસે સવાલ તમારા મુખ ઉપર ફોડલો (છાલો) બનીને આવતો, ત્રણ (પ્રકારના) માણસો સિવાય સવાલ કરવું દુરસ્ત નથી.

(૧) એવી મોહતાજીવાળા માટે જે તેને જમીન ઉપર (ભુખને કારણે) સુવડાવી દે.

(૨) તાવાનવાળા માટે, જે રૂસ્વા (બે આબરૂ) કરી દે.

(૩) ખુન બહા (દિય્યત) માટે જે તેને તકલીફ પહોંચાડે.

**હદીસ-(૨૪-૨૫)** અબુ દાઉદ તથા તિરમિઝી આધારભૂત રિવાયતોથી તથા હાકિમ પણ એજ પ્રકારની રિવાયતથી અબ્દુલ્લાહ બિન મસઉદ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જેને ફાકો કરવો પડ્યો અને તેણે લોકોની સામે બયાન કર્યુ, તો તેનો ફાકો બંધ કરવામાં આવશે નહી અને જો તેણે અલ્લાહ તઆલાથી અર્ઝ કરી તો અલ્લાહ અઝવ જલ્લ જલ્દી તેને નિસ્પૃહ (બેપરવા) કરી દેશે, ભલે જલ્દી મૃત્યુ આપી દે અથવા જલ્દી માલદાર કરી દે. અને તિબ્રાનીની રિવાયત અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી છે કે, હુઝુરે ફરમાવ્યું જે ભૂખ્યો અથવા મોહતાજ થયો અને તેણે આદમીઓથી સંતાડ્યું અને અલ્લાહ તઆલા સમક્ષ અર્ઝ કરી તો અલ્લાહ તઆલા પર હક્ક છે કે એક વર્ષની હલાલ રોજી તેના ઉપર વિસ્તૃત કરી દે. કેટલાક સાઈલ (ભીક્ષુકો) કહી દે છે કે, "અલ્લાહ માટે આપો, ખુદા વાસ્તે આપો." જો કે તેની બહુ જ સખત મનાઈ આવી છે.

એક હદીસમાં તેને મલઉન (તિરસ્કૃત) ફરમાવવામાં આવ્યો છે. અને એક હદીસમાં "બદતરીન ખલાઈક" (દુષ્ટ મખ્લુક) ફરમાવ્યું છે. અને જો કોઈએ આવી રીતે સવાલ કર્યો તો જ્યાં સુધી ખરાબ વાતનો સવાલ ન હોય અથવા ખુદ સવાલ ખરાબ ન હોય (જેવું કે માલદાર અથવા એવા શખ્શનુ ભીખ માંગવું જે મજબુત, તંદુરસ્ત, કમાવવા પર શક્તિમાન હોય) અને તે સવાલને કોઈપણ તકલીફ અથવા તંગી વિના પૂરો કરી શકે છે તો પુરો કરવુ જ અદબ છે કે, ક્યાંક જાહિરી હદીસની રીતે તે પણ એજ ચેતવણીનો હકદાર ન થાય. હા, જો સાઈલ, એબ પકડવાવાળો હોય તો, ન આપે. વસ્તુ તએ પણ ખ્યાલ રહે કે મસ્જિદમાં સવાલ ન

કરે. ખાસ કરીને જુમ્આના દિવસે લોકોની ગરદનો ફલાંગીને કે, આ હરામ છે બલ્કે કેટલાક ઉલ્મા ફરમાવે છે કે, **મસ્જિદના સાઈલ (જે પોતાની જાત માટે માગે)ને જો એક પૈસો આપ્યો તો સિત્તર (૭૦) પૈસા બીજા ખૈરાત કરે** કે તે એક પૈસાનો કફફારો થાય. હઝરત મૌલા અલી કર્રમલ્લાહો તઆલા વજહહુએ એક માણસને અરફાના દિવસે અરફાતમાં સવાલ કરતાં જોયા તો આપે તેને દુર્રા (ચાબુક) લગાવ્યા અને ફરમાવ્યું કે, આ દિવસમાં અને આવી જગ્યાએ, ગેર ખુદાથી સવાલ (ભીખ માંગે) કરે છે. ભીખ માંગવું બહુ જ હીનતા તથા બેઈઝઝતીની વાત છે. જરૂરત વગર સવાલ ન કરે અને જરૂરતની હાલતમાં પણ તે કાર્યોનો ખ્યાલ રાખે જેનાથી મનાઈ આવી છે. અને જો સવાલની હાજત જ ઉભી થઈ જાય તો અતિશ્યોક્તિ હરગિઝ ન કરે, કે લિધા વગર પીછો ન છોડે કે તેની મનાઈ આવી છે.

## સદકએ નિફલનું બયાન

અલ્લાહની રાહમાં આપવું બહુ જ સારૂં અને ઉત્તમ કામ છે. માલ-દોલતથી જો તમને ફાયદો ન પહોંચ્યો તો તે તમારા શું કામ આવ્યો અને પોતાના કામનું એ જ છે જે ખાઈ-પહેરી લીધું અથવા આખેરત માટે ખર્ચ કર્યો અને બીજાઓ માટે મુકી ગયા. તેના ફઝાઈલમાં કેટલીક હદીસો સાંભળો અને તેના ઉપર અમલ કરો, અલ્લાહ તઆલા તૌફીક આપનાર છે.

**હદીસ-(૧)** સહીહ મુસ્લિમ શરીફમાં હઝરત અબુ હુરૈયરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. બંદો કહે છે મારો માલ જ મારો માલ છે અને તેને તો તેના માલથી ત્રણ જ પ્રકારનો ફાયદો છે. (૧) જે ખાઈને નષ્ટ કરી નાખ્યું (૨)પહેરીને જુનું કરી નાખ્યું. (૩) અર્પણ કરીને આખેરત માટે સંગ્રહ કર્યો અને તેના સિવાયનું જનાર બીજાઓ માટે મુકતો જશે.

**હદીસ-(૨) :** બુખારી તથા નિસાઈ ઈબ્ને મસઉદ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હુઝુર ફરમાવે છે. તમારામાં કોણ એવો છે કે તેને પોતાના વારસદારનો માલ પોતાના માલ કરતાં અધિક પ્રિય છે. સહાબાઓએ અર્ઝ કરી યા રસુલલ્લાહ! અમારામાં કોણ એવો નથી જેને પોતાનો માલ અધિક પ્રિય ન હોય. આપે ફરમાવ્યું પોતાનો માલ તો એ છે જે આગળ રવાના કરી દીધો અને જે પાછળ મુકી ગયો તે વારસદારનો માલ છે.

**હદીસ-(૩) :** ઈમામ બુખારી અબુ હુરેયરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે જો મારી પાસે ઉહદ પહાડની બરાબર સોનું હોત તો મને એ જ પસંદ પડતું કે ત્રણ રાતો ન પસાર થાય અને તે પૈકીનું મારી પાસે કાંઈ રહી જાય. હા, જો મારા ઉપર દેવું હોય તો તેના માટે કાંઈ રાખી લઈશ.

**હદીસ-(૪-૫) :** સહીહ મુસ્લિમમાં તેમનાથી જ રિવાયત છે કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું. કોઈ દિવસ એવો નથી કે જેમાં સવાર થતાં જ બે ફરિશ્તા નાઝિલ થાય છે અને તેઓ પૈકી એક કહે છે. અય અલ્લાહ ખરચ કરનારને બદલો આપ અને બીજો કહે છે : અય અલ્લાહ રોકનારાના માલને નષ્ટ કર અને તેના જેવી જ ઈમામ અહમદ, ઈબ્ને હબ્બાન તથા હાકીમે અબુ દરદાઅ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી.

**હદીસ-(૬) :** સહીહેનમાં છે કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે અસ્માઅ રદીયલ્લાહો અન્હોથી ફરમાવ્યું - ખર્ચ કર અને ગણત્રી ન કર, એટલા માટે કે, અલ્લાહ તઆલા ગણીને આપશે. અને બંધ ન કર કે અલ્લાહ તઆલા પણ તારા ઉપર (પોતાની કૃપા) બંધ કરી દેશે. કાંઈ આપ જેની તારામાં શક્તિ હોય.

**હદીસ-(૭) :** સહીહેનમાં અબુહુરેરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું-અય ઈબ્ને આદમ ખરચ કર, હું તારા ઉપર ખરચ કરીશ.

**હદીસ-(૮) :** સહીહ મુસ્લિમ તથા સુનન તિરમિઝીમાં અબુઅમામા રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું-અય ઈબ્ને આદમ વધેલાનું ખરચ કરવું તારા માટે ખરાબ છે અને જરૂરત જેટલું રોકવા(સંગ્રહવા) ઉપર મલામત નથી અને (ખરચ કરવું) તેમનાથી શરૂ કર જે તારા પાલણ

પોપણમાં છે.

**હદીસ-(૯)** : સહીહેનમાં અબૂ હુરેરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું બખીલ (કંજુસ) અને સદકો આપનારનું દ્દષ્ટાંત તે બે શખ્સો જવું છે જેઓ લોખંડનું બખ્તર પહેરેલ છે, જેમના હાથ છાતી અને ગળાથી જકડેલા છે તો સદકો આપનારે જ્યારે સદકો આપ્યો બખ્તર પહોળું થઈ ગયું અને કંજુસ જ્યારે સદકો આપવાનો ઈરાદો કરે છે દરેક કડી પોતાની જગ્યાને પકડી લે છે. તે પહોળી કરવા પણ ઈચ્છે છે તો પહોળી થતી નથી.

**હદીસ-(૧૦)** : સહીહ મુસ્લિમમાં જાબિર રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે - ઝુલ્મથી બચો કે ઝુલ્મ કિયામતના દિવસે તિમિરતોઓ છે અને કંજુસીથી બચો કે કંજુસીએ આગળનાઓનો વિનાશ કર્યો, એજ કંજુસીએ તેમને લોહી વહાવવા અને હરામને હલાલ બનાવવા તત્પર કર્યા.

**હદીસ-(૧૧)** : તથા તેમાંજ અબુ હુરેરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે એક શખ્સે અર્ઝ કરી યા રસુલુલ્લાહ ! કયા સદકાનો અધિક અજર છે. આપે ફરમાવ્યું : તેનો કે તંદુરસ્તીના હાલતમાં હોય અને લાલચ હોય, મોહતાજીનો ડર હોય અને તવંગરીની આરઝુ એ નથી કે ત્યાગ કરી દે અને જ્યારે જીવ ગળામાં આવી જાય તો કહે આટલું ફલાણાને અને આટલું ફલાણા ને આપજો અને આ તો ફલાણાનું થઈ ચુકયું અર્થાત વારસદારોનું.

**હદીસ-(૧૨)** : સહીહેનમાં અબુઝર રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે - તેઓ કહે છે : હું હુઝુરની ખિદમતમાં હાજર થયો અને હુઝુર કા'બા મુઅઝઝમાના છાંયડામાં બિરાજમાન હતા. મને દેખીને ફરમાવ્યું-કસમ છે રબ્બે કા'બાની તે તોટા (ખોટ)માં છે, મેં અર્ઝ કરી મારા માં બાપ હુઝુર પર કુર્બાન તે કોણ લોકો છે, આપે ફરમાવ્યું અધિક માલવાળા પરંતુ જેઓ આવી રીતે અને આવી રીતે અને આવી રીતે કરે, આગળ-પાછળ, જમણા-ડાબા, અર્થાત દરેક પ્રસંગે ખરચ કરે અને એવા લોકો બહુ ઓછા છે.

**હદીસ-(૧૩)** : સુનન તિરમિઝીમાં અબુહુરેરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું-સખી નિકટ છે અલ્લાહથી, નિકટ છે જન્નતથી, નિકટ છે આદમીઓથી, દુર છે જહન્નમથી અને કંજુસ દુર છે અલ્લાહ થી, દુર જે જન્નત થી, દુર છે આદમીઓથી અને નિકટ છે જહન્નમથી. અને જાહિલ સખી અલ્લાહની નઝદીક અધિક પ્યારો છે બખીલ આબિદથી.

**હદીસ-(૧૪)** : સુનન અબુ દાઉદમાં અબુહુરેરહ રદીયલ્લાહો અન્હોથી રિવાય છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું આદમીનું પોતાની ઝિંદગી (અર્થાત તંદુરસ્તી) માં એક દિરમ સદકો કરવું મરતા સમયના સો દિરમ સદકો કરવા કરતાં અધિક ઉત્તમ છે.

**હદીસ-(૧૫)** : ઈમામ અહમદ, નિસાઈ, દારોમી તથા તિરમિઝી અબુદરદા રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જે શખ્સ મૃત્યુ સમયે સદકો આપે છે અથવા (ગુલામને) આઝાદ કરે છે તેનું દ્દષ્ટાંત તે શખ્સ જેવું છે કે જ્યારે આસુદા થઈ ગયો તો હદિયો કરે છે.

**હદીસ-(૧૬)** : સહીહ મુસ્લિમ શરીફમાં અબુહુરેરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે - એક માણસ જંગલમાં હતો તેણે વાદળમાં એક અવાઝ સાંભળ્યો કે ફલાણાંના બગીચાને તુપ્ત કરી દે. તે વાદળ એક ખુણામાં થઈ ગયું અને તેણે પાણી પથરાળી જમીનમાં વરસાવ્યું અને એક નાળાએ તે સઘળું પાણી લઈ લીધું. તે માણસ પાણીની પાછળ થઈ ગયો, એક શખ્સને જોયો કે પોતાના બગીચામાં ઉભેલ ખુરપી વડે (પાવડા) થી પાણી ફેરવી રહ્યો છે. તેણે કહ્યું અય અલ્લાહના બંદા તારૂં શું નામ છે તેણે કહ્યું ફલાણું નામ, તેણે કહ્યું અય અલ્લાહના બંદા તુ મારૂં નામ શા માટે પુછે છે, તેણે કહ્યું મેં વાદળોમાંથી કે જેનું આ પાણી છે એક અવાઝ સાંભળ્યો કે તે તારૂ નામ લઈને કહે છે કે ફૂલાઠગાના બગીચાને તૃપ્ત કરી દે તો તું શું કરે છે (કે તારૂં નામ લઈને પાણી મોકલવામાં આવે છે) તેણે જવાબ આપ્યો કે જે કાંઈ પૈદા થાય છે તેમાંથી એક તૃતિયાંશ (૧/૩) ખૈરાત કરૂં છું અને એક તૃતિયાંશ હું અને મારા બાલ બચ્ચાં ખાઈએ છીએ અને એક તૃતિયાંશ વાવણી માટે

રાખું છું.

હદીસ-(૧૭) : સહીહૈનમાં અબુ હુરેરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે બની ઈસરાઈલમાં ત્રણ શખ્સ હતા. એક બર્સ (કોઢ) વાળો બીજો ગંજો ત્રીજો આંધળો, અલ્લાહે તેમની પરીક્ષા લેવા ચાહ્યું તેમની પાસે એક ફરિશ્તો મોકલ્યો તે ફરિશ્તો કોઢવાળા પાસે આવ્યો. તેને પૂછ્યું તને કઈ ચીઝ વધારે પ્રિય છે તેણે કહ્યું સારો રંગ અને સારી ચામડી અને એ વાત દુર થઈ જાય જેનાથી લોકો નફરત કરે છે. ફરિશ્તાએ તેના ઉપર હાથ ફેરવ્યો તે ધુણાની વસ્તુ ચાલી ગઈ અને સારો રંગ અને સારી ચામડી તેને આપવામાં આવી. ફરિશ્તાએ કહ્યું તને કયો માલ અધિકપ્રિય છે, તેણે ઉંટ કહ્યું કે ગાય(રિવાયત કરનારને શંકા છે પરંતુ કોઢવાળા અને ગંજા પૈકી એકે ઉંટ કહ્યું અને બીજાએ ગાય) તેને દસ મહીનાની ગર્ભવતી ઉંટણી આપી અને કહ્યું કે અલ્લાહ તારા માટે આમાં બરકત આપે પછી ગંજા (ટાલીયા) પાસે આવ્યો તેને કહ્યું તને કઈ વસ્તુ અધિકપ્રિય છે તેણે કહ્યું સુંદર વાળ અને આ ચીઝ મટી જાય જેનાથી લોકો ધુણા કરે છે. ફરિશ્તાએ તેના ઉપર હાથ ફેરવ્યો તો તે વાત મટી ગઈ અને તેને સુંદર વાળ આપવામાં આવ્યા, તેણે કહ્યું તને કયો માલ પ્રિય છે, તેણે ગાય બતાવી, એક ગાભણ ગાય તેને આપવામાં આવી અને કહ્યું અલ્લાહ તારા માટે આમ બરકત આપે.

પછી ફરિશ્તો આંધળા પાસે આવ્યો અને કહ્યું તને કઈ વસ્તુ અધિકપ્રિય છે? તેણે કહ્યું : એ કે અલ્લાહ તઆલા મારી આંખો પાછી આપી દે કે, હું લોકોને જોઉં. ફરિશ્તાએ હાથ ફેરવ્યો અલ્લાહે તેને દષ્ટિ પાછી આપી. ફરિશ્તાએ પૂછયું : તને કયો માલ અધિક પસંદ છે? તેણે કહ્યું : બકરી, તેને એક ગાભણ બકરી આપવામાં આવી. હવે ઉંટણી, ગાય અને બકરી સૌને બચ્ચા પેદા થયા. એકના માટે ઉંટોથી જંગલ ભરાઈ ગયું. બીજા માટે ગાયથી, ત્રીજા માટે બકરીઓથી પછી તે ફરિશ્તો કોઢવાળા પાસે તેની હાલત અને સ્વરૂપમાં થઈને આવ્યો (અર્થાત કોઢવાળો બનીને) અને કહ્યું, હું મિસ્કીન માણસ છું મારી વાટ ખર્ચી ખુટી ગઈ છે. વતન પહોંચવાનો કોઈ માર્ગ દેખાતો નથી પરંતુ અલ્લાહની મદદથી પછી તારી મદદથી, હું તેના વાસ્તાથી જેણે તને સુંદર રંગ, અને સારી ચામડી અને માલ આપ્યો છે એક ઉંટનો સવાલ કરૂં છું, જેનાથી હું પ્રવાસમાં ધ્યેય સુધી પહોંચી જાઉં.

તેણે જવાબ આપ્યો : હુકુક બહુ છે. ફરિશ્તાએ કહ્યું જો કે હું તને ઓળખું છું. શું તું કોઢી ન હતો કે લોકો તારાથી ધુણા કરતા હતા, ફકીર (નિર્ધન) ન હતો, પછી અલ્લાહે તને માલ આપ્યો . તેણે કહ્યું હું તો આ માલનો વંશપરંપરાગત માલિક બનાવવામાં આવ્યો છું. ફરિશ્તાએ કહ્યું જો તું જુઠો છે તો અલ્લાહ તઆલા તને તેવો જ કરી દે જેવો કે તું હતો.

પછી ફરિશ્તો ગંજા પાસે તેના જેવી જ સુરત બનીને આવ્યો તેને પણ એ જ કહ્યું, તેણે પણ એવો જ જવાબ આપ્યો ફરિશ્તાએ કહ્યું જો તું જુઠો છે તો અલ્લાહ તઆલા તને એવો જ કરી દે જેવો કે તુ હતો.

પછી ફરિશ્તો આંધળા પાસે એવી જ સુરત અને સ્વરૂપ બનીને આવ્યો અને કહ્યું હું મિસ્કીન શખ્સ અને મુસાફિર છું, મારી પાસે પ્રવાસમાં વાટ ખર્ચી ખૂટી ગઈ છે, ઘેર પહોંચવાની હાલત નથી પરંતુ અલ્લાહના મદદથી પછી તારી મદદથી હું તેના વસીલાથી જેણે તને દષ્ટિ પાછી આપી એક બકરીનો સવાલ કરૂં છું જેના કારણે હું મારા પ્રવાસમાં ધ્યેય સુધી પહોંચી જાઉં, તેણે કહ્યું હું આંધળો હતો અલ્લાહ તઆલાએ મને આંખો આપી, તારી ઈચ્છા હોય તે લઈલે અને મારા માટે જેટલું મુકી જવું હોય રહેવા દે,

ખુદાના સોગંદ અલ્લાહ માટે તુ જ કાંઈ લઈશ હું તારા ઉપર કષ્ટ નાંખીશ નહી. ફરિશ્તાએ કહ્યું તું પોતાનો માલ પોતાના કબજામાં રાખ. વાત એ છે કે તમારા ત્રણેની પરીક્ષા હતી તારા માટે અલ્લાહની રઝા છે અને તે બંને ઉપર નારાજી.

હદીસ-(૧૮) : ઈમામ અહમદ, અબુ દાઉદ તથા તિરમિઝી ઉમ્મે બુજૈદ રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરે છે, કહે છે કે મેં અર્ઝ કરી : 'યા રસુલુલ્લાહ ! મિસ્કીન દરવાજા પર ઉભેલો હોય છે અને મને શરમ આવે છે કે ઘરમાં કાંઈ હોતું નથી કે તેને આપું. આપે ઈરશાદ ફરમાવ્યો, તેને કાંઈ આપ ભલે બળેલ ખરી હોય.

હદીસ-(૧૯) : બયહકીએ દલાઈલ અન નુબુવ્વતમાં રિવાયત કરી દે, ઉમ્મુલ મોમીનીન ઉમ્મે સલમા રદીયલ્લાહો તઆલા અન્હાની ખિદમતમાં માંસ(ગોશ્ત)નો ટુકડો હદિયામાં આવ્યો અને હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને માંસ પસંદ હતું. તેમણે ખાદિમાને કહ્યું આને

ઘરમાં મુકી દે કદાચ હુઝુર ખાઈ લે. તેણે ગોખલામાં મુકી દીધું. એક સાઈલ (ભીક્ષુક) આવીને દરવાજા ઉપર ઉભો રહ્યો અને કહ્યુ,સદકો કરો અલ્લાહ તઆલા તમારામાં બરકત આપશે, લોકો એ કહ્યું અલ્લાહ તમને બરકત આપે (સાઈલને પાછો ફેરવવા માટે આ શબ્દો બોલતા) સાઈલ ચાલ્યો ગયો. હુઝુર તશરીફ લાવ્યા અને ફરમાવ્યું તમારા ત્યાં કાંઈ ખાવાની વસ્તુ છે? ઉમ્મુલ મોમીનીને અર્ઝ કરી હા, અને ખાદિમાને કહ્યું, જા તે તરકારી (ગોશ્ત) લઈ આવ, તે ગઈ તો ગોખલામાં પત્થરના એક ટુકડો હતો. હુઝુરે ઈરશાદ ફરમાવ્યો : તમોએ સાઈલને આપ્યું નહીં માટે તે માંસ (ગોશ્ત) પત્થર થઈ ગયું.

હદીસ-(૨૦) : બયહકી શઅબલ ઈમાનમાં અબુ હુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું સખાવત જન્નતમાં એક વૃક્ષ છે, જે સખી છે તેણે તેની ડાળ પકડી લીધી છે તે ડાળી તેને છોડશે નહી જ્યાં સુધી જન્નતમાં દાખલ ન કરી લે અને કંજૂસી જહન્નમમાં એક વૃક્ષ છે, જે કંજૂસ છે તેણે તેની ડાળી પકડી લીધી છે, તે ડાળી તેને જહન્નમમાં દાખલ કર્યા વગર છોડશે નહીં.

હદીસ-(૨૧) : રઝીને અલી રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે હુઝુરે ફરમાવ્યું સદકામાં ઉતાવળ કરો કે બલા (આફત) સદકાને ફલાંગતી નથી.

હદીસ-(૨૨) : સહીહેનમાં અબુ મુસા અશઅરી રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે, દરેક મુસલમાન પર સદકો છે. લોકોએ અર્ઝ કરી જો ન પામે તો ? આપે ફરમાવ્યું પોતાના હાથથી કામ કરે પોતાને લાભ પહોંચાડે. અને સદકો પણ આપે. તેઓએ અર્ઝ કરી જો શક્તિ ન હોય અથવા સદકો ન કરે તો ? આપે ફરમાવ્યું હાજતમંદ પરેશાન માણસની સહાયતા કરે, અર્ઝ કરી જો તે પણ ન કરે તો ? આપે ફરમાવ્યું : નેકીના હુકમો કરે, અર્ઝ કરી એ પણ ન કરે તો ? આપે ફરમાવ્યું, શર (ઉપદ્રવ) થી બાઝ રહે કે એ જ તેના માટે સદકો છે.

હદીસ-(૨૩) : સહીહેનમાં અબુ હુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે, બે માણસમાં ન્યાય કરવો સદકો છે, કોઈને જાનવર ઉપર સવાર થવામાં મદદ આપવી અથવા તેનો સામાન ઉપાડી આપવો સદકો છે. અને સારી વાત સદકો છે અને જે કદમ નમાઝની તરફ ચાલશે સદકો છે. માર્ગમાંથી કષ્ટદાયક (તકલીફ પહોંચાડનારી) વસ્તુ દુર કરવી સદકો છે.

હદીસ-(૨૪) : સહીહ બુખારી તથા મુસ્લિમમાં અનસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે જે મુસલમાન વૃક્ષારોપણ કરે અથવા ખેતર વાવે તેમાંથી કોઈ આદમી અથવા પક્ષી અથવા ચોપાયાએ ખાધું તે સઘળું તેના માટે સદકો છે.

હદીસ-(૨૫-૨૬) : સુનન તિરમિઝીમાં અબૂઝર રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝુર ફરમાવે છે પોતાના ભાઈની સામે સ્મિત કરવું પણ સદકો છે, નેક વાતનો હુકમ કરવો સદકો છે. ખરાબ વાતથી મના કરવું સદકોછે, રસ્તો ભૂલેલાને રસ્તો બતાવવો સદકો છે, કમજોર દષ્ટિવાળાની મદદ કરવું સદકોછે. માર્ગમાંથી પત્થર, કાંટો, હાડકું દૂર કરવું સદકો છે. પોતાની ડોલમાંથી પોતાના ભાઈની ડોલમાં પાણી નાખી આપવું (પણ) સદકો છે. તેના જેવીજ ઈમામ અહમદ તથા તિરમિઝીએ જાબિર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી.

હદીસ-(૨૭) : સહીહૈનમાં અબૂ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે એક વૃક્ષની ડાળી રસ્તાની વચ્ચે હતી એક માણસ ગયો અને કહ્યું હું તેને મુસલમાનોના રસ્તામાંથી હઠાવી દઈશ કે તેમને કષ્ટ ન આપે, તો તે જન્નતમાં દાખલ કરી દેવામાં આવ્યો.

હદીસ-(૨૮) : અબૂ દાઉદ તથા તિરમિઝી અબૂ સઈદ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે જે મુસલમાને કોઈ વસ્ત્ર વિહોણા મુસલમાનને વસ્ત્ર પહેરાવી દે અલ્લાહ તઆલા તેને જન્નતના સબ્ઝ (લીલા રંગના) વસ્ત્ર પહેરાવશે અને જે મુસલમાન કોઈ ભૂખ્યા મુસલમાનને ખાણું ખવડાવે અલ્લાહ તઆલા તેને જન્નતના ફળ ખવડાવશે, અને જે મુસલમાન કોઈ તરસ્યા મુસલમાનને પાણી પીવડાવે અલ્લાહ તઆલા તેને રહીકે મખતુમ (અર્થાત જન્નતની

પાક શરાબ સિલબંધ) પીવડાવશે.

હદીસ-(૨૯) : ઈમામ અહમદ તથા તિરમિઝી ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. જે મુસલમાન કોઈ મુસલમાનને કપડું પહેરાવી દે તો જ્યાં સુધી તે પૈકીનું તે માણસ પર એક થીગડું પણ રહેશે તે(પહેરાવનાર) અલ્લાહ તઆલાના રક્ષણમાં રહેશે.

હદીસ-(૩૦-૩૧) : તિરમિઝી તથા ઈબ્ને હબ્બાન અનસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. સદકો રબ્બ તઆલાના ગઝબ (ક્રોધ)ને બુઝાવે છે અને ખરાબ મૃત્યુ (કમોત)ને દફે કરે છે. આના જેવું જ અબૂબકસિદ્દિક તથા બીજા સહાબાએ કિરામ રદીયલ્લાહો તઆલા અન્હુમથી રિવાયત છે.

હદીસ-(૩૨) : તિરમિઝીએ બઈફાદએ તસહીહ ઉમ્મુલ મોમીનીન સિદ્દિકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરી કે લોકોએ એક બકરી ઝુબહ કરી હતી, હુઝુરે ઈરશાદ ફરમાવ્યો તેમાંથી શું બાકી રહ્યું. તેમણે અર્ઝ કરી શાનહ (રાંગ) સિવાય કાંઈ બાકી નથી, આપે ઈરશાદ ફરમાવ્યો. શાનહ સિવાય સઘળું બાકી છે.

હદીસ-(૩૩) : અબૂ દાઉદ, તિરમિઝી, નિસાઈ, ઈબ્ને ખઝીમહ તથા ઈબ્ને હબ્બાન અબૂઝર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે ત્રાણ માણસોને અલ્લાહ પ્રિય રાખે છે અને ત્રણ માણસોને મબગુઝ (નફરતના લાયક), જેમને અલ્લાહ મહેબુબ (પ્રિય) રાખે છે તેઓમાં એક એ છે એક માણસ કોઈ કોમની પાસે આવ્યો અને તેમનાથી અલ્લાહના નામ પર સવાલ કર્યો સંબધના વસ્તાથી સવાલ ન કર્યો જે સાઈલ (યાચક) અને કોમની વચ્ચે છે. તેમણે કાંઈ આપ્યું નહી. તેઓમાંથી એક માણસ ચાલ્યો ગયો અને યાચકને છુપાર્વાને (છાની રીતે) કાંઈ આપ્યું કે તેને અલ્લાહ જાણે છે અને તે માણસ જેને આપ્યું અને કોઈએ જાણ્યું નહી, અને એક કોમ રાતભર ચાલી ત્યાં સુધી કે જ્યારે તેમને નિદ્રા દરેક વસ્તુ કરતાં અધિક પ્યારી થઈ ગઈ, સૌએ માથાં મુકી દીધા (અર્થાત સુઈ ગયા) તેઓ પૈકી એક માણસ ઊભો થઈને દુઆ કરવા લાગ્યો અને અલ્લાહની આયતો પઢવા લાગ્યો અને એક માણસ લશ્કરમાં હતો, દુશ્મનથી મુકાબલો થયો અને તેમનો પરાજ્ય થયો, તે માણસે પોતાની છાતી આગળ કરી દીધી ત્યાં સુધી કે કત્લ કરી દેવામાં આવે અથવા વિજય થાય.અને તે ત્રણ જેમને અલ્લાહ ના પસંદ કરે છે એક ઘરડો વ્યભિચારી બીજો અભિમાની ફકીર, ત્રીજો ઝાલિમ (અત્યાચારી) માલદાર.

હદીસ-(૩૪) : તિરમિઝીએ અનસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. જ્યારે અલ્લાહે ધરતીનું સર્જન કર્યું તો તેણે ડોલવું શરૂ કર્યું તો પહાડ પૈદા કરી તેના ઉપર સ્થાપિત કરી દીધા, હવે ઝમીન થંભી ગઈ, ફરિશ્તાઓને પહાડની સખતી દેખીને આશ્ચર્ય થયું, અર્ઝ કરી : અય, પરવરદિગાર તારી મખલુકમાં કોઈ એવી વસ્તુ છે કે તે પહાડ કરતાં અધિક સખત છે, ફરમાવ્યું હા, લોખંડ છે. તેમણે અર્ઝ કરી અય રબ્બ ! લોખંડ કરતાં વધારે સખત કોઈ વસ્તુ છે, ફરમાવ્યું હા, અગ્નિ છે. અર્ઝ કરી આગ કરતાં પણ અધિક સખત કોઈ વસ્તુ છે. ફરમાવ્યું હા, પાણી છે.અર્ઝ કરી પાણી કરતાં પણ અધિક સખત કાંઈ છે. ફરમાવ્યું હા, હવા છે. અર્ઝ કરી હવા કરતાં પણ વધારે સખત કોઈ વસ્તુ છે. ફરમાવ્યું હા, ઈબ્ને આદમ (આદમી) કે જમણા હાથથી સદકો કરે છે અને તેને ડાબા હાથથી છુપાવે છે.

હદીસ-(૩૫) : નિસાઈએ અબૂઝર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે જે મુસલમાન પોતાના સઘળા માલમાંથી અલ્લાહની રાહમાં જોડકું ખરચ કરે જન્નતના દરબાન તેનું સ્વાગત કરશે. દરેક તેને તેની તરફ બોલાવશે, જે તેની પાસે છે. મેં અર્ઝ કરી કે તેની શું રીત છે. આપે ફરમવ્યું જો ઉંટ આપે તો બે ઉંટ અને ગાય આપે તો બે ગાયો આપે.

હદીસ-(૩૬) : ઈમામ અહમદ, તિરમિઝી તથા ઈબ્ને માજા મઆઝ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસુલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું સદકો ખતા (અપરાધ)ને એવી રીતે દૂર કરે છે જેવું પાણી આગને બુઝાવે છે.

હદીસ-(૩૭) : ઈમામ અહમદ કેટલાક સહાબા રદીલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, હુઝુરે ફરમાવ્યું કે, મુસલમાનનો પડછાયો કિયામતના દિવસે તેનો સદકો થશે.

હદીસ-(૩૮) : સહીહ બુખારીમાં અબુ હુરેરહ તથા હકીમ બિન હુઝામ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે,

ઉત્તમ સદકો તે છે કે સંપન્નતાની પીઠમાંથી થાય છે અર્થાત તેના પછી તવંગરી બાકી રહે અને તેમનાથી આરંભ કરો જે તમારી અયાલ (પરિવાર) માં છે. અર્થાત પ્રથમ તેમને આપો પછી બીજાઓને.

હદીસ-(૩૯) : અબૂ મસઉદ રદીયલ્લાહો અન્હોથી સહીહયનમાં રિવાયત છે કે હુઝૂરે ફરમાવ્યું :મુસલમાન જે કાંઈ પોતાના પરિવાર પર ખરચ કરે છે, જો સવાબ માટે છે તો તે પણ સદકો છે.

હદીસ-(૪૦) : અબ્દુલ્લાહ બિન મસઉદના પત્ની ઝેનબ રદીયલ્લાહો અન્હાથી સહીહેનમાં રિવાયત છે કે તેમણે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પુછાવ્યું કે પતિ અને યતીમ બાળકો જે ભરણ પોષણમાં છે તેમને સદકો આપવું કાફી થઈ શકે છે. આપે ઈરશાદ ફરમાવ્યો કે, તેમને આપવામાં બમણો અજર (સવાબ) છે. એક અજર કરાબત (સગાઈ-સબંધ) અને એક અજર સદકો.

હદીસ-(૪૧) : ઈમામ અહમદ, તિરમિઝી, નિસાઈ, ઈબ્ને માજા તથા દારોમી સુલેમાન બિન આમિર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું,મિસ્કીનને સદકો આપવો કેવળ સદકો છે અને સગા-સબંધીને આપવું સદકો પણ છે અને પુરૂષ્કાર પણ છે.

હદીસ-(૪૨) : ઈમામ બુખારી તથા મુસ્લિમ ઉમ્મુલ મોમેમીન બીબી આઈશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરેછે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, ઘરમાં જે ખાવાની વસ્તુ છે જો પત્ની તેમાંથી કાંઈ આપી દે પરંતુ નષ્ટ કરવાની રીતે ન હોય તો તેણીને આપવાનો સવાબ મળશે અને પતિને કમાવાનો સવાબ મળશે અને ભડાંરી (સંગ્રહ કરનાર)ને પણ એટલોજ સવાબ મળશે. એકનો અજર બીજાના અજરને ઓછો કરશે નહી અર્થાત તે હાલતમાં કે જ્યાં એવી આદત પ્રચલિત હોય કે સ્ત્રીઓ (પત્ની)ઓ આપ્યા કરતી હોય પતી મના ન કરતા હોય અને એટલીજ મર્યાદા સુધી જે આદતના અનુસાર હોય દા. ત. રોટી બેરોટી જેવું કે હિંદુસ્તાનમાં સામાન્યત રિવાજ છે અને જો પતિએ મના કરી દીધું હોય અથવા ત્યાંની આદત ન હોય તો ઈજાઝત (પરવાનગી) વગર પત્નીએ આપવું જાઈઝ નથી. તિરમિઝીમાં અબુ ઓમામહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝૂરે હજ્જતુલ વિદાઅના ખુત્બામાં ફરમાવ્યું-પત્ની, પતિના ઘરમાંથી તેની ઈઝાઝત વગર કાંઈ ખરચ કરે નહી. અર્ઝ કરવામાં આવ્યું : ખાણું (ભોજન) પણ નહી. આપે ફરમાવ્યું તે તો બહુ સારો માલ છે.

હદીસ-(૪૩) : સહીહેનમાં અબુ મુસા અશઅરી રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું ખજાનચી મુસલમાન અમાનતદારને જે તેને આજ્ઞા કરવામાં આવી છે પૂરેપૂરૂં તેને આપી દે છે તે બે સદકા આપનારાઓ પૈકીની એક છે.

હદીસ-(૪૪) : હાકિમ અને તિબ્રાની ઔસતમાં અબુહુરેરહ રદીયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, એક લુકમો (કોળિયો) રોટી અને એક મુઠ્ઠી ખજુર અને તેના જેવી બીજી કોઈ વસ્તુ જેનાથી મિસ્કીન (નિર્ધન)ને લાભ પહોંચે, તેમના કારણે અલ્લાહ તઆલા ત્રણ શખ્સોને જન્નતમા દાખલ કરે છે. એક ઘર માલિક જેણે હુકમ આપ્યો બીજી પત્ની કે તેને તૈયાર કરે છે. ત્રીજો ખાદિમ જે મિસ્કીનને આપી આવે છે. પછી હુઝુરે ફરમાવ્યું હમ્દ (સ્તુતી) છે અલ્લાહ માટે તેણે અમારા સેવકોને પણ બકાત રાખ્યા નહીં.

હદીસ-(૪૫) : ઈબ્નેમાજા જાબિર બિન અબ્દુલ્લાહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કહે છે કે હુઝુરે ખુત્બામાં ફરમાવ્યું-અય લોકો મૃત્યુથી પહેલા અલ્લાહ તરફ રજુ કરો અને વ્યવસ્તતાથી પહેલા સદકૃત્યોની તરફ અગ્રેસરતા કરો અને પ્રગટ અને અપ્રગટ સદકો આપીને પોતના અને પોતાના રબ્બની વચ્ચેના સંબંધોને મેળવો તો તમને રોજી આપશે અને તમારી સહાયતા કરવામાં આવશે અને તમારી બેહાલી રદ કરવામાં આવશે.

હદીસ-(૪૬) : સહીહેનમાં અદી બિન હાતિમ રદીયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે, તમારામાં દરેક શખ્સથી અલ્લાહ તઆલા કલામ (વાતચીત) કરશે. તેના અને અલ્લાહ તઆલાની વચ્ચે કોઈ દુભાષિયો ન હશે. તે પોતાની જમણી બાજુએ દૃષ્ટિ કરશે તો જે કાંઈ પહેલાં કરી ચુક્યો છે તે દેખાશે. પછી ડાબી બાજુએ દેખશે તો એ

જ દેખશે જે પહેલાં કરી ચુક્યો છે. પછી પોતાની સામે દષ્ટિ કરશે તો મુખની સામે અગ્નિ દેખાશે તો આગથી બચો. ભલે ખારેકનો એક ટુકડો આપીને..અને તેના જેવી જ અબ્દુલ્લાહ બિન મસઉદ, સિદ્દીકે અકબર, ઉમ્મુલ મોમેનીન સિદ્દીકા, અનસ, અબુ હુરયરહ, અબુ ઓમામા તથા નોઅમાન બિન બશીર વિગેરે સહાબાએ કિરામ રદીયલ્લાહો અન્હુમથી રિવાયત છે.

**હદીસ -(૪૭) :** અબુ યઅલા જાબિર અને તિરમિઝી મઆઝબિન જબલ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી છે કે હુઝુરે ઈરશાદ ફરમાવ્યો : સદકો ખતા (અપરાધ) ને એવી રીતે બુઝાવે છે. જેવં પાણી આગને.

**હદીસ-(૪૮) :** ઈમામ અહમદ ઈબ્ને ખુઝયમહ, ઈબ્ને હબ્બાન તથા હાકિમ ઉકબહ બિન આમિર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરેછે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે દરેક માનવી કિયામતના દિવસે પોતાના સદકાના છાંયડામાં હશે. તે સમય સુધી કે લોકોની વચ્ચે ફેંસલો થઈ જાય અને તિબ્રાનીની રિવાયતમાં એ પણ છે કે સદકો કબ્રની ઉષ્ણતાને દફે કરે છે.

**હદીસ-(૪૯) :** તિબ્રાની તથા બયહકી હસન બસરી રદીયલ્લાહો અન્હોથી મુરસલન રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે : અય ઈબ્ને આદમ પોતાના ખઝાનામાંથી મારી પાસે કાંઈ જમા કરી દે. તે ન બળશે, ન ડૂબશે, ન ચોરાઈ જશે. તને હું પૂરેપૂરૂં વળતર આપીશ. તે સમયે કે તું તેનો અધિક મોહતાજ હશે.

**હદીસ- (૫૦-૫૧) :** ઇમામ અહમદ, બઝઝાર તિબરાની, ઈબ્ને ખુઝયમહ, હાકિમ તથા બયહકી બુરીદહ રદીયલ્લાહો તઆલા અન્હોથી અને બયહકી અબુઝર રદીયલ્લાહો અન્હોથી રાવી કે આદમી જ્યારે કાંઈ પણ સદકો કાઢે છે તો (૭૦) સિત્તેર શયતાનના જડબા ચીરીને કાઢે છે.

**હદીસ-(૫૨) :** તિબ્રાનીએ અમ્ર બિન ઔફ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે મુસલમાનનો સદકો આયુષ્યમાં વૃદ્ધિના કારણરૂપ છે અને ખરાબ મોતને દફા કરે છે અને અલ્લાહ તઆલા તેના કારણે તકબ્બુર (અભિમાન) તથા ફખ્ર (ગર્વ) તે નષ્ટ કરી નાખે છે.

**હદીસ-(૫૩) :** તિબ્રાની કબીરમાં રાફેઅ બિન ખુદેજ રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસ્સલમ ફરમાવે છે કે સદકો બુરાઈના (૭૦) સિત્તેર દરવાજાઓને બંધ કરી દે છે.

**હદીસ-(૫૪) :** તિરમિઝી, ઈબ્ને ખુઝયમહ, ઈબ્ને હબ્બાન તથા હાકિમ હારિસ અશઅરી રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે અલ્લાહ તઆલાએ અહયા બિન ઝકરીયા અલયહિસ્સલામને પાંચ વાતોની વહી મોકલી કે પોતે અમલ કરે અને બની ઈસરાઈલને હુકમ કરે કે તેઓ તેના ઉપર અમલ કરે, તે પૈકી એક આ છે કે તેણે તમને સદકાનો હુકમ કર્યો છે અને તેનું દૃષ્ટાંત એવું છે કે જાણે કોઈને દુશ્મને કેદ કર્યો અને તેનો હાથ ગર્દનથી મેળવી બાંધી દીધો અને તેને મારવા માટે લાવ્યા તે સમયે થોડું ઘણું જે કાંઈ હતું સઘળું આપીને પોતાનો જીવ બચાવ્યો.

**હદીસ-(૫૫) :** ઈબ્ને ખુઝયમહ, ઈબ્ને હબ્બાન તથા હાકિમ અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝુરે ફરમાવ્યું- જેણે હરામ માલ એકત્ર કર્યો પછી તેને સદકો કર્યો તો તેમાં તેના માટે કાંઈ સવાબ નથી બલ્કે ગુનોહ છે.

**હદીસ-(૫૬) :** અબૂદાઉદ, ઈબ્ને ખુઝયમહ તથા હાકિમ તેમનાથી જ રિવાયત છે કે અર્ઝ કરવામાં આવી કે યા રસૂલુલ્લાહ ! કયો સદકો અફઝલ ઉત્તમછે, આપે ફરમાવ્યું ઓછી માયાવાળા શખ્સનું પ્રયત્ન (મહેનત) કરીને સદકો આપવું.

**હદીસ-(૫૭) :** નિસાઈ, ઈબ્ને ખુઝયમહ તથા ઇબ્ને હબ્બાન તેમનાથી જ રિવાયત કરે છે કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે એક દિરહમ લાખ દિરહમથી વધી ગયો. કોઈએ અર્ઝ કરી યા રસુલુલ્લાહ ! એવું કેવી રીતે. આપે ફરમાવ્યું : એક વ્યક્તિની પાસે અઢળક ધન છે તેણે તેમાંથી લાખ દિરહમ લઈને સદકો કર્યો અને એક વ્યક્તિની પાસે કેવળ બે દિરહમ છે. તેણે તેમાંથી એક દિરહમનો સદકો કરી દીધો. (આ રીતે તેનો એક દિરહમ લાખ દિરહમ કરતાં વધી ગયો. અનુ.)

# રોઝાનું બયાન

અલ્લાહ તઆલા કુર્આન શરીફમાં ફરમાવે છે :

**"યા અય્યોહલ્લઝીના આમનુ કુતેબ અલયકોમુસ્સેયામો કમા કુતેબ અલલ્લઝીના મિહ કબ્લેકુમ.....(થી)..... લિન્નાસે લઅલ્લહુમ યત્તકુન."** સુધી.

તરજુમો : અય ઈમાનવાળાઓ ! તમારા ઉપર રોઝો ફર્ઝ કરવામાં આવ્યો, જેવો તેમના ઉપર ફર્ઝ થયો હતો જે તમારા કરતાં પહેલા થયા, કે જેથી તમો ગુનાહોથી બચો થોડાક દિવસોનો. પછી તમારા પૈકી જે કોઈ બીમાર હોય અથવા પ્રવાસમાં હોય, તે બીજા દિવસોમાં ગણત્રી પુરી કરી લે (કઝા કરી લે) અને જે શક્તિ ધરાવતા નથી તેઓ ફિદીયો આપે, એક મિસ્કીનનું ખાણું, પછી જે અધિક ભલાઈ કરે તો તે તેના માટે ઉત્તમ છે, અને રોઝો રાખવું તમારા માટે બહેતર છે જો તમો જાણતા હોય. માહે રમઝાનમાં જેમાં કુર્આન ઉતારવામાં આવ્યું લોકોની હિદાયત માટે અને હિદાયત અને હક્ક તથા બાતિલમાં જુદાઈ કરવા માટે તો તમારામાં જે કોઈ આ મહીનો પામે તો તેનો રોઝો રાખે અને જે બીમાર અથવા સફરમાં હોય તે બીજા દિવસોમાં ગણત્રી પુરી કરી લે, અલ્લાહ તમારી સાથે આસાનીનો ઈરાદો કરે છે, સખ્તીનો ઈરાદો કરતો નથી. અને તમારે ગણત્રી પુરી કરવી જોઈએ અને અલ્લાહની વડાઈ બોલો કે તેણે તમને હિદાયત કરી અને તે ઉમ્મીદ ઉપર કે તેના શુક્ર ગુઝાર (આભારી) થઈ જાવ અને અય મહબુબ જ્યારે મારા બંદા તમને મારા વિષે પૂછે તો હું નઝદીક છું, દુઆ કરવાવાળાઓની દુઆ સાંભળું છું, જ્યારે તેઓ મને પુકારે તો તેમણે મારી વાત સ્વીકારવી જોઈએ અને મારી ઉપર ઈમાન લાવે, તે આશાએ કે (સત્ય) માર્ગ પામે, તમારા માટે રોઝાની રાતમાં સ્ત્રીઓ (પત્નીઓ) સાથે સંભોગ હલાલ કરવામાં આવ્યો. તે તમારા માટે લિબાસ(વસ્ત્ર) છે અને તમો તેમના માટે લિબાસ છો. અલ્લાહને ખબર છે કે તમો પોતાના જીવો પર ખયાનત કરો છો તો તમારી તૌબા કુબુલ કરી અને તમને માફ કર્યા તો હવે તેમનાથી સોહબત કરો અને તેને ચાહો જે અલ્લાહે તમારા માટે લખ્યું અને ખાવ અને પીવો તે સમય સુધી કે ફજરનો સફેદ દોરો શ્યામ દોરાથી ઉપર વટ થઈ જાય, પછી રાત સુધી રોઝો પુરો કરો અને તેમનાથી સોહબત ન કરો તે હાલતમાં કે તમો મસ્જિદોમાં નિકટ જાવ અલ્લાહ પોતાની નિશાનીઓ આવી રીતે જ બયાન ફરમાવે છે કે ક્યાંક તેઓ બચે, રોઝો બહુજ ઉમદા ઈબાદત છે, તેની ફઝીલત (શ્રેષ્ઠતા) માં કેટલીએ હદીસો આવી. તે પૈકી કેટલીક વર્ણવવામાં આવે છે.

હદીસ-(૧) : સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમમાં અબુહુરેરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે જ્યારે રમઝાન આવે છે આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે, એક રિવાયતમાં છે કે જન્નતના રહેમતના દરવાજા ખોલી દેવામાં આવે છે અને જહન્નમના દરવાજા બંધ કરી દેવામાં આવે છે. અને શયતાનોને ઝંજીરો (સાંકળો) માં જકડી દેવામાં આવે છે અને ઈમામ અહમદ, તિરમિઝી તથા ઈબ્ને માજાની રિવાયતમાં છે કે જ્યારે માહે રમઝાનની પહેલી રાત થાય છે તો શયતાનો અને સરકશ (તોફાની) જિન કેદ કરી લેવામાં આવે છે. તો તે પૈકી કોઈ દરવાજો ખોલવામાં આવતો નથી અને જન્નતના દરવાજા ખોલી દેવામાં આવે છે. તો તે પૈકી કોઈ દરવાજો બંધ કરવામાં આવતો નથી. અને મુનાદી પુકારે છે-અય ખૈર તલબ કરનારાઓ ધ્યાનિત થાવ અને શર(દુષ્ટતા) ચાહનારાઓ રોકાઈ જાવ અને કેટલાક લોકો જહન્નમથી આઝાદ હોય છે અને આવું દરેક રાતમાં થાય છે.

ઈમામ અહમદ તથા નિસાઈની રિવાયત તેમનાથી જ છે કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું રમઝાન આવ્યો, આ બરકતનો મહીનો છે, અલ્લાહ તઆલાએ તેના રોઝા તમારા ઉપર ફરજ કર્યા, તેમાં આકાશના દરવાજા ખોલી દેવામાં આવે છે અને દોઝખના દરવાજા બંધ કરી દેવામાં આવે છે અને સરકશ શયતાનોને (ગળામાં) તોક (પટા) પહેરાવી દેવામાં આવે છે અને તેમાં (રમઝાનમાં) એક રાત એવી છે કે હજાર મહીનાઓ કરતાં બહેતર (ઉત્તમ) છે, જે તેની ભલાઈથી મેહરૂમ (વંચિત) રહ્યો તે નિશંક મેહરૂમ છે.

હદીસ-(૨) : ઈબ્ને માજા અનસ રદીયલ્લાહો અન્હોથી રાવી, કહે છે કે રમઝાન આવ્યો તો હુઝુરે ફરમાવ્યું આ મહીનો આવ્યો આમાં એક રાત હજાર મહીનાઓથી બેહતર છે, જે તેનાથી મેહરૂમ (વંચિત) રહ્યો તે દરેક વસ્તુથી મહેરૂમ રહ્યો અને તેના ખૈર (ભલાઈ) થી એ (માણસ) જ મેહરૂમ થશે જે સંપૂર્ણ મેહરૂમ છે.

હદીસ-(૩) : બયહકી ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોથી રાવી. કહે છે કે જ્યારે રમઝાનનો મહીનો આવતો રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સઘળા કેદીઓને છોડી મુકતા અને દરેક સાઈલ (માંગણ) ને અતા કરતા.

હદીસ-(૪) : બયહકી શઅબુલ ઈમાનમાં ઈબ્ને ઉમર રદીયલ્લાહો અન્હોથી રાવી કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જન્નત વર્ષના આરંભથી આગામી વર્ષ સુધી રમઝાન માટે શણગારવામાં આવે છે, જ્યારે રમઝાનનો પ્રથમ દિવસ આવે છે તો જન્નતના પાંદડાઓથી અર્શની નીચે એક હવા હુરેએન (હુરો) પર ચાલે છે, તેઓ કહે છે અય રબ્બ તુ તારા બંદાઓમાંથી અમારા માટે તેમને પતિ બનાવ જેનાથી અમારી આંખો ઠંડી થાય અને તેમની આંખો અમારાથી ઠંડી થાય,

હદીસ-(૫) : ઈમામ અહમદ અબુ હુરેરહ રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે : રમઝાનની અંતિમ રાત્રીમાં આ ઉમ્મતની મગફેરત થાય છે, વિનંતી કરવામાં આવી શું તે સબે કદ્ર છે. આપે ફરમાવ્યું : નહીં, પરંતુ કામ કરનારને (રોઝા રાખનારને) તે સમયે મજુરી પુરી આપવામાં આવે છે જ્યારે તે કામ પુરૂ કરી લે.

હદીસ-(૬) : બયહકી શુઅબુલ ઈમાનમાં સલ્માન ફારસી રદીયલ્લાહો અન્હોથી રાવી, કહે છે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે શાબાનના અંતીમ દિવસમાં વાઅઝ ફરમાવ્યું : ફરમાવ્યું અય લોકો તમારી પાસે અઝમતવાળો બરમકતવાળો મહીનો આવ્યો, તે મહીનો જેમાં એક રાત હજાર મહીનાઓ કરતાં બહેતર છે. તેના રોઝા અલ્લાહ તઆલાએ ફર્ઝ કર્યા અને તેની રાતમાં કેયામ (નમાઝ પઢવું) સુન્નત જે માણસ તેમાં નેકીનું કોઈ કામ કરે તો એવો છે જેવું બીજા કોઈ મહીનામાં ફર્ઝ અદા કર્યું અને તેમાં જેણે ફર્ઝ અદા કર્યું તો એવું છે જાણે બીજા દિવસોમાં (૭૦) સિત્તેર ફર્ઝ અદા કર્યા. આ મહીનો સબ્રનો મહીનો છે અને આ મહીનો મવાસાલનો છે અને આ મહીનામાં મોમિનનું રિઝક (રોજી) વધારવામાં આવે છે, જે તેમાં રોઝાદારોને ઈફતાર કરાવે તેના ગુનાહો માટે મગફેરત છે અને તેની ગર્દન આગથી આઝાદ કરી દેવામાં આવશે. અને ઈફતાર કરવાનારને એવો જ સવાબ મળશે જેવો રોઝો રાખનારને મળશે અને તેના અઝરમાં કાંઈકમી થશે નહીં. અમોએ અર્ઝ કરી : યા રસુલુલ્લાહ ! અમારામાંનો દરેક માણસ તે વસ્તુ પામતો નથી. જેનાથી રોઝો ઈફતાર કરાવે. હુઝુરે ફરમાવ્યું : અલ્લાહ તઆલા આ સવાબ તે માણસને આપશે જે એક ઘુંટ દુધ અથવા એક ખજુર અથવા એક ઘુંટ પાણીથી રોઝો ઈફતાર કરાવે અને જેણે રોઝદારને પેટ ભરીને ખાણું ખવડાવ્યું તેને અલ્લાહ તઆલા મારા હોજમાંથી પીવડાવશે કે ક્યારેય તરસ્યો થશે નહીં ત્યાં સુધી કે જન્નતમાં દાખલ થઈ જાય. આ તે મહીનો છે કે તેનું અવ્વલ રહેમત છે તેનું મધ્ય મગફેરત છે કે અને તેનું પાછલું જહન્નમથી આઝાદી છે. જે માણસ પોતાના ગુલામ પર આ મહીનામાં તખફીફ કરે અર્થાત કામમાં કમી કરે (તેનાથી ઓછું કામ લે) અલ્લાહ તઆલા તેને બખ્શી દેશે અને જહન્નમથી આઝાદ કરી દેશે.

હદીસ-(૭) : સહીહૈન, સુનન તિરમિઝી, નિસાઈ તથા સહીહ ઈબ્ને ખુઝેમહમાં સુહેલ બિન સઅદ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરેછે કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે જન્નતમાં આઠ (૮) દરવાજા છે તે પૈકીના એક દરવાજાનું નામ રય્યાન છે, આ દરવાજામાંથી એ જ માણસો જશે જે રોઝો રાખે છે.

હદીસ-(૮) : બુખારી તથા મુસ્લિમમાં અબુ હુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : જે માણસ ઈમાનના કારણે અને સવાબ માટે રોઝો રાખશે તેના આગલા ગુનાહ બખ્શી દેવામાં આવશે અને જે માણસ ઈમાનના કારણે અને સવાબ માટે રમઝાનની રાતોનો કિયામ કરશે. (સુન્નત તથા નિફલ નમાઝો-તરાવીહ વિગેરે) તેના આગળના ગુનાહ બખ્શી દેવામાં આવશે અને જે માણસ ઈમાનના કારણે અને સવાબ માટે શબે કદ્રનો કેયામ કરશે તેના આગલા ગુનાહ બખ્શી દેવામાં આવશે.

હદીસ-(૯) : ઈમામ અહમદ, હાકિમ અને તિબરાની

કબીરમાં અને ઈબ્ને અબીદ દુનિયા અને બયહકી શુઅબુલ ઈમાનમાં અબ્દુલ્લાહ બિન ઉમર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે : રોઝો તથા કુરઆન બંદા માટે શફાઅત કરશે. રોઝો કહેશે અય રબ્બ ! મેં ખાવા અને - ખ્વાહિશો (મનેચ્છાઓ)થી દિવસમાં તેને રોકી દીધો, મારી શફાઅત તેના હક્કમાં કબૂલ કર, કુરઆન કહેશે : મેં તેને રાતમાં સુઈ રહેવાથી રોકી રાખ્યો, મારી શફાઅત તેના વિષે કુબુલ કર, બંનેની શફાઅતો કબુલ થશે.

**હદીસ-(૧૦) :** સહીહેનમાં અબુહુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે આદમીના દરેક નેક કામનો બદલો દસ (૧૦) થી સાતસો (૭૦૦) ગણા સુધી આપવામાં આવે છે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું પરંતુ રોઝો કે તે મારા માટે છે અને તેની જઝા (બદલો) હું આપીશ, બંદો પોતાની ઈચ્છા અને ખાણાને મારા કારણે ત્યજી દે છે, રોઝદાર માટે બે ખુશીઓ છે. (૧) ઈફતાર વખતે અને (૨) પોતાના રબ્બથી મળવા સમયે, અને રોઝદારના મુખની વાસ અલ્લાહ તઆલાની નજરોમાં મુસ્ક (કસ્તુરી) કરતાં વધારે પાકીઝા છે અને રોઝો ઢાલ છે અને જ્યારે કોઈના રોઝાનો દિવસ હોય તો ન બેહુદા (ખરાબ)બકે અને ન ચીખે, પછી જો કોઈ તેનાથી ગાળ-ગાલોચ કરે અથવા લડવા ઉપર તત્પર થાય તો કહી દે હું રોઝદાર છું, તેના જેવી જ ઈમામ માલિક, અબુદાઉદ, તિરમિઝી, નિસાઈ તથા ઈબ્ને ખુઝેમહે રિવાયત કરી.

**હદીસ-(૧૧):** તિબ્રાની ઓસતમાં અને બયહકી ઈબ્ને ઉમર રદીયલ્લાહોથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : અલ્લાહ અઝવજલ્લની નજરોમાં આ'માલ સાત પ્રકારના છે. બે (૨) અમલ વાજિબ કરનારા અને બે (૨) નો બદલો દસ ગણો અને એક અમલનો મુઆવઝો (૭૦૦) સાતસો છે અને એક તે અમલ છે જેનો સવાબ અલ્લાહ જ જાણે, તે બે જે વાજિબ કરનારા છે તેઓમાં એક (૧) એકે જે (માણસ) ખુદાથી એ હાલતમાં મળે કે ખાલિસ તેની જ ઈબાદત કરતો હતો, કોઈને તેની સાથે શરીક કરતો ન હતો, તેના માટે જન્નત વાજિબછે. બીજુ (૨) એ કે જે (માણસ) ખુદાથી એ હાલતમાં મળ્યો કે તેણે શિર્ક કર્યું તો તેના માટે જહન્નમ વાજિબછે. અને (૩) જેણે બુરાઈ કરી તેને એટલા પ્રમાણમાં જ સજા આપવામાં આવશે. અને (૪) જેણે નેકીનો ઈરાદો કર્યો પરંતુ તે અમલ કર્યો નહીં, તો તેને એક નેકીનો બદલો આપવામાં આવશે. અને (૫) જેણે નેકી કરી તેને દસ ગણો સવાબ મળશે. અને (૬) જેણે અલ્લાહની રાહમાં ખર્ચ કર્યું તેને (૭૦૦) સાતસોનો સવાબ મળશે. એક દિરહમના સાતસો દિરહમ અને એક દીનારનો સવાબ (૭૦૦) દિનાર અને (૭) રોઝો અલ્લાહ માટે છે તેનો સવાબ અલ્લાહ તઆલા સિવાય કોઈ જાણતું નથી.

**હદીસ-(૧૨ થી ૧૫) :** ઈમામ અહમદ હસન સનદોથી અને બયહકી રિવાયત કરે છે કે, હુઝુરે ફરમાવ્યું રોઝો ઢાલ છે અને દોઝખથી હિફાઝત (રક્ષણ)નો મજબૂત કિલ્લો, તેના જેવી જ જાબિર તથા ઉસ્માન બિન અબીઆસ તથા મઆઝ બિન જબલ રદીયલ્લાહો અન્હુમથી રિવાયત છે.

**હદીસ-(૧૬ તથા ૧૭) :** અબુ યઅલા તથા બયહકી સલમહ બિન કેસ અને અહમદ તથા બઝઝાર અબુહુરેરહ રદીયલ્લાહો અન્હોમાથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે : જેણે અલ્લાહ અઝ વ જલ્લની રઝા માટે એક દિવસનો રોઝો રાખ્યો, અલ્લાહ તઆલા તેને જહન્નમથી એટલો દૂર કરી દેશે જેવો કાગડો કે જ્યારે બચ્ચું હતો તે સમયથી ઉડતો રહ્યો ત્યાં સુધી કે ઘરડો થઈને મર્યો.

**હદીસ-(૧૮) :** અબુ યઅલા તથા તિબ્રાની અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જો કોઈએ એક દિવસ નિફલ રોઝો રાખ્યો અને ઝમીનભર તેને સોનું આપવામા આવે તો પણ તેનો સવાબ પૂરો થશે નહી, તેનો સવાબ તો કિયામતના દિવસે જ મળશે.

**હદીસ-(૧૯) :** ઈબ્ને માજા અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : દરેક વસ્તુના માટે ઝકાત છે અને બદનની ઝકાત રોઝો છે અને રોઝો અર્ધો સબ્ર છે.

**હદીસ-(૨૦) :** નિસાઈ, ઈબ્ને ખુઝયમહ તથા હાકિમ અબુ ઓમામા રદીયલ્લાહો અન્હોથી રાવી-અર્ઝ કરી યા રસુલુલ્લાહ ! મને કોઈ અમલનો હુકમ ફરમાવો, આપે

ઈરશાદ ફરમાવ્યો : રોઝાને લાઝિમ કરી લો કે તેના બરાબર કોઈ અમલ નથી. તેમણે ફરી એ જ અર્ઝ કરી, એ જ જવાબ મળ્યો.

હદીસ-(૨૧ થી ૨૬) : બુખારી, મુસ્લિમ, તિરમિઝી તથા નિસાઈ અબુ સઈદ રદિયલ્લાહો અન્હો થી રાવી હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જે બંદો અલ્લાહની રાહમાં એક દિવસ રોઝો રાખે અલ્લાહ તઆલા તેના મુખને દોઝખથી (૭૦) સીત્તેર વર્ષના રસ્તે દૂર કરી દેશે અને તેના જેવી જ નિસાઈ, તિરમિઝી તથા ઈબ્ને માજા અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે અને તિબરાની અબુ દરદા અને તિરમિઝી અબુ ઓમામા રદીયલ્લાહો અન્હોથી રિવાયાત કરે છે, ફરમાવ્યું કે તેના અને જહન્નમના દરમિયાન અલ્લાહ તઆલા એટલી ખાઈ કરી દેશે જેટલું આકાશ તથા ધરતી વચ્ચે અંતર છે અને તિબ્રાનીની રિવાયત અમ્ર બિન અબસહ રદીયલ્લાહો અન્હોથી છે કે દોઝખ તેનાથી ૧૦૦ વર્ષની રાહ દુર હશે અને અબુ લયલાની રિવાયત મઆઝ બીન અનસ રદીયલ્લાહો અન્હોથી છે કે ગેર રમઝાનમાં અલ્લાહની રાહમાં રોઝો રાખ્યો તેઝ ઘોડાની રફતાર (ગતી) થી (૧૦૦) સો વર્ષના અંતરે જહન્નમી દુર હશે.

હદીસ-(૨૭) : બયહકી અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે રોઝદારની દુઆ ઈફતાર સમયે રદ કરવામાં આવતી નથી.

હદીસ-(૨૮) : ઈમામ અહમદ તિરમિઝી, ઈબ્ને માજા, ઈબ્ને ખુઝયમહ તથા ઈબ્ને હબ્બાન અબુ હુરેરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે ત્રણ પ્રકારના શખ્સોની દુવા રદ કરવામાં આવતી નથી. (૧) રોઝદાર જે સમયે ઈફતાર કરે છે. (૨) બાદશાહ આદિલ (૩) મઝલુમ (પીડિત)ની દુવા, તેને અલ્લાહ તઆલા વાદળોની ઉપર બુલંદ કરે છે અને તેના માટે આસ્માનના દરવાજા ખોલવામાં આવે છે અને રબતઆલા ફરમાવે છે મને પોતાની ઈજ્જત તથા જલાલની કસમ તારી જરૂર મદદ કરીશ ભલે થોડા સમય પછી.

હદીસ-(૨૯) : ઈબ્ને હબ્બાન તથા બયહકી અબુ સઈદ ખુદરી રદીયલ્લાહો અન્હોથી રાવી કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે : જેણે રમઝાનનો રોઝો રાખ્યો અને તેની હદો ને ઓળંગી નહીં અને જે ચીઝથી બચવું જોઈએ તેનાથી બચ્યો તો જે પહેલાં કરી ચુક્યો છે તેનો કફ્ફારો થઈ ગયો.

હદીસ-(૩૦) : ઈબ્ને માજા ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે, જે માણસ મક્કામાં માહે રમઝાન પામ્યો અને રોઝો રાખ્યો અને રાતમાં જેટલો સમય ઉપલબ્ધ થયો કિયામ કર્યો તો અલ્લાહ તઆલા તેના માટે બીજી જગ્યાના એક લાખ રમઝાનનો સવાબ લખશે અને દરેક દિવસે એક ગુલામ આઝાદ કરવાનો સવાબ અને દરેક રાતે એક ગુલામ આઝાદ કરવાનો સવાબ અને દરરોજ જેહાદમાં ઘોડા ઉપર સવાર કરી દેવાનો સવાબ અને દરેક દિવસમાં નેકી અને દરેક રાતમાં નેકી લખશે.

હદીસ-(૩૧) : બયહકી જાબિર બિન અબ્દુલ્લાહ રદીયલ્લાહો અનહોથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે મારી ઉમ્મતને માહે રમઝાનમાં પાંચ વાતો આપવામાં આવી કે મારાથી પહેલા કોઈ નબીને મળી નહીં. (૧) જ્યારે રમઝાનની પહેલી રાત હોય છે અલ્લાહ અઝવ જલ્લ તેમની તરફ નઝર કરે છે અને જેની તરફ નઝર કરશે તેને ક્યારેય અઝાબ કરશે નહીં (૨) સાંજના સમયે તેમના મુખની વાસ અલ્લાહની નઝરમા મુશ્ક (કસ્તુરી) કરતાં અધિક સારી છે. (૩) દરેક દિવસ અને રાતમાં ફરિશતા ઈસ્તિગફાર કરે છે. (૪) અલ્લાહ તઆલા જન્નતને હુકમ ફરમાવે છે, કહે છે તત્પર થઈ જા અને મારા બંદાઓ માટે સુસજ્જિત થઈ જા. નિકટ છે કે દુનિયાના કષ્ટથી અહીંયા આવી આરામ કરે. (૫) જ્યારે પાછલી રાત થાય છે તો આ સઘળાની મગફેરત કરી દે છે. કોઈએ અર્ઝ કરી શું તે શબે કદ્ર છે ? આપે ફરમાવ્યું નહીં. શું તુ દેખતો નથી કે કામ કરનારાઓ કામ કરેછે જ્યારે કામથી ફારેગ થાય છે તે સમયે મજુરી મેળવે છે.

હદીસ (૩૨ થી ૩૪) : હાકિમે કઅબ બીન અજ્રેહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી છે - રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ ફરમાવ્યું સઘળા લોકો મિમ્બર પાસે હાજર થાય અમો હાજર થયા. જ્યારે હુઝુર

મિમ્બરના પહેલાં પગથિયાએ ચઢ્યા તો કહ્યું : **આમીન,** બીજા મિમ્બર પર ચઢ્યા, તો કહ્યું **આમીન,** જ્યારે ત્રીજા પર ચઢ્યા તો કહ્યું, **આમીન,** જ્યારે મિમ્બર ઉપરથી નીચે તશરીફ લાવ્યા અમોએ અર્ઝ કરી : આજે અમોએ હુઝુરથી એવી વાત સાંભળી કે ક્યારેય સાંભળતા ન હતા. આપે ફરમાવ્યું : જિબ્રઈલે આવીને અર્ઝ કરી તે શખ્સ દુર થાય જે રમઝાન પામ્યો અને પોતાની મગફરેત કરાવી નહી, મેં કહ્યું : **આમીન** જ્યારે હું બીજા પગથીયા ઉપર ચઢ્યો તો તેમણે કહ્યું તે શખ્સ દૂર થાય જેની પાસે મારો (હુઝુરનો) ઝિક્ર થાય અને મારા ઉપર દરુદ ન મોકલે. મેં કહ્યું : **આમીન,** જ્યારે હું ત્રીજા પગથીયે ચઢ્યો તો તેમણે કહ્યું : તે શખ્સ દુર થાય જેના મા-બાપ બંને અથવા એકને બુઢાપો આવે અને તેમની ખિદમત કરીને જન્નતમાં ન જાય. મેં કહ્યું **આમીન,** તેના જેવી જ અબુ હુરયરહ તથા હસન બિન માલિક બિન હુવૈરિસ રદીયલ્લાહો અન્હુમથી ઇબને હબ્બાને રિવાયત કરી છે.

હદીસ-(૩૫) : ઈસ્બહાનીએ અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રીવાયત કરી કે રસૂલુલ્લાહ સલ્લલાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : જ્યારે રમઝાનની પહેલી રાત હોય છે અને જ્યારે અલ્લાહ તઆલા પોતાની મખ્લુક તરફ નઝર કરે છે અને જ્યારે અલ્લાહ કોઈ બંદા તરફ નઝર કરે તો તેને ક્યારેય અઝાબ આપશે નહી અને દરરોજ દસ લાખ માણસોને જહન્નમથી આઝાદ કરે છે અને જ્યારે ઓગણત્રીસમી રાત (૨૯)મી રાત હોય છે તો મહીનાભરમાં જેટલા લોકોને આઝાદ કર્યા તેમના સરવાળા બરાબર તે એક રાતમાં આઝાદ કરે છે. પછી જ્યારે ઈદુલ ફિત્રની રાત આવે છે. ફરિશ્તાઓ ખૂશી મનાવે છે અને અલ્લાહ તઆલા પોતાના નુરે ખાસથી તજલ્લી કરે છે. ફરિશ્તાઓને ફરમાવે છે અય ફરિશ્તાઓના ગિરોહ ! તે મજુરનો શું બદલો છે જેણે કામ પુર્ણ કરી લીધું. ફરિશ્તા અર્ઝ કરે છે. : તેને પૂરો બદલો આપવામાં આવે. અલ્લાહ તઆલા ફરમાવે છે : **હું તમને સાક્ષી બનાવું છું કે મેં તમને સઘળાને બખ્શી દીધા.**

હદીસ-(૩૬) : ઈબ્ને ખુઝેમહે અબુ મસઉદ ગિફારી રદીયલલ્લલાહો અન્હોથી એક વિસ્તૃત હદીસ રિવાયત કરી તેમાં એ પણ છે કે, હુઝુરે ફરમાવ્યું જો ખબર હોતી કે રમઝાન શું વસ્તુ છે તો મારી ઉમ્મત તમન્ના કરતી કે આખું વર્ષ રમઝાન જ હોય.

હદીસ-(૩૭) : બઝ્ઝાર, ઈબ્ને ખુઝયમહ તથા ઈબ્ને હબ્બાન અમ્ર બિન મુર્રહ જોહની રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે એક શખ્સે અર્ઝ કરી યા રસુલુલ્લાહ ફરમાવો તો જો હું તેની ગવાહી-સાક્ષી આપું કે અલ્લાહ સિવાય કોઈ માઅબુદ (પૂજ્ય) નથી અને હુઝુર અલ્લાહના રસૂલ છે અને પાંચે નમાઝો પઢું અને ઝકાત અદા કરૂં અને રમઝાનના રોઝા રાખું અને તેની રાતોને કિયામ કરૂં તો હું ક્યા લોકો પૈકી હોઈશ ? આપે ફરમાવ્યું : સિદ્દીકીન અને શોહદા પૈકી (હોઈશ).

## રોઝાની ફિકહી મસાઈલ

રોઝો શરીઅતની પરિભાષામાં મુસલમાનનું ઈબાદતની નિય્યતથી સુબ્હ સાદિક (પ્રભાત) થી ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) સુધી પોતાને ઈરાદાપૂર્વક ખાવા-પીવા, સંભોગથી પર (અલગ) રાખવું છે. સ્ત્રીનું હૈઝ તથા નિફાસ (માસિક તથા પ્રસૂતિના રક્ત) થી ખાલી હોવું શરત છે. (આમ્મતુલ કુતુબ)

**મસ્અલા-(૨૯૬) :** રોઝાના ત્રણ દરજ્જા-વર્ગ છે. (૧) આમ લોકોને રોઝો કે એ જ પેટ તથા શર્મગાહ (ગુપ્તેન્દ્રીય) ને ખાવા-પીવા, સંભોગથી રોકવું. (૨) ખાસ લોકોને રોઝો કે તેના ઉપરાંત આંખ, જીભ, હાથ-પગ અને સમગ્ર અવયવોને ગુનહોથી પર રાખવું. (૩) ખાસુલ ખાસ લોકોનાં રોઝો કે, અલ્લાહ સિવાયના તમામથી પોતાને સમગ્ર રીત જુદા કરીને કેવળ તેની તરફ જ ધ્યાનિત રહેવું. (જવહરહ વિગેરે)

**મસ્અલા-(૨૯૭) :** રોઝના પાંચ પ્રકાર છે. (૧) ફર્ઝ (૨) વાજીબ (૩) નિફલ (૪) મકરૂહે તનઝીહી (૫) મકરૂહે તહરીમી ફર્ઝ તથા વાજિબના બે પ્રકાર છે. મુઅય્યન (નિશ્ચિત), ગેરે મુઅય્યન (અનિશ્ચિત) ફર્ઝે મુઅય્યન દા.ત. અદાએ રમઝાન. ફર્ઝે ગેરે મુઅય્યન દા. ત. કઝાએ રમઝાન અને રોઝાએ કફ્ફારા, વાજિબ મુઅય્યન દા. ત. નઝર મુઅય્યન, વાજિબે ગેરે મુઅય્યન દા. ત. નઝરે

મુતલક.

નિફલ બે છે. નિફલે મસનુન, નિફલે મુસ્તહબ દા.ત. આશુરા અર્થાત દસમી મોહર્રમનો રોઝો અને તેની સાથે નવમીનો પણ. અને દરેક મહીનામાં તેરમી, ચૌદમી, પદંરમી અને અરફાનો રોઝો. સોમવાર અને જુમેરાત (ગુરૂવાર) નો રોઝો શશઈદના રોઝા (ઈદ પછીના છ રોઝા) સોમે દાઉદ અલેહિસ્સલામ અર્થાત એક દિવસ રોઝો અને એક દિવસે ઈફતાર (ખાલી), મકરૂહે તનઝીહી દા. ત. કેવળ હફતા (શનીવાર) ના દિવસનો રોઝો, સોમે દહર (અર્થાત દરરોજ રોઝો રાખવું) સામે સુકુત (અર્થાત એવો રોઝો જેમાં કાંઈ વાત ન કરે), સોમે વિસાલનો રોઝો રાખી ઈફતારી ન કરે અને બીજા દિવસે ફરી રોઝો રાખી ઈફતાર ન કરે અને બીજા દિવસે ફરી રોઝો રાખે આ સંઘળુ મકરૂહે તનઝીહી છે. મકરૂહે તહરીમી દા. ત. ઈદ અને અય્યામ તશરીકના રોઝા (આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૨૯૮) : રોઝાના વિભિન્ન કારણો છે, રમઝાનના રોઝાનું કારણ માહે રમઝાનનું આવવું, રોઝાએ નઝરનું કારણ મન્નત માનવું, રોઝાએ કફ્ફારાનું કારણ કસમ તોડવું અથવા કત્લ અથવા ઝિહાર વિગેરે (આલમગીરી)

મસ્અલા-(૨૯૯) : માહે રમઝાનનો રોઝો ફર્ઝ ત્યારે થશે કે તે સમય જેમાં રોઝાની શરૂઆત કરી શકે, પામી લે અર્થાત સુબહ સાદિકથી દહવએ કુબ્રા (મધ્યાહન) સુધી કે તેના પછી રોઝાની નિય્યત થઈ શકતી નથી, માટે રોઝો થઈ શકતો નથી અને રાતમાં નિય્યત થઈ શકે છે. પરંતુ રોઝાનો સમય નથી માટે જો પાગલને રમઝાનની કોઈ રાતમા હોશ આવી ગયો અને સવાર પાગલપણાની હાલતમાં થઈ અથવા દહવએ કુબ્રા (મધ્યાહન) પછી કોઈ દિવસે હોશ આવ્યો તો તેના ઉપર રમઝાનના રોઝાની કઝા નથી. જ્યારે કે સમસ્ત રમઝાન એ જ પાગલપણામાં પસાર થઈ જાય અને એક દિવસ પણ એવો સમય મળી ગયો જેમાં નિય્યત કરી શકેછે તો સમસ્ત રમઝાનની કઝા લાઝિમ છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૩૦૦) : રાતમાં રોઝાની નિય્યત કરી અને સવાર ગશી (મુર્છા) ની હાલતમાં થઈ અને મુર્છા કેટલાએ દિવસો સુધી રહી તો કેવળ પહેલા દિવસનો રોઝો થયો બાકીના દિવસોની કઝા રાખે, ભલે સમસ્ત રમઝાન ભર મુર્છા વસ્થા રહી હોય, જો કે નિય્યતનો સમય ન મળ્યો, (જવહર, દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૩૦૧) : રમઝાનના અદા રોઝા અને નિશ્ચિત નઝર અને નિફલના રોઝાઓ માટે નિય્યતનો સમય સૂર્યાસ્તથી દહવએ કુબ્રા (મધ્યાહન) સુધી છે તે સમયમાં જ્યારે નિય્યત કરી લે તે રોઝા થઈ જશે. માટે સૂરજ ડુબતા પહેલાં નિય્યત કરી લો કે કાલે રોઝો રાખીશ પછી બેહોશ થઈ ગયો ને દહવએ કુબ્રા પછી હોશ આવ્યો તો રોઝો થયો નહી. અને સૂરજ ડુબવા પછી નિય્યત કરી હતી તો રોઝો થઈ ગયો (દુર્રે મુખ્તાર, રદ્દુલમુહતાર)

મસ્અલા-(૩૦૨) : દહવએ કુબ્રા નિય્યતનો સમય નથી બલ્કે તેનાથી પહેલા નિય્યત થઈ જવું જરૂરી છે અને જો ખાસ તે સમયે અર્થાત જે સમયે સૂર્ય શરઈ મધ્યાહન પર પહોંચી ગયો નિય્યત કરી તો રોઝો થયો નહી. (દુર્રેમુખ્તાર)

મસ્અલા-(૩૦૩) : નિય્યતના વિષયમાં નિફલ આમ છે. સુન્નત તથા મુસ્તહબ તથા મકરૂહ સૌને શામિલ છે કે, તે સઘળાં માટે નિય્યતનો એજ સમય છે. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૩૦૪) : જેવી રીતે બીજા સ્થળે બતાવવામાં આવ્યું કે નિય્યત દિલના ઈરાદાનું નામ છે, જીભથી કહેવું શર્ત નથી. અહીં પણ એજ ભાવાર્થ છે, પરંતુ જીભથી કહી લેવું મુસ્તહબ છે. જો રાતમાં નિય્યત કરે તો આમ કહે. **નવયતો અન અસુમા હાઝલ યૌમા લિલ્લાહે તઆલા મિન ફરદે રમઝાન** (મેં નિય્ય ત કરી કે અલ્લા હ તઆલા માટે આજે રમઝાનનો ફર્ઝ રોઝો રાખીશ.) અને જો તબર્રૂક તથા તૌફીકની તલબ માટે નિયત ના શબ્દોમાં ઈન્શા અલ્લાહ તઆલા પણ મેળવી પણ લીધું તો વાંધો નથી અને જો પાકો ઈરાદો ન હોય ડગુમગુ હોય તો નિય્યત જ ક્યાં થઈ. (જવહરહ, રદ્દુલમુહતાર) .

મસ્અલા-(૩૦૫) : દિવસમાં નિય્યત કરે તો જરૂરી છે કે આ નિય્યત કરે કે, **"હું સુબ્હ સાદિકથી રોઝદાર છું.** અને જો એવી નિય્યત છે કે અત્યારથી રોઝદાર છું, સવારથી નહી, તો રોઝો થયો નહી. (જવહરહ, રદ્દુલમુહતાર)

મસ્અલા-(૩૦૬) : જો કે આ ત્રણ પ્રકારના રોઝાની નિય્યત દિવસમાં પણ થઈ શકેછે પરંતુ રાતમાં નિય્યત કરી

લેવું મુસ્તહબ છે. (જવહરહ)

મસ્અલા-(૩૦૭) : એમ નિય્યત કરી કે કાલે ક્યાંક દઅવત થઈ તો રોઝો નથી અને ન થઈ તો રોઝો છે. આ નિય્યત સહીહ નથી. વસ્તુતં તે રોઝદાર નથી. (આલમગીરી)

મસ્અલા-(૩૦૮) : રમઝાનના દિવસમાં ન રોઝાની નિય્યત છે ન એ કે રોઝો નથી. જો કે ખબર છે કે આ મહીનો રમઝાનનો છે તો રોઝો થયો નહી. (આલમગીરી)

મસ્અલા-(૩૦૯) : રાતમાં નિય્યત કરી પછી તેના પછી રાતમાં જ ખાધું-પીધું તો નિય્યત જતી રહી નહી, એ જ પહેલી નિય્યત કાફી છે, ફરીથી નિય્યત કરવું જરૂરી નથી. (જવહરહ)

મસ્અલા-(૩૧૦) : ઔરત હૈઝ તથા નિફાસવાળી હતી. તેણે રાતમાં રોઝો રા ખવાની નિય્યત કરી અને સુબ્હ સાદિકથી પહેલાં હૈઝ તથા નિફાસથી પાક થઈ ગઈ તો રોઝો સહીહ થઈ ગયો. (જવહરહ)

મસ્અલા-(૩૧૧) : દિવસમાં તે નિય્યત કામની છે કે સુબહ સાદીકથી નિય્યત કરતા સમય સુધી રોઝાની વિરૂધ્ધ કોઈ કામ દેખવામાં આવ્યું ન હોય, માટે જો સુબ્હ સાદિક પછી ભુલથી પણ ખાઈ પી લીધું હોય અથવા સંભોગ કરી લીધો તો હવે નિય્યત થઈ શકતી નથી. (જવહરહ) પરંતુ વિશ્વાસપાત્ર એ છે કે ભુલવાની હાલતમાં હજુ પણ નિય્યત સહીહ છે. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૩૧૨) : જેવી રીતે નમાઝમાં કલામની નિય્યત કરી પરંતુ વાત કરી નહી, તો નમાઝ ફાસિદ થશે નહીં. એવી જ રીતે રોઝામાં તોડવાની નિય્યતથી રોઝો તુટશે નહીં. જ્યાં સુધી કે રોઝો તોડનાર ચીજ ન કરે. (જવહરહ)

મસ્અલા-(૩૧૩) : જો રાતમાં રોઝાની નિય્યત કરી પછી પાકો ઈરાદો કરી લીધો કે, રોઝો રાખશે નહી, તો તે નિય્યત જતી રહી. જો નવી નિય્યત ન કરી અને દિવસભર ભૂખ્યો પ્યાસો રહ્યો અને સંભોગથી બચ્યો તો રોઝો થયો નહી. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૩૧૪) : સહરી ખાવું પણ નિય્યત છે ભલે રમઝાનના રોઝા માટે હોય કે કોઈ બીજા રોઝા માટે. પરંતુ જ્યારે સહરી ખાતા સમયે એ ઈરાદો છે કે સવારે રોઝો થશે નહીં, તો આ સહરી ખાવું નિય્યત નથી. (જવહરહ રદ્દુલમુહતાર)

મસ્અલા-(૩૧૫) : રમઝાનના દરેક રોઝા માટે નવી નિય્યતની જરૂરત છે. પહેલી અથવા કોઈ તારીખમાં સમસ્ત રમઝાનના રોઝાની નિય્યત કરી લીધી તો આ નિય્યત કેવળ એ જ એક દિવસના હક્કમાં છે બાકી માટે નથી. (જવહરહ)

મસ્અલા-(૩૧૬) : આ ત્રણે અર્થાત રમઝાન ના અદા અને નિફલ તથા નિશ્ચિંત નઝર સર્વથા રોઝાની નિય્યત થઈ જાય છે. ખાસ તેમની જ નિય્યત જરૂરી નથી. એવી જ રીતેનિફલની નિય્યતથી પણ અદા થઈ જાય છે બલ્કે ગેર મરીઝ (બીમાર નહી) તથા મુસાફીરે રમઝાનમાં કોઈબીજા વાજિબની નિય્યત કરી તો પણ એ જ રમઝાનનો રોઝો થશે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૩૧૭) : મુસાફિર અને બીમાર જો રમઝાન શરીફમાં નિફલ અથવા કોઈ બીજા વાજિબની નિય્યત કરે તો જેની નિય્યત કરશે એજ થશે. રમઝાન નો નહી. (તનવીરૂલ અબસાર) અને સર્વથા (મુત્લક) રોઝાની નિય્યત કરે તો રમઝાનની થશે. (આલમગીરી)

મસ્અલા-(૩૧૮) : નિશ્ચિંત નઝર (મન્નત) અર્થાત ફલાણા દિવસે રોઝો રાખીશ, તેમાં જો તે દિવસે કોઈ બીજા વાજિબની નિય્યતથી રોઝો રાખ્યો તો જેની નિય્યતથી રોઝો રાખ્યો તે થયો, મન્નતની કઝા કરે. (આલમગીરી)

મસ્અલા-(૩૧૯) : રમઝાનના મહીનામાં કોઈ બીજો રોઝો રાખ્યા અને તેને એ ખબર ન હતી કે આ માહે રમઝાન છે તો પણ રમઝાનનો રોઝો થયો. (દર્રે મુખ્તાર)

મસ્અલા-(૩૨૦) : કોઈ મુસલમાન દારૂલ હર્બમાં કેદ હતો અને દરેક વર્ષે એમ વિચારીને રમઝાનનો મહીનો આવી ગયો, રમઝાનના રોઝા રાખે પાછળથી ખબર પડી કે, કોઈ પણ વર્ષે રમઝાનમાં થયા નથી બલ્કે દરેક વર્ષે રમઝાનથી અગાઉ થયા તો પ્રથમ વર્ષના તો થયા જ નહી કે રમઝાનથી અગાઉ રમઝાનનો રોઝો થઈ શકતો નથી, અને બીજા ત્રીજા વર્ષ સંબંધે એ છે કે જો સર્વથા રમઝાનની નિય્યત કરી હતી તો દરેક વર્ષના રોઝા પાછલાં વર્ષના રોઝાઓની કઝા છે અને જો એ વર્ષના રમઝાનની નિય્યતથી રાખ્યા તો કોઈ વર્ષના થયા નહી. (રદ્દુલમુહતાર).

મસ્આલ-(૩૨૧) : જો મજકુર હાલતમાં તહર્રી કરી અર્થાત વિચાર્યું અને દિલમાં એ વાત ઠરી કે આ રમઝાનનો મહીનો છે અને રોઝો રાખ્યો, પરંતુ વાસ્તવમાં રોઝા શવ્વાલના મહીનમાં થયા તો જો રાતથી નિય્યત કરી તો થઈ ગયા કેમકે કઝામાં કઝાની નિય્યત શર્ત નથી બલ્કે અદાની નિય્યતથી પણ કઝા થઈ જાય છે. પછી જો રમઝાન તથા શવ્વાલ બંને ત્રીસ-ત્રીસ દિવસ અથવા ઓગણત્રીસ-ઓગણત્રીસ દિવસના છે તો એક રોઝો બીજો રાખે કે ઈદનો રોઝો હરામ (નિષેધ) છે અને જો રમઝાન ત્રીસનો હતો અને શવ્વાલ ઓગણત્રીસનો તો બે રોઝા બીજા રાખે અને રમઝાન ઓગણત્રીસનો અને આ ત્રીસનો તો રોઝા થઈ ગયા. અને જો તે મહીનો ઝીલ હિજ્જહનો હતો જો બંને ત્રીસ અથવા ઓગણીત્રીસના છે તો ચાર રોઝા બીજા રાખે અને રમઝાન ત્રીસનો હતા અને આ ઓગણીત્રીસનો તો પાંચ અને તેનો વિરૂધ્ધ હતું તો ત્રણ રોઝા રાખે, સારાંશ કે નિષેધ રોઝા છોડીને તે સખ્યાં પૂરી કરવી પડશે, જેટલા રમઝાનના દિવસ હતા. (આલમગીરી)

મસ્આલ-(૩૨૨) : અદાએ રમઝાન અને નિશ્ચિત મન્નત અને નિફલ સિવાય બાકીના રોઝા દા. ત. કઝાએ રમઝાન અને નઝર અનિશ્ચિત અને નિફલની કઝા (અર્થાત નફલી રોઝો રાખીને તોડી નાખ્યો હતો તેની કઝા) અને નિશ્ચિત નઝર (મન્નત) ની કઝા અને કફ્ફારાનો રોઝો અને હરમમાં શિકાર કરવાના કારણે જે રોઝો વાજિબ થયો અને હજ્જમાં સમયથી પહેલાં માથું મુંડાવવાનો રોઝો અને તમત્તાઅ નો રોઝો, આ સઘળામાં અયન સવાર(ફજર) ચમકતા સમયે અથવા રાતમાં નિય્યત કરવું જરૂરી છે અને એ પણ જરૂરી છે કે જે રોઝો રાખવો છે ખાસ તે નિશ્ચિતની નિય્યત કરી અને આ રોઝાઓની નિય્યત જો દિવસમાં કરી તો નિફલ થયા, તો પણ તેમનું પુરૂ કરવું જરૂરી છે. જો તોડી નાખશે તો કઝા વાજિબ થશે. જો કે તે તેની જાણમાં હોય કે જે રોઝો રાખવા ઇચ્છે છે આ તે થશે નહી. બલ્કે નિફલ થશે. (દુર્રેમુખ્તાર વિગેરે)

મસ્અલા- (૩૨૩) : એવું ગુમાન (ધારણા) કરીને કે તેના માથે રોઝાની કઝા બાકી છે, રોઝો રાખી લીધો. હવે ખબર પડી કે ધારણા ખોટી હતી તો જો તત્કાળ તોડી નાખે તો તોડી શકે છે; જો કે ઉત્તમ એ છે કે પૂરો કરી લે અને તત્કાળ તોડયો નહી તો હવે તોડી શકતો નથી. તોડશે તો કઝા વાજિબ છે (રદ્દુલમુહતાર)

મસ્અલા-(૩૨૪) : રાતમાં કઝા રોઝાની નિય્યત કરી, સવારે તેને નિફલ રોઝો કરવા ઈચ્છે છે તો તેની કરી શકતો. (રદ્દુલમુહતાર)

મસ્અલા-(૩૨૫) : નમાઝ પઢતામાં રોઝાની નિય્યત કરી તો આ નિય્યત સહીહ છે. (દુર્રેમ્ખ્તાર)

મસ્અલા-(૩૨૬) : કેટલાએ રોઝા કઝા થઈ ગયા તો નિય્યતમાં એ હોવું જોઈએ કે આ રમઝાનના પહેલા રોઝાની કઝા, બીજાની કઝા અને જો કેટલાક આ વર્ષના કઝા થઈ ગયા કેટલાક પાછલા સાલના બાકી છે તો એ નિય્યત થવી કે આ રમઝાનની અને તે રમઝાનની કઝા અને જો દિવસ અને વર્ષને નિશ્ચિત કર્યું નહી તો પણ રોઝા થઈ જશે. (આલમગીરી)

મસ્અલા-(૩૨૭) : રમઝાનનો રોઝો ઈરાદા પૂર્વક તોડયો હતો તો તેના ઉપર તે રોઝાની કઝા છે અને સાઈઠ રોઝા કફ્ફારાના, હવે તેણે (૬૧) એકસઠ રોઝા રાખી લીધા કઝાનો દિવસ નિશ્ચિત કર્યો નહી તો રોઝો થઈ ગયો. (આલમગીરી)

મસ્અલા-(૩૨૮) : યૌમુશ્શક અર્થાત શાબાન ની ત્રીસમી તારીખે ખાલિસ નિફલની નિય્યતથી રોઝો રાખી શકો છો. અને નિફલ સિવાય કોઈ બીજો રોઝો રાખ્યો તો મકરૂહ છે. ભલે સર્વથા રોઝાની નિય્યત હોય કે ફર્ઝની અથવા કોઈ વાજિબની, ભલે નિય્યત નિશ્ચિત રોઝાની કરી હોય કે શંકા સાથે, આ સંઘળા સ્વરૂપો મકરૂહ છે પછી જો રમઝાનની નિય્યત છે તો મકરૂહે તહરીમી છે નહી તો મુકીમ (જે શરઈ મુસાફર ના હોય તે) માટે તનઝીહી અને મુસાફિરે જો કોઈ વાજિબની નિય્યત કરી તો કરાહત નથી. પછી જો તે દિવસનું રમઝાન હોવું સાબિત થઈ જાય તો મુકીમ માટે વસ્તુત રમઝાનનો રોઝો છે અને જો એમ જાહેર થયું કે તે શાબાનનો દિવસ હતો અને નિય્યત કોઈ વાજિબની કરી હતી તો જે વાજિબની નિય્યત હતી તે થયો. અને જો કાંઈ હાલ ખુલ્યો નહી તો વાજિબની નિય્યત બેકાર ગઈ અને મુસાફિરે જેની નિય્યત કરી દરેક હાલતમાં એજ થયો. (દુર્રેમખ્તાર, રદ્દુલમુહતાર)

મસ્અલા-(૩૨૯) : જો ત્રીસમી તારીખ એવા દિવસે

થઈ કે તે દિવસે રોઝો રાખવાનો આદી (ટેવવાળો) હતો તો તેણે રોઝો રાખવું અફઝલ છે. દા.ત., કોઈ શખ્સ પીર (સોમવાર) અથવા જુમેરાત (ગુરૂવાર)નો રોઝો રાખ્યા કરે છે અને ત્રીસમી તારીખ એજ દિવસે આવી તો રાખવું અફઝલ છે, એવી જ રીતે જો કેટલાક રોઝા પહેલાથી જ રાખી રહ્યો હતો તો હવે યોમુલશકમાં કરાહત નથી. કરાહત એ જ સ્વરૂપમાં છે કે રમઝાનથી એક અથવા બે દિવસ પહેલા રોઝો રાખવામાં આવે અર્થાત કેવળ (૩૦) ત્રીસ શાબાને અથવા (૨૯) ઓગણત્રીસમી અને ત્રીસમીએ રાખવામાં આવે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-(૩૩૦) :** જો ન તો તે દિવસ રોઝો રાખવાનો આદી હતો ન કેટલાએ દિવસ પહેલાથી રોઝા રાખ્યા તો હવે ખાસ લોકો રોઝા રાખે અને અવામ (જનતા) ન રાખે. બલ્કે અવામ માટે એ હુકમ છે કે દહવએ કુબ્રા સુધી રોઝાની જેમ રહે. જો તે સમય સુધી ચંદ્ર જોવાની સાબિતી થઈ જાય તો રમઝાનના રોઝાની નિય્યત કરી લે, નહી તો ખાઈ-પી લે, ખાસથી મુરાદ અહીંયા ઉલ્માજ નહી બલ્કે જે શખ્સ એ જાણતો હોય કે યૌમુશશકમાં આવી રીતે રોઝો રાખવામાં આવે છે તે ખાસની ગણનામાં છે. નહી તો અવામમાં (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-(૩૩૧) :** યૌમુશશકના રોઝામાં એ પાકો ઈરાદો કરી લે કે આ રોઝો નિફલ છે, આશંકા ન રહે. એમ ન હોય કે જો રમઝાન છે તો આ રોઝો રમઝાનનો છે નહી તો નિફલનો અથવા એમ કે જો આજે રમઝાનનો દિવસ છે તો આ રોઝો રમઝાનનો છે નહી તો કોઈ બીજા વાજિબનો કે આ બંને સ્વરૂપો મકરૂહ છે. પછી જો તે દિવસનું રમઝાન હોવું સાબિત થઈ જાય તો રમઝાનની ફર્ઝ અદા થશે, નહી તો બંને સ્વરૂપોમાં નિફલ છે અને દરેક રીતે ગુનાહગાર થયો, અને એમ પણ નિય્યત ન કરે કે આ દિવસ રમઝાનનો છે. તો રોઝો છે નહી તો રોઝો નથી કે આ સૂરતમો તો ન નિય્યત જ થઈ ન રોઝો થયો, અને જો નિફલનો સંપૂર્ણ ઈરાદો છે પરંતુ ક્યારેક ક્યારેક દિલમાં એ ખ્યાલ આવી જાય છે કે કદાચ આજે રમઝાનનો દિવસ હોય, તો તેમાં વાંધો નથી. (આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

# ચાંદ (ચંદ્ર) જોવાનું બયાન

અલ્લાહ અઝ વજલ્લ ફરમાવે છે : અર્થ : અય મહેબુબ તમોને હિલાલ (ચંદ્ર) વિષે લોકો પૂછે છે. તમો ફરમાવી દો તે લોકોના કામો અને હજ્જ માટે સમયો છે.

**હદીસ-(૧) :** સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમમાં ઈબ્ને ઉમર રદીયલ્લાહો અન્હોમાંથી રિવાયત છે કે રસુલલ્લાહ સલ્લલાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે જ્યાં સુધી ચાંદ દેખી ન લો રોઝો રાખો નહી અને જ્યાં સુધી ચાંદ દેખી લો નહીં ત્યાં સુધી ઈફતાર કરો નહી. અને જો વાદળ હોય તો (દિવસોની) માત્રા પુરી કરી લો.

**હદીસ-(૨) :** સહીહયનમાં અબુહુરયરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝુરે અકદસ સલ્લલાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. ચાંદ દેખીને રોઝા રાખવા શરૂ કરો અને ચાંદ દેખીને ઈફતાર (પુરા) કરો અને જો વાદળ હોય તો શાબાનની ગણત્રી (૩૦) ત્રીસ પુરા કરી લો.

**હદીસ-(૩) :** અબુ દાઉદ, તિરમિઝી, નિસાઈ ઈબ્ને માજા તથા દારોમી ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે એક એ' રાબી (ગામડીયા) એ હુઝુરની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી મે રમઝાનનો ચાંદ જોયો છે. આપે ફરમાવ્યું કે તું ગવાહી આપે છે-કે અલ્લાહ સિવાય કોઈ માઅબુદ નથી. તેણે અર્ઝ કરી હા, આપે ફરમાવ્યું અય બિલાલ લોકોમાં એલાન કરી દો કે કાલે રોઝો રાખે.

**હદીસ-(૪) :** અબુ દાઉદ તથા દારોમી ઈબ્ને ઉમર રદીયલ્લાહો અન્હોમાંથી રાવી કે લોકોએ પરસ્પર ચાંદ દેખવું શરૂ કર્યું. મે હુઝુરને ખબર આપી કે મેં ચાંદ જોયો છે, હુઝુરે પણ રોઝો રાખ્યો અને લોકોને રોઝો રાખવાનો હુકમ ફરમાવ્યો.

**હદીસ-(૫) :** અબુ દાઉદ ઉમ્મુલ મોમેનીન સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ શાબાન મહીનાનું એટલા પ્રમાણમાં રક્ષણ કરતા કે તેટલું બીજા કોઈ મહીનાનું કરતા નહિ, પછી રમઝાનનો ચાંદ જોઈને રોઝો રાખતા હતા અને વાદળ હોતું તો ત્રીસ દિવસ પુરા કરીને રોઝો રાખતા.

અહીંઆનો કાઝી પણ તે શહાદતોની બિના ઉપર હુકમ આપી દેશે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૩૪૯) : જો કેટલાક લોકો આવીને કહે કે ફલાણી જગ્યાએ ચાંદ થયો બલ્કે જો શહાદત પણ આપે કે ફલાણી જગ્યાએ ચાંદ થયો બલ્કે એ શહાદત આપે કે ફલાણા ફલાણા માણસે ચાંદ દેખ્યો બલ્કે જો એ શહાદત આપે કે ફલાણી જગ્યાના કાઝીએ રોઝા અથવા ઈફતાર માટે લોકોને કહ્યું. આ સઘળાં તરીકા ના કાફી (અપુરતા) છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૩૫૦) : કોઈ શહેરમાં ચાંદ થયો એને ત્યાંથી અનેક જમાઅતો બીજા શહેરમાં આવી અને સૌએ તેની ખબર આપી કે ત્યાં ફલાણાં દિવસે ચાંદ થયો છે અને સમગ્ર શહેરમાં એ વાત મશહુર છે અને ત્યાંના લોકોએ રૂયંત (ચંદ્રદર્શન) ના આધારે ફલાણા દિવસથી રોઝા શરૂ કર્યા તો અહીં વાળાઓ માટે પણ સુબૂત (સાબિતી) થઈ ગઈ. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૩૫૧) :રમઝાનની ચાંદ રાતે વાદળ હતું એક માણસે શહાદત આપી અને તેના આધારે રોઝાનો હુકમ આપી દેવામાં આવ્યો, હવે ઈદનો ચાંદ જો વાદળના કારણે દેખવામાં આવ્યો નહી, તો ત્રીસ (૩૦) રોઝા પુરા કરી લો. અને જો મતલઅ (ચંદ્રોદય સ્થળ) સાફ છે તો ઈદ ન કરે પરંતુ જ્યારે કે બે આદિલોની ગવાહીથી રમઝાન સાબિત થયો હોય. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૩૫૨) : મતલઅ (ચંદ્રોદય સ્થળ) અસ્વચ્છ છે, તો રમઝાન સિવાયના શવ્વાલ તથા ઝીલહિજ્જહ બલ્કે સઘળા મહીનાઓ માટે બે પુરૂષ અથવા એક પુરૂષ અને બે સ્ત્રીઓ ગવાહી આપે અને સૌ આદિલ હોય અને આઝાદ (ગુલામ ના હોય તે) હોય અને તેમના પૈકી કોઈ ઉપર ઝિના (વ્યભિચાર) ના તોહમત ની હદ કાયમ કરવામાં આવી ન હોય, જો કે તૌબા કરી લીધી હોય અને એ પણ શરત છે કે ગવાહ, ગવાહી આપતી વખતે એ શબ્દો કહે-હું ગવાહી આપું છું (આમ્મતુલકુતુબ)

મસ્અલા-(૩૫૩) :ગામડામાં બે શખ્સોએ ઈદનો ચાંદ દેખ્યો અને મતલઅ અસ્વચ્છ છે અને ત્યાં કોઈ એવો માણસ નથી જેની પાસે શહાદત આપે તો ગામડાવાળાઓ ને કહે જો આ આદિલ (નેક લોકો હોય અને ફાસિક ફાજિર ના હોય) હોય તો લોકો ઈદ કરી લે. (આલમગીરી)

મસ્અલા-(૩૫૪) : એકલા ઈમામ અથવા કાઝીએ ઈદનો ચાંદ દેખ્યો તો તેમણે ઈદ કરવી અથવા ઈદનો હુકમ આપવો જાઈઝ નથી, (દુર્રે મુખ્તાર વિગેરે)

મસ્અલા-(૩૫૫) : ઓગણત્રીસ (૨૯)મી રમઝાને કેટલાક લોકોએ એ શહાદત આપી કે અમોએ લોકોથી એક એક દિવસ પહેલા ચાંદ દેખ્યો, જેને ગણત્રીથી આજે ત્રીસમો દિવસ છે તો જો આ લોકો અહીં જ હતા તો હવે તેમની ગવાહી સ્વીકાર્ય નથી એટલા માટે કે સમય પર ગવાહી કેમ આપી નહી, અને જો અહીં ન હતા અને એ લોકો આદિલ હોય તો સ્વીકારી લેવામાં આવે. (આલમગીરી)

મસ્અલા-(૩૫૬) : રમઝાનનો ચાંદ દેખાયો નહી શાબાનના ત્રીસ દિવસ પુરા કરીને રોઝા શરૂ કરી દીધા, (૨૮) આઠાવીસ જ રોઝા રાખ્યા હતા કે ઈદનો ચાંદ થઈ ગયો તો જો શાબાનનો પણ ચાંદ દેખીને ત્રીસ દિવસનો મહીનો ઠેરવ્યો હતો તો રોઝો કઝા રાખો અને જો શાબાનનો પણ ચાંદ દેખાયો ન હતો બલ્કે રજ્જબની ત્રીસ તારીખ પુરી કરીને શાબાનનો મહીનો શરૂ કર્યો તો બે રોઝા કઝાના રાખો. (આલમગીરી)

મસ્અલા-(૩૫૭) : દિવસમાં હિલાલ (પહેલી રાતનો ચંદ્ર) દેખાયો, ઝવાલથી પહેલા કે પછી વસ્તુત તે આવતી રાતનો ઠેરવવામાં આવશે. અર્થાત હવે જે રાત આવશે તેનાથી મહીનો શરૂ થશે તો જો ત્રીસમી રમઝાનના દિવસે (દિવસમાં) દેખ્યો તો આ દિવસ રમજાનનો છે શાવ્વાલનો નથી અને રોઝો પુરો કરવું ફર્ઝ છે અને જો શાબાનની ત્રીસમી તારીખના દિવસમાં દેખ્યો તો આ દિવસ શાબાનનો છે, રમઝાનનો નથી. માટે આજનો રોઝો ફર્ઝ નથી. (દુર્રે મુખતાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૩૫૮) : એક જગ્યએ ચાંદ થયો તો તે કેવળ **ત્યાંના માટે નથી બલ્કે સમગ્ર વિશ્વ માટે છે પરંતુ બીજી જગ્યાના માટે તેનો હુકમ તે સમયે છે કે તેમની નજરમાં તે દિવસ તારીખમાં ચાંદ થવું શરઈ સાબિતીથી સાબિત થઈ** જાય અર્થાત દેખવાની ગવાહી અથવા કાઝીના હુકમથી શહાદત મળે અથવા અનેક જમાઅતો ત્યાંથી આવીને ખબર આપે કે ફલાણાં સ્થળે ચાંદ થયો છે અને ત્યાં લોકોએ રોઝો રાખ્યો અથવા ઈદ કરી છે. (દુર્રે મુખતાર)

મસ્અલા-(૩૫૯) : તાર અથવા ટેલીફોનથી રૂયતે હિલાલ (ચંદ્ર દર્શન) સાબિત થઈ શકતો નથી, ન બજારી

અફવા અને જંતરીઓ (પંચાંગો) અને અખબારોમાં છપાએલુ કોઈ સબુત છે. આજકાલ સામાન્યત દેખવામાં આવે છે કે ઓગણત્રીસમી (૨૯) રમઝાને બહુધા એક જગ્યાએથી બીજી જગ્યાએ તાર મોકલવામાં આવે છે કે ચાંદ થયો કે નહી, જો કોઈ જગ્યાએથી તાર આવી ગયો, બસ, લો ઈદ આવી ગઈ આ કેવળ નાજાઈઝ તથા હરામ છે. તાર શું વસ્તુ છે પ્રથમ તો એ જ ખબર નથી કે જેનું નામ લખ્યું છે વાસ્તવમાં તેનો જ મોકલેલ છે અને માની લો કે તેનો મોકલેલો છે તો તમારી પાસે શું સાબિતી અને એ પણ સાચું તો તારમાં અકસર ભૂલો થતી જ રહે છે; 'હા', નું નહીં, અને નહીનું હા, થઈ જાય છે તે સાધારણ વાત બની ગઈ છે. અને માન્યું કે બિલકુલ સાચો પહોંચ્યો તો આ કેવળ એક ખબર છે, **શહાદત નથી** અને તે પણ કેટલાએ માધ્યમોથી જો તાર આપનાર અંગ્રેજી ભણેલો નથી તો કોઈ બીજા પાસે લખાવશે, ખબર નથી કે તેણે શું લખાવ્યું, તેણે શું લખ્યું, આદમીને આપ્યો તેણે તારવાળાને હવાલે કર્યો, હવે અહીંયાના તાર ઘરમાં પહોંચ્યો તો તેણે વહેંચવાવાળાને આપ્યો તો તેણે જો કોઈ બીજાના હવાલે કરી દીધો તો ખબર નથી કેટલા માધ્યમોથી તેને મળે. અને જો તેને જ આપ્યો તો પણ કેટલા માધ્યમો છે, વળી એ જુઓ કે મુસલમાન સ્ત્રીઓ જેનું આદિલ-ફાસિક હોવું ખબર ન હોય તેના સુદ્ધાંની ગવાહી પ્રમાણિત નથી અને અહિયા જે જે માધ્યમોથી તાર પહોંચ્યો તેઓમાં સઘળા જ મુસલમાન હોય તે એક બુદ્ધિક સંભવના છે જેનું અસ્તિત્વ જણાતું નથી. અને જો આ પત્ર પહોંચાડનાર પણ અંગ્રેજી ભણેલા ન હોય તો કોઈની પાસે વંચાવશે, જો કોઈ કાફિરે વાંચ્યો તો શું એતબાર અને મુસલમાને વાંચ્યો તો શું ખાત્રી કે સાચો વાંચ્યો, સારાંશ કે ગણત્રી કરો તો અધિકતમ એવા કારણો છે જે તારના વિશ્વાસને ખોઈ નાખે છે. ફુકહાએ પત્ર (લખાણ) નો વિશ્વાસ જ ન કર્યો જો કે લખનારના અક્ષરો ઓળખતો હોય અને તેના ઉપર તેની મોહર (સિક્કો) પણ હોય કે, પત્ર (લખાણ) પત્રના અનુરૂપ હોય છે અને મોહર, મોહરના અનુરૂપ હોય છે. તો કુજાતાર વલ્લાહો તઆલા અઅલમ)

**મસ્અલા-(૩૬૦)** : હિલાલ દેખીને તેની પ્રત્યે આંગળીથી ઈશારો કરવું મકરૂહ છે. ભલેને બીજાને બતાવવા માટે હોય. (આલમગીરી, દુર્રે મુખતાર)

## તે ચીઝોનું બયાન જેનાથી રોઝો તુટતો નથી

**હદીસ-(૧)** : સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમમાં અબુહુરેરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે.- જે રોઝદારે ભુલથી ખાઈ-પી લીધું તો પોતાના રોઝાને પુરો કરે કે તેને અલ્લાહે ખવડાવ્યું અને પીવડાવ્યું.

**હદીસ-(૨)** : અબુદાઉદ, તિરમિઝી, ઈબ્ને માજા તથા દારોમી હઝરત અબુહુરેરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરેછે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું - જેના ઉપર કય (ઉલ્ટી) એ ગલબો કર્યો તેના ઉપર કઝા નથી અને જેણે ઈરાદા પૂર્વક કય (ઉલ્ટી) કરી તેના ઉપર રોઝાની કઝા છે.

**હદીસ-(૩)** : તિરમિઝી અનસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, એક શખ્સે ખિદમતે અકદસ હાજર થઈ અર્ઝ કરી કે મારી આંખમાં બીમારી છે શું રોઝા ની હાલતમાં સુરમો લગાવું ? આપે ફરમાવ્યું : હા, લગાવો.

**હદીસ-(૪)** : તિરમિઝી અનસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : ત્રણ વસ્તુઓ રોઝો તોડતી નથી. (૧) પછના (શીંગી લગાવવી) (૨) કય (ઉલટી) (૩) સ્વપ્ન-દોષ)

**ચેતવણી :** આ પ્રકરણમાં તે વસ્તુઓનું બયાન છે જેનાથી રોઝો તુટતો નથી. રહ્યું એ કાર્ય કે તેનાથી રોઝો મકરૂહ પણ થાય છે કે નહી. તેનાથી આ પ્રકરણને સંબંધ નથી., ન એ કે તે ફેઅ્લ (કૃત્ય) જાઈઝ છે કે ના જાઈઝ.

**મસ્અલા-(૩૬૧)** : ભુલથી ખાધું-પીધું અથવા સંભોગ કર્યો તો રોઝો ફાસિદ (રદ) થયો નહી, ભલે તે રોઝો ફર્ઝ હોય કે નિફલ. એ રોઝાની નિય્યતથી પહેલા આ વસ્તુઓ દેખવામા આવી અથવા પાછળથી પરંતુ જ્યારે યાદ દેવડાવવા ઉપર પણ યાદ ન આવ્યું કે રોઝદાર છે તો હવે રોઝો ફાસિદ થઈ જશે, એ શરતે કે યાદ દેવડાવવા ઉપર

પણ યાદ ન આવ્યું કે રોઝદાર છે તો હવે રોઝો ફાસિદ થઈ જશે, એ શરતે કે યાદ દેવડાવવા પછી આ ફેલ ઘટીત થયા હોય પરંતુ આ હાલતમાં કફફારો લાઝિમ નથી. (દુર્રે મુખ્તાર રદદુલ મુહતાર)

મસ્અલા-(૩૬૨) : કોઈ રોઝદારને આ ફેઅલોમાં દેખે તો યાદ દેવડાવવું વાજિબ છે. યાદ ન દેવડાવ્યું તો ગુનેહગાર થયો, પરંતુ જ્યારે કે તે રોઝદાર બહુ જ કમજોર હોય કે યાદ દેવડાવશે તો તે ખાણું છોડી દેશે અને કમજોરી એટલી વધી જશે કે રોઝો રાખવું દુશ્કર થશે અને ખાઈ લેશે તો રોઝો સારી રીતે પુરો કરી લેશે અને બીજી ઈબાદતો પણ સારી રીતે અદા કરી લેશે, તો આ હાલતમાં યાદ ન દેવડાવવું બહેતર છે. કેટલાક મશાયખોએ કહ્યું જવાનને જુઓ તો યાદ દેવડાવી દે અને વૃધ્ધને જોએ તો યાદ ન દેવડાવવામાં વાધો નથી પરંતુ આ હુકમ અકસર ના લેહાઝથી છે કે જુવાન બહુધા બળવાન હોય છે અને વૃધ્ધ અકસર કમજોર અને અસલ હુકમ એ છે કે જવાની અને વૃધ્ધાવસ્થાને કોઈ દખલ નથી બલ્કે શકિત તથા નબળાઈનો લેહાજ છે, જો જવાન એટલા પ્રમાણમાં કમજોર હોય તો યાદ ન દેવડાવવામાં વાંધો નથી અને વૃધ્ધ શક્તિ શાળી હોય તો દેવડાવવું વાજિબ છે. (રદદુલ મુહતાર)

મસ્અલા-(૩૬૩) : માંખ, ધુમાડો અથવા ધુળ (રજ) ગળામાં જવાથી રોઝો તુટતો નથી, ભલે તે રજ આટાની હોય કે ચક્કી પીસવા અથવા આટો ચાળવામાં ઉડતી હોય અથવા અનાજની રજોટી હોય કે હવાથી ધુળ ઉડી અથવા જનવરોની ખરીઓ અથવા ટાપ (ડાબલા)થી ધુળ ઉડીને ગળામાં પહોંચી, જો કે રોઝદાર હોવું યાદ હતું અને જો ખુદ ઈરાદા પૂર્વક ધુમાડો પહોંચાડ્યો તો રોઝો ફાસિદ થઈ ગયો, જ્યારે કે રોઝાદાર હોવું યાદ હોય, ભલે તે કોઈપણ વસ્તુનો ધુંવાડો હોય અને કોઈ પણ રીતે પહોંચાડ્યો હોય, ત્યાં સુધી કે જો અગરબત્તી વિગેરે સુંગધી સળગતી હોય તેણે મુખ નિકટ કરીને ધુંમાડાને નાકથી ખેંચ્યો તો રોઝો તુટી ગયો, એવી જ રીતે હુક્કો પીવાથી પણ રોઝો તુટી જાય છે, જો રોઝો યાદ હોય અને હુક્કો પીવાવળો જો પીશે તો કફફારો પણ લાઝિમ આવશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર વિગેરે)

મસ્અલા-(૩૬૪) : ભરી સીંગી લગાવડાવી અથવા તેલ કે સુરમાનો સ્વાદ હલક (ગળા)માં મહેસુસ થતો હોય બલ્કે થુકમાં સુરમાનો રંગ પણ દેખાતો હોય તો પણ રોઝો તુટ્યો નહી. (જવહરહ, રદદુલ મુહતાર)

મસ્અલા-(૩૬૫) : બોસો (ચુંબન) લીધો પરંતુ વીર્ય સ્ખલન ન થયું, તો રોઝો તુટ્યો નથી. એવી જ રીતે સ્ત્રી તરફ બલ્કે તેની શર્મગાહ (યોની) તરફ નજર કરી, પરંતુ હાથ લગાવ્યો નહી અને વિર્ય સ્ખલન થઈ ગયું, જો કે વારંવાર નઝર કરવા અથવા સંભોગ વિગેરેનો ખ્યાલ કરવાથી વીર્ય સ્ખલન થયું, જો કે વધુ સમય સુધી વિચાર જમાવવાથી આવું થયું હોય, આ સઘળી હાલતોમાં રોઝો તુટ્યો નથી. (જવહરહ, દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૩૬૬) : ગુસ્લ કર્યું અને પાણીની શીતલતા અંદર મહેસુસ થઈ અથવા કુલ્લી (કોગળો) કરીને પાણી ફેંકી દીધું કેવળ થોડીક તરી મોઢાંમાં બાકી રહી ગઈ હતી થુકની સાથે તેને ગળી ગયો અથવા દવા કુટી અને ગળામાં તેનો સ્વાદ મહેસુસ થયો અથવા હરડે ચુસી અને થુક ગળી ગયો પરંતુ થુકની સાથે હરડેનો કોઈ અંશ ગળામાં પહોંચ્યો નહીં અથવા કાનમાં પાણી ચાલ્યું ગયું અથવા સળીથી કાન ખજવાળ્યો અને તેના ઉપર મેલ લાગી ગયો પછી એજ મેલ ચોંટેલ સળી કાનમાં નાંખી જો કે આવું કેટલીક વખત કર્યું હોય અથવા દાંત કે મુખમાં અલ્પ વસ્તુ (જેની ખબર પડે નહી) રહી ગઈ કે થુકની સાથે પોતે જ ઉતરી જશે અને તે ઉતરી ગઈ અથવા દાંતોમાંથી લોહી નીકળીને હલક (ગળા) સુધી પહોચ્યું પરંતુ ગળા ની નીચે ઉતર્યું નહી તો આ સઘળી હાલતોમાં રોઝો ગયો નહી. (દુર્રે મુખ્તાર, ફતહુલકદીર)

મસ્અલા-(૩૬૭) : રોઝદારના પેટમાં કોઈએ ભાલો અથવા તીર ભોંકી દીધો, જો તેનું પાનું અથવા અણી પેટની અંદર રહી ગઈ અથવા તેના પેટમાં ઝિલ્લી સુધી ઝખમ હતો કોઈએ કાંકરી મારી કે અંદર ચાલી ગઈ તો રોઝો તુટ્યો નહી. અને જો તેણે પોતે આ સઘળું કર્યું અને ભાલાનું ફળ અથવા કાંકરી અંદર રહી ગઈ તો રોઝો તુટી ગયો. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

મસ્અલા-(૩૬૮) : વાત કરવામાં થુકથી હોઠ તર થઈ થયા અને તેને પી ગયા અથવા મોંઢામાંથી લાળ ટપકી પરંતુ તાર તુટ્યો ન હતો કે તેને ખેંચીને પી ગયા અથવા નાકમાં

રીંટ આવી ગઈ બલ્કે નાકથી બહાર થઈ ગઈ પરંતુ અલગ થયુ ન હતું કે તેને ચઢાવી (ખેંચી)ને ગળી ગયો અથવા ખેંખાર (ગળફો) મુખમાં આવ્યું અને ખાઇ ગયા, ભલેને કેટલુંએ હોય રોઝો તુટશે નહી પરંતુ આ વાતોથી બચવું જોઈએ. (આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૩૬૯)** : માખી ગળામાં ચાલી ગઈ, રોઝો તુટ્યો નહી અને ઈરાદા પૂર્વક ગળી ગયા તો રોઝો તુટી ગયો. (આલમગીરી)

**મસ્અલા-(૩૭૦)** : ભુલથી સંભોગ કરી રહ્યો હતો યાદ આવતાં જ અલગ થઈ ગયો અથવા સુબહ સાદિકથી પહેલા સંભોગમાં મશગુલ હતો, સુબ્હ (વહેલી સવાર) થતાં જ જુદો થઈ ગયો તો રોઝો તુટ્યો નહી, જો કે બંને સુરતો માં જુદા થયા પછી વિર્ય સ્ખલન થઈ ગયું હોય, જો કે બંને હાલતોમાં જુદા થવું યાદ આવવા અને સવાર થવા પર થયું કે જુદા થવાની હરકત સંભોગ નથી અને જો યાદ આવવા સવાર થવા પર તત્કાળ અલગ ન થયો જો કે કેવળ થોભી ગયો અને હરકત ન કરી તો રોઝો તુટી ગયો (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૭૧)** : ભૂલથી ખાણું ખાઈ રહ્યો હતો, યાદ આવતાં જ તત્કાળ કોળીઓ ફેંકી દીધો અથવા સુબહ સાદિકથી પહેલા ખાઈ રહ્યો હતો અને સવાર થતાં જ ઓકી નાંખ્યું તો રોઝો તુટ્યો નહી અને ગળી ગયો તો બંને હાલતોમાં રોઝો તુટી ગયો. (આલમગીરી)

**મસ્અલા-(૩૭૨)** : ગૈરે સબીલૈન (પેશાબ પાખાના સિવાયની જગ્યા) માં સંભોગ કર્યો તો જ્યાં સુધી વીર્ય સ્ખલન થાય નહી રોઝો તુટશે નહી. એવી જ રીતે હાથથી મની (વિર્ય) કાઢવા (હસ્ત મૈથુન)માં (જો કે આ સખત હરામ છે. કે હદીસમાં તેને મલઉન ફરમાવ્યો છે) રોઝો તુટશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૭૩)** : ચોપગા જાનવર અથવા મૃતકથી સંભોગ કર્યો અને વીર્ય સ્ખલન થયું નહી તો રોઝો તુટ્યો નહી અને વીર્ય સ્ખલન થયું તો રોઝો તુટી ગયો, જાનવરોને ચુંબન કર્યું અથવા તેની યોનીનો સ્પર્શ કર્યો તો રોઝો તુટ્યો નહી, ભલે વીર્ય સ્ખલન થઈ ગયું હોય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૭૪)** : સ્વપ્નદોષ થયો અથવા ગીબત કરી તો રોઝો ગયો નહી. જો કે ગીબત બહુ જ સખત કબીરા ગનહો છે. કુર્આન મજીદમાં ગીબત કરવા સંબંધે ફરમાવ્યું : જાણે પોતાના મૃતકભાઈનું માંસ ખાવું અને હદીસમાં ફરમાવ્યું : "ગીબત, ઝીના (વ્યભિચાર) કરતાં પણ સખ્તતર છે. જો કે ગીબતના કારણે રોઝાની નુરાનીયત જતી રહે છે. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૩૭૫)** : જનાબત (ગુસ્લ)ની હાલતમાં સવાર કરી. બલ્કે જો કે આખો દિવસ ગુસ્લની હાલતમાં રહ્યો રોઝો તુટ્યો નહી, પરંતુ એટલી વાર સુધી ઈરાદા પૂર્વક ગુસ્લ ન કરવું કે નમાઝ કઝા થઈ જાય, ગુનોહ તથા હરામ છે, હદીસમાં ફરમાવ્યું કે, જનાબતવાળો જે ઘરમાં હોય છે તેમાં રહમતના ફરિશ્તા આવતા નથી. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૩૭૬)** : જિન્ન અથવા પરીથી સંભોગ કર્યો તો જ્યા સુધી વિર્ય સ્ખલન થાય નહી રોઝો તુટશે નહી (રદ્દુલ મુહતાર) અર્થાત જ્યારે માનવી સ્વરૂપમાં ન હોય અને માનવીય સ્વરૂપમાં હોય તો એ જ હુકમ છે જે માનવીથી સંભોગ કરવાનો છે.

**મસ્અલા-(૩૭૭)** : તલ અથવા તલના જેટલી કોઈ વસ્તુ ચાવી અને થુકની સાથે ગળામાં ઉતરી ગઈ તો રોઝો તુટ્યો નહી, પરંતુ જ્યારે કે તેનો સ્વાદ ગળામાં મહેસુસ થતો હોય તો રોઝોતુટી ગયો. (ફતહુલ કદીર)

## રોઝો તોડનાર વસ્તુઓનું બયાન

**હદીસ-(૧)** : બુખારી, અહમદ, અબુ દાઉદ, તિરમિઝી, ઈબ્ને માજા તથા દારોમી અબુહુરયરહ રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે જેણે રમઝાનનો એક દિવસનો રોઝો વગર રૂઝાએ, વગર બીમારીએ છોડી દીધો તો ઝમાના ભરનો રોઝો તેની કઝા થઈ શકતો નથી. ભલે રાખી પણ લે અર્થાત તે ફઝીલત જે રમઝાનમાં રાખવાની હતી કોઈ પણ રીતે પ્રાપ્ત કરી શકતો નથી. તો જ્યારે રોઝો ન રાખવામાં આ સખત ચેતવણી છે તો રાખીને તોડી નાખવું તો તેનાથી અધિક સખત છે.

**હદીસ-(૨)** : ઈબ્ને ખુઝયમહ તથા ઈબ્ને હબ્બાન પોતાની સહીહમાં અબુ ઓમામાં બાહેલી રદીયલ્લાહો

અન્હો થી રાવી કહે છે એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી સાંભળ્યું કે, હુઝુર ફરમાવે છે. હું સૂઈ રહ્યો હતો કે બે શખ્સ હાજર થયા અને મારા હાથ પકડીને એક પહાડની પાસે લઈ ગયા અને મને કહયું, 'ઉપર ચઢો, મેં કહ્યું મારામાં તેની શક્તિ નથી, તેમણે કહયું અમો સહેલ કરી દઈશું, હું ચઢી ગયો. જ્યારે પહાડની વચ્ચે પહોંચ્યો તો સખત અવાઝો સંભળાવા લાગ્યા, મેં કહ્યું આ કેવા અવાઝો છે, તેમણે કહ્યું આ જહન્નમીઓના અવાઝો છે. પછી મને આગળ લઈ ગયા, મેં એક કોમને દેખી કે તે લોકો ઉલટા લટકાવેલા છે અને તેમના હોઠના ખુણા ચીરવામાં આવી રહ્યા છે જેનાથી લોહી વહે છે. મેં કહ્યું આ કોણ લોકો છે તેમણે કહ્યું, આ તે લોકો છે કે જે સમયથી પહેલા રોઝો ઈફતાર કરી દે છે.

હદીસ-(૩) : અબુ યઅલા આધારા ભુત સનદથી ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાંથી રાવી કે ઈસ્લામના અને દીનના કડક કાયદા ત્રણ છે જેના ઉપર ઈસ્લામનો પાયો મજબુત કરવામાં આવ્યો છે. જે માણસ તે પૈકી એકનો ત્યાગ કરે તે કાફિર છે, તેનું લોહી હલાલ છે. કલ્મએ તૌહીદની શહાદત અને ફર્ઝ નમાઝ અને રમઝાનના રોઝા અને એક રિવાયતમાં છે. જે માણસ આનામાંથી એકનો ત્યાગ કરે તે અલ્લાહ સાથે કુફ્ર કરે છે અને તેના ફર્ઝ તથા નિફલ કાંઈ મકબુલ નથી.

**મસ્અલા-(૩૭૮)** : ખાવા-પીવા, સંભોગ કરવાથી રોઝો તુટી જાય છે જ્યારે કે રોઝાદાર હોવું યાદ હોય. (આમ્મતુલ કુતુબ)

**મસ્અલા-(૩૭૯)** : હુક્કો, સિગારેટ, ચિરૂટ પીવાથી રોઝો તુટી જાય છે, ભલે પોતાના ખ્યાલમાં ગળા સુધી ધુંવાડો ન પહોંચતો હોય બલ્કે પાન અથવા કેવળ તમાકુ ખાવાથી પણ રોઝો તુટી જશે ભલે પીચકારી થુકી દીધી હોય કે તેના બારીક અંશો જરૂર ગળામાં પહોંચે છે.

**મસ્અલા-(૩૮૦)** : મોરસ વિગેરે એવી ચીઝો જે મુખમાં મુકવાથી ઓગળી જાય છે, મુખમાં મુકી અને થુક ગળી ગયો તો રોઝો તુટી ગયો. એવી જ રીતે દાંતોની વચ્ચે કોઈ વસ્તુ ચણા જેટલી અથવા વધારે હતી તેને ખાઈ લીધી અથવા દાંતોમાંથી લોહી નીકળી ગળાની નીચે ઉતર્યું અને લોહી થુક કરતાં વધારે અથવા સરખું હતું અથવા ઓછું હતું પરંતુ તેનો સ્વાદ ગળામાં મહેસુસ થયો તો આ સઘળી બાબતો માં રોઝો તુટી ગયો અને જો ઓછી હતી અને સ્વાદ પણ મહેસુસ થયો નહી તો તુટ્યો નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૮૧)** : રોઝાની હાલતમાં દાંત કઢાવ્યો અને લોહી નીકળી ગળાની નીચે ઉતર્યું, ભલે નિંદ્રાવસ્થામાં એવું થયું તો તે રોઝાની કઝા વાજિબ છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૩૮૨)** : કોઈ ચીઝ જાજરૂ (ગુદા) ના સ્થાનમાં મુકી, જો તેનો બીજો છેડો બહાર રહ્યો તો રોઝો તુટ્યો નહીં નહી તો તુટી ગયો. પરંતુ જો તે તર(ભીનાશવાળો) છે અને તેની તરી અંદર પહોંચી તો સર્વથા રોઝો તુટી ગયો. એ જ હુકમ સ્ત્રીની યોનિનો છે. એવી જ રીતે જો દોરામાં માંસનો ટુકડો (બોટી) બાંધીને ગળી ગયો અને દોરાનો બીજો છેડો બહાર રહ્યો અને તત્કાળ કાઢી લીધો કે ઓગળવા પામે નહી તો રોઝો તુટ્યો નથી, અને જો દોરાનો બીજો છેડો પણ અંદર ચાલ્યો ગયો અથવા બોટીનો કેટલોક ભાગ અંદર ચાલ્યો ગયો તો રોઝો તુટી ગયો. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૩૮૩)** : સ્ત્રીએ પેશાબના સ્થાનમાં રૂ અથવા કપડું મુક્યું અને બિલકુલ બહાર રહ્યું નહી તો રોઝો તુટી ગયો અને સુકી આંગળી પાખાના (ગુદા)ના સ્થાનમાં મુકી અથવા સ્ત્રીએ શર્મગાહ (ગુપ્તેન્દ્રીય) માં તો રોઝો તુટી ગયો, એ શરતે કે પાખાના ના સ્થાનમાં તે જગ્યાએ મુકી હોય જ્યાં અમલ આપતી વખતે હકના (પીચકારી)નો છેડો મુકે છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર).

**મસ્અલા-(૩૮૪)** : અતિશયોક્તિ સાથે ઈસ્તિન્જા કર્યો ત્યાં સુધી કે પીચકારી મુકવાની જગ્યા સુધી પાણી પહોંચી ગયું તો રોઝો તુટી ગયો અને એટલી અતિશયોક્તિ કરવી પણ જોઈએ નહી કે તેનાથી સખત બીમારીની સંભાવના છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૮૫)** : પુરૂષે પેશાબના છિદ્રમાં પાણી અથવા તેલ નાંખ્યું તો રોઝો તુટ્યો નહી,ભલે મસાના (મુત્રાશય) સુધી પહોંચી ગયું હોય અને સ્ત્રીએ શર્મગાહમા ટપકાવ્યું તો રોઝો તુટી ગયો. (આલમગીરી)

**મસ્અલા-(૩૮૬)** : દિમાગ અથવા પેટની ઝિલ્લી સુધી ઝખમ છે તેમાં દવા નાંખી, જો દિમાગ અથવા પેટ સુધી પહોંચી ગઈ તો રોઝો તુટી ગયો, ભલે ને દવા તર હોય કે સુકી અને જો ખબર પડે કે દિમાગ અથવા પેટ સુધી પહોંચી

કે નહી અને દવા તર હતી તો પણ રોઝો તુટી ગયો, અને સુકી હતી તો તુટ્યો નહી. (આલમગીરી)

**મસ્અલા-(૩૮૭)** : પીચકારી (એનીમા) મુકાવી અથવા નસકોરાથી દવા ચઢાવી અથવા કાનમાં તેલ નાખ્યું કે તેલ કાનમાં ચાલ્યું ગયું તો રોઝો તુટી ગયો અને પાણી કાનમાં ચાલ્યું ગયું અથવા નાખ્યું તો તૂટયો નહીં. (આલમગીરી).

**મસ્અલા-(૩૮૮)**: કુલ્લી (કોગળો) કરી રહ્યો હતો કે ઈરાદા વગર પાણી હલકમાં ઉતરી ગયું અથવા નાકમાં પાણી ચઢાવ્યું અને દિમાગમાં ચઢી ગયું તો રોઝો તુટી ગયો. પરંતુ જ્યારે કે રોઝો હોવું ભૂલી ગયો હોય તો તુટશે નહી. ભલે ઈરાદા પૂર્વક હોય. એવી જ રીતે કોઈએ રોઝાદાર તરફ વસ્તુ ફેંકી તે તેના ગળામાં ચાલી ગઈ તો રોઝો તુટી ગયો. (આલમગીરી)

**મસ્અલા-(૩૮૯)** : સુઈ રહેલી હાલતમાં પાણી પીધું અથવા કાંઈ ખાઈ લીધું અથવા મુખ ખુલ્લું હતું અને પાણીનું ટીપું અથવા (વરસાદનો) કરો ગળામાં જતો રહ્યો તો રોઝો તુટી ગયો. (જવહરહ, આલમગીરી)

**મસ્અલા-(૩૯૦)** : બીજાનું થુક ગળી ગયો અથવા પોતાનું જ થુક હાથ (હથેળી) પર લઈને ગળી ગયો તો રોઝો તુટી ગયો. (આલમગીરી)

**મસ્અલા-(૩૯૧)** : મોઢામાં રંગીન દોરો મુકયો જેનાથી થુક રંગીન થઈ ગયું, પછી થુક ગળી ગયો તો રોઝો તુટી ગયો. (આલમગીરી)

**મસ્અલા- (૩૯૨)** : દોરો વણ્યો તેને તર કરવા માટે મોઢા પર પસાર કર્યો, પછી બીજીવાર, ત્રીજીવાર એમ જ કર્યું રોઝો તુટશે નહી પરંતુ જ્યારે કે દોરાથી થોડીક તરી જુદી થઈને મુખમાં રહી અને થુક ગળી લીધું તો રોઝો તુટી ગયો. (જવહરહ)

**મસ્અલા-(૩૯૩)** : આસું મુખમાં ચાલ્યું ગયું અને ગળી લીધું, જો ટીપુ-બે ટીપુ છે તો રોઝો તુટ્યો નહી અને અધીક હતું કે તેની ખારાશ સમસ્ત મુખમાં મહેસુસ થઈ તો રોઝો તુટી ગયો, પરસેવાનો પણ એ જ હુકમ છે. (આલમગીરી)

**મસ્અલા-(૩૯૪)** : પાખાનાની જગ્યા (આમળ) બહાર નીકળી પડી તો હુકમછે કે કપડાથી સારી રીતે લુછીને ઉઠે કે તરી બિલકુલ બાકી રહે નહી અને જો થોડુંક પાણી તેના ઉપર બાકી હતું અને ઉભો થઈ ગયા કે પાણી અંદર ચાલ્યું ગયું તો રોઝો ફાસિદ થઈ ગયો. એ જ કારણોસર ફુકહાએ કિરામ ફરમાવે છે કે રોઝાદાર ઈસ્તનજા કરવામા શ્વાસ લે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૩૯૫)** : સ્ત્રીને ચુંબન કર્યું અથવા સ્પર્શ કર્યા અથવા સંભોગ કર્યા અથવા આલિંગન કર્યું અને વિર્ય સ્ખલન થઈ ગયું તો રોઝો તુટી ગયો અને સ્ત્રીએ પુરૂષને સ્પર્શ કર્યા અને પુરૂષનું વિર્ય સ્ખલન થઈ ગયું તો રોઝો તુટ્યો નહી. સ્ત્રીને કપડાની ઉપરથી સ્પર્શ કર્યા અને કપડું એટલું જાડું છે કે શરીરની ગરમી મહેસુસ થતી નથી તો રોઝા ફાસિદ થયો નહી, ભલે વિર્ય સ્ખલન થઈ ગયું હોય. (આલમગીરી)

**મસ્અલા-(૩૯૬)** : ઈરાદાપૂર્વક મુખ ભરીને ઉલ્ટી કરી અને રોઝદાર હોવું યાદ છે તો સર્વથા રોઝો તુટી ગયો અને તેનાથી ઓછી ઉલ્ટી કરી તો તુટ્યા નહી. અને વિના ઈરાદે ઉલ્ટી થઈ ગઈ તો મુખ ભરીને છે કે નહી અને ભાગ્યવસાત તે પાછી વળીને ગળામાં ચાલી ગઈ તો અથવા તેણે પોતે લોટાવી અથવા ન લોટી ન લોટાવી તો જો મુખ ભરીને ન હોય તો રોઝો તુટ્યો નહી. ભલે લોટી ગઈ અથવા તેણે પોતે લોટાવી અને મુખ ભરીને છે અને તેણે લોટાવી, ભલે તેમાંથી કેવળ ચણા બરાબર ગળામાં ઉતરી તો રોઝો તુટી ગયો, નહી તો તુટ્યો નહી. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૩૯૭)** : ઉલ્ટીના આ એહકામ તે સમયે છે કે ઉલટીમાં ખાણું આવે અથવા પિત્ત અથવા લોહી અને બલગમ (કફ) આવ્યો તો સર્વથા રોઝો તુટ્યો નહી. (આલમગીરી).

**મસ્અલા-(૩૯૮)** : રમઝાનમાં ઉઝર વગર જે માણસ એલાનીયા (ખુલ્લી રીતે) ઈરાદા પૂર્વક ખાય તો હુકમ છે કે તેને કતલ કરવામાં આવે. (રદદુલ મુહતાર).

## તે હાલતોના બયાનમાં જેમાં કેવળ કઝા લાઝિમ હોય છે.

**મસ્અલા-(૩૯૯)** : એ ગુમાન હતું કે સવાર થઈ નથી અને ખાધુ-પીધું કે સંભોગ કર્યો, પાછળથી ખબર પડી કે સવાર થઈ ગઈ હતી અથવા ખાવા પીવા માટે મજબૂર

કરવામાં આવ્યો અર્થાત શરઈ બળજબરી દેખવામાં આવી, ભલે પોતાના હોથો વડે ખાધું હોય તો કેવળ કઝા લાઝિમ છે. અર્થાત તે રોઝાના બદલામાં એક રોઝો રાખવો પડશે.(દુર્રે મુખ્તાર વિગેરે)

મસ્અલા-(૪૦૦) : ભૂલથી ખાધું-પીધું અથવા સંભોગ કર્યો હતો અથવા (સ્ત્રી તરફ) દૃષ્ટિ કરવાથી વીર્ય સ્ખલન થયું હતું અથવા સ્વપ્ન દોષ (એહતિલામ) થયો અથવા ઉલટી થઈ અને આ સઘળી હાલતોમાં એ ગુમાન (ધારણા) કર્યું કે રોઝો તુટી ગયો, હવે ઈરાદા પૂર્વક ખાઈ લીધું તો કેવળ કઝા ફર્ઝ છે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૦૧) : કાનમાં તેલ ટપકાવ્યું અથવા પેટ અથવા દિમાગની જીલ્લી સુધી ઝખમ હતો તેમાં દવા નાખી કે પેટ અથવા દિમાગ સુધી પહોંચી ગઈ અથવા પીચકારી લીધી અથવા નાકમાં દવા ચઢાવી અથવા પત્થર-કાંકરી-માટી-રૂ, કાગળ, ઘાસ વિગેરે એવી વસ્તુ ખાધી જેનાથી લોકો ધૃણા (નફરત) કરે છે-અથવા રમઝાનમાં રોઝાની નિય્યત વગર રોઝાની જેમ રહ્યો અથવા સવારે નિય્યત કરી હતી નહી દિવસે ઝવાલ પહેલા નિય્યત કરી અને નિય્યત પછી ખાઈ લીધું અથવા રોઝાની નિય્યત હતી પરંતુ રમઝાનના રોઝાની નિય્યત ન હતી અથવા તેના ગળામાં વરસાદનું ટીપું અથવા કરો જતો રહ્યો અથવા અધિકતમ આસું અથવા પરસેવો ગળી ગયો અથવા બહુજ નાની છોકરીથી સંભોગ કર્યો જે સંભોગ યોગ્ય ન હતી અથવા મૃતક (મરી ગએલા) અથવા જાનવરથી વતી (મૈથુન) કર્યું અથવા સાથળ કે પેટ પર સંભોગ કર્યો અથવા બોસો (ચુંબન) લીધો અથવા સ્ત્રીના હોઠ ચૂસ્યા અથવા સ્ત્રીના શરીરનો સ્પર્શ કર્યો, ભલે કોઈ કપડું વચ્ચે આડરૂપ હોય પરંતુ તો પણ શરીરની ગરમી મહેસુસ થતી હોય અને આ સઘળી હાલતોમાં વિર્ય સ્ખલન પણ થઈ ગયું અથવા હાથથી મની (વીર્ય) કાઢી અથવા વ્યભિચારણીથી મૈથુનથી વીર્ય સ્ખલન થઈ ગયું અથવા રમઝાનના રોઝાની અદાયગી સિવાય બીજો કોઈ રોઝો ફાસિદ કરી દીધો ભલે તે રમઝાનનો જ કઝા હોય અથવા સ્ત્રી રોઝદાર સુઈ રહી હતી તે હાલતમાં તેનાથી વતી (સંભોગ) કરવામાં આવી અથવા સવારે હોશમાં હતી અને રોઝાની નિય્યત કરી લીધી હતી પછી પાગલ થઈ ગઈ અને એજ હાલતમાં તેનાથી વતી કરવામા આવી અથવા એ ગુમાન કરીને કે રાતે જ સહરી ખાઈ લીધી અથવા રાત હોવામાં શંકા હતી અને સહરી ખાઈ લીધી, જો કે સવાર થઈ ગયું હતું અથવા એ ગુમાન કરીને કે સૂર્ય ડુબ્યો ન હતો અથવા બે શખ્સોએ શહાદત-ગવાહી આપી કે સૂર્ય ડુબી ગયો અને બે માણસોએ શહાદત આપી કે દિવસ છે અને તેણે રોઝો ઈફતાર કરી લીધો, પછીથી ખબર પડી કે સૂર્યાસ્ત થયો ન હતો. આ સઘળી હાલતોમાં કેવળ કઝા લાઝિમ છે. કફ્ફારો નહી. (દુર્રે મુખ્તાર વિગેરે)

મસ્અલા-(૪૦૨) : મુસાફિરે ઈકામત (નિવાસ) કરી, હૈજ તથા નિફાસવાળી સ્ત્રી પાક થઈ ગઈ, પાગલને હોશ આવી ગયો, બીમાર હતો હવે સારો થઈ ગયો, જેનો રોઝો જતો રહ્યો ભલે કોઈએ જબરદસ્તી તોડાવી નાખ્યો, અથવા ભૂલથી પાણી વિગેરે કોઈ ચીઝ ગળામાં જતી રહી, કાફિર હતો હવે મુસલમાન થઈ ગયો, ના બાલિગ હતો કે બાલિગ થઈ ગયો. રાત સમજીને સહરી ખાધી હતી જો કે સવાર થઈ ગયું હતું, સૂર્યાસ્ત સમજીને ઈફતાર કરી દીધો, જો કે દિવસ બાકી હતો તો આ સઘળી હાલતોમાં જે કાંઈ દિવસ બાકી રહી ગયો છે તેને રોઝાની જેમ ગુજારવું વાજિબ છે. અને ના બાલિગ જે બાલિગ થયો અથવા કાફિર હતો મુસલમાન થયો તેમના ઉપર તે દિવસની કઝા વાજિબ નથી, બાકી સઘળા ઉપર કઝા વાજિબ છે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૦૩) : ના બાલિગ, દિવસમાં બાલિગ થયો અથવા કાફિર, દિવસમાં મુસલમાન થયો અને તે સમય એવો હતો કે રોઝાની નિય્યત થઈ શકે છે અને નિય્યત કરી પણ લીધી પછી તે રોઝો તોડી નાખ્યો તો તે દિવસની કઝા વાજિબ નથી. (રદદુલ મુહતાર)

મસ્અલા-(૪૦૪) : બાળકનું વય દસ વર્ષનું થઈ જાય અને તેનામાં રોઝો રાખવાની શક્તિ હોય તો તેનાથી રોઝો રખાવવામાં આવે. ના રાખે તો મારીને રખાવો. જો પૂર્ણ શક્તિ દેખવામાં આવે અને રોઝો રાખીને તોડી નાખ્યો તો કઝાનો હુકમ આપીશું નહી. અને નમાઝ તોડે તો ફરીથી પઢાવો. (રદદુલ મુહતાર)

મસ્અલા-(૪૦૫) : હૈઝ (માસિક) તથા નિફાસ (સુવાવડ)વાળી સ્ત્રી સુબ્હ સાદિક પછી પાક થઈ ગઈ, જો કે ઝહવએ કુબ્રા (મધ્યાહન)ની અગાઉ અને રોઝાની નિય્યત

કરી લીધી તો આજનો રોઝો થયો નહી ન ફરઝ ન નફલ અને બીમાર અથવા મુસાફિરે નિય્યત કરી તો આ સૌનો રોઝો થઈ ગયો. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૦૬) : સવાર થતા પહેલાં અથવા ભુલીને સંભોગમાં મશગુલ હતો, સવાર થતાં જ અથવા યાદ આવવાથી તત્કાળ અલગ થઈ ગયો તો કાંઈ જ વાંધો નથી અને એ જ હાલત પર રહ્યો (સંભોગ ચાલુ રાખ્યો) તો કઝા વાજિબ છે. કફ્ફારો નહી. (રદદુલ મુહતાર)

મસ્અલા-(૪૦૭) : મય્યિતના રોઝા કઝા થઈ ગયા હતા તેનો વલી તેના તરફથી ફિદીયો અદા કરી દે અર્થાત જ્યારે કે વસિયત કરી અને માલ મુક્તો ગયો હોય, નહી તો વલી ઉપર જરૂરી નથી. અદા કરી દે તો બહેતર છે.

## જેમાં કફ્ફારો પણ લાઝિમ છે તેનું બયાન

મસ્અલા-(૪૦૮) : રમઝાનમાં રોઝાદાર દાયી (દઅવત દેનાર) મુકીમે કે રમઝાનના રોઝાની અદાયગીની નિય્યતથી રોઝો રાખ્યો અને કોઈ આદમી સાથે જે શહવત (વાસના) યોગ્ય છે તેના આગળ અથવા પાછળના સ્થાનમાં સંભોગ કર્યા, વીર્ય સ્ખલન થયું હોય કે નહી અથવા તે રોઝદાર સાથે સંભોગ કરવામાં આવ્યો અથવા કોઈ ખોરાક અથવા દવા ખાધી અથવા પાણી પીધુ અથવા કોઈ ચીઝ સ્વાદ માટે ખાધી કે પીધી અથવા કોઈ એવો ફેલ (કર્મ) કર્યો જેનાથી ઈફતારનું ગુમાન થતું હોય અને તેણે ગુમાન કરી લીધું કે રોઝો તુટી ગયો પછી ઈરાદા પૂર્વક ખાઈ-પી લીધું દા. ત. ફસદ (નશતર) અથવા પછના (શીંગી લગાવી) લીધું અથવા સુરમો લગાવ્યો અથવા જાનવરથી વતી કરી અથવા સ્ત્રીને સ્પર્શ કર્યો અથવા ચુંબન કર્યું અથવા સાથે સુવડાવી અથવા ફાહેશા સંભોગ કર્યો પરંતુ આ સઘળી હાલતોમાં વિર્ય સ્ખલન થયું નહી અથવા પાખાનાના સ્થાનમાં સુકી આંગળી મુકી, હવે આ કાર્યો પછી ઈરાદા પૂર્વક ખાઈ લીધું તો આ સઘળી હાલતોમાં, રોઝાની કઝા અને કફ્ફારો બંને લાઝિમ છે અને જો આ હાલતોમાં કે ઈફતારનું ગુમાન ન હતું અને તેણે ગુમાન કરી લીધું, જો કોઈ મુફતીએ ફતવો આપી દીધો હતો કે રોઝો તુટી ગયો અને તે મુફતી એવો હોય કે શહરેવાળાઓનો તેના ઉપર વિશ્વાસ હોય, તેના ફતવો આપવા પર તેણે ઈરાદાપૂર્વક ખાઈ લીધું અથવા તેણે કોઈ હદીસ સાંભળી હતી જેનો સહીહ અર્થ સમજી શક્યો નહી અને તે ખોટા અર્થની ગણનાએ જાણી લીધું કે રોઝો તુટી ગયો અને ઈરાદાપૂર્વક ખાઈ લીધું તો હવે કફ્ફારો લાઝિમ નથી, જો કે મુફતી એ ગલત ફતવો આપ્યો હતો અથવા જે હદીસ તેણે સાંભળી તે સાબિત ન હોય. (દુર્રે મુખ્તાર વિગેરે)

મસ્અલા-(૪૦૯) : જે જગ્યાએ રોઝો તોડવાથી કફ્ફારો લાગુ પડે છે તેમાં શરત એ છે કે રાતથી જ રમઝાનના રોઝાની નિય્યત કરી હોય જો દિવસમાં નિય્યત કરી અને તોડી નાખ્યો તો કફ્ફારો લાઝિમ નથી. (જવહરહ)

મસ્અલા-(૪૧૦) : મુસાફિર, સવાર થયા પછી કે ઝહયએ કુબ્રા (મધ્યાહન)થી પહેલા વતનમાં આવ્યો અને રોઝાની નિય્યત કરી લીધી પછી તોડી નાખ્યો અથવા પાગલ તે સમયે હોશમાં આવ્યો અને રોઝાની નિય્યત કરીને પછી રોઝો તોડી નાખ્યો તો કફ્ફારો નથી. (આલમગીરી)

મસ્અલા-(૪૧૧) : કફ્ફારો લાગુ થવા માટે એ પણ જરૂરી છે કે રોઝો તોડવા પછી કોઈ એવું કાર્ય ઘટિત થયું ન હો જે રોઝાની વિરૂધ્ધ હોય અથવા અખ્તયાર વગર એવું કાર્ય જોવામાં ન આવ્યું હોય જેના કારણે રોઝો ઈફતાર કરવાની છુટી હોત દા. ત. સ્ત્રીને એ જ દિવસે હૈઝ અથવા નિફાસ આવી ગયું અથવા બીમાર થઈ ગયો જેમાં રોઝો ન રાખવાની પરવાનગી છે તો કફ્ફારો રદ છે અને પ્રવાસીથી રદ થશે નહી કે તે અખત્યારી કાર્ય છે એવી જ રીતે જો પોતાને ઝખમી કરી લીધો અને હાલત એવી થઈ ગઈ કે રોઝો રાખી શકતો નથી તો કફ્ફારો સાકિત થશે નહી. (જવહરહ)

મસ્અલા-(૪૧૨) : એવું કામ કર્યું જેનાથી કફ્ફારો વાજિબ થાય છે પછી બાદશાહે તેને પ્રવાસ માટે મજબુર કર્યો તો કફ્ફારો સાકિત થશે નહી. (આલમગીરી)

મસ્અલા-(૪૧૩) : પુરૂષને મજબુર (વિવશ) કરીને સંભોગ કરાવ્યો અથવા સ્ત્રીને પુરૂષે મજબુર કરી, પછી સંભોગના સમયમાં પોતાની ખુશીથી મશગુલ રહ્યો અથવા રહી તો કફ્ફારો લાઝિમ નથી કે રોઝો તો પહેલાં તુટી ગયો છે (જવહરહ) મજબુરીની મુરાદ શરઈ બળજબરી જેમાં

કતલ અથવા અવયવ કાપી નાખવા અથવા તિવ્ર ફટકાની સાચી ધમકી આપવામાં આવે અને રોઝદાર પણ સમજે કે જો હું તેનું કહેવું માનીશ નહી તો તે જે કહે છે તે કરી છુટશે.

**મસ્અલા-(૪૧૪)** : કફ્ફારો વાજિબ થવા માટે પેટ ભરીને ખાવું જરૂરી નથી, થોડુંક ખાવા થી પણ વાજિબ થઈ જશે. (જવહરહ)

**મસ્અલા-(૪૧૫)** : તેલ લગાવ્યું અથવા ગીબત કરી પછી એ ગુમાન કરી લીધું કે રોઝો તુટી ગયો અથવા કોઈ આલીમે જ રોઝો તુટી ગયાનો ફતવો આપી દીધો, હવે તેણે ખાંઈ પી લીધું તો પણ કફ્ફારો લાઝિમ છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૪૧૬)** : ઉલ્ટી થઈ અથવા ભૂલથી ખાધું-પીધું અથવા સંભોગ કર્યો અને આ સઘળી હાલતોમાં તેને ખબર હતી કે રોઝો તુટ્યો નહી, પછી તેના પછી ખાઈ લીધુ તો કફ્ફારો લાઝિમ છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૪૧૭)** : થુક થુકીને ચાટી ગયો અથવા બીજાનું થુક ગળી ગયો તો કફ્ફારો લાઝિમ છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૪૧૮)** : જે હાલતોમાં રોઝો તોડવાથી કફ્ફારો લાઝિમ નથી. તેમાં શર્ત છે કે એક જ વખત એવું થયું હોય અને ગુનાહનો ઈરાદો ન કર્યો હોય, નહીં તો તેમાં કફ્ફારો આપવો પડશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪૧૯)** : કાચું માસ ખાધું, જો કે મુરદારનું હોય તો કફ્ફારો લાઝિમ છે પરંતુ જ્યારે કે સળેલું હોય અથવા તેમા જીવડાં પડી ગયા તો કફ્ફારો નથી. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૪૨૦)** : માટી ખાવાથી કફ્ફારો વાજિબ નથી. પરંતુ ગિલ ઈરમની (ઈરમની માટી) અથવા તે માટી જેના ખાવાની તેને આદત છે, ખાધી તો કફ્ફારો વાજિબ છે અને નમક (મીઠું) જો થોડું ખાધું તો કફ્ફારો વાજિબ છે. વધારે ખાધી તો નથી (જવહરહ, આલમગીરી)

**મસ્અલા-(૪૨૧)** : નાપાક શેરવામાં રોટી પલાળીને ખાધી અથવા કોઈની કોઈ વસ્તુ ચોરી કરીને ખાધી તો કફ્ફારો વાજિબ છે. અને થુંકમાં લોહી હતુ ભલે લોહી ગાલિબ હોય, ગળી લીધું અથવા પી લીધું તો કફ્ફારો નથી. (જવહરહ)

**મસ્અલા-(૪૨૨)** : કાચી બિહી ખાધી અથવા પિશ્તા અથવા અખરોટ આખા અથવા આખી સુકી બદામ ગળી લીધી અથવા છોતરા સમેત ઈંડુ અથવા છોતરા સમેત અનાર ખાઈ લીધું તો કફ્ફારો નથી અને સુકા પીસ્તા અથવા સુકી બદામ જો ચાવીને ખાધી અને તેમાં મગજ (ગર્ભ) પણ હોય કફ્ફારો છે અને આખું જ ગળી લીધું હોય તો નહી. ભલે ફાટેલું હોય અને તર બદામ આખી ગળવામાં પણ કફ્ફારો છે. (આલમગીરી)

**મસ્અલા-(૪૨૩)** : ચણાની સબઝી ખાધી તો કફ્ફારો વાજિબ. એ જ હુકમ વૃક્ષના પાંદડાઓનો છે જ્યારે કે ખાવામાં આવતા હોય. નહી તો વાજિબ નથી.

**મસ્અલા-(૪૨૪)** : ખરબુઝા અથવા તરબુઝનું છોતરૂં ખાઈ લીધું જો સુકુ હોય અથવા એવું હોય કે લોકો તેના ખાવાથી સુગ કરતા હોય તો કફ્ફારો નથી., નહી તો છે. કાચા ચોખા, બાજરો મસૂર, મગ ખાધા તો કફ્ફારો નથી. એજ હુકમ કાચા જવનો છે અને સેકેલા હોય તો કફ્ફારો લાજિમ છે. (આલમગીરી)

**મસ્અલા-(૪૨૫)** : તલ અથવા તલ બરાબર ખાવાની કોઈ વસ્તુ બહારથી મોઢામાં નાખી ચાવ્યા વગર ગળી ગયો તો રોઝો તુટી ગયો અને કફ્ફારો વાજિબ (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪૨૬)** : બીજા માણસે કોળીઓ ચાવીને આપ્યો, તેણે ખાઈ લીધો અથવા તેણે પોતે પોતાના મોઢામાંથી કાઢીને ખાઈ લીધો તો કફ્ફારો નથી. (આલમગીરી) એ શર્તે કે તેના ચાવેલાને સ્વાદ અથવા તબર્રૂક (પ્રસાદ) ન સમજતો હોય.

**મસ્અલા-(૪૨૭)** : સહરીનો કોળીઓ મોઢામાં હતો કે સુબહ તુલુઅ થઈ ગઈ અથવા ભૂલથી ખાઈ રહ્યો હતો, કોળીઓ મુખમાં હતો કે યાદ આવી ગયું અને ગળી લીધો તો બંને હાલતોમાં કફ્ફારો વાજિબ પરંતુ જ્યારે મુખમાંથી કાઢીને ફરીથી ખાધો હોય તો કેવળ કઝા વાજિબ થશે. કફ્ફારો નહી. (આલમગીરી)

**મસ્અલા-(૪૨૮)** : સ્ત્રીએ નાબાલિગ અથવા પાગલથી વતી કરાવી અથવા પુરૂપને વતી કરવા માટે મજબુર કર્યો તો સ્ત્રી ઉપર કફ્ફારો વાજિબ છે. પુરૂપ પર નથી. (આલમગીરી વિગેરે)

**મસ્અલા-(૪૨૯)** : મુશ્ક, જાફરાન, કપૂર, સિરકો

ખાધો (પીધો) અથવા ખરબુઝ-તરબુઝ, કાકડી, ખીરા, બાકલાનું પાણી પીધું તો કફ્ફારો વાજિબ છે. (આલમગીરી)

મસ્અલા-(૪૩૦) : રમઝાનમાં રોઝદાર કતલ માટે લાવવામાં આવ્યો. તેણે પાણી માગ્યું. કોઈએ તેને પાણી પીવડાવી દીધું પછી તેને છોડી દેવામાં આવ્યો તો તેના ઉપર કફ્ફારો વાજિબ છે. (આલમગીરી)

મસ્અલા-(૪૩૧) : ત્રીજીઓ (આંતરીઓ) તાવ આવતો હતો અને આજે વારાનો દિવસ હતો તેણે એ ધારણા કરીને કે તાવ આવશે, રોઝો ઈરાદા પૂર્વક તોડી નાખ્યો તો આ હાલતમાં કફ્ફારો રદ છે. આવી જ રીતે સ્ત્રીને નિશ્ચિત તારીખે હૈજ (માસિક) આવતું હતું અને આજે હૈઝ આવવાનો દિવસ હતો, તેણે ઈરાદા પૂર્વક રોઝો તોડી નાખ્યો અને હૈઝ આવ્યું નહી તો કફ્ફારો રદ થઈ ગયો એવી જ રીતે જો વિશ્વાસ (ચોક્કસ ખાત્રી) હતો કે દુશ્મનથી આજે લડવાનું છે અને રોઝો તોડી નાખ્યો અને લડાઈ થઈ નહી., તો કફ્ફારો વાજિબ નથી. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૩૨) : રોઝો તોડવાનો કફ્ફારો એ છે કે શક્ય હોય તો એક બાંદી (દાસી) અથવા ગુલામ આઝાદ કરે અને એવું ન કરી શકે દા. ત. તેની પાસે ન દાસી-ગુલામ છે ન એટલો માલ છે કે ખરીદી શકે અથવા માલ તો છે પરંતુ દાસી ઉપલબ્ધ નથી, જેવું આજકાલ હિન્દુસ્તાનમાં તો સતત (૬૦) સાઈઠ રોઝા રાખે. એવું પણ ન કરી શકે તો (૬૦) સાઈઠ મિસ્કીનો (ગરીબો) ને બંને ટાઈમ પેટ ભરીને ખાણું ખવડાવે અને રોઝાની સુરતમાં જો દરમિયાનમાં એક દિવસનો પણ રોઝો છુટી ગયો તો ફરીથી સાઈઠ રોઝા રાખે પહેલાના રોઝા ગણત્રીમાં લેવાસે નહી ભલે ઓગણસાઈઠ રાખી લીધા હતા, ભલે બીમારી વિગેરે કોઈ ઉઝર (કારણ)ના કારણે છુટ્યો હોય પરંતુ સ્ત્રીને હયઝ આવી જાય તો હયઝના કારણે જેટલા રોઝા છુટી ગયા તે છુટી ગયેલા ગણાશે નહીં અર્થાત પ્રથમના રોઝા અને હયઝની પછીના રોઝા બંને મળીને સાઈઠ થઈ જવાથી કફ્ફારો અદા થઈ જશે. (અધિકતમ કિતાબો)

મસ્અલા-(૪૩૩) : જો બે રોઝા તોડ્યા તો બંને માટે બે કફ્ફાર આપે. ભલે પહેલાનો હજુ કફ્ફારો અદા ન કર્યો હોય. (રદ્દુલ મુહતાર)અર્થાત જ્યારે કે બંને બેરમઝાનના હોય અને જો બંને રોઝા એક જ રમઝાના હોય અને પહેલાનો કફ્ફારો અદા ન કર્યો હોય તો એક જ કફ્ફારો બંને માટે કાફી છે. (જવહરહ) કફ્ફારા માટે બીજા જુઝીયાત (મસ્અલા-સાબિતીઓ) કિતાબુત્તલાક, બાબે ઈઝહારમાં ઈન્શાઅલ્લાહ તઆલા જાણી શકાશે.

મસ્અલા-(૪૩૪) : આઝાદ તથા ગુલામ, પુરૂષ તથા સ્ત્રી, બાદશાહ તથા ફકીર સૌના ઉપર રોઝો તોડવાથી કફ્ફારો વાજિબ થાય છે. ત્યાં સુધી કે બાંદી (દાસી)ને જો ખબર હતી કે સુબ્હ (સવાર) થઈ ગઈ. તેણે પોતાના માલિકને ખબર આપી કે હજુ સવાર થયું નથી, તેણે તેની સાથે સંભોગ કર્યો તો દાસી ઉપર કફ્ફારો વાજિબ થશે અને તેના માલિક ઉપર કેવળ કઝા છે, કફ્ફારો નથી. (દુર્રે મુખ્તાર)

## રોઝાના મકરૂહોનું બયાન

હદીસ-(૧-૨) : બુખારી, અબુ દાઉદ, તિરમિઝી નિસાઈ ઈબ્ને માજા અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જે માણસ બુરી વાત કહવું અને તેના ઉપર અમલ કરવું છોડે નહીં તો અલ્લાહ તઆલાને તેની કાંઈ જ હાજત નથી કે તેણે ખાવું-પીવું છોડી દીધું છે અને તેના જેવી જ તિબ્રાનીએ અનસ રદીયલ્લાહોથી રિવાયત કરી

હદીસ-(૩-૪) : ઈબ્ને માજા, નિસાઈ, ઈબ્ને ખુઝયમહ, હાકિમ બયહકી તથા દારોમી અબુ હુરયરહ રદીયલ્લલાહો અન્હોથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કેટલાક રોઝદાર એવા છે કે તેમને રોઝાથી તૃષા સિવાય કાંઈ નથી અને કેટલાએ રાતમાં કયામ કરવાવાળા એવા છે કે તેમને જાગવા સિવાય કાંઈ પ્રામ નથી અને તેના જેવી જ તિબ્રાનીએ ઈબ્ને ઉમર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી.

હદીસ-(૫-૬) : બયહકી, અબુ ઉબયદહ અને તિબરાની અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હુઝુરે ફરમાવ્યું-રોઝો ઢાલ છે, જ્યાં સુધી તેને ફાડવામાં ન આવી હોય. અર્ઝ કરવામાં આવ્યું કે કઈ વસ્તુથી ફાડશે. આપે ઈરશાદ ફરમાવ્યો જુઠ તથા ગીબતથી.

હદીસ-(૭) : ઈબ્ને ખુઝયમહ, ઈબ્ને હબ્બાન, તથા હાકિમ અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝુરે ફરમાવ્યું- રોઝો તેનું નામ નથી કે ખાવા પીવાથી રોકાઈ રહેવું હોય. રોઝો તો એ છે કે વ્યર્થ તથા નિર્લજ વાતોથી બચવામાં આવે.

હદીસ-(૮) : અબુદાઉદે હઝરત અબુહુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રિવયાત કરી કે, એક શખ્સે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને રોઝાદારે મુબાશરત (સ્ત્રી સાથે એક બિસ્તર પર સૂવું) વિષે સવાલ પુછ્યો. હુઝુરે તેમને પરવાનગી આપી, પછી એક બીજા માણસે હાજર થઈ એ જ સવાલ કર્યો તો તેમને મના કર્યું અને જેમને પરવાનગી આપી તે વૃદ્ધ હતા અને જેમને મનાઈ કરી તે જવાન હતા.

હદીસ-(૯) : અબુ દાઉદ તથા તિરમિઝી આમિર બિન રબીઅ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે. તેઓ કહે છે મેં અનેકવાર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને રોઝામા મિસ્વાક કરતા જોયા.

મસ્અલા-(૪૩૫) : જુઠ, ચાડી, ગીબત, ગાળ આપવું, બેહુદા (વ્યર્થ) વાત, કોઈને તકલીફ આપવું, કે આ ચીઝો આમે ના નાજાઈઝ તથા હરામ છે રોઝામાં એથી વધારે હરામ અને તેમના કારણે રોઝામાં કરાહત આવે છે.

મસ્અલા-(૪૩૬) : રોઝાદારે વગર કારણે કોઈ વસ્તુનું ચાખવું અથવા ચાવવું મકરૂહ છે, ચાખવા માટે ઉઝર એ છે કે દા. ત. સ્ત્રીનો પતિ અથવા દાસી-ગુલામનો માલિક બદમિઝાજ છે કે નમક ઓછું-વત્તું થશે તો તેની નારાજી કારણરૂપ થશે તો ચાખવામાં વાંધો નથી. ચાવી લેવા માટે એ ઉઝર છે કે એટલું નાનું બાળક છે કે રોટી ખાઈ શકતું નથી અને કોઈ નરમ ખોરાક નથી જે તેને ખવડાવવામાં આવે ન હયઝ તથા નિફાસવાળી અથવા કોઈ બીજું રોઝા વગરનું એવું છે જે તેને ચાવીને આપે તો બાળકને ખવડાવવા માટે રોટી ચાવવું મકરૂહ નથી. (દુર્રે મુખ્તાર વિગેરે) ચાખવાનો તે અર્થ નથી કે આજકાલ આમ મહાવરો (બોલચાલ) છે અર્થાત કોઈ ચીજનો સ્વાદ જાણવા માટે તેમાંથી થોડુંક ખાઈ લેવું, કે આવું હોય તો કરાહત કેવી રોઝો જ જતો રહેશે બલ્કે કફફારાની શરતો દેખવામા આવે તો કફફારો પણ લાજિમ થશે, બલ્કે ચાખવાથી ભાવાર્થ એ છે કે જીભ ઉપર મુકીને સ્વાદ જાણી લે અને પછી થુકી દે, તે પૈકી કાંઈ ગળામાં જવા પામે નહી.

મસ્અલા-(૪૩૭)-: કોઈ વસ્તુ ખરીદી અને તેનું ચાખવું જરૂરી છે. કે ચાખશે નહી તો નુકશાન થશે તો ચાખવામાં વાંધો નથી, નહી, તો મકરૂહ છે, (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૩૮) : ઉઝર વગર ચાખવું જે મકરૂહ બતાવવામાં આવ્યું તે ફર્ઝ રોઝાનો હુકમ છે, નિફલમાં કરાહત નથી જ્યારે કે તેની હાજત હોય. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૪૩૯) : સ્ત્રીને ચુંબન કરવું અનેગળે લગાડવું અને શરીરનો સ્પર્શ કરવું મકરૂહ છે જ્યારે કે આંશકા હોય કે વીર્ય સ્ખલન થઈ જશે. અથવા સંભોગમાં પ્રવૃત થશે હોઠ અને જીભ ચુંસવું રોઝામાં સર્વથા મકરૂહ છે. એવી જ રીતે નિર્લજ સંભોગ. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૪૪૦) :ગુલાબ અથવા મુશ્ક વિગે સુઘવું, દાઢી મૂછમાં તેલ લગાવવું અને સુરમો લગાવવું મકરૂહ નથી પરંતુ જ્યારે શોભા માટે સુરમો લગાવ્યો અથવા એટલા માટે લગાવ્યું કે દાઢી વધી જાય, જો કે મુશ્ત (મુઠ) દાઢી છે તો આ બંને વાતો રોઝા વગર પણ મકરૂહ છે અને રોઝામાં એનાથી વધીને. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૪૧) : રોઝામાં મિસ્વાક કરવું મકરૂહ નથી બલકે જેવું બીજા દિવસોમાં સુન્નત છે રોઝામાં પણ મસનુન છે. મિસ્વાક સુકું હોય કે લીલું જો કે પાણીથી તર કર્યું હોય ઝવાલથી પહેલાં કરે અથવા પછી, કોઈ સમયમાં મકરૂહ નથી. (આમ્મંતુલ કુતુબ) અકસર લોકોમાં મશહુર છે કે (બપોર) બે પહોર પછી રોઝાદાર માટે મિસ્વાક કરવું મકરૂહ છે, આ અમારા મઝહબની વિરૂદ્ધ છે.

મસ્અલા-(૪૪૨) : ફસદ ખોલાવવું, પછના લગાવવા મકરૂહ નથી જ્યારે કે નિર્બળતાની આશંકા ન હોય અને આશંકા હોય તો મકરૂહ છે. આ માટે સૂર્યાસ્ત સુધી વિલંબ કરવો જોઈએ. (આલમગીરી)

મસ્અલા-(૪૪૩) : રોઝાદાર માટે કુલ્લી (કોગળો) કરવા અને નાકમાં પાણી ચઢાવવામાં અતિશયોક્તિ કરવું મકરૂહ છે. કુલ્લીમાં અતિશયોક્તિ કરવાનો અર્થ છે કે મુખ ભરીને પાણી લે અને વુઝુ તથા ગુસ્લ સિવાય ઠંડક પહોંચાડવાની ગરજથી કુલ્લી કરવું અથવા નાકમાં પાણી ચડાવવું અથવા ઠંડક માટે નહાવું બલકે શરીર ઉપર ભીનું

કપડું લપેટવું મકરૂહ નથી, હા જો પરેશાની જાહેર કરવા ભીનુ કપડું લપેટ્યું તો મકરૂહ છે કે ઈબાદતમાં દિલ તંગ થવું સારી વાત નથી. (આલમગીરી, રદ્દુલ મુહતાર વિગેરે)

મસ્અલા-(૪૪૪) : પાણીની અંદર હવા (પાદણ) ખારિજ કરવાથી રોઝો તુટતો નથી. પરંતુ મકરૂહ છે અને રોઝાદારને ઈસ્તનજામાં અતિશ્યોક્તિ કરવું પણ મકરૂહછે. (આલમગીરી) અર્થાત બીજા દિવસોમાં હુકમ એ છે કે ઈસ્તનજો કરવામાં નીચે જોર દેવામાં આવે અને રોઝામાં આ મકરૂહ છે.

મસ્અલા-(૪૪૫) : મોઢામાં થુંક ભેગું કરીને ગળી જવું રોઝા વગર પણ નાપસંદ છે અને રોઝામાં મકરૂહ (આલમગીરી)

મસ્અલા-(૪૪૬) : રમઝાનના દિવસોમાં એવું કામ કરવું જાઈઝ નથી જેનાથી એવી અશક્તિ આવી જાય કે રોઝો તોડવાનો ભ્રમ ગાલિબ થાય, માટે નાનબાઈ (ભઠીયારા)એ બપોર સુધી રોટી પકાવવી જોઈએ પછી બાકીના સમયમાં આરામ કરે. (દુર્રે મુખ્તાર) એ જ હુકમ કડીયા તથા મજુર અને પરિશ્રમનું કામ કરનારાઓનો છે કે અધિકે નિર્બળતાની આશંકા થાય તો કામમાં કમી કરી દે કે રોઝો અદા કરી શકે

મસ્અલા-(૪૪૭) : આશંકા હોય કે જો રોઝો રાખશે તો કમઝોર થઈ જશે, ઉભા રહીને નમાઝ પઢી શકશે નહી તો હુકમ છે કે રોઝો રાખે અને નમાઝ બેસીને પઢે. (દુર્રે મુખ્તાર) જ્યારે કે ઉભા થવાથી એટલો જ વિવશ થાય જે બીમારની નમાઝમાં બયાન થઈ ગયું છે,

મસ્અલા-(૪૪૮) : સહરી ખાવું અને તેમાં વિલંબ કરવો મુસ્તહબ છે પરંતુ એટલો વિલંબ મકરૂહ છે કે સુબ્હ (સવાર) થવાની શંકા થઈ જાય, (આલમગીરી)

મસ્અલા-(૪૪૯) : ઈફતાર જલ્દી કરવું મુસ્તહબ છે પરંતુ ઈફતાર તે સમયે કરે કે સૂર્યાસ્તનું ગુમાન ગાલિબ થાય, જ્યાંસુધી ગુમાન ગાલિબ ન થાય ઈફતાર કરે નહી, ભલે મોઅઝઝને અઝાન કહી દીધી હોય અને વાદળના દિવસમાં ઈફતારમાં જલ્દી ન કરવી. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૪૫૦) : એક આદિલ (નેક, શરઈ પાબંદ)ના કોલ પર ઈફતાર કરી શકે છે જ્યારે કે તેની વાત સાચી માનતા હોય અને જો તેની પુષ્ટિ ન કરે તો તેના કોલના આધાર પર ઈફતાર કરે નહી. એવી જ રીતે સ્ત્રીના કહેવા ઉપર પણ ઈફતાર કરે નહી અને **આજકાલ અકસર ઈસ્લામી સ્થળોમાં ઈફતારના સમયે** તોપ ફોડવાના રિવાજ છે તેના ઉપર ઈફતાર કરી શકે છે ભલે તોપ ફોડનાર ફાસિક હોય, જ્યારે કે કોઈ મોહકકીક (વિશેષજ્ઞ) આલિમ, શાહી ફરમાન પર મહોર લગાવનાર, દીનમાં સાવધાનીના હુકમ પર ફોડવામાં આવતી હોય.આજકાલના આમ ઉલ્મા પણ આ ફન (ઈલ્મ)માં સાવ નાવાકેફ છે અને જંતરીઓ કે જે પ્રકટ થાયછે અકસર ગલત (ખોટી) હોયછે, તેમના ઉપર અમલ જાઈઝ નથી. એવી જ રીતે સહરીના સમયે અકસર જગ્યાએ નગારૂં વાગે છે, એ શરતો સાથે તેનો પણ એ'તબાર છે, ભલે વગાડનાર કેવાએ હોય.

મસ્અલા-(૪૫૧) : સહરીના સમયે મુરઘાની અવાઝનો એતબાર નથી કે અકસર જોવામાં આવ્યું છે કે, સવારથી બહુ જ પહેલાં બોલવું શરૂ કરી દે છે, બલ્કે શિયાળાના દિવસોમાં તો કેટલાક મુરઘા બે વાગ્યાથી બોલવું શરૂ કરી દે છે, જો કે તે સમયે સવાર થવામાં બહુ જ સમય બાકી રહે છે એવી જ રીતે બોલચાલ સાંભળીને અને પ્રકાશ દેખીને પણ બોલવા લાગે છે. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૪૫૨) : સુબ્હ સાદિકને રાતનો સર્વથા છઠો અથવા સાતમો ભાગ સમજવું ગલત છે. રહ્યું એ કે સવાર (સુબ્હ) કયા સમયે થાય છે તેને અમો ત્રીજો ભાગમાં સમયના પ્રકરણમાં બયાન કરી ગયા છીએ ત્યાંથી જાણકારી મેળવી લો.

## સહરી તથા ઈફતારનું બયાન

હદીસ-(૧) : બુખારી, મુસ્લિમ, તિરમિઝી, નિસાઈ તથા ઈબ્ને માજા અનસ રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું સહરી ખાવ કે સહરી ખાવામાં બરકત છે.

હદીસ-(૨) : મુસ્લિમ, અબુ દાઉદ, તિરમિઝી નિસાઈ તથા ઈબ્ને ખુઝયમહ અમ્ર બિન આસ રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું-

અમારા તથા અહલે કિતાબના રોઝાઓમાં તફાવત સહરીનો કોળીઓ છે.

**હદીસ-(૩)** : તિબ્રાનીએ કબીરમાં સલમાન ફારસી રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે હુઝુરે ફરમાવ્યું ત્રણ ચીઝોમાં બરકત છે. (૧) જમાઅત (૨) સરીદ (શોરબામાં ચોળેલી રોટી) (૩) સહરીમાં.

**હદીસ-(૪)** : તિબ્રાનીએ ઓસતમાં અને ઈબ્ને જાન સહીહમાં ઈબ્ને ઉમર રદીયલ્લાહો અન્હોમાંથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું- કે અલ્લાહ અને તેના ફરિશ્તા સહરી ખાનારઓ પર દરૂદ મોકલે છે.

**હદીસ-(૫)** : ઈબ્ને માજા, ઈબ્ને ખુઝમયહ તથા બયહકી ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાંથી રિવાયત કરેછે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું - સહરી ખાવાથી દિવસના રોઝા પર સહાયતા યાચના કરો અને કયલૂલા (બપોરના ભોજન પછીનો થોડોક આરામ) થી રાત્રિના કેયામ(નમાઝમાં ઉભા થવા) પર.

**હદીસ-(૬)** : નિસાઈ હસન સનદોથી એક સહાબીથી રિવાયત કરે છે. કહે છે હું હુઝુરની ખિદમતમાં હાજર થયો અને હુઝુર સહરી ખાઈ રહ્યા હતા. ઈરશાદ ફરમાવ્યો આ બરકત છે કે અલ્લાહ તઆલાએ તમોને આપી તો તેને છોડશો નહી.

**હદીસ-(૭)** : તિબરાની કબીરમાં અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાંથી રિવાયત કરેછે કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું-ત્રણ શખ્સો ઉપર ખાવામાં ઈન્શા અલ્લાહ હિસાબ નથી જ્યારે કે હલાલ ખાધું. (૧) રોઝાદાર (૨) સહરી ખાનાર અને (૩) સરહદ પર ઘોડો બાંધનાર..

**હદીસ-(૮ થી ૧૦)** : ઈમામ અહમદ અબુ સઈદ ખુદરી રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું- સહરી તમામે તમામ બરકત છે તેને છોડશો નહી ભલે એક ઘુંટ પાણી જ પી લે. કેમ કે સહરી ખાનારાઓ ઉપર અલ્લાહ અને તેના ફરિશ્તા દરૂદ મોકલે છે. એવું જ અબ્દુલ્લાહ બિન ઉમર તથા સાઈબ બિન યઝીદ તથા અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હુમથી પણ એ જ પ્રકારની રિવાયતો આવી.

**હદીસ-(૧૧)** : બુખારી, મુસ્લિમ તથા તિરમિઝી સુહેલ બિન સઅદ રદીયલ્લાહો તઆલા અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે, હમેંશા લોકો ખેરની સાથે રહેશે જ્યાં સુધી ઈફતારમાં જલ્દી કરશે.

**હદીસ-(૧૨)** : ઈબ્ને હબ્બાન સહીહમાં તેમનાથી જ રાવી કે હુઝુરે ફરમાવ્યું મારી ઉમ્મત મારી સુન્નત પર રહેશે જ્યાં સુધી ઈફતારમાં તારલાઓ (તારા ઉગી જવા) ની પ્રતીક્ષા ન કરે.

**હદીસ-(૧૩)** : અહમદ, તિરમિઝી, ઈબ્ને ખુઝયમહ તથા ઈબ્ને હબ્બાન અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, મારા બંદાઓમાં મને અધિક પ્યારો તે છે જે ઈફતારમાં જલ્દી કરે છે.

**હદીસ-(૧૪)** : તિબરાની ઔસતમાં યઅલા બિન મરહ રદીયલ્લાહો અનહોથી રાવી કે હુઝુરે ફરમાવ્યું ત્રણ ચીઝોને અલ્લાહ મહેબુબ રાખે છે. (૧) ઈફતારમાં જલ્દી કરવુ (૨) સહેરીમાં વિલંબ અને (૩) નમાઝમાં હાથ ઉપર હાથ રાખવું.

**હદીસ-(૧૫)** : અબુ દાઉદ, ઈબ્ને ખુઝયમહ તથા ઈબ્ને હબ્બાન અબુ હુરેયરહ રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસુલલ્લાહ સલલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે, આ દીન (ધર્મ) સર્વદા ગાલિબ રહેશે જ્યાં સુધી લોકો ઈફતારમાં જલ્દી કરતાં રહેશે કે યહુદી તથા નસારા વિલંબ કરે છે.

**હદીસ-(૧૬)** : ઈમામ અહમદ, અબુ દાઉદ, તિરમિઝી, ઈબ્ને માજા તથા દારોમી સલમાન બિન આમિર દબી રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરેછે કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે- જ્યારે તમારા પૈકી કોઈ રોઝો ઈફતાર કરે તો ખજુર અથવા ખારેકથી ઈફતાર કરે તે બરકતછે અને જો ન મળે તો પાણીથી ઈફતાર કરે તે પાક કરનાર છે.

**હદીસ-(૧૭)** : અબુ દાઉદ તથા તિરમિઝી અનસ રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝુર નમાઝથી પહેલાં તર ખજુર થી રોઝો ઈફતાર કરતા, તર ખજુર ન હોતી તો થોડીક સુકી ખજુરોથી અને તે પણ ન હોતી તો થોડાક ઘુંટ પાણી પી લેતા. અબુ દાઉદે રિવાયત કરી કે હુઝુર ઈફતારના સમયે

આ દુઆ પઢતા- **અલ્લાહુમ્મ! લક સુમ્તો વ અલા રિઝકેકા અફતરતો,** (અર્થ : હે અલ્લાહ! તારા માટે મેં રોઝો રાખ્યો અને તારી રોઝી પર મેં ઈફતાર કર્યો.)

**હદીસ-(૧૮)** : નિસાઈ તથા ઈબ્ને ખુઝમયહ ઝરૂદ બિન ખાલિદ જહની રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હુઝુરે ફરમાવ્યું કે રોઝાદારનો રોઝો ઈફતાર કરાવે અથવા ગાઝીનો (યુદ્ધનો) સામાન કરી દે તો તેને પણ એટલો જ સવાબ મળશે.

**હદીસ-(૧૯)** : તિબરાની કબીરમાં સલમાન ફારસી રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે- જેણે હલાલ ભોજન અથવા પાણીથી રોઝો ઈફતાર કરાવ્યો ફરિશ્તા રમઝાન મહીનાના સમયોમાં તેના માટે ઈસ્તગફાર કરે છે અને જીબ્રઈલ અલયહિસ્સલામ શબે કદ્રમાં તેના માટે ઈસ્તગફાર કરે છે અને એક રિવાયતમાં છે કે જે માણસ હલાલ કમાઈથી રમઝાનમાં રોઝો ઈફતાર કરાવે રમઝાનની તમામ રાતોમાં ફરિશ્તા તેના ઉપર દરૂદ મોકલે છે અને શબે કદ્રમાં જીબ્રઈલ તેનાથી મુસાફહ કરે છે અને એક રિવાયતમા છે જે માણસ રોઝાદારને પાણી પાશે અલ્લાહ તઆલા તેને મારા હોજમાંથી પાણી પાશે કે જન્નતમા દાખલ થવા સુધી તૃષાતુર (પ્યાસો) થશે નહી.

## જેનાથી રોઝો ન રાખવાની ઈજાઝત છે

**હદીસ-(૧)** : સહીહયનમાં ઉમ્મુલ મોમેનીન હઝરત આઈશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત છે કે હમઝહ બિન અમ્ર અસલમી બહુ જ રોઝા રાખ્યા કરતા હતા તેમણે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પૂછ્યું કે સફર (પ્રવાસ)માં રોઝો રાખું, આપે ફરમાવ્યું- ચાહે રાખો ચાહે ન રાખો.

**હદીસ-(૨)** : સહીહ મુસ્લિમમાં અબુ સઈદ ખુદરી રદીયલ્લાહો અન્હોથી મરવી-તેઓ કહેછે સોળમી રમઝાને રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સાથે અમો જેહાદમા ગયા, કેટલાકોએ રોઝો રાખ્યો કેટલાક લોકોએ રાખ્યો નહી તો ન રોઝાદારોએ ગેર રોઝાદારો પર દોષ લગાવ્યો ન તેમણે બીજા ઉપર.

**હદીસ-(૩)** : અબૂ દાઉદ, તિરમિઝી, નિસાઈ તથા ઈબ્ને માઝા અનસ બિન માલિક કઅબી રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ મુસાફિરથી અડધી નમાઝ માફ કરી દીધી (અર્થાત ફર્ઝ ચાર રકઅતવાળી બે પઢશે) અને મુસાફિર અને દૂધ પીવડાવનાર અને હામેલા (ગર્ભવતી)થી રોઝો માફ કરી દીધો (કે તેમને ઈજાઝત છે કે તે વખતે રોઝો ન રાખે પાછળથી તે સખ્યાં પુરી કરી લે.)

**મસ્અલા-(૪૫૩)** : સફર તથા હમલ અને બાળકને દુધ પીવડાવવું અને બીમારી અને ઘડપણ અને હલાક થવાનો ડર તથા ગાંડપણ અને જેહાદ આ સઘળા રોઝો ન રાખવા માટે ઉઝર (સરઈ કારણો) છે. આ કારણોસર જો કોઈ માણસ રોઝો ન રાખે તો ગુનેહગાર નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪૫૪)** : સફરથી મુરાદ સરઈ સફર છે. અર્થાત એટલે દુર જવાના ઈરાદાથી નીકળે કે અહીંયાથી ત્યાં સુધી ત્રણ દિવસનું અંતર હોય ભલે તે સફર કોઈ ના જાઈઝ કામ માટે હોય (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪૫૫)** : દિવસે પ્રવાસ કર્યો તો તે દિવસનો રોઝો છોડી દેવા માટે આજનો પ્રવાસ ઉજર નથી. અલબત્ત જો તોડી નાંખશે તો કફફારો લાઝીમ થશે નહી પરંતુ ગુનેહગાર થશે અને જો પ્રવાસ કરવાથી પહેલાં તોડી નાખ્યો પછી પ્રવાસ કર્યો તો કફફારો પણ લાઝિમ અને જો દિવસમાં પ્રવાસ કર્યો અને મકાન પર કોઈ વસ્તુ ભૂલી ગયો અને મકાન પર આવી રોઝો તોડી નાખ્યો તો કફફારો વાજિબ છે. (આલમગીરી)

**મસ્અલા-(૪૫૬)** :મુસાફિરે દહવહે કુબ્રા (મધ્યાહન)થી પહેલા ઈકામત કરી અને હજુ કાંઈ ખાધુ નથી તો રોઝાની નિય્યત કરી લેવું વાજિબ છે (જવહરહ)

**મસ્અલા-(૪૫૭)** : સગર્ભા અને દુધ પીવડાવનાર સ્ત્રીને જો પોતાનો અથવા બાળકના પ્રાણની સાચી આશંકા છે તો ઈજાઝત છે કે તે સમયે રોઝો ન રાખે ભલે દુધ પીવડાવનાર બાળકની માં હોય કે દાયા, ભલે રમઝાનમાં દુધ પીવડાવવાની નોકરી કરતી હોય. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૪૫૮)** : બીમારને બીમારી વધી જવાનો અને વધુ સમયમાં સારા થવાનો અથવા તંદુરસ્તનું બીમાર થઈ જવાનું ગાલિબ ગુમાન હોય અથવા ખાદિમ તથા ખાદિમહને બરદાશ્ત ન થઈ શકે તેવી નિર્બળતાનું ગાલિબ ગુમાન હોય તો આ સઘળાઓને ઈજાઝત છે કે, તે દિવસે રોઝો ન રાખે. (જવહરહ, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪૫૯)** : આ હાલતોમાં ગુમાન ગાલિબ હોવાનું બંધન છે, કેવળ વહેમ અપુરતું છે, ગાલિબ ગુમાનની ત્રણ હાલતો છે. (૧) તેની જાહેર (સ્પષ્ટ) નિશાની દેખાતી હોય. (૨) તે શખ્સોનો જાતી-વ્યક્તિગત અનુભવ હોય અથવા (૩) કોઈ મુસલમાન હાઝિક તબીબ અર્થાત ગેર ફાસિકે તેની ખબર આપી હોય અને જો ન કોઈ ચિંન્હ હોય ન અનુભવ ન તે પ્રકારના તબીબે તેને બતાવ્યું બલ્કે કોઈ કાફિર અથવા ફાસિક તબીબના કહેવાથી ઈફતાર કરી લીધો તો કફફારો લાઝિમ આવશે. (રદદુલ મુહતાર) આજકાલનાં અકસર તબીબો જો કાફિર નથી તો ફાસિક જરૂર છે અને એમ પણ નથી તો હાઝિક તબીબ આ જમાનામાં નાયાબ થઈ રહ્યા છે. તે લોકોનું કહેવું કાંઈ વિશ્વાસપાત્ર નથી, ન તેમના કહેવા ઉપર રોઝો ઈફતાર કરવામાં આવે. આ તબીબોને દેખવામાં આવે છે કે વાતવાતમાં રોઝો રાખવું મના કરી દેછે, એટલી પણ તમીઝ નથી ધરાવતા કે કઈ બીમારીમાં રોઝો નુકશાનકારક છે અને કઈમાં નથી.

**મસ્અલા-(૪૬૦)** : દાસીને પોતાના માલકની તાબેદારીમાં ફરાઈઝનો પ્રસંગ ન મળે તો તે કોઈ ઉઝર નથી. ફરઝો અદા કરે અને એટલી વાર માટે તેના ઉપર ફરમા બરદારી નથી. દા. ત. ફર્ઝ અદા કરે અને જો તાબેદારી કરી અને રોઝો તોડી નાખ્યો તો કફફારો આપે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૪૬૧)** : સ્ત્રીને જ્યારે હયઝ (માસિક) અથવા નિફાસ (પ્રસવનું લોહી) આવી ગયું તો રોઝો તુટી ગયો અને હયઝથી પુરા દસ દિવસ-રાતમાં પાક થઈ તો વસ્તુત કાલનો રોઝો રાખે અને ઓછા દિવસમાં પાક થઈ તો જો સુબ્હ થવામાં એટલો સમય છે કે નહાઈને અલ્પ સમય બચશે તો પણ રોઝો રાખે અને જો નહાઈને ફારેગ થવાના સમયે સુબ્હ ચમકી તો રોઝો નથી. (આલમગીરી)

**મસ્અલા-(૪૬૨)** : હયઝ તથા નિફાસવાળી માટે અખત્યાર છે કે છુપાઈને ખાય કે જાહેર, રોઝાની જેમ રહેવું તેના માટે જરૂરી નથી. (જવહરહ) પરંતુ છાની રીતે ખાવું ઉત્તમ છે ખાસ કરીને હયઝવાળી માટે.

**મસ્અલા-(૪૬૩)** : ભૂખ અને પ્યાસ એવી હોય કે હલાકતનો ડર સહીહ અથવા બુદ્ધિના નુકશાનની આશંકા હોય તો ન રાખે. (આલમગીરી)

**મસ્અલા-(૪૬૪)** : રોઝો તોડવા માટે મજબુર કરવામાં આવ્યો તો તેને અધિકાર છે, અને સબ્ર કરી તો તેને અજર મળશે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૪૬૫)** : સર્પે ડંસ દીધો અને પ્રાણની આશંકા હોય તો તે હાલતમાં રોઝો તોડી નાખે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૪૬૬)** : જે લોકોએ આ ઉઝરો (કારણો)ના કારણે રોઝો તોડ્યો તેમના ઉપર ફર્ઝ છે કે તે રોઝાઓની કઝા રાખે અને તે કઝાઓમાં તરતીબ (ક્રમ) ફરજ નથી. જો આ રોઝાઓથી પહેલા નફલી રોઝા રાખ્યા તો આ નફલી રોઝા થઈ ગયા પરંતુ હુકમ એ છે કે ઉઝર જતા રહેવા પછી બીજી રમઝાનના આવતા પહેલા કઝા રાખી લે, હદીસમાં ફરમાવ્યું- જેના ઉપર આગલા રમઝાનની કઝા બાકી છે. અને તે રાખ્યા નહી તો તેના આ રમઝાનના રોઝા કબૂલ થશે નહી અને જો રોઝા ન રાખ્યા અને બીજો રમઝાન આવી ગયો તો હવે પ્રથમ આ રમઝાનના રોઝા રાખી લે, કઝા ન રાખે બલ્કે જો ગેર દર્દી તથા મુસાફિરે કઝાની નિય્યત કરી તો પણ કઝા નથી બલ્કે એ જ રમઝાનના રોઝા છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪૬૭)** : ખુદ તે મુસાફિર ને અને તેના સાથીદારને રોઝો રાખવામાં કષ્ટ ન પહોંચે તો રોઝો રાખવું સફર (પ્રવાસ)માં બહેતર છે. નહી તો ન રાખવું બહેતર છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪૬૮)** : જો આ લોકો પોતાના એ જ ઉઝરમાં મૃત્યુ પામ્યા, એટલો મોકો ન મળ્યો કે કઝા રાખતા તો તેમના ઉપર એ વાજિબ નથી કે ફિદીયાની વસિયત કરી જાય, તે છતાં વસિયત કરી તો ત્રીજા ભાગના માલમાં જારી થશે અને જો એટલો મોકો મળ્યો કે કઝા રોઝા રાખી લેતા પરંતુ રાખ્યા નહી તો વસિયત કરવું વાજિબ છે. ઈરાદાપૂર્વક રાખ્યા ન હોય તો ઉત્તમતાની રીતે વસિયત કરવુ વાજિબ

અને વસિયત ન કરી બલ્કે વલી (વાલી) એ પોતાના તરફથી ફિદીયો આપી દીધો તો પણ જાઇઝ છે. પરતુ વાલી ઉપર આપવું વાજિબ ન હતું (દુર્રે મુખ્તાર, આલમગીરી)

મસ્અલા-(૪૬૯) : દરેક રોઝાનો ફિદીયો સદકએ ફિત્ર જેટલો છે અને ત્રીજા ભાગના માલમાં વસિયત તે સમયે લાગુ થશે જ્યારે તે મૈયિતના વારસદાર પણ હોય અને જો વારસદાર ન હોય તો સઘળા માલથી ફિદીયો અદા થતો હોય તો સઘળો માલ ફિદીયામાં આપી દેવું લાઝિમ છે. જો વારસદાર કેવળ પતિ અથવા પત્ની છે તો ત્રીજો ભાગ કાઢ્યા પછી તેમનો હક્ક આપવામાં આવે, તે પછી જે કાંઈ વધે જો ફિદીયામાં વાપરી શકાતું હોય તો વાપરી નાખવામા આવે. (દુર્રે મુખ્તાર રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૪૭૦) : વસિયત કરવું કેવળ એટલા જ રોઝાઓના હક્કમાં વાજિબ છે જેના ઉપર શક્તિમાન થયો હતો. દા. ત. દસ રોઝા કઝા થયાં હતા અને ઉઝર નષ્ટ થઈ જવા પછી પાંચ રોઝા ઉપર શક્તિમાન થયો હતો કે ઈન્તેકાલ થઈ ગયો તો પાંચની જ વસિયત વાજિબ છે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૭૧) : એક શખ્સ તરફથી બીજો માણસ રોઝો રાખી હકતો નથી. (આમ્મતુલ કુતુબ)

મસ્અલા-(૪૭૨) : એ'તકાફ વાજિબ છે. અને સદકએ ફિત્રનો બદલો જો વારસદારો અદા કરી દે તો જાઇઝ છે અને તેમની માત્રા એ જ સદકએ ફિત્ર જેટલી છે. અને ઝકાત આપવા ચાહે તો જેટલી વાજિબ હતી એટલી જ કાઢે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૭૩) : શેખેફાની અર્થાત તે વૃદ્ધ જેનું વય એવું થઈ થયું કે હવે દિન પ્રતિદિન કમજોર જ થતો જશે, જ્યારે તે રોઝો રાખવાથી વિવશ હોય અર્થાત ન અત્યારે રાખી શકેછે ન ભવિષ્યમાં તેનામાં એટલી શક્તિ આવવાની આશા છે કે, રોઝો રાખી શકશે તો તેને રોઝો ન રાખવાની ઈજાઝત છે. અને દરેક રોઝાના બદલામાં ફિદીયો અર્થાત બંને ટાઈમ એક મિસ્કીન ને પેટ ભરીને ખાણું ખવડાવવું તેના ઉપર વાજિબ છે. અથવા દરેક દિવસના બદલામાં સદકએ ફિત્રની માત્રા મિસ્કીનને આપી દે. (દુર્રે મુખ્તાર વિગેરે)

મસ્અલા-(૪૭૪) : જો એવો વૃદ્ધ ગરમીઓમા ગરમીના કારણે રોઝો રાખી શકતો નથી પરંતુ શિયાળામાં રાખી શકેશે તો અત્યારે છોડી દે અને તેના બદલામાં શિયાળામાં રાખવા ફર્ઝ છે. (રદ્દુલ મુખ્તાર)

મસ્અલા-(૪૭૫) : જો ફિદીયો આપ્યા પછી એટલી શક્તિ આવી ગઈ કે રોઝો રાખી શકે તો ફિદીયો સદકએ નિફલ થઈ ગયો, તે રોઝાઓની કઝા રાખે. (આલમગીરી)

મસ્અલા-(૪૭૬) : એ અખત્યાર છે કે રમઝાનની શરૂઆતમાં જ પૂરા રમઝાન નો એક સાથે ફિદીયો આપી દે અથવા અંતમાં આપે. અને તેમાં માલિક બનાવવું શર્ત નથી. ઈજાઝત પણ કાફી છે અને એ પણ જરૂરી નથી કે જેટલા ફિદીયા હોય તેટલા જ મિસ્કીનોને આપે એક મિસ્કીનને કેટલા એ દિવસોના ફિદીયા આપી શકાય છે. (દુર્રે મુખ્તાર વિગેરે)

મસ્અલા-(૪૭૭) : કસમ (સોગંદ) અથવા કતલના કફ્ફારાનો તેના ઉપર રોઝો છે અને વદ્ધા વસ્થાના કારણે રોઝો રાખી શકતો નથી તો તે રોઝાનો ફિદીયો નથી અને રોઝો તોડવા અથવા ઝિહાર (પુરૂષનું પોતાની પત્નીને માં અથવા બહેન જેવું કહેવું) નો કફ્ફારો તેના ઉપર છે તો જો રોઝો ન રાખી શકે તો સાઈઠ (૬૦) મિસ્કીનોને ખાવા ખવડાવી દે. (આલમગીરી)

મસ્અલા-(૪૭૮) : કોઈએ નિત્ય રોઝા રાખવાની મન્નત માની અને બરાબર રોઝા રાખે તો કોઈ કામ કરી શકતો નથી જેનાથી જીવન નિર્વાહ થાય તો તેણે જરૂરત જેટલા રોઝા છોડી દેવાની ઈજાઝત છે અને દરેક રોઝાના બદલામાં ફિદીયો આપે. અને તેની પણ શક્તિ ન હોય તો ઈસ્તગફાર કરે. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૪૭૯) : નિફલ રોઝો ઈરાદાપૂર્વક શરૂ કરવાથી લાઝિમ થઈ જાય છે કે તોડશે તો કઝા વાજિબ થશે અને એ ગુમાન કરીને કે તેના માથે કોઈ રોઝો બાકી છે, રોઝો શરૂ કર્યો પાછળથી ખબર પડી કે બાકી નથી, હવે જો તત્કાળ તોડી નાખ્યો તો કાંઈ નથી. અને એ જાણી લીધાં પછી તોડ્યો નહી તો હવે તોડી શકતો નથી. તોડશે તો કઝા વાજીબ થશે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૮૦) : નિફલ રોઝો ઈરાદાપૂર્વક તોડ્યો નથી બલ્કે અનાયાસે તુટી ગયો. દા. ત. રોઝા દરમિયાન

હૈઝ આવી ગયું તો પણ કઝા વાજિબ છે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૮૧) : ઈદૈન અને તશરીકના દિવસોમાં નિફલ રોઝો રાખ્યો તો તે રોઝાનું પુરૂ કરવુ વાજિબ નથી, ન તેના તોડવાથી કઝા વાજિબ થશે, બલ્કે તે રોઝો તોડી નાખવુ વાજિબ છે અને જો તે દિવસોમાં રોઝો રાખવાની મન્નત માની તો મન્નત પુરી કરવું વાજિબ છે. પરંતુ તે દિવસોમાં નહી બલ્કે બીજા દિવસોમાં (રદ્દુલમુહતાર)

મસ્અલા-(૪૮૨) : નિફલ રોઝો ઉઝર વગર તોડી નાખવું નાજાઈઝ છે. મહેમાન સાથે જો મેઝબાન ન ખાશે તો તેને નાપસંદ થશે અથવા મહેમાન જો ખાણું ન ખાય તો મેઝબાનને તકલીફ થશે તો નિફલ રોઝો તોડી નાંખવા માટે આ ઉઝર છે. એ શરતે કે ભરોસો (ખાત્રી) હોય કે તેની કઝા રાખી લેશે અને એ શરતે કે પહોર દિવસ ચઢવાથી પહેલા તોડે તે પછી નહી, ઝવાલ પછી મા-બાપની નારાજગીના કારણે તોડી શકે છે, અસર પછી નહી. (આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૪૮૩) : કોઈ માણસે એ સોગંદ ખાધા કે જો તું રોઝો નતોડે તો મારી સ્ત્રીને તલાક છે તો તેના સોગંદ સાચા કરી દેવા જોઈએ, અર્થાત રોઝો તોડી નાખે ભલે કઝા રોઝો હોય કે ઝવાલ પછી હોય. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૮૪) : તેની કોઈ ભાઈએ દઅવત કરી તો પહોર દિવસ ચઢવાથી પહેલા નિફલ રોઝો તોડી નાખવાની ઈજાઝત છે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૮૫) : પત્ની, પતિની ઈજાઝત વગર નિફલ અને મન્નત તથા સોગંદના રોઝા રાખે નહી અને રાખી લીધો તો પતિ તોડાવી શકે છે પરંતુ તોડશે તો કઝા વાજિબ થશે. પરંતુ તેની કઝામાં પણ પતિની ઈજાઝત જોઈશે. અથવા પતિ અને તેની વચ્ચે જુદાઈ થઈ જાય અર્થાત તલ્લાકે બાઈન આપી દે અથવા મૃત્યુ પામે. હા, જો રોઝો રાખવામાં પતિનો કાઈ વાંધો ન હોય દા.ત. તે પ્રવાસમાં છે અથવા બીમાર છે અથવા એહરામમા છે તો આ હાલતોમાં ઈજાઝત વગર પણ કઝા રાખી શકે છે. બલ્કે જો તે મના કરે તો પણ રાખી શકે છે. અને તે દિવસોમાં પણ તેની ઈજાઝત વગર નિફલ રાખી શકતી નથી. રમઝાન અને કઝાએ રમઝાન માટે પતિની ઈજાઝતની કાંઈ જરૂર નથી બલ્કે તેના મના કરવા છતાં રાખે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૪૮૬) : દાસી, ગુલામ પણ ફર્ઝ રોઝા સિવાય માલિકની ઈજાઝત વગર રોઝો રાખી શકતા નથી. તેમનો માલિક ઇચ્છે તો તોડાવી શકે છે. પછી તેની કઝા માલિકની ઈજાઝતથી અથવા આઝાદ થયા પછી રાખે. અલબત્ત ગુલામે જો પોતાની પત્નીથી ઝિહાર (પત્નીને મા-બ્હેન જેવું કહેવું) કર્યો તો કફફારાના રોઝા માલિકની ઈજાઝત વગર રાખી શકે છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૪૮૭) : મજુર અથવા નોકર જો નિફલ રોઝો રાખે તો કામ પુરૂં કરી શકશે નહી તો જેનો નોકર છે અથવા જેણે તેને મજુરીએ રાખ્યો છે તેની ઈજાઝતની જરૂરત છે અને કામ પુરૂં કરી શકે તો કોઈ જરૂરત નથી. (રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૪૮૮) : છોકરીએ બાપની અને માંએ પુત્રની અને બહેને ભાઈથી ઈજાઝત લેવાની કાંઈ જરૂર નથી અને મા-બાપ જો પુત્રને નિફલ રોઝો રાખવાની મના કરી દે, તે કારણોસર કે બીમારીની આશંકા છે તો માં-બાપની તાબેદારી કરે. (રદ્દુલ મુહતાર)

## નિફલ રોઝાના ફઝાઈલ

(૧) આશુરા અર્થાત દસમી મહોર્રમનો રોઝો અને બહતેર એ છે કે નવમીએ પણ રોઝો રાખે.

હદીસ-(૧) : સહીહૈનમાં ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે આશુરાનો રોઝો પોતે રાખ્યો અને તેને રાખવાનો હુકમ ફરમાવ્યો.

હદીસ-(૨) : મુસ્લિમ, અબુ દાઉદ, તિરમિઝી, તથા નિસાઈ અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. રમઝાન પછી અફઝલ (ઉત્તમ) રોઝો મહોર્રમનો રોઝો છે અને ફર્ઝ પછી અફઝલ નમાઝ, સલાતુલલૈલ (રાત્રિની નમાઝ) છે.

હદીસ-(૩) : સહીહૈનમાં ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાંથી રિવાયત છે. તેઓ ફરમાવે છે મે નબી

સલ્લલ્લાહો અલયહે વલસ્સલમને આશુરાના દિવસ અને રમઝાનના મહીના સિવાયના રોઝાને અને દિવસને ફઝીલત આપીને જિજ્ઞાસા કરતા જોયા નહીં.

હદીસ-(૪) : સહીહૈનમાં ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અનહોમાથી રિવાયત છે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જ્યારે મદીનામાં તશરીફ લાવ્યા, યહુદીઓને આશુરાના દિવસે રોઝાદાર જોયા, આપે ઈરશાદ ફરમાવ્યો આ કયો દિવસ છે કે તમો રોઝો રાખો છો ? તેમણે અર્ઝ કરી : આ અઝમતવાળો દિવસ છે કે, તેમાં મૂસા અલયહિસ્સલામ અને તેમની કોમને અલ્લાહ તઆલાએ નજાત-મુક્તિ આપી અને ફિરઓન અને તેની કોમને નીલ નદીમાં ડુબાવી દીધી. માટે મૂસા અલયહિસ્સલામે શુક્ર (આભાર)ની રીતે આ દિવસનો રોઝો રાખ્યો તો અમો પણ રોઝો રાખીએ છીએ. આપે ઈરશાદ ફરમાવ્યો મૂસા અલયહિસ્સલામના અનુરસણમાં તમારા કરતા અમો વધારે હકદાર અને અધિક નિકટછીએ. તો હુઝુરે પોતે રોઝો રાખ્યો અને તેનો હુકમ પણ ફરમાવ્યો.

• **નોટ** : આ હદીસથી માલુમ પડ્યુ કે જે દિવસે અલ્લાહ તઆલા કોઈ ખાસ નેઅમત અતા કરે તેની યાદગાર કરવું દુરસ્ત તથા પ્રિય છે કે તે નેઅમતે ખાસ્સા યાદ આવશે. અને તેનો શુક્ર અદા કરવાનું કારણ થશે. ખુદ કુર્આનમાં ઈરશાદ ફરમાવ્યો **વઝ કુરૂ અય્યામુલ્લાહે** (ખુદાના ઈન્આમના દિવસોને યાદ કરો) અને મુસલમાનો માટે હુઝુરની વિલાદત (જન્મ)થી બહેતર ક્યો દિવસ હશે કે જેની યાદગાર કાયમ કરીએ કે તમામ નેઅમતો તેમના જ તુફેલમાં છે અને તે દિવસ ઈદ કરતાં પણ બહેતર કે, તેમનાજ સદકામા તો ઈદ, ઈદ થઈ, એજ કારણોસર પીર (સોમવાર)ના દિવસે રોઝો રાખવાનું કારણ ઈરશાદ ફરમાવ્યુ કે, ફીહે વુલિદત્તુ (તે દિવસે મારો જન્મ થયો.)

હદીસ-(૫) : સહીહ મુસ્લિમમાં અબુ કતાદહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે આશુરાનો રોઝો એક વર્ષ પહેલાના ગુનાહ નષ્ટ કરી નાખે છે.

# (૨) અરફા અર્થાત્ નવમી ઝિલ હિજ્જહનો રોઝો

હદીસ (૯ થી ૧૦) : સહીહ મુસ્લિમ, સુનન અબુ દાઉદ, તિરમિઝી, નિસાઈ, તથા ઈબ્ને માજામાં અબુ કતાદહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે મને અલ્લાહ ઉપર ગુમાન છે કે અરફાનો રોઝો એક વર્ષ પહેલાના અને એક વર્ષ પછીના ગુનાહ નષ્ટ કરી દે છે અને તેના જેવું જ હઝરત સહલ બિન સઅદ તથા અબુ સઈદ ખુદરી તથા અબ્દુલ્લાહ બિન ઉમર તથા ઝયદ બિન અરકમ રદીયલ્લાહો અન્હુમથી રિવાયત છે.

હદીસ-(૧૧) : ઉમ્મુલ મોમીનીન સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી બયહકી તથા તિબરાની રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અરફાના રોઝાને હજાર દિવસની બરાબર બતાવતાં. પરંતુ હજ કરવાવાળા પર જે **અરફાત** માં છે તેને અરફાના દિવસનો રોઝો મકરૂહ છે કે, અબુ દાઉદ, નિસાઈ તથા ઈબ્ને ખુઝયમહ અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હુઝુરે અરફાના દિવસે અરફામાં રોઝો રાખવાની મનાઈ કરી.

(૩) શવ્વાલમાં છ (૬) દિવસના રોઝા જેમને લોકો શશઈદના રોઝા કહે છે.

નોટ : બહેતર એ છે કે આ રોઝા પૃથક-પૃથક રાખવામાં આવે અને ઈદ પછી લગાતાર છ દિવસમાં એકી સાથે રાખી લે તો પણ વાંધો નથી.

હદીસ-(૧૨-૧૩) : મુસ્લિમ, અબુ દાઉદ, તિરમિઝી, નિસાઈ ઈબ્ને માજા તથા તિબરાની અબુ અય્યુબ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે -જેણે રમઝાનના રોઝા રાખ્યા પછી તેના પછી છ દિવસ શવ્વાલમાં રાખ્યા તો એવો છે જાણે દહર ( આયુષ્યભર) નો રોઝો રાખ્યો અને તેના જેવી જ અબુ હુરયહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે.

હદીસ-(૧૪-૧૫) : નિસાઈ, ઈબ્ને માજા, ઈબ્ને

ખુઝયમહ તથા ઈબ્ને હબ્બાન સૌબાન રદીયલ્લાહો અન્હોથી અને ઈમામ અહમદ, તિબરાની તા બઝઝાર જાબિર બિન અબ્દુલ્લાહ રદીયલ્લાહો અન્હોમાથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું- જેણે ઈદુલ ફિત્ર પછી છ રોઝા રાખી લીધા તો તેણે આખા વર્ષના રોઝા રાખી લીધા કે જે એક નેકી લાવશે તેને દસ મળશે તો રમઝાન મહીનાનો રોઝો દસ મહીનાની બરાબર અને આ છ દિવસોના બદલામાં બે મહીના તો પુરા વર્ષના રોઝા થઈ ગયા.

**હદીસ-(૧૬)** : તિબરાની ઓસતમાં અબ્દુલ્લાહ બિન ઉમર રદીયલ્લાહો અન્હોમાથી રાવી કે રસુલુલ્લાહ સલલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે જેણે રમઝાનના રોઝા રાખ્યા પછી તેના પછી છ દિવસ શવ્વાલમાં રોઝા રાખ્યા તો ગુનાહોથી એવો નીકળી ગયો જાણે આજે માના પેટથી પૈદા થયો.

(૪) શાબાનનો રોઝો અને પંદરમી શાબાનના ફઝાઈલ.

**હદીસ : (૧૭)** : તિબરાની તથા ઈબ્ને જાન મઆઝ બિન જબલ રદીયલલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવેછે-શાબાનની પંદરમી રાત્રે અલ્લાહ તઆલા તમામ મખ્લુક તરફ તજલ્લી કરે છે અને સૌને બખ્શી દે છે પરંતુ કાફિર અને અદાવતવાલાને બખ્શતો નથી.

**નોટ** : જે બે શખ્સોમાં કોઈ દુન્યવી અદાવત હોય તો આ રાત આવતા પહેલા દરેકે એકબીજાથી મળી જવું જોઈએ. અને એકબીજાની ભૂલ માફ કરી દે. કે જેથી મગફિરતે ઈલાહી તેમને પણ શામિલ થાય.

**હદીસ-(૧૮-૧૯)** : બયહકી એ ઉમ્મુલ મોમેનીન આઈશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરી કે હુઝુરે ફરમાવ્યું-મારી પાસે જિબ્રઈલ આવ્યા અને કહ્યું આ શઅબાનની પંદરમી રાતછે તેમાં અલ્લાહ જહન્નથી એટલા માણસોને આઝાદ (મુક્ત) કરે છે જેટલા બની કલ્બની બકરીઓના વાળ છે. પરંતુ કાફિર અને અદાવત વાળા અને રિસ્તો (સંબંધ) કાપનાર અને કપડું લટકાવનાર (ટખનાની નીચે પાયજામો પહેરનાર) અને માં-બાપની ના ફરમાની કરનાર અને શરાબની નિરંતરતા કરનારની તરફ રહેમતની દ્દષ્ટ કરતો નથી. ઈમામ અહમદે ઈબ્ને ઉમર રદીયલ્લાહો અન્હોમાથી રિવાયત કરી તેમાં કાતિલ (હત્યારા)ના પણ ઉલ્લેખ છે.

**હદીસ-(૨૦)** : બયહકી ઉમ્મુલ મોમેનીન સિદ્દીકા રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે હુઝુરે અકદસ સલ્લલ્લાઓ અલયહે વસલ્લમે ફરમાવ્યું- અલ્લાહ અઝઝ વજલ્લ શઅબાનની પંદરમી રાતમાં તજલ્લી કરે છે, ઈસ્તગફાર કરવાવાળાઓને બખ્શી દે છે અને રહેમતના તલબગારો પર રહેમ (કૃપા) કરેછે અને અદાવતવાળાઓને જે હાલ પર છે એજ હાલ પર છોડી દે (રહેવા દે છે.)

**હદીસ-(૨૧)** ઈબ્ને માજા મૌલા અલી કર્રમલ્લાહો વજહહુથી રાવી કે નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે- જ્યારે શાબાનની પંદરમી રાત આવી જાય તો તે રાત્રે કયામ કરો (નમાઝ પઢો) અને દિવસે રોઝોરાખો કે રબ્બ તઆલા સૂર્યાસ્તથી આસ્માને દુનિયા પર ખાસ તજલ્લી કરે છે અને ફરમાવે છે કે, છે કોઈ બક્ષીસ ચાહનાર કે તેને બખ્શી દઉં, છે કોઈ રોઝી તલબ કરનાર કે તેને રોઝી આપું, છે કોઈ એવો, છે કોઈ એવો અને આમ તે સમય સુધી ફરમાવે છે કે ફજર (પ્રભાત) ઉદય થઈ જાય.

**હદીસ-(૨૨)** : ઉમ્મુલ મોમેનીન સિદ્દીકા રદીયલ્લાહો અન્હા ફરમાવે છે કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને શાબાન કરતાં અધિક કોઈ મહીનામાં રોઝા રાખતાં મેં જાયા નથી.

(૫) દરેક મહીનામાં ત્રણ રોઝા, ખાસ કરીને ઐયામે બૈઝ અર્થાત તેરમી, ચૌદમી તથા પંદરમી તારીખના રોઝા.

**હદીસ-(૨૩-૨૪)** : બુખારી, મુસ્લિમ તથા નિસાઈ અબુહુરેરહ રદીયલ્લાહો અન્હોમાથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મને ત્રણ વાતોની વસિહત કરી તેમાં એક એ છે કે દરેક મહીનામાં ત્રણ રોઝા રાખો.

**હદીસ-(૨૫-૨૬)** : સહીહ બુખારી તથા મુસ્લિમમાં અબ્દુલ્લાહ બિન અમ્રબિન આસ રદીયલ્લાહો અન્હોમાથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું દરેક મહીનામાં ત્રણ દિવસના રોઝા એવા છે જેવા દહર (નિત્ય)નો રોઝો. તેના જેવું જ કુર્રહબિન અયાસ રદીયલ્લાહોથી રિવાયત છે.

**હદીસ-(૨૭-૨૮)** : ઈમામ અહમદ, ઈબને હબ્બાન,

ઈબ્ને અબ્બાસ અને બઝઝાર મૌલા અલી રદીયલ્લાહો અન્હુમથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. રમઝાનના રોઝા અને દરેક મહીનામાં ત્રણ દિવસના રોઝા છાતીની ખરાબી બગાડને નષ્ટ કરે છે.

હદીસ-(૨૯) : તિબ્રાની મયમુનહ બિન્તે સઅદ રદીયલ્લાહો અન્હાથી રાવી કે હુઝુર ફરમાવે છે. જેનાથી થઈ શકે મહીનામાં ત્રણ રોઝા રાખે કે દરેક રોઝો દસ ગુનાહ નષ્ટ કરે છે અને ગુનાહથી એવો પાક કરી છે જેવું પાણી કપડાને.

હદીસ-(૩૦) : ઈમામ અહમદ, તિરમિઝી, નિસાઈ તથા ઈબ્ને માઝા અબુઝર રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે. જ્યારે મહીનામાં ત્રણ રોઝા રાખવા હોય તો તેરમી, ચૌદમી, પંદરમી તારીખે રાખો.

હદીસ-(૩૧) : નિસાઈ ઉમ્મુલ મોમેનીન હફસહ રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરી કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ચાર વસ્તુઓને છોડતા ન હતા. (૧) આશુરા (૨) ઝિલ હજ્જહના દસ દિવસ (૩) દરેક મહીનામાં ત્રણ દિવસના રોઝા અને (૪) ફજરના પહેલાં બે રકઅતો

હદીસ-(૩૨) : નિસાઈ ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અય્યામે બૈદમાં રોઝા વગરના હોતા નહી, ન પ્રવાસમાં ન નિવાસમાં

(૬) સોમવાર અને જુમેરાતના રોઝા

હદીસ-(૩૩-૩૫) : સુનન તિરમિઝીમાં અબૂ હુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે સોમવાર અને જુમેરાતે (ગુરૂવારે) અઅમાલ રજુ થાય છે તો હું પસંદ કરૂં છું કે મારો અમલ તે સમયે રજુ થાય કે હું રોઝાદાર હોઉં, તેના જેવું જ ઉસામા બિન ઝયદ તથા જાબિર રદીયલ્લાહો અન્હુમાથી રિવાયત છે.

હદીસ-(૩૬) : ઈબ્ને માઝા તેમનાથી જ રાવી કે હુઝૂર પીર (સોમવાર) અને જુમેરાત (ગુરૂવાર)ના રોઝા રાખતા હતા, તેના વિષે વિનંતી કરવામા આવી તો ફરમાવ્યું આ બંને દિવસોમાં અલ્લાહ દરેક મુસલમાનની મગફેરત (મોક્ષ) કરે છે પરંતુ તે બે શખ્સ જેમણે પરસ્પર જુદાઈ કરી લીધી છે તેમના સંબંધે ફરિશ્તાઓને ફરમાવે છે તેમને રહેવા દો ત્યાં સુધી કે સુલેહ કરી લે.

હદીસ-(૩૭) : તિરમિઝી શરીફમાં ઉમ્મુલ મોમેનીન સિદ્દીકા રદીયલ્લાહો તઆલા અન્હાથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલહયે વસલ્લમ પીર અને જુમેરાતને યાદ રાખીને રોઝા રાખતા હતા.

હદીસ-(૩૮) : સહીહ મુસ્લિમ શરીફમાં અબૂ કતાદહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝુરને પીરના દિવસે રોઝાનુ કારણ પૂછવામાં આવ્યું તો આપે ફરમાવ્યું- તે દિવસે જ મારી વિલાદત (જન્મ) થઈ અને એજ દિવસે મારા ઉપર વહી નાઝિલ થઈ.

(૭) કેટલાક બીજા દિવસોના રોઝા

હદીસ-(૩૯) : અબૂ અયલા ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું- જે માણસ બુધવાર તથા જુમેરાતે રોઝા રાખે તેના માટે દોઝખથી મુક્તિ લખી દેવામાં આવશે.

હદીસ-(૪૦-થી-૪૨) : તિબરાની ઓસતમાં તેમાનાથી જ રાવી કે હુઝુરે ફરમાવ્યું જેણે બુધવાર, જુમેરાતના રોઝા રાખ્યા અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં એક મકાન બનાવશે જેનો બહારનો ભાગ અંદરથી દેખાશે અને અંદરનો ભાગ બહારથી અને અનસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે જન્નતમાં મોતી અને યાકુત (એક પ્રસિદ્ધ રત્ન) તથા ઝબરજદ (પન્ના) નો મહેલ બનાવશે અને તેના માટે દોઝખથી મુક્તિ લખી દેવામાં આવશે અને ઈબ્ને ઉમર રદીયલ્લાહો અન્હોમાની રિવાયત છે કે જે માણસ આ ત્રણ દિવસના રોઝા રાખે પછી જુમ્આએ

થોડોક અથવા અધિક સદકો કરે તો જે ગુનાહ કર્યો છે બખ્શી દેવામાં આવશે. અને એવો થઈ જશે જાણે કે તે દિવસે તેની માંના પેટે જન્મ લીધો. પરંતુ વિશિષ્ટતા સાથે જુમ્આના દિવસે રોઝો રાખવું મકરૂહ છે.

હદીસ-(૪૩) : મુસ્લિમ તથા નિસાઈ અબુ હુરયરહ રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું રાતો પૈકી જુમ્આની રાતને કયામ માટે અને દિવસોમાં જુમ્આ ના રોઝા માટે ખાસ ન કરો. હા, કોઈ વ્યક્તિ કોઈ પ્રકારનો રોઝો રાખતો હતો અને જુમ્આનો દિવસ રોઝામાં ઘટિત થઈ ગયો તો વાંધો નથી.

હદીસ-(૪૪) : બુખારી, મુસ્લિમ , તિરમિઝી, નિસાંઈ, ઈબ્ને માજા તથા ઈબ્ને ખુઝયમહ તેમનાથી જ, રાવી કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. જુમ્આના દિવસે કોઈ રોઝો ન રાખે પરંતુ એ સુરતમાં રાખે કે તેના પહેલા અથવા બાદમાં એક દિવસ બીજો રોઝો રાખે અને ઈબ્ને ખુઝયમહની રિવાયત છે કે જુમ્આનો દિવસ ઈદ છે માટે ઈદના દિવસે રોઝાનો દિવસ ન બનાવો પરંતુ એવું કરો કે તેના પહેલા અથવા પછી રોઝો રાખી લો.

હદીસ-(૪૫) : સહીહ બુખારી તથા મુસ્લિમમાં મોહમ્મદ બિન અબાદથી છે કે જાબિર રદીયલ્લાહો અન્હો ખાનએ કા'બાનો તવાફ કરતા હતા મે તેમને પૂછ્યું કે શું નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમે જુમ્આનો રોઝો રાખવાથી મના ફરમાવ્યું તેમણે કહ્યું, હા આ ઘરના રબ્બના સોંગદ.

## મન્નતના રોઝાનું બયાન

શરઈ મન્નત જેના માનવાથી શરઅન તેનું પુરૂં કરવું વાજિબ થાય છે. તેના માટે સર્વથા કેટલીક શરતો છે.

(૧) એવી વસ્તુની મન્નત હોય કે તેની જાતીથી કોઈ વાજિબ થાય. બીમારની ખબર કાઢવા જવા અને મસ્જિદમાં જવા અને જનાઝાની સાથે જવાની મન્નત થઈ શકતી નથી.

(૨) તે ઈબાદત ખુદ જાતે ધ્યેય હોય કોઈ બીજી ઈબાદત માટે વસીલો ન હોય, માટે વુઝુ તથા ગુસ્લ તથા નઝર કુર્આનની મન્નત સહીહ નથી.

(૩) તે વસ્તુની મન્નત ન હોય જે શરીઅતે ખુદ તેના ઉપર વાજિબ કરી હોય, ભલે અત્યારે અથવા ભવિષ્યમાં દા.ત. આજની ઝોહર અથવા કોઈ ફર્ઝ નમાઝની મન્નત સહીહ નથી કે આ વસ્તુઓ તો ખુદ જ વાજિબ છે.

(૪) જે ચીઝની મન્નત માની તે ખુદ સ્વયં કોઈ ગુનાહની વાત ન હોય અને જો કોઈ કારણોસર ગુનાહ થાય તો મન્નત સહીહ થઈ જશે. દા. ત. ઈદના દિવસે રોઝો રાખવું મના છે, જો તેની મન્નત માની તો થઈ જશે જો કે હુકમ એ છે કે તે દિવસે રોઝો ન રાખે બલ્કે કોઈ બીજા દિવસે રાખે કે આ મનાઈ છે અર્થાત ઈદના દિવસે હોવાના કારણે ખુદ રોઝો એક જાઈઝ વસ્તુ છે.

(૫) એવી વસ્તુની મન્નત ન હોય જેનું હોવું અસંભવ હોય. દા. ત. એ મન્નતમાની કે કાલે પાછલા દિવસનો રોઝો રાખીશ કે આ મન્નત સહીહ નથી.

મસ્અલા-(૪૮૯) : મન્નત સહીહ થવા માટે કાંઈ એ જરૂરી નથી કે દિલમાં તેનો ઈરાદો પણ કોય, જો બીજું કાંઈ કહેવા ઈચ્છતો હતો કે જીભથી મન્નતના શબ્દો નીકળી ગયા તો મન્નત સહીહ થઈ ગઈ અથવા કહેવા એમ ઈચ્છતો હતો કે અલ્લાહ માટે મારે એ દિવસનો રોઝો રાખવો છે અને જીભથી એક મહિનો નીકળી ગયું તો આખા મહીનાના રોઝા વાજિબ થઈ ગયા. (રદ્દુલમુહતાર)

મસ્અલા-(૪૯૦) : મનાઈના દિવસો અર્થાત ઈદુલફિત્ર, બકઈદ અને ઝિલહિજ્જહની અગીયારમી, બારમી, તેરમીના રોઝા રાખવાની મન્નતમાની અને તે દિવસોમાં રાખી પણ લીધા તો જો કે તે ગુનાહ થયો પરંતુ મન્નત અદા થઈ ગઈ, (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૯૧) : ચાલુ વર્ષના રોઝાની મન્નતમાની તો મનાઈના દિવસો છોડીને બાકીના દિવસોમાં રોઝા રાખે અને આ દિવસોના બદલાના બીજા દિવસોમાં રાખી લે અને જો મનાઈના દિવસોમાં રાખી લીધા તો મન્નત પુરી થઈ ગઈ પરંતુ ગુનેહગાર થશે. આ હુકમ તે સમયે છે કે મનાઈના દિવસોથી પહેલા મન્નત માની અને જો મનાઈના દિવસો નીકળી ગયાં પછી દા.ત. ઝિલહિજ્જહની ચૌદમી રાત્રે આ સાલના રોઝાની મન્નતમાની તો ઝિલહિજ્જહ ખતમ થયા સુધી રોઝા રાખવાથી મન્નત પુરી થઈ ગઈ કે આ સાલનો

અંત ઝિલહિજ્જહ પર પુરો થઈ જાય છે. અને રમઝાનથી પહેલા ચાલુ વર્ષના રોઝાની મન્નતમાની હતી તો રમઝાન ના બદલાના રોઝા તેના માથે નથી અને જો મન્નતમાં ઉપરા-ઉપરી (સતત) રોઝાની શર્ત અથવા નિય્યત કરી તો પણ જે દિવસોમાં રોઝાની મનાઈ છે તેમાં રોઝા ન રાખે પરંતુ પછીથી લગાતાર તે દિવસોની કઝા રાખે અને જો એક દિવસ પણ રોઝો રહી ગયો તો તે દિવસના પહેલા જેટલા રોઝા રાખ્યા હતા તે સઘળાનું પુનરાર્તન કરે અને જો એક વર્ષના રોઝાની મન્નતમાની તો સાલભર રોઝા રાખ્યા પછી (૩૫) પાંત્રીસ અથવા (૩૪) ચોત્રીસ દિવસના બીજા રાખે અર્થાત માહે રમઝાન અને પાંચ દિવસ નિષેધ દિવસોના બદલાના જો કે આ દિવસોમાં તેણે રોઝા રાખ્યા હોય કે આ હાલતમાં તે અપુરતા છે. અલબત્ત જો એમ કહ્યું કે એ વર્ષના રોઝા લગાતાર રાખીશ તો હવે આ (૩૫) પાંત્રીસ દિવસોના રોઝાઓની જરૂરત નથી પરંતુ એ સ્વરૂપમાં જો લગાતાર ન થશે તો મથાળેથી ફરીથી રાખવા પડશે પરંતુ નિષેધ દિવસોમાં લગાતાર રાખી લે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૪૯૨)** : મન્નતના શબ્દોમાં સોગંદની પણ સંભાવના છે માટે અહીંયા છ (૬) હાલતો છે.(૧) તે શબ્દોથી કાંઈ નિય્યત કરી નહી ન મન્નતની ન સપથની (૨) કેવળ મન્નતની નિય્યત કરી અર્થાત સપથ હોવા ન હોવા કોઈનો ઈરાદો કર્યો નહી. (૩) મન્નતની નિય્યત કરી અને એ કે સપથ નથી. (૪) સપથની નિય્યત કરી અને એ કે મન્નત નથી. (૫) મન્નત અને સપથ બંનેની નિય્યત કરી. (૬) કેવળ સપથની નિય્યત કરી અને મન્નત હોવા કે ન હોવા કોઈની નથી. પ્રથમ ત્રણ હાલતોમાં કેવળ મન્નત છે કે પુરી કરે તો કઝા કરે. અને ચોથી હાલતમાં સપથ છે કે જો પુરી ન કરે તો કફ્ફારો આપવો પડશે. પાંચમી અને છટ્ઠી હાલતોમાં મન્નત અને શપથ બંને છે, પુરી ન કરે તો મન્નત કઝા કરે અને સપથનો કફ્ફારો. (તનવીરૂલ અબ્સાર)

**મસ્અલા-(૪૯૩)** : આ મહીનાના રોઝાની મન્નત માની અને તેમાં નિષેધના દિવસો છે તો તેમાં રોઝા ન રાખે બલ્કે તેમના બદલાના પછીથી રાખે અને રાખી લીધા તો ગુનેહગાર થયો પરંતુ મન્નત પુરી થઈ ગઈ અને આ હાલતમાં પુરા એક મહીનાના રોઝા વાજિબ નથી બલ્કે મન્નત માનવાના સમયથી તે મહીનામાં જેટલા દિવસ બાકી છે તે દિવસોમાં રોઝા વાજિબ છે અને જો તે મહીનો રમઝાનનો હતો તો મન્નત જ થઈ નહી કે રમઝાનના રોઝા તો પોતે જ ફર્ઝ છે, હા જો માહે રમઝાનના રોઝાઓની મન્નત માની અને રમઝાન આવવાથી પહેલા અવસાન થઈ ગયું તો એક મહીના સુધી મિસ્કીન (ગરીબ) ને ખાણું ખવડાવવાની વસિયત વાજિબ છે અને જો કોઈ નિશ્ચિત મહીનાની મન્નત માની દા.ત. રજબ અથવા શાબાનની તો પુરા મહીનાના રોઝા જરૂરી છે. તે મહીનો (૨૯) ઓગણત્રીસનો હોય તો ઓગણતત્રીસ રોઝા અને (૩૦) ત્રીસનો હોય તો ત્રીસ અને નાગહ (ખંડિત) ન કરે. પછી જો કોઈ રોઝો રહી ગયો તો તેને પાછળથી રાખી લે. પુરા મહીનાના લોટાવવાની જરૂરત નથી. (રદદુલ મુહતાર વિગેરે)

**મસ્અલા-(૪૯૪)** : એક મહીનાના રોઝાઓની મન્નત માની તો પુરા (૩૦) ત્રીસ દિવસના રોઝા વાજિબ છે. ભલે જે મહીનામાં રાખ્યા તે (૨૯) ઓગણત્રીસનો જ હોય અને એ પણ જરૂરી છે કે કોઈ રોઝો નિષેધ દિવસમાં ન થાય કે આ હાલતમાં જો નિષેધ દિવસોમાં રોઝા રાખ્યા તો ગુનેહગાર તો થયો જ તે રોઝા પણ અપૂરતા છે અને લગાતારની શર્ત લગાવી અથવા દિલમાં નિય્યત કરી તો પણ જરૂરી છે કે નાગહ (ખંડિત) થવા પામે નહી, જો નાગહ થયો ભલે નિષેધ દિવસોમાં તો ફરીથી એક મહીનાના રોઝા નિરંતર રાખે અર્થાત એ જરૂરી છે કે ત્રીસ દિવસોમાં કોઈ દિવસ એવો ન હોય જેમાં રોઝાની મનાઈ છે અને લગાતારની ન શર્ત લગાવી ન નિય્યત કરી તો ત્રુટક-ત્રુટક રીતે રોઝા રાખી લેવાથી પણ મન્નત પુરી થઈ જશે અને સ્ત્રીએ એક મહીનો લગાતાર રોઝા રાખવાની મન્નત માની તો જો એક મહીનો અથવા અધિક તહારત (પાકી) નો ટાઈમ તેને મળે છે તો જરૂરી છે કે એવા સમયે શરૂ કરે કે હયઝ (માસિક) આવવા પહેલા ત્રીસ દિવસ પુરા થઈ જાય નહી તો હયઝ આવવા પછી ત્યારથી ત્રીસ દિવસ પુરા કરવા પડશે અને જો મહીનો પુરો થતા પહેલા તેને હયઝ આવી જાય છે તો હયઝથી પહેલા જેટલા રોઝા રાખી લીધા છે તેની ગણત્રી કરી લે પછી જે બાકી રહી ગયા છે તેમને હયઝ ખત્મ થયા પછી સમીપ જ ખંડિત કર્યા વગર પુરા કરી લે.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર વિગેરે)

મસ્અલા-(૪૯૫) : લગાતાર રોઝાઓની મન્નત માની તો ખંડિત કરવું જાઈઝ નથી અને ત્રુટક રીતે દા. ત. દસ રોઝાની મન્નતમાની તો લગાતાર રાખવું જાઈઝછે. (બહર)

મસ્અલા-(૪૯૬) : મન્નતનના બે પ્રકાર છે (૧) મુઅલ્લક કે મારૂં ફલાણું કામ થઈ જશે અથવા ફલાણો માણસ પ્રવાસથી આવી જાય તો મારા ઉપર અલ્લાહ માટે આટલા રોઝા અથવા નમાઝ અથવા સદકો વિગેરે છે. (૨) ગેરમુઅલ્લક જે કોઈ વસ્તુના હોવા ન હોવા પર આધારિત નથી બલ્કે એ કે અલ્લાહ માટે હું પોતાની ઉપર આટલા રોઝા અથવા નમાઝ અથવા સદકા વિગેરે વાજિબ કરૂ છું, ગેરમુઅલ્લકમાં જો કે સમય અથવા જગ્યા વિગેરે નિશ્ચિત કરે પરંતુ મન્નત પુરી કરવા માટે એ જરૂર નથી કે તેનાથી પહેલા અથવા તેના પછી ન થઈ શકે બલ્કે જો તે સમયથી પહેલા રોઝા રાખી લીધા અથવા નમાઝ પઢી લીધી વિગેરે વિગેરે તો મન્નત પુરી થઈ. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૯૭) : આ રજબના રોઝાની મન્નતમાની અને જમાદિઉલ આખિરમાં રોઝા રાખી લીધા અને આ મહીનો ઓગણત્રીસનો થયો, જો આ રજબ પણ ઓગણત્રીસનો હોય તો મન્નત પુરી થઈ ગઈ. એક બીજા રોઝાની જરૂરત નથી અને ત્રીસનો થયો તો એક રોઝો બીજો રાખે (રદ્દુલમુહતાર)

મસ્અલા-(૪૯૮) : આ રજબના રોઝાની મન્નતમાની અને રજબમાં બીમાર રહ્યો તો બીજા દિવસોમાં તેમની કઝા રાખે અને કઝામાં અખત્યાર છે કે લગાતાર રોઝા હોય અથવા ખંડિત કરીને. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૪૯૯) : મુઅલ્લકમાં શરતો જોવામાં આવ્યાથી પહેલા મન્નત પુરી કરી શકતો નથી જો પહેલાજ રોઝા રાખી લીધા પાછળથી શરત દેખવામાં આવી તો હવે ફરીથી રાખવા વાજિબ થશે. પહેલાના રોઝા તેના કાઈમ મુકામ (સ્થાપના પત્ર) થઈ શકતા નથી. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૫૦૦) : એક દિવસના રોઝાની મન્નતમાની તો અખત્યારછે કે નિષેધ દિવસો સિવાય જે દિવસે રાખવો હોય રાખી લે. એવી જ રીતે બે દિવસ ત્રણ દિવસમાં અખત્યારછે. અલબત્ત જો તેમાં લગાતારાની નિય્યત કરી તો લગાતાર રાખવા વાજિબ થશે, નહી તો અખત્યાર છે કે એકી સાથે રાખે અથવા ખંડિત કરીને અને ત્રુટકની નિય્યત કરી અને લગાતાર રાખી લીધા તો પણ જાઈઝ છે. (આલમગીરી)

મસ્અલા-(૫૦૧) : એક સાથે દસ રોઝાઓની મન્નતમાની અને પંદર રોઝા રાખ્યા, વચ્ચે એક દિવસ છોડી દીધો અને એ યાદ નથી કે ક્યા દિવસે રોઝો ન હતો, તો લગાતાર પાંચ દિવસ બીજા રાખીલે. (આલમગીરી)

મસ્અલા-(૫૦૨) : બીમાર માણસે એક મહીનો રોઝો રાખવાની મન્નતમાની અને તદુંરસ્તી થઈ નહી અને મૃત્યુ પામ્યો તો તેના ઉપર કાંઈ નથી અને જો એક દિવસ માટે પણ સારો થઈ ગયો હતો અને રોઝો ન રાખ્યો તો પુરા મહિના ભરના ફિદીયાની વસિયત કરવું વાજિબછે અને તે દિવસે રોઝો રાખી લીધો તો પણ બાકીના દિવસો માટે વસિયત કરવી જોઈએ એવી જ રીતે જો તંદુરસ્ત માણસે મન્નત માની અને મહીનો પુરો થતા પહેલા મૃત્યું પામ્યો તેના ઉપર પણ વસિયત કરવું વાજિબછે અને રાતમાં મન્નત માની હતી અને રાતમાં જ મરી ગયો તો પણ વસિયત કરી દેવી જોઈએ. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૫૦૩) : એવી મન્નત માની કે જે દિવસે ફલાણો માણસ આવશે તે દિવસે અલ્લાહ માટે મારા ઉપર રોઝો રાખવું વાજિબછે તો જો જહવહે કુબ્રા (મધ્યાહન)થી પહેલા આવ્યો અને તેણે કાંઈ ખાધુ-પીધુ નથી તો રોઝો રાખી લે અને જો રાતમાં આવ્યો તો કાંઈ વાંધો નથી. એવી જ રીતે જો ઝવાલ પછી આવ્યો અથવા ખાધા પછી આવ્યો અથવા મન્નત માનનાર સ્ત્રી હતી અને તે દિવસે તેને હયઝ હતુ તો આ હાલતોમાં પણ કાંઈ નથી. અને જો એમ કહ્યું હતુ કે જે દિવસે ફલાણો માણસ આવશે તે દિવસનો અલ્લાહ માટે મારે નિત્ય રોઝો રાખવો છે અને ખાણું ખાધા પછી આવ્યો તો તે દિવસનો રોઝો તો નથી પરંતુ આગામી દરેક અઠવાડિયામાં તે દિવસનો રોઝો તેના ઉપર વાજિબ થઈ ગયો. દા.ત. સોમવારના દિવસે આવ્યો તો દરેક સોમવારે રોઝો રાખે. (આલમગીરી)

મસ્અલા-(૫૦૪) : એવી મન્નત માની કે જે દિવસે ફલાણો માંણસ આવશે કે તે દિવસેનો રોઝો મારા ઉપર હંમેશા છે અને બીજી મન્નત એ માની કે જે દિવસે ફલાણો તંદુરસ્ત થઈ જશે તે દિવસનો રોઝો મારા ઉપર સર્વદા છે

અકસ્માતે જે દિવસ તે આવ્યો, તે દિવસે તે સારો પણ થઈ ગયો તો દરેક અઠવાડિયે કેવળ એ જ એક દિવસનો રોઝો રાખવું તેના ઉપર સર્વદા વાજિબ થયું. (આલમગીરી)

**મસ્અલા-(૫૦૫)** : અર્ધા દિવસના રોઝાની મન્નત માની તો આ મન્નત સહીહ નથી. (આલમગીરી)

## એ'તેકાફનું બયાન

અલ્લાહ અઝ વ જલ્લ ફરમાવે છે : સ્ત્રીઓથી સંભોગ ન કરો જ્યારે કે તમોએ મસ્જિદોમાં એ'તેકાફ કરેલો હોય.

**હદીસ-(૧)** : સહીહયનમાં ઉમ્મુલ મોમેનીન સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ રમઝાનના અંતિમ દિવસોમા એ'તેકાફ કરતા હતા.

**હદીસ-(૨)** : અબુદાઉદ તેમનાથી જ રાવી કહે છે કે એ'તેકાફવાળા પર સુન્નત (અર્થાત હદીસથી સાબિત) એ છે કે ન બીમારની ખબર કાઢવા જાય, ન જનાઝામાં હાજર થાય, ન સ્ત્રીને હાથ લગાવે અને તેનાથી સંભોગ કરે અને ન કોઈ હાજત માટે જાય પરંતુ તે હાજત માટે જઈ શકે છે જે જરૂરી છે અને એ'તેકાફ રોઝા વગર નથી અને એ'તેકાફ જમાઅતવાળી મસ્જિદમાં કરે.

**હદીસ-(૩)** : ઈબ્ને માજા ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાંથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એ'તેકાફવાળા વિષે ફરમાવ્યું, તે ગુનાહોથી દુર રહે છે અને નેકીઓથી તેને એટલા પ્રમાણમાં સવાબ મળે છે જાણે તેણે સઘળી નેકીઓ કરી.

**હદીસ-(૪)** : બયહકી ઈમામ હુસેન રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જેણે રમઝાનમાં દસ દિવસોનો એ'તેકાફ કરી લીધો તો એવો છે જાણે બે હજ્જ અને બે ઉમરા કર્યા.

**મસ્અલા-(૫૦૬)** : મસ્જિદમાં અલ્લાહ માટે નિય્યત સાથે થોભવું એ'તેકાફ છે અને તેના માટે મુસલમાન આકિલ અને જનાબત તથા હૈઝ તથા નિફાસથી પાક હોવું શર્ત છે બાલિગપણું શર્ત નથી બલ્કે નાબાલિગ કે જે તમીઝ ધરાવે છે જો એ'તેકાફની નિય્યતથી મસ્જિદમાં થોભે તો આ એ'તેકાફ સહીહછે. આઝાદ હોવું પણ શર્ત નથી માટે ગુલામ પણ એ'તેકાફ કરી શકે છે પરંતુ તેણે માલિક પાસેથી પરવાનગી લેવી પડશે અને માલિકને વસ્તુત મના કરવાનો હક્ક પ્રાપ્ત છે. (આલમગીરી, દુર્રેમુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્આલ-(૫૦૭)** : જામએ મસ્જિદ હોવું એ'તેકાફ માટે શરત નથી બલ્કે મસ્જિદે જમાઅતમાં પણ થઈ શકે છે. મસ્જિદે જમાઅત તે છે જેમાં ઈમામ તથા મોઅઝ્ઝન નિયુક્ત હોય, ભલે તેમાં પંજગાના જમાઅત ન થતી હોય. અને સરળતા એમાં છે કે સર્વથા દરેક મસ્જિદમાં એ'તેકાફ સહીહ છે. ભલે તે મસ્જિદે જમાઅત ન હોય. ખાસ કરીને આ જમાનામાં કે કેટલીએ મસ્જિદો એવી છે જેમાં ન ઈમામ છે ન મોઅઝ્ઝન (રદ્દુલમુહતાર)

**મસ્આલ-(૫૦૮)** : સૌથી અફઝલ મસ્જિદ હરમ શરીફ (મક્કા)માં એ'તેકાફ છે પછી મસ્જિદે નબવીમાં, પછી મસ્જિદે અકસા (બયતુલ મુકદ્દસ)મા પછી તેમાં જ્યાં મોટી જમાઅત થતી હોય, (જવહરહ)

**મસ્આલ-(૫૦૯)** : સ્ત્રીએ મસ્જિદમાં એ'તેકાફ કરવું મકરૂહ છે. બલ્કે તે ઘરમાંજ એ'તેકાફ કરે પરંતુ તે જગ્યાએ કરે જે તેણે નમાઝ માટે નિયુક્ત કરી રાખેલ છે, જેને મસ્જિદે બૈત કહે છે અને સ્ત્રી માટે તે મુસ્તહબ પણ છે ઘરમાં નમાઝ પઢવા માટે કોઈ જગ્યા મુકર્રર (નિયુક્ત) કરી લે અને તે જગ્યાને પાક સાફ રાખે અને બહેતર એ છે કે તે જગ્યાને ઓટલા વિગેરેની જેમ ઉંચી કરી લે બલ્કે પુરૂષે પણ નિફલ વિગેરે માટે ઘરમાં કોઈ જગ્યા મુકર્રર કરી લેવી જોઈએ કે નિફલ નમાઝ ઘરમાં પઢવું અફઝલ છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્આલ-(૫૧૦)** : જો સ્ત્રીએ નમાઝ માટે કોઈ જગ્યા મુકર્રર કરી રાખી નથી તો ઘરમાં એ'તેકાફ કરી શકતી નથી. અલબત્ત જો તે સમયે અર્થાત જ્યારે કે એ'તેકાફનો ઈરાદો કર્યો, કોઈ જગ્યાને નમાઝ માટે ખાસ કરી લીધી તો તે જગ્યાએ એ'તેકાફ કરી શકે છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્આલ-(૫૧૧)** : ખુનશા (હિજડો) મસ્જિદે બૈતમા એ'તેકાફ કરી શકતો નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્આલ-(૫૧૨)** : એ'તેકાફ ત્રણ પ્રકારના છે (૧) વાજિબ, કે એ'તેકાફની મન્નતમાની અર્થાત જીભથી કહ્યું,

કેવળ દિલમાં ઈરાદો કરવાથી વાજિબ થશે નહી. (૨) સુન્નતે મોઅકદા, કે રમઝાનના અંતિમ દિવસો અર્થાત છેલ્લા દસ દિવસમાં કરવામાં આવે અર્થાત વીસમી રમઝાને સૂરજ ડૂબતા સમયે એ'તેકાફની નિય્યત મસ્જિદમાં હોય અને ત્રીસમીના સૂર્યાસ્ત પછી અથવા ઓગણત્રીસમીએ ચાંદ થયા પછી બહાર નીકળે, જો વીસમી તારીખે મગરિબની નમાઝ પછી એ'તેકાફની નિય્યત કરી તો સુન્નતે મોઅકદા અદા થયું નહીં. અને આ એ'તેકાફ સુન્નતે કિફાયા છે કે જો સઘળા ત્યજી દે તો સૌથી પૂછ થશે. અને શહેરમાં એક માણસે પણ એ'તેકાફ કરી લીધો તો સૌ જવાબદારીમાંથી મુક્ત થશે. આ બે (૨) ઉપરાંત બીજા જે એ'તેકાફ કરવામાં આવે તે મુસ્તહબ તથા સુન્નત ગૈર મોઅકદા છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૫૧૩)** : મુસ્તહબ એ'તેકાફ માટે ન રોઝો શર્ત છે ન તેના માટે કોઈ ખાસ સમય મુકર્રર છે બલ્કે જ્યારે મસ્જિદમાં એ'તેકાફની નિય્યત કરી જ્યાં સુધી મસ્જિદમાં છે એ'તેકાફવાળો છે. ત્યાંથી નિકળી ગયો એ'તેકાફ ખતમ થઈ ગયો (આલમગીરી વિગેરે)

આ વગર મહેનતે સવાબ મળી રહ્યો છે કેવળ નિય્યત કરી લેવાથી એ'તેકાફનો સવાબ મળે છે. તેને ગુમાવવો જોઈએ નહી, મસ્જિદમાં જો દરવાજા ઉપર એ ઈબારત (લખાણ) લખી દેવામાં આવે કે એ'તેકાફની નિય્યત કરીલો એ'તેકાફનો સવાબ પામશો, તો બહેતર છે કે જો લોકો તેનાથી નાવાકિફ છે તેમને ખબર પડી જાય અને જે લોકો જાણે છે તેમના માટે યાદ દેવડાવવું થાય.

**મસ્અલા-(૫૧૪)** : એ'તેકાફે સુન્નત અર્થાત રમઝાન શરીફની પાછલી દસ તારીખોમાં જે કરવામાં આવે છે તેમાં રોઝો શર્ત છે માટે જો કોઈ બીમારે અથવા મુસાફિરે એ'તેકાફ તો કર્યો પરંતુ રોઝો રાખ્યો નથી તો સુન્નત અદા થઈ નહી બલ્કે નિફલ થયો. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૫૧૫)** : મન્નતના એ'તેકાફમાં પણ રોઝો શર્ત છે. ત્યાં સુધી જો એક મહીનાના એ'તેકાફની મન્નત માની અને એમ કહ્યું કે રોઝો રાખશે નહી તો પણ રોઝો રાખવું વાજિબ છે અને જો રાતના એ'તેકાફની મન્નત માની તો તે મન્નત સહીહ નથી કે રાતમાં રોઝો થઈ શકતો નથી. અને જો એમ કહ્યું કે એક દિવસ-રાતનો મારા ઉપર એ'તેકાફની મન્નતમાની અને ખાઈ લીધું છે તો મન્નત સહીહ નથી. (દુર્રે મુખ્તાર, આલમગીરી) એવી જ રીતે જો દહવએ કુબ્રા પછી મન્નત માની તો રોઝો હતો નહી તો મન્નત સહીહ નથી કે હવે રોઝાની નિય્યત કરી શકતો નથી બલ્કે જો રોઝાની નિય્યત કરી શકતો હોય દા.ત. દહવએ કુબ્રાથી પહેલા ત્યારે પણ મન્નત સહી નથી. કે તે રોઝો નિફલ થશે અને તે'તેકાફમાં રોઝાએ વાજિબ જરૂરી છે.

**મસ્અલા-(૫૧૬)** : એ જરૂરી નથી કે ખાસ એ'તેકાફ માટેજ રોઝો હોય બલ્કે રોઝો હોવું જરૂરી છે જો કે એ'તેકાફ ની નિય્યત ન હોય દા.ત આ રમઝાનના રોઝા તો રાખ્યા પરંતુ એ'તેકાફ કર્યો નહી તો હવે એક મહીનાના રોઝા રાખે અને તેની સાથે એ'તેકાફ કરે એ જો એમ ન કર્યું અર્થાત રોઝા રાખીને એ'તેકાફ ન કર્યો અને બીજો રમઝાન આવી ગયો તો આ રમઝાનના રોઝા તે એ'તેકાફ માટે પુરતા નથી, એવી જ રીતે જો કોઈ બીજા વાજિબ રોઝા રાખ્યા તો આ એ'તેકાફ તે રોઝાઓની સાથે પણ અદા થઈ શકતો નથી બલ્કે હવે તેના માટે ખાસ એ'તેકાફની નિય્યતથી રોઝા રાખવું જરૂરી છે અને જો તે હાલતમા કે રમઝાનના એ'તેકાફ માની હતી, ન રોઝા રાખ્યા ન એ'તેકાફ કર્યો હવે તે રોઝાઓની કઝા કરી રહ્યો છે તો આ કઝા રોઝાઓની સાથે તે એ'તેકાફની મન્નત પણ પુરી કરી શકે છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૫૧૭)** : નફલી રોઝો રાખ્યો હતો અને તે દિવસના એ'તેકાફની મન્નત માની તો આ નિય્યત સહીહ નથી કે એ'તેકાફ વાજિબ માટે નફલી રોઝો કાફી નથી અને આ રોઝો વાજિબ થઈ શકતો નથી. (આલમગીરી)

**મસ્અલા-(૫૧૮)** : એક મહીનાના એ'તેકાફની મન્નત માની તો આ મન્નત રમઝાનમાં પુરી કરી શકતો નથી બલ્કે ખાસ એ'તેકાફ મારો રોઝા રાખવા પડશે. (આલમગીરી)

**મસ્અલા-(૫૧૯)** : સ્ત્રીએ (પત્ની) એ'તેકાફની મન્નત મની તો પતિ મન્નત પુરી કરવાથી રોકી શકે છે અને હવે બાઈન (તલ્લાક) થવા અથવા પતિના મૃત્યુ પછી મન્નત પુરી કરે, એવી જ રીતે લોંડી-ગુલામ (દાસી-દાસ)ને તેમનો માલિક મના કરી શકે છે. તેઓ આઝાદ થયા પછી પુરા કરે. (આલમગીરી)

**મસ્અલા-(૫૨૦)** : પતિએ પત્નીને એ'તેકાફની પરવાનગી આપી દીધી હવે રોકવા ઈચ્છે તો રોકી શકતો નથી અને માલિકે બાંદી-ગુલામને પરવાનથી આપી દીધી તો પણ રોકી શકે છે, જો કે હવે રોકશે તો ગુનેહગાર થશે. (આલમગીરી)

**મસ્અલા-(૫૨૧)** : પતિએ પત્નીને એક મહીનાના એ'તેકાફની પરવાનગી આપી દીધી અને પત્ની લગાતાર પુરા મહીનાનો એ'તેકાફ કરવા ઈચ્છે છે તો પતિને અખત્યાર

છે કે એવો હુકમ આપે કે થોડા થોડા કરીને એક મહીનો પુરો કરે અને જો કોઈ ખાસ મહીનાની પરવાનગી આપી છે તો હવે અખત્યાર રહ્યો નથી. (આલમગીરી).

**મસ્અલા-(૫૨૨)** : વાજિબ એ'તેકાફમાં એ'તેકાફવાળાને મસ્જિદથી ઉઝર વગર નિકળવું હરામ છે. જો નિકળ્યો તો એ'તેકાફ તુટી ગયો ભલે ભૂલીને નિકળ્યો હોય. એવી જ રીતે સુન્નત એ'તેકાફ પણ ઉઝર વગર નીકળવાથી તુટી જાયછે. એવી જ રીતે સ્ત્રીએ મસ્જિદ બયતમાં વાજિબ એ'તેકાફ કર્યો તો ઉઝર વગર ત્યાંથી નીકળી શકતી નથી. જો ત્યાંથી નીકળી, ભલે ઘરમાંજ રહી તો એ'તેકાફ તુટી ગયો. (આલમગીરી, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૫૨૩)** : મોઅતકિફ (એ'તેકાફવાળા)ને મસ્જિદથી નીકળવા માટે બે (૨) ઉઝર છે. (હાજતે તબઈ કે મસ્જિદમાં પુરી થઈ શકે નહી જેવું કે જાજરૂ-પેશાબ, ઈસ્તનજો વુઝુ અને ગુસ્લની આવશ્યકતા હોય તો ગુસ્લ, પરંતુ ગુસ્લ તથા વુઝુમાં એ શર્ત છે કે મસ્જિદમાં ન થઈ શકે અર્થાત કોઈ એવી વસ્તુ ન હોય જેમાં વુઝુ તથા ગુસલનું પાણી લઈ શકે, એવી જ રીતે કે મસ્જિદમાં પાણીનું કોઈ ટીપું પડે નહી કે વુઝૂ તથા ગુસ્લનું પાણી મસ્જિદમાં પાડવું ના જાઈઝ છે અને ટપ વિગેરે ઉપલબ્ધ હોય કે તેમાં વુઝુ એવી રીતે કરી શકે છે કે કોઈ છાંટો મસ્જિદમાં પડે નહી તો વુઝુ માટે મસ્જિદથી નીકળવું જાઈઝ નથી. નીકળશે તો એ'તેકાફ તુટી જશે. એવી જ રીતે જો મસ્જિદમાં વુઝુ તથા ગુસ્લ માટે જગ્યા બનેલી હોય અથવા હોઝ તો હવે બહાર જવાની ઈજાઝત નથી.

(૨) શરઈ હાજત દા.ત. ઈદ અથવા જુમ્આ માટે જવું અથવા અઝાન પઢવા માટે મિનારા પર જવું જ્યારે કે મિનારા પર જવા માટે બહારથી જ રસ્તો હોય અને જો મિનારાનો રસ્તો અંદરથી હોય તો ગેરં મોઅઝઝિન પણ મિનારા પર જઈ શકે છે. મોઅઝઝિનની વિશેષતા નથી. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૫૨૪)** : કંઝાએ હાજત માટે ગયા તો તહારત કરીને તુરતજ ચાલ્યો આવે. રોકાવાની ઈજાઝત નથી. અને જો મોઅતકિફનું મકાન મસ્જિદથી દુર છે અને તેના મિત્રનું મકાન નિકટ તો એ જરૂરી નથી કે મિત્રના ત્યાં કઝાએ હાજત માટે જાય બલ્કે પોતાના બે (૨) મકાન છે, એક નજદીક બીજું છેટે તો નજીકવાળા મકાનમાં જાય કે કેટલાક મશાયખ ફરમાવેછે દુરવાળામા જશે તો એ'તેકાફ ફાસિદ થઈ જશે. (રદ્દુલમુહતાર, આલમગીરી)

**મસ્અલા-(૫૨૫)** : જુમ્આ જો નિકટની મસ્જિદમાં થાય છે તો સૂરજ ઢળ્યા પછી તે સમયે જાય કે અઝાને સાનીથી અગાઉ સુન્નતો પઢી લે અને જો દુર હોય તો સૂરજ ઢળ્યા પહેલાં પણ જઈ શકે છે પરંતુ એ અંદાજે જાય કે અઝાને સાનીની પહેલા સુન્નતો પઢી શકે, બહુ વહેલો ન જાય અને આ વાત તેના અભિપ્રાય પર આધારિત છે. જ્યારે તેની સમજમાં આવી જાય કે પહોંચવા પછી કેવળ સુન્નતોનો સમય રહેશે, ચાલ્યો જાય અને જુમ્આના ફર્ઝ પછી ચાર અથવા છ રકઅતો સુન્નતોની પઢીને ચાલ્યો આવે અને એહતેયાતી જોહર પઢવી છે તો એ'તેકાફવાળી મસ્જિદમાં આવીને પઢે અને જો પાછલી સુન્નતો પછી પાછો ન આવ્યો, ત્યાં જામેઅ મસ્જિદમા થોભી રહ્યો, જો કે એક દિવસ રાત ત્યાં જ રહી ગયો અથવા પોતાનો એ'તેકાફ ત્યાં જ પૂરો કર્યો તો પણ તે એ'તેકાફ ફાસિદ ન થયો. પરંતુ આમ કરવું મકરૂહ છે અને આ સઘળું તે હાલતમાં છે કે જે મસ્જિદમાં એ'તેકાફ કર્યો ત્યાં જુમ્આની નમાઝ થતી ન હોય. (દુર્રેમુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૫૨૬)** : જો એવી મસ્જિદમાં એ'તેકાફ કર્યો જ્યાં જમાઅત થતી નથી તો જમાઅત માટે નીકળવાની ઈજાઝત છે. (રદ્દુલમુહતાર)

**મસ્અલા-(૫૨૭)** : એ'તેકાફના સમયમાં હજ્જ અથવા ઉમરાનો એહરામ બાંધ્યો તો એ'તેકાફ પુરો કરીને જાય અને જો સમય ઓછો છે કે એ'તેકાફ પુરો કરશે તો હજ્જનો સમય ચાલ્યો જશે તો હજ્જ માટે ચાલ્યો જાય પછી ફરીથી એ'તેકાફ કરે. (રદ્દુલમુહતાર)

**મસ્અલા-(૫૨૮)** : જો તે મસ્જિદ પડી ગઈ અથવા કોઈએ મજબૂર કરીને ત્યાંથી કાઢી દીધો અને તત્કાળ બીજી મસ્જિદમા ચાલ્યો ગયો તો એ'તેકાફ ફાસિદ થયો નથી. (આલમગીરી)

**મસ્અલા-(૫૨૯)** : જો ડૂબનાર અથવા સળગનારને બચાવવા માટે મસ્જિદની બહાર ગયો અથવા ગવાહી આપવા માટે ગયો અથવા જેહાદમાં સૌ લોકોનું તેડું થયું અને તે પણ નીકળ્યો અથવા બીમારની ખબર કાઢવા અથવા જનાઝાની નમાઝ માટે ગયો, જો કે કોઈ બીજો જનાઝાની નમાઝ પઢનાર ન હોય તો આ સઘળી હાલતોમાં એ'તેકાફ ફાસિદ (રદ) થઈ ગયો. (આલમગીરી વિગેરે)

**મસ્અલા-(૫૩૦)** : સ્ત્રી મસ્જિદમાં એ'તેકાફમાં હતી, તેને તલ્લાક આપવામાં આવી તો ઘેર ચાલી જાય અને એ જ એ'તેકાફ પુરો કરી લે. (આલમગીરી)

**મસ્અલા-(૫૩૧)** : જો મન્નત માનતી વેળા એ શરત

કરી લીધી કે બીમારની ખબર કાઢવા અને જનાઝાની નમાઝ અને મજલિસે ઈલ્મમાં હાજર થશે તો આ શરત જાઈઝ છે., હવે જો આ કામો માટે જાય તો એ'તેકાફ ફાસિદ થશે નહી. પરંતુ ખાલી દિલમાં નિય્યત કરી લેવું કાફી નથી બલ્કે જબાનથી કહી લેવું જરૂરી છે. (આલમગીરી, રદ્દુલ મુહતાર વિગેરે)

મસ્અલા-(૫૩૨) : જાજરૂ-પેશાબ માટે ગયો હતો કે લેણદારે રોકી લીધો તો એ'તેકાફ ફાસિદ થઈ ગયો. (આલમગીરી)

મસ્અલા-(૫૩૩) : મોઅતકિફે વતી કરવું અને સ્ત્રીને ચુંબન કરવું અથવા સ્પર્શ કરવું અથવા આલિગંન કરવું હરામ છે. સંભોગથી વસ્તુત એ'તેકાફ ફાસિદ થઈ જશે, વિર્ય સ્ખલન થાય કે ન થાય ઈરાદાપૂર્વક હોય કે ભુલથી, મસ્જિદમાં થાય કે બહાર, રાતમાં થાય કે દિવસમાં સંભોગ સિવાય બીજાઓમાં જો વિર્ય સ્ખલન થાય તો ફાસિદ છે નહી તો ફાસિદ નથી. સ્વપ્નદોષ (એહતેલામ) થઈ ગયો અથવા વિચાર કરવા અથવા દૃષ્ટિ કરવાથી વિર્ય સ્ખલન થયું તો એ'તેકાફ ફાસિદ થયો નહી. (આલમગીરી વિગેરે)

મસ્અલા-(૫૩૪) : એ'તેકાફ શાળીએ દિવસમાં ભુલથી ખાઈ લીધું તો એ'તેકાફ ફાસિદ થયો નહી. ગાળ-ગલોચં અથવા ઝગડો કરવાથી એ'તેકાફ ફાસિદ થતો નથી. પરંતુ બેનુર, બે બરકત થાય છે. (આલમગીરી વિગેરે)

મસ્અલા-(૫૩૫) : એ'તેકાફ શાળી નિકાહ કરી શકે છે. અને પત્નીને રજઈ તલ્લાક આપી છે તો રજઅત કરી શકે છે. પરંતુ આ કામો માટે જો મસ્જિદથી બહાર જશે તો એ'તેકાફ તુટી જશે. (આલમગીરી, દુર્રેમુખ્તાર) પરંતુ સંભોગ અને ચુંબન (બોસો) વિગેરેથી તેને રજઅત હરામ છે, જો કે રજઅત થઈ જશે.

મસ્અલા-(૫૩૬) : એ'તેકાફશાળીએ હરામ માલ અથવા નશાની વસ્તુ રાતમાં ખાધી તો એ'તેકાફ ફાસિદ થયો નહી. (આલમગીરી) પરંતુ આ હરામનો ગુનાહ થયો, તૌબા કરે.

મસ્અલા-(૫૩૭) : બેહોશી અને પાગલપણુ જો લંબાણ પકડે કે રોઝો થઈ શકે નહી તો એ'તેકાફ તુટી ગયો અને તેની કઝા વાઝિબ છે. ભલે કેટલાએ વર્ષો પછી સ્વાસ્થય થાય અને જો મઅતૂં (ક્યાંરેક પાગલ ક્યારેક સારો) અર્થાત વહોરો થઈ ગયો તો પણ સારા થયા પછી કઝા વાજિબ છે. (આલમગીરી)

મસ્અલા-(૫૩૮) : એ'તેકાફશાળી મસ્જિદમાં ખાય-પીયે, સૂઈ રહે, આ કામો માટે મસ્જિદથી બહાર જશે તો એ'તેકાફ તુટી જશે. (દુર્રે મુખ્તાર વિગેરે) પરંતુ ખાવા-પીવામાં એ સાવધાની જરૂરી છે કે મસ્જિદ ખરડાય નહી.

મસ્અલા-(૫૩૯) : એ'તેકાફશાળી સિવાય બીજા કોઈને મસ્જિદમાં ખાવા-પીવા, સુઈ રહેવાની ઈજાઝત નથી અને જો આમ કરવા ઇચ્છે તો એ'તેકાફની નિય્યત કરીને મસ્જિદમાં જાય અને નમાઝ પઢે અથવા ઝિક્રે ઈલાહી કરે, પછી આ કામ કરી શકે છે. (રદ્દુલમુહતાર)

મસ્અલા-(૫૪૦) : એ'તેકાફશાળીને પોતાની અથવા બાળકોની જરૂરત માટે મસ્જિદમાં કોઈ વસ્તુ ખરીદવું અથવા વેચવું જાઈઝ છે. એ શર્તે કે તે વસ્તુ મસ્જિદમા ન હોય અથવા હોય તો થોડી હોય કે જગ્યા રોકે નહી. અને જો ખરીદ-વેચાણ વેપારના ઈરાદાથી હોય તો નાજાઈઝ ભલે તે વસ્તુ મસ્જિદમાં ન હોય. (દુર્રેમુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા-(૫૪૧) : મોઅતકિફ જો ઈબાદતની નિય્યતથી સુકુત કરે. અર્થાત ચુપ (મૌન) રહેવાને સવાબની વાત સમજે તો મકરૂહે તહરીમી છે અને જો ચુપ રહેવું સવાબની વાત સમજીને ન હોય તો વાંધો નથી અને ખસબ વાતથી ચુપ રહ્યો તો તે મકરૂહ નથી બલ્કે તે તો ઉચ્ચ દરજ્જાની વસ્તુ છે કેમ કે ખરાબ વાત જીભથી ન કાઢવું (બોલવું નહીં) વાજિબ છે. અને જે વાતમાં ન સવાબ હોય ન ગુનાહ અર્થાત મુબાહ વાત પણ મોઅતકિફ માટે મકરૂહ છે પરંતુ જરૂરત વખતે અને જરૂરત વગર મસ્જિદમાં મુબાહ કલામ (વાણી) નેકીઓને એવી રીતે ખાઈ જાય છે. જેવું કે આગ લાકડાને ખાઈ જાય છે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૫૪૨) : મોઅતકિફ ન ચુપ રહે ન કલામ કરે તો શું કરે ? એવું કરે કે કુર્આન મજીદની તિલાવત, હદીસ શરીફની કિરઅત અને દરૂદ શરીફની અધિકતા, ઈલ્મેદીનની તઅલીમ, નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તથા બીજા અંબિયા અલયહિમુસ્સલામની સીરત તથા અઝકાર અને ઔલિયા તથા સાલેહીનની હિકાયતો અને દીનના કામોની કિતાબનું કામ કરે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૫૪૩) : એક દિવસના એ'તેકાફની મન્નત માની તો તેમાં રાતની ગણના નથી. તુલુએ ફજર (પ્રભાત)થી અગાઉ મસ્જિદમાં ચાલ્યો જાય અને સૂર્યાસ્ત પછી ચાલ્યો આવે અને જો બે દિવસ અથવા ત્રણ દિવસ અથવા અધિક દિવસોની મન્નત માની અથવા બે કે ત્રણ અથવા અધિક રાતોના એ'તેકાફની મન્નત માની તો આ બંને હાલતોમાં જો કેવળ દિવસ અથવા કેવળ રાતો અર્થ લે તો નિય્યત સહીહ છે માટે પ્રથમ સુરતમાં મન્નત સહીહ છે અને કેવળ દિવસોમાં એ'તેકાફ વાજિબ થયો અને આ

હાલતમાં અખત્યાર છે કે તેટલા દિવસોનો લગાતાર એ'તેકાફ કરે અથવા જુદી જુદી રીતે અને બીજી સુરતમાં મન્નત સહીહ નથી કે એ'તેકાફ માટે રોઝો શરત છે અને રાતમાં રોઝો થઈ શકતો નથી અને જો બંને સુરતોમાં દિવસ અને રાત બંને ભાવાર્થ છે અથવા કાંઈ નિય્યત કરી નહી તો બંને સુરતોમાં દિવસ અને રાત બંનેનો એ'તેકાફ વાજિબ છે અને લગાતાર એટલા દિવસોનો એ'તેકાફ જરૂરી છે. ત્રુટક કરી શકતો નથી. તદ ઉપરાંત આ સુરતમાં એ પણ જરૂરી છે કે દિવસથી પહેલાં જે રાત છે તેમાં એ'તેકાફ હોય માટે સુર્યાસ્તથી પહેલાં એ'તેકાફના સ્થાનમાં ચાલ્યો જાય અને જે દિવસે એ'તેકાફ પુરો થાય સુર્યાસ્ત પછી બહાર નીકળે અને જો દિવસની મન્નત માની અને કહે એમ છે કે મેં દિવસ કહીને રાત ભાવાર્થ લીધો તો આ નિય્યત સહીહ નથી. દિવસ અને રાત બંનેનો એ'તેકાફ વાજિબ છે. (જવહરહ, આલમગીરી, દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૫૪૪) : ઈદના દિવસના એ'તેકાફની મન્નત માની તો કોઈ બીજા દિવસમાં કે જે દિવસે રોઝો રાખવું જાઈઝ છે, તેની કઝા કરે અને જો સોગંદની નિય્યત હતી તો કફ્ફારો આપે અને ઈદના જ દિવસે એ'તેકાફ કરી લીધો તો મન્નત પુરી થઈ ગઈ પરંતુ ગુનેગાર થયો. (આલમગીરી)

મસ્અલા-(૫૪૫) : કોઈ દિવસ અથવા કોઈ મહીનાની એ'તેકાફની મન્નત માની તો તેના પહેલા પણ આ મન્નતને પુરી કરી શકે અર્થાત જ્યારે કે લટકેલ ન હોય અને હરમ શરીફની મસ્જિદમાં એ'તેકાફ કરવાની મન્નત માની તો બીજી મસ્જિદમાં પણ કરી શકે છે. (આલમગીરી)

મસ્અલા-(૫૪૬) : પાછલા મહીનાની એ'તેકાફની મન્નત માની તો સહીહ નથી. મન્નત માનીને મઆઝઅલ્લાહ મુરતદ થઈ ગયો તો મન્નત સાકિત (રદ) થઈ ગઈ. ફરી મુસલમાન થયો તો તેની કઝા વાજિબ નથી. (આલમગીરી)

મસ્અલા-(૫૪૭) : એક મહીનાના એ'તેકાફની મન્નત માની અને મૃત્યુ પામ્યો તો દરેક દિવસના બદલામાં સદકએ ફિત્ર જેટલું મિસ્કીન-ગરીબને આપવામાં આવે અર્થાત જ્યારે કે વસીયત કરી હોય અને તેના ઉપર વાજિબ છે કે વસીયત કરી જાય અને વસીયત ન કરી પરંતુ વાસદારોએ પોતાના તરફથી ફિદીયો આપી દીધો તો પણ જાઈઝ છે. બીમારે મન્નત માની અને મૃત્યુ પામ્યો તો જો એક દિવસ પણ સારો થઈ ગયો હતો તો દરેક રોઝાના બદલામાં સદકએ ફિત્રના પ્રમાણ જેટલું મિસ્કીનોને આપવામાં આવે અને એક દિવસ પણ સારો થયો નહી તો કાંઈ વાજિબ નથી. (આલમગીરી)


મસ્અલા-(૫૪૮) : એક મહીનાના એ'તેકાફની મન્નત માની તો તે વાત તેના અખત્યારમાં છે કે જે મહીનામાં ઇચ્છે એ'તેકાફ કરે પરંતુ લગાતાર એ'તેકાફમાં બેસવું વાજિબ છે અને જો એમ કહે કે મારો ભાવાર્થ એક એક મહીનાના કેવળ દિવસ હતા, રાતો નહી તો આ કથન માનવામાં આવશે નહી. દિવસ અને રાત બંનેનો એ'તેકાફ વાજિબ છે અને ત્રીસ દિવસ કહ્યા હતા તો પણ એ જ હુકમ છે. હા, જો મન્નત માનતી વેળા એમ કહ્યું હતું કે એક મહીનાના દિવસોનો એ'તેકાફ છે. રાતોનો નહી તો કેવળ દિવસોનો એ'તેકાફ વાજિબ થયો અને હવે એ પણ અખત્યાર છે કે અલગ-અલગ રીતે ત્રીસ દિવસનો એ'તેકાફ કરી લે. અને જો એમ કહ્યું હતું કે એક મહીનાની રાતોનો એ'તેકાફ છે, દિવસોનો નહી તો કાંઈ નહી. (જવહરહ, દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૫૪૯) : એ'તેકાફે નિફલ જો છોડી દે તો તેની કઝા નથી કે ત્યાં સુધી જ ખતમ થઈ ગયો. મસનુન એ'તેકાફ કે રમઝાનની પાછલી દસ તારીખો સુધી માટે બેસ્યો હતો તેને તોડ્યો તો જે દિવસે તોડ્યો કેવળ તે એક દિવસની કઝા કરે. પુરા દસ દિવસોની કઝા વાજિબ નથી અને મન્નતોનો એ'તેકાફ તોડ્યો તો જો કોઈ ખાસ મહીનાની મન્નત હતી તો બાકીના દિવસોની કઝા કરે, નહીં તો જો લગાતાર વાજિબ થયો હતો તો શરૂથી એ'તેકાફ કરે અને લગાતાર વાજિબ ન હતો તો બાકીનો એ'તેકાફ કરે. (રદદુલ મુહતાર)

મસ્અલા-(૫૫૦) : એ'તેકાફની કઝા કેવળ ઈરાદાપૂર્વક તોડવાથી નથી બલ્કે જો ઉઝરના કારણે છોડ્યો દા.ત. બીમાર થઈ ગયો અથવા અખત્યાર વિના છોડ્યો દા. ત. સ્ત્રીને હયઝ અથવા નિફાસ આવ્યું અથવા પાગલપણું તથા બેહોશી લંબાણથી તારી થઈ, તેમાં પણ કઝા વાજિબ છે અને તેઓમાં જો કેટલાક છુટી જાય તો તમામની કઝાની હાજત નથી બલ્કે કેટલાકની કઝા કરી લે અને તમામની કઝા છે અને મન્નતમાં લગાતાર વાજિબ થયો હતો તો લગાતાર તમામની કઝા છે. (રદદુલ મુહતાર)

**વલહમ્દુ લિલ્લાહિ અલા અલાઈહી વરસલાતુ વસ્સલામુ અલા અફદલિ અંબિયાઈહી વઅલા આલિહિ વ સહબિહિ વ અવલિયાઈહી, વ અલયના મઅહુમ યા અર્રહમર્રાહિમીન. વ આખિરૂ દઅવઅના અનિલ હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.**

(સંપૂર્ણ)


بسم الله الرحمن الرحيم

# ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરાની સિધ્ધિઓ

અલ્લાહના ફઝ્‌લો કરમથી સરકારે દો જહાં સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નઝરે ઈનાયતથી, બુઝુર્ગાને દીનના વસીલાથી **'ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા'**ની શરૂઆત ઈ.સ. ૧૯૯૬માં થઈ. ત્યારે કેવળ ૨૫ ગરીબ ગામોમાં મદરસા, મસ્જિદના સંચાલનમાં સહાય શરૂ કરવામાં આવી તથા યથાશક્તિ વિધવાઓ, ગરીબો, બીમારો, સૈયદોને મદદ કરવામાં આવી. આજે તેની ૧૩ વર્ષની કારકિર્દીમાં આ ક્ષેત્રે નીચે મુજબની વિવિધ કાર્યવાહીઓ દીન તથા સુન્નિયતની મજબૂતી માટે આપણુ મિશન કાર્યરત છે :-

- ગરીબ ગામો તથા આબાદીઓને બાતિલ ફિર્કાઓની ચુંગાલથી સુરક્ષિત રાખવા આજે **૨૪૦** સ્થળોએ મસ્જિદ-મદરસાનું સંચાલન થઈ રહ્યું છે, અને હજી મદદની ઓફરો સતત ચાલુ છે.
- કેટલાયે સુન્ની ગામો પર ૨૦-૨૫ વરસોથી બાતિલ ફિર્કાવાળા અડ્ડો જમાવી બેઠા હતા તેમના ચુંગાલમાંથી તેમને છોડાવ્યા અને હજી એ પ્રવૃત્તિ સતત ચાલુ છે.
- સુન્ની મસ્જિદ-મદ્રસાની સ્થાપ્ના માટે પ્રારંભનો ટેકો અતિ મહત્વનો હોય છે તે પણ બાતિલ ફિર્કાની સામે ટક્કર લઈને કામ કરવાનું હોય છે જેમાં આપણુ મિશન અસંખ્ય ઠેકાણે સહાય માટે પહોંચતું રહ્યું છે અને રહેશે. ઈન્શાઅલ્લાહ !
- **ગુજરાતી** ઉચ્ચ કક્ષાના ફિક્રી દિમાગવાળા **આલિમો** પેદા થાય એ માટે વિશ્વવિખ્યાત અરબી યુનિ. **"જામિઆ અશરફિયા-મુબારકપુર"** પઢતા ૫૦ ઉપરાંત તલબાને મંથલી સ્કોલરશીપ આપવામાં આવે છે.
- **ગુજરાતી મુફતીઓ** ઉપલબ્ધ થાય એ માટે **"મર્કઝે તર્બિયતે ઈફતા-ઓઝાગંજ"**, યુ.પી. ખાતે મુફતી બનતા તલબાને મંથલી સ્કોલરશીપ આપવામાં આવે છે.
- અરબીમાં નિષ્ણાત **ગુજરાતી આલિમો** કૌમને મળે એ માટે **"જામેઅ અઝહર-મિસર"** પઢતા તલબાને અનુકૂળતા મુજબ સહાય થાય છે.
- ગરીબો, બીમારો, નિઃસહાયો, વિધવાઓ, ગરીબ સૈયદોને અનુકૂળતા પ્રમાણે શાદી, બીમારી પ્રસંગે સહાય થાય છે.
- કુદરતી આફતો કૌમી રમખાણો વખતે અસરગ્રસ્તોને અનુકૂળતા પ્રમાણે સહાય થાય છે.
- **"મસ્જિદ મદ્રસા બાંધકામ ફંડ"** થકી **૦૫-મદ્રસા, ૩૪-મસ્જિદો, ૧૪-પાણીનાં બોરીંગ** કામોમાં સહાય આ ફંડ થકી ખર્ચવામાં આવી છે. આ કામમાં તેજી થાય માટે પોતાના મર્હૂમોના સવાબ અર્થે મસ્જિદ, મદ્રસા બાંધવા ચાહનારા અમારો સંપર્ક કરે.
- સારા ગુજરાતી લેખકો મળે તે માટે **"બરકાતે ખ્વાજા" (માસિક)** થકી લેખ **હરીફાઈ રાખી** નંબર લાવનારાઓને ઈનામો આપવામાં આવે છે.

ઉપરાંત ઘણા પાયાનાં સુન્નિયતની સલામતી તથા મજબૂતીનાં કામો થાય છે. જેથી આપની **લિલ્લાહ, ફિત્રા ઝકાત, સદકા, ખૈરાત, વ્યાઝની રકમો, ઉશ્ર, કુર્બાનીની ખાલો** વગેરે મોકલી આપ પણ આ સુન્નિયતની ભલાઈના કામમાં જોડાઈ જશો. **તમારી સહાય યોગ્ય હક્કદારોમાં જ વપરાય** એના માટે અવશ્ય અમને સહકાર કરશો. (જઝાકલ્લાહ !)

લિ. પ્રમુખ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

સંપર્ક કરો:- **ઈસ્લામિક વેલ્ફેર મિશન, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ** મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,

યુ.કે.માં : મૌલાના યુનુસ મિસ્બાહી-પ્રેસ્ટન, નૂર હોલ, નૂર સ્ટ્રીટ, (ફોન) : ૮૮૭૮૬૧

## આલમી તેહરીક

## 'સુન્ની દા'વતે ઈસ્લામી'ના મુબલ્લિગ બનો !

**"સુન્ની દા'વતે ઈસ્લામી"એ વિશ્વવ્યાપી સુન્ની તેહરીક છે કે જે....**

- દિલોને ઈશ્કે નબી ﷺની મીઠાશથી તરબતર કરવા કાર્યરત છે.
- ઈશ્કે મુસ્તફા ﷺની હકીકતની પેહચાન કરાવનારી ચળવળ છે.
- મહબ્બતે રસૂલ ﷺનો દાવેદાર કેવો હોવો જોઈએ તેની સહી સમજ આપતી તેહરીક છે.
- સરકારે દો આલમ ﷺની પ્યારી પ્યારી સુન્નતો પ્રતિ લોકોને આકર્ષતી બેમિસાલ તેહરીક છે.
- યુવાનો યુવતીઓને ઈસ્લામ વિરુદ્ધ, રસૂલે પાક ﷺના ફર્માનો તથા સુન્નતો વિરુદ્ધની અંગ્રેજી ઢબની જિંદગી ત્યજીને સાચા માર્ગે ચાલતા કરનારી ચળવળ છે.
- ઈલ્મ તથા ઉલમાથી મહોબ્બત તથા લગાવ રાખવાનો પયગામ આપનારી તેહરીક છે.
- **ગૌષો ખ્વાજા વ રઝા**ના મિશનનો સંદેશ ઘર ઘર પહોંચાડનારી તેહરીક છે.

અગર તમો પોતાની તથા તમારી ઔલાદની ભલાઈ ચાહતા હોઉ, ચાહતા હોઉ કે બેહયાઈનો માહોલ દૂર થાય અને સરકાર ﷺની સુન્નતો ભર્યો દીની શરીઅત મુજબનો પાકીઝા માહોલ પેદા થાય, તો આવો ! **"સુન્ની દા'વતે ઈસ્લામી"**માં જોડાઈ જાવ !

:::::: મુબલ્લિગ બનવા તર્બિયત મેળવવા માટે સંપર્ક કરો ::::::

## દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા

મુ.પો. તા. **આમોદ** (ઠે. ચાર રસ્તા) જિ. : ભરૂચ, ગુજરાત, ઈન્ડિયા
પિન. : ૩૯૨ ૧૧૦, ફોન નં. (૦૨૬૪૧–૨૪૬૧૯૨) મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## મર્કઝ સુન્ની દા'વતે ઈસ્લામી

ઈસ્માઈલ હબીબ મસ્જિદ, મુહમ્મદ અલી રોડ, મુંબઈ